શુદ્ધાદ્વૈત વેદાંત

PHILOSOPHICAL ASPECTS OF SHUDDHADVAIT-VEDANT - IV

(ભાગ-૪)

મુંબઈ યુનિવર્સિટીના
વલ્લભ વેદાંત - ડિપ્લોમાં કોર્સ આધારિત સંકલન



સંકલન અને આલેખન :- શ્રી જયેન્દ્ર સોની (શુદ્ધાદ્વૈત વિશારદ)
એમ.એ. (ફીલોસોફી), શુદ્ધાદ્વૈત વિશારદ • એડ. ડીપ્લોમા-વલ્લભવેદાંત (મુંબઈ યુનિવર્સિટી).

પ્રસ્તાવના :- પૂ.પા.ગો. ૧૦૮ શ્રી શ્યામ મનોહરજી
(કિશનગઢ - મુંબઈ)

॥ શ્રી દ્વારકેશો જયતિ ॥

પુષ્ટિ સાહિત્ય પુસ્તકાલય
કાંદિવલી (વેસ્ટ)
C/o. સુરેન્દ્ર જમનાદાસ શાહ
M : 9833272383,
9320787642

શુદ્ધાદ્વૈત વેદાંત

ભાગ-૪

PHILOSOPHICAL ASPECTS OF SHUDDHADVAIT-VEDANT - IV

સંકલન તથા આલેખન :- જયેન્દ્રભાઈ સોની

એમ.એ. (ફીલોસોફી), શુદ્ધાદ્વૈત વિશારદ
એડ. ડીપ્લોમા-વલ્લભવેદાંત (મુંબઈ યુનિવર્સિટી).

પ્રસ્તાવના :- ગો. ૧૦૮ શ્રી શ્યામ મનોહરજી મહારાજશ્રી
(કિશનગઢ - મુંબઈ)

PHILOSOPHICAL ASPECTS OF
SHUDDHADVAIT-VEDANT PART-IV

© પ્રકાશક / મુદ્રક :
શ્રીમતી ભાગીરથી ચેરિટેબલ ટ્રસ્ટ,
'વ્રજવિહાર' વૈષ્ણવ હવેલી, આશાનગર,
કાંદિવલી (પૂર્વ), મુંબઈ-૪૦૦ ૧૦૧.
ટે. ૨૮૫૪૨૩૦૦

મુદ્રણ : દશેરા, ગુરુવાર, ૬ ઓક્ટોબર, ૨૦૧૧

મૂલ્ય : રૂા.૩૦૦/-

પ્રાપ્તિ સ્થાન :
શ્રીમતી ભાગીરથી ચેરિટેબલ ટ્રસ્ટ,
'વ્રજવિહાર' વૈષ્ણવ હવેલી, આશાનગર, કાંદિવલી (પૂર્વ), મુંબઈ-૪૦૦ ૧૦૧.
ટે. ૨૮૫૪૨૩૦૦

॥ શ્રી વલ્લભ ॥
॥ શ્રી દ્વારકેશોજયતિ ॥

આચાર્ય ચરણ દ્વન્દ્વં ભક્તિજ્ઞાનાબ્જ ભાસ્કરમ્ ।
નમસ્યામિ મન : કર્મ વાગ્ભિરન્તસ્તમોડપહામ્ ॥

'અંતઃકરણના અંધકારને દૂર કરનાર,
ભક્તિથી પ્રાપ્ત થતા ભગવજજ્ઞાનરૂપ કમલને
ખીલવનાર સૂર્યરૂપ,
શ્રીમદ્ વલ્લભાચાર્યજીનાં બે ચરણોને હું મન-કર્મ
અને વાણીથી નમસ્કાર કરું છું.'

નમો ભગવતે તસ્મૈ કૃષ્ણાયાદભૂત કર્મણે ।
રૂપનામવિભેદેન જગત કીડતિ યો યતઃ ॥

જે રૂપ અને નામના ભેદ વડે ક્રીડા કરે છે, જે જગદ્રુપ છે, જેનાથી (જગત છે), તે અદ્ભુત કર્મવાળા ભગવાન શ્રીકૃષ્ણને નમન હો.'

વાક્પતિ જગદ્ગુરુ શ્રીમદ વલ્લભાચાર્યજી જેમના દિવ્ય સિદ્ધાંત માનવજીવનના ઉત્કર્ષ માટે સર્વતોધિક ઉપયુક્ત છે, જેના દ્વારા મનુષ્ય આત્મકલ્યાણના માર્ગે પ્રશસ્ત થઈ પરમોચ્ચ લક્ષ્યને પ્રાપ્ત કરી શકે છે, તેમનાં યુગ્મ ચરણકમલોમાં સાદર સમર્પણ.

- જયેન્દ્રભાઈ સોની

ઋણસ્વીકાર

આ પુસ્તકના સંકલનમાં નિમ્ન ગ્રંથ સાહિત્યમાંથી સંદર્ભ લેવામાં આવેલા છે તેમ જ મુંબઈ વિશ્વવિદ્યાલયનાં ફીલોસોફી વિભાગના અધ્યાપકો ડૉ. એસ.જી. નિગલ, પ્રા. પૂર્ણિમાબહેન દવે તેમ જ પૂ.પા.ગો. ૧૦૮ શ્રી શ્યામમનોહરજી મહારાજશ્રી તથા અન્ય વિઝિટિંગ ફેકલ્ટી દ્વારા વલ્લભવેદાંત- ડિપ્લોમાના અભ્યાસક્રમ દરમિયાન કરવામાં આવેલાં પ્રવચનોનો આધાર લેવામાં આવ્યો છે. તે સર્વનો આ લેખક વિનમ્રભાવે આભાર વ્યક્ત કરે છે.

સંદર્ભ ગ્રંથો

(૧)	Shrimad Vallabhacharya- His Philosophy and Religion	Prof. J.G.Shah
(૨)	The Philosophy of the Vallabh- School of Vedant	K. Narain
(૩)	श्रीमद् वल्लभाचार्य, व्यक्तित्व, सिद्धांत और संदेश	ડૉ. ગજાનન શર્મા
(૪)	Introduction to Philosophy	Oswald Kulpe
(૫)	રસદર્શનની તરફેલમાં	ગો. ૧૦૮ શ્રી શ્યામ મનોહરજી મહારાજશ્રી
(૬)	अष्टछाप और वल्लभ संप्रदाय	डॉ. दीनदयालु गुप्त
(૭)	The Nectar of Devotion	A.C. Bhakti Vedant Swami Prabupad

આશીર્વચન

શ્રીમતી ભાગીરથી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા પ્રાયોજિત અને મુંબઈ વિશ્વ વિદ્યાલય દ્વારા સંચાલિત, વલ્લભ વેદાંતના ડીપ્લોમા કોર્સમાં એક વરસ દરમિયાન જે ભણાવવામાં આવ્યું તેની કલાસનોટ્સ, તેમ જ નિર્ધારિત થયેલ કોર્સની વિષયસૂચિને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવી રહેલી પુસ્તિકા આગામી વર્ષોમાં આ અભ્યાસક્રમમાં સામેલ થનાર અભ્યાસાર્થીઓને ઉપકારક થશે. એના પ્રકાશન માટે લેખક અને પ્રકાશક બન્નેને મારાં અભિનંદન!

જે કોર્સના અધ્યયન પછી ડિગ્રી મળતાં નોકરીમાં વધારે પગાર મળવાનો નથી કે નથી ધંધામાં વધારે કમાણી થવાની, તેવાં ડિગ્રીકોર્સમાં લોકો આટલી સારી સંખ્યામાં પોતાનાં નામો નોંધાવવા લાગ્યા! આ આજે ચાલી રહેલ ફેશનના પ્રદૂષિત વાયુથી નોખી ભાત પાડતા સ્વસ્થ વાયરા વાવાનાં એંધાણ છે. વિદ્યોપાર્જન ભૌતિક જીવનમાં ફક્ત સુખ-સમૃદ્ધિ પ્રદાન કરનારી કમાણી માટે જ નહીં બલ્કે સદ્‌વાણી, સદ્‌વિચાર અને શાશ્વત મૂલ્યોને જીવનમાં હાંસલ કરવા માટે પણ હોવું જોઈએ!

ઘણાં વર્ષોથી પુષ્ટિમાર્ગમાં ફક્ત નયનોને ગમતી ઝાંખીઓના ધંધાકીય મનોરથોથી બંધાણી વૈષ્ણવ જનતાને બનાવી રાખીને આપણે જોઈ લીધું કે મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્યને ગમે તેવા પુષ્ટિમાર્ગ પર નથી આપણે પોતે આગળ વધી શક્યા કે નથી સર્વસાધારણ જનતામાં પુષ્ટિમાર્ગ માટે સારી છાપ ઊભી કરી શક્યા. હવે સમયની માગણી છે કે એક વખત જનતાને મહાપ્રભુનાં ધર્મ અને દર્શનની સાચી સમજ જે રીતે આપી શકાતી હોય તે રીતે આપીને પોતે મહાપ્રભુને ગમે તેવી દિશા તરફ થોડાક પણ અગ્રસર થવાનો પ્રયાસ આપણે કરી જોઈએ.

ગોસ્વામી શ્યામ મનોહર

૬૩, સ્વસ્તિક સોસાયટી, ૪થો રસ્તો,
જુહુસ્કીમ, પારલે, મુંબઈ-૪૦૦ ૦૫૬.

આમુખ

શ્રીમદ્ વલ્લભાચાર્યજીના સિદ્ધાંતો ઉપર આધારિત વિદ્વાનો અને નિષ્ણાતો દ્વારા તૈયાર થયેલા વલ્લભવેદાંત અને વૈષ્ણવિઝમના સર્ટિફિકેટ તથા અનુસ્નાતક ડિપ્લોમા કોર્સ મુંબઈ યુનિવર્સિટી અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના તત્ત્વજ્ઞાન વિભાગ અંતર્ગત શરૂ થયા છે અને એમાં વૈષ્ણવસંપ્રદાય અને વિદ્યાર્થીવિશ્વનો ઉત્સાહભર્યો પ્રતિસાદ મળ્યો છે એથી મહાપ્રભુજીની અસીમ કૃપાની અમને અનુભૂતિ થાય છે.

કોલકતા અને ચેન્નાઈ યુનિવર્સિટીના સકારાત્મક પ્રતિસાદથી અમારો ઉત્સાહ વધ્યો છે અને હવે દેશની અન્ય યુનિવર્સિટીમાં આ અભ્યાસક્રમ તથા અનુસ્નાતક તેમ જ સંશોધન માટેના વિવિધ ઉપક્રમોની યોજના વિચારાધીન છે.

વૈષ્ણવસંપ્રદાય અને અન્યો આ શૈક્ષણિક અભ્યાસક્રમ દ્વારા શ્રીમદ્ મહાપ્રભુજીના સિદ્ધાંતો અને તત્ત્વદર્શનનું અધ્યયન કરી ધર્મ વિષે સમ્યક્ દૃષ્ટિ કેળવી શકશે એવી શ્રદ્ધા છે.

સમગ્ર ગોસ્વામી પરિવારો અને વિશેષત: પૂ. પા. ગો. ૧૦૮ શ્રી શ્યામમનોહરજીના અમૂલ્ય માર્ગદર્શન અને દિશાસૂચન બદલ ઋણસ્વીકારની ભાવના વ્યક્ત કરતા અમે કૃતજ્ઞતાની લાગણી અનુભવીએ છીએ.

શ્રી જયેન્દ્રભાઈ સોની દ્વારા અગાઉ 'શુદ્ધાદ્વૈત વેદાંત' ભાગ-૧, ૨ અને ભાગ-૩ સંકલિત કરવામાં આવેલા. તેના અનુસંધાનમાં સંકલિત વલ્લભ વેદાંતના ડિપ્લોમા અભ્યાસક્રમ માટે ઉપયોગી થઈ શકે એવું આ પુસ્તક 'શુદ્ધાદ્વૈત વેદાંત ભાગ-૪' સર્વને ઉપયોગી થશે એવા વિશ્વાસ સહ-

અવિનાશ બી. પારેખ

પ્રમુખ ટ્રસ્ટી :

શ્રીમતી ભાગીરથી ચેરિટેબલ ટ્રસ્ટ

સ્થાપક :

વલ્લભવેદાંત એકેડમી અને રિસર્ચ સેન્ટર

યુનિવર્સિટી ઓફ મુંબઈ / સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

પ્રસ્તાવના

પ્રાચીન ભારતીય સંસ્કૃતિનો પટ વિવિધરંગી છે. એમાં અનેક ધર્મપરંપરાઓના રંગ ભળેલા છે, તે પૈકી શ્રમણ પરંપરા અને વૈદિક પરંપરા એ બે મુખ્ય છે. ધર્મપરંપરાનાં આંતર (તત્ત્વજ્ઞાન) અને બાહ્ય (ધર્મ) એ બે પાસાં છે. જેટલું ભારતીય જીવન ભાતીગળ છે એટલું તેનું તત્ત્વજ્ઞાન પણ વૈવિધ્યપૂર્ણ છે. આપણી સંસ્કૃતિમાં ધર્મનો અર્થ ચોક્કસ પૂજાપદ્ધતિ નથી પણ જીવનશૈલી કે આચારસિદ્ધાંત છે. ધર્મ એ તાત્ત્વિક સિદ્ધાંતોની આધારશીલા પર રચાયેલો વૈયક્તિક તેમ જ સામૂહિક જીવનવ્યવહાર છે. તેથી ધર્મને સમજવા માટે તત્ત્વજ્ઞાનના પાયાના સિદ્ધાંતો સમજવા અત્યંત જરૂરી છે.

મુંબઈ વિદ્યાપીઠમાં જૈન અને બૌદ્ધ એ બે શ્રમણ પરંપરાનો અભ્યાસક્રમ ચાલતો હતો. શ્રીજીબાવાની કૃપા, ધર્માચાર્યોની પ્રેરણા અને વલ્લભવેદાંત એકેડમી અને રિસર્ચ સેન્ટરના પ્રણેતા શ્રી અવિનાશભાઈ પારેખ અને સહયોગીઓના ભગીરથ પ્રયાસથી વલ્લભવેદાંત અને વૈષ્ણવ પરંપરાનો અભ્યાસક્રમ છ વર્ષ પૂર્વે શરૂ થયો હતો. શ્રીમદ્ વલ્લભાચાર્ય દ્વારા પ્રતિપાદિત વલ્લભવેદાંતનો વૈદિક પરંપરામાં સમાવેશ છે. ભારત દેશમાં દાર્શનિક આચાર્યોએ જ્ઞાનની ગંગા વહેતી મૂકી અને સંતોએ ભક્તિની ગંગા વહાવી હતી. આચાર્યો અને સંતોએ સમાજને ભક્તિ-ધર્મના તાંતણે બાંધી સુદૃઢ અને એકત્રિત રાખ્યો. પ્રેમલક્ષણા ભક્તિ દ્વારા અસમર્થ અને સાધનહીન માટે પરમાનંદનો માર્ગ સુલભ કર્યો. વૈષ્ણવ પરંપરાએ ઉત્તમ સંતકવિઓની ભેટ સમાજના ચરણે ધરી. ભારતના ચારે ખૂણે આ સંતકવિઓએ જાતિ, વર્ણ, રંગ, લિંગ વગેરે ભેદભાવ મિટાવી લોકોને શ્રીકૃષ્ણની ભક્તિમાં નિમગ્ન કર્યા. બિનસાંપ્રદાયિકતાના અધૂરા ખ્યાલોમાં અને ભૌતિક પ્રલોભનોમાં અટવાયેલી આપણી ઊછરતી પેઢીને આપણા સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાની સમજ આપવી જરૂરી છે. તત્ત્વજ્ઞાન, ધર્મ, સાહિત્ય, સંગીત, કલા જેવાં વિવિધ પાસાંને આવરી લેતા આ વલ્લભવેદાંતના અભ્યાસક્રમ દ્વારા મુંબઈ વિદ્યાપીઠમાં જિજ્ઞાસુ વિદ્યાર્થી માટે તુલનાત્મક અભ્યાસ, આંતર્ધર્મ સંવાદ અને એ દિશામાં સંશોધન માટે એક સુંદર પ્લેટફોર્મ તૈયાર થયું છે. આ અભ્યાસક્રમમાં પૂજ્યપાદ ગોસ્વામી શ્રી શ્યામ મનોહર મહારાજના

વિદ્વત્પૂર્ણ વક્તવ્યનો તથા પૂજ્યપાદ શરદ ગોસ્વામીજીના તલસ્પર્શી જ્ઞાનનો પણ વિદ્યાર્થીઓને લાભ મળ્યો છે. વિક્રમ યુનિવર્સિટી, ઉજ્જૈને જેમને D. Lit. ઉપાધિથી નવાજ્યા છે. એવા પૂજ્યપાદ ગોસ્વામીજી ગોકુલોત્સવ મહારાજના સામવેદ સંગીતે પણ અભ્યાસાર્થીઓને દિવ્યનાદનો આસ્વાદ કરાવ્યો.

આ અભ્યાસક્રમને મૂર્ત સ્વરૂપ આપવામાં જેમણે જહેમત ઉઠાવી એ **પૂ. પા. ગો. ૧૦૮ શ્રી શ્યામમનોહરજી, પૂ. પા. ગો. ૧૦૮ શ્રી શરદબાવા ગોસ્વામી,** ડૉ. શુભદા જોશી, પૂનાના વિદ્વાન ડૉ. તલઘટ્ટી, સ્પેનની નવેરા યુનિવર્સિટીના રિસર્ચ સ્કોલર પ્રો. મારીઆનો ઇતુર્બે, ડૉ. નિગળ અને પ્રો. પૂર્ણિમા દવેએ વિવિધ વિષયો પર વક્તવ્ય આપ્યાં તેને આ પુસ્તકના સંકલનકાર શ્રી જયેન્દ્રભાઈ સોનીના પ્રયત્નોથી પુસ્તકરૂપે પ્રગટ કરતા આનંદ અનુભવીએ છીએ. મુંબઈ વિદ્યાપીઠના ઉપકુલપતિ, તત્ત્વજ્ઞાન વિભાગ અને તત્ત્વજ્ઞાન વિભાગનાં અધ્યક્ષા ડૉ. શુભદા જોશી તથા પૂર્વાધ્યક્ષા ડૉ. કંચના મહાદેવન તથા સહુના સહકારથી આ અભ્યાસક્રમ છેલ્લાં છ વર્ષથી સફળતાપૂર્વક ચાલી રહ્યો છે. અત્રે એ સહુનો આભાર.

ડૉ. એસ. જી. નિગળ
રિટાયર્ડ રીડર, અધ્યક્ષ,
તત્ત્વજ્ઞાન વિભાગ,
બી. એન. એન. કોલેજ, ભિવંડી,
અધ્યાપક, વલ્લભવેદાંત અને
વૈષ્ણવિઝમ કોર્સ યુનિવર્સિટી ઓફ મુંબઈ

પ્રો. પૂર્ણિમા મ. દવે
અધ્યક્ષ, તત્ત્વજ્ઞાન વિભાગ,
સાઠચે કોલેજ ઓફ આર્ટ્સ, સાયન્સ
એન્ડ કોમર્સ, વિલે પાર્લા (પૂર્વ)
સંયોજક, વલ્લભવેદાંત અને
વૈષ્ણવિઝમ કોર્સ યુનિવર્સિટી ઓફ મુંબઈ

ડૉ. શુભદા જોશી
અધ્યક્ષ, તત્ત્વજ્ઞાન વિભાગ,
યુનિવર્સિટી ઓફ મુંબઈ

પ્રાક્ કથન્

આચાર્યચરણ મહાપ્રભુ શ્રીમદ્ વલ્લભાચાર્યજીના અસીમ અનુગ્રહથી પ્રેરિત થઈ પરમ શ્રદ્ધેય પૂ.પા.ગો. ૧૦૮ શ્રી શ્યામ મનોહરજી મહારાજશ્રીની પ્રેરણા એવમ્ માર્ગદર્શન હેઠળ પ.ભ.શ્રી અવિનાશ પારેખના અથાગ પરિશ્રમ એવમ્ યોગદાન દ્વારા તેમના 'શ્રીમતી ભાગીરથી ચેરિટેબલ ટ્રસ્ટ'ના માધ્યમથી મુંબઈ યુનિવર્સિટીના તત્ત્વજ્ઞાન વિભાગ અંતર્ગત 'વલ્લભવેદાંત એકેડેમી અને રિસર્ચ સેન્ટર'ની સ્થાપના સને ૨૦૦૫માં તત્કાલીન વિભાગાધ્યક્ષ ડૉ. શુભદા જોષીના પ્રયત્નના પરિપાક સ્વરૂપે કરવામાં આવી અને પ્રથમ વર્ષે 'વલ્લભવેદાંત'નો એક વર્ષીય સર્ટિફિકેટ અભ્યાસક્રમ શરૂ કરવામાં આવ્યો. પ્રથમ વર્ષે જ આ અભૂતપૂર્વ અભ્યાસક્રમમાં લગભગ સવાસો અભ્યાસાર્થીઓ જોડાયા અને સુચારુરૂપે અભ્યાસ પૂર્ણ કર્યો. આ અભ્યાસક્રમે જિજ્ઞાસુ અભ્યાસાર્થીઓની 'વલ્લભવેદાંત'ના વધુ અભ્યાસની ક્ષુધા જાગૃત કરી જેના ફલસ્વરૂપે સને ૨૦૦૬માં મુંબઈ યુનિવર્સિટી દ્વારા વલ્લભવેદાંત-ડિપ્લોમા કોર્સ શરૂ કરવામાં આવ્યો અને આમ છેલ્લાં છ વર્ષથી આ બન્ને અભ્યાસક્રમોમાં સેંકડો અભ્યાસાર્થીઓ ઉત્સાહપૂર્વક ભાગ લઈ શ્રીમદ્ વલ્લભાચાર્યજીના વિશિષ્ટ 'શુદ્ધાદ્વૈત વેદાંત'નું જ્ઞાન અર્જીત કરી રહ્યા છે. તદુપરાંત છેલ્લા બે વર્ષથી વલ્લભવેદાંતનો ઉચ્ચત્તમ અભ્યાસક્રમ એડવાન્સ ડિપ્લોમા કોર્સ પણ દાખલ કરવામાં આવ્યો છે જેમાં શ્રી વલ્લભાચાર્યજીના વિશિષ્ટ ગ્રંથો - તત્ત્વાર્થદીપ નિબંધ, અણુભાષ્ય, સુબોધિની તેમ જ ષોડશગ્રંથના ગહન અધ્યયનનો લાભ જીજ્ઞાસુ વિદ્યાર્થીઓ લઈ શકે છે. આ જ પ્રકારના અભ્યાસક્રમ તત્પશ્ચાત સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા રાજકોટમાં પણ શરૂ કરવામાં આવેલ છે.

સર્ટિફિકેટ કોર્સમાં સામેલ કરવામાં આવેલ અભ્યાસક્રમના વિષયોને આવરી લઈ, જે તે વિષયોનાં વિશિષ્ટ પુસ્તકો તથા ક્લાસરૂમમાં વિદ્વાન અધ્યાપકોએ આપેલાં પ્રવચનોના આધારે **'શુદ્ધાદ્વૈત વેદાંત' ભાગ ૧, ૨ અને ભાગ ૩ નું** સંકલન કરવામાં આવેલું. જેનું પ્રકાશન શ્રીમતી ભાગીરથી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા થઈ ચૂક્યું છે. પ્રથમ બે પુસ્તકો જે 'વલ્લભવેદાંત'ના

સર્ટિફિકેટ કોર્સને અનુલક્ષીને તૈયાર કરવામાં આવ્યાં, તે અભ્યાસાર્થીઓને ખૂબ જ ઉપયોગી નીવડ્યાં છે. બીજા વર્ષના વલ્લભવેદાંત- ડિપ્લોમા કોર્સના વિષયોના આધારે અધ્યાપકોનાં પ્રવચનો તેમ જ જે તે વિષયનાં વિશિષ્ટ પુસ્તકોના આધારે **'શુદ્ધાદ્વૈત વેદાંત' ભાગ ૩** સંકલિત કરવામાં આવ્યું તેનું પ્રકાશન ગત વર્ષે કરવામાં આવ્યું હતું. હવે **શુદ્ધાદ્વૈત વેદાંત ભાગ ૪** નું પ્રકાશન અત્રે કરવામાં આવી રહ્યું છે. આ પુસ્તકના આલેખનમાં મુંબઈ યુનિવર્સિટીનાં પ્રાધ્યાપકો ડૉ. એસ.જી. નિગલ, પ્રા. પૂર્ણિમાબહેન દવે, ડૉ. શુભદા જોષી એવમ્ તત્ત્વજ્ઞાન વિભાગની પૂર્વ અધ્યક્ષા ડૉ. કંચના મહાદેવનનું માર્ગદર્શન પ્રાપ્ત થયું છે. પાતઃસ્મરણીય પૂ.પા.ગો.૧૦૮ શ્રી શ્યામ મનોહરજી મહારાજશ્રીની પ્રેરણા એવમ્ માર્ગદર્શન વગર આ સંકલન સંભવ બન્યું ન હોત. તદુપરાંત આ સંકલનમાં પરિશિષ્ટમાં ઉલ્લેખિત પુસ્તકોનો આધાર લેવામાં આવેલો હોઈ તે પુસ્તકોના લેખકોનો એવમ્ ઉપરોક્ત સૌ મહાનુભાવોનો હું ઋણસ્વીકાર કરું છું.

પ્રમાણિત ગ્રંથો એવમ્ અન્ય સાહિત્યના આધારે આ સંકલન કરવા છતાં મારી સ્વયંની મર્યાદાઓને કારણે આ આલેખનમાં ત્રૂટિઓ રહી જવા સંભવ છે, જેને માટે હું વાચકવૃંદનો ક્ષમાપ્રાર્થી છું.

મને પૂર્ણ શ્રદ્ધા છે કે આ પુસ્તકો વલ્લભવેદાંતના જિજ્ઞાસુ અભ્યાસાર્થીને તેમ જ મહાપ્રભુ શ્રીમદ્ વલ્લભાચાર્યજીના સિદ્ધાંતોના તત્ત્વદર્શીય દૃષ્ટિકોણને સમજવા ઇચ્છુક વલ્લભીય જનોને ઉપયોગી નીવડશે. અસ્તુ.

દશેરા, તા. ૬-૧૦-૨૦૧૧ **જયેન્દ્રભાઈ સોની**

શુદ્ધાદ્વૈત વેદાંત - ભાગ-૪

(Philosophical Aspects of Vallabh Vedant and Vaishnavism)

વિષય સૂચિ

૧. વ્યવહારિક તત્ત્વજ્ઞાન ૧૩
(Applied Philosophy)

૨. વિવિધ ધર્મો ૨૨
(Different Religions)

૩. વૈષ્ણવિઝમ સામે આધુનિક પડકારો ૬૦
(Modren Challanges Before Vaishnavism)

૪. આંતરધર્મીય સંવાદ ૬૭
(Inter Religious Dialoge)

૫. સૌંદર્યશાસ્ત્ર - રસશાસ્ત્રનો આધ્યાત્મિક દૃષ્ટિકોણ ૭૪
(Aesthetics and Spirituality)

૬. અષ્ટછાપ ૯૪
(Ashta Chhap)

૭. ભક્તકવિ સુરદાસ ૧૦૦
(Devottee Poet Surdas)

૮. ભક્તકવિ દયારામ ૧૦૮
(Devottee Poet Dayaram)

૯. ભારતીય સંત પરંપરા ૧૧૩
(Indian Saints Tradition)

૧૦. વારકરી સંપ્રદાય ૧૨૨
(Varkari Sampradaye)

૧૧. દક્ષિણ ભારતના સંત કવિઓ - આલવાર ૧૨૭
(Saint Poets - Alwars of Southern India)

૧૨. સ્ત્રી સંતો - ભક્તો ૧૩૩
(Mystics - Woman Saints)

૧૩. હવેલી સંગીત ૧૪૭
(Haveli Sangeet)

૧૪. કીર્તન ૧૫૭
(Kirtan)

૧૫. સંગીત ૧૬૫
(Music)

૧૬. નૃત્ય - નાટક ૧૭૦
(Dance and Drama)

૧૭. મૂલપ્રત લેખન - હસ્તલિખિત પ્રત ૧૭૪
(Manuscript Writings)

૧૮. આખ્યાન ૧૭૭
(Aakhyan)

૧૯. કઠપૂતળી ૧૮૧
(Puppetary)

૨૦. પુષ્ટિ-ઉત્સવ ૧૮૬
(Festivals of Pustimarg)

૨૧. પુષ્ટિમાર્ગીય સેવ્ય સ્વરૂપો ૧૯૭
(Pustimargiy Idols)

૨૨. પુષ્ટિમાર્ગીય વાસ્તુકલા ૨૦૫
(Pustimargiy Architecture)

૧

વ્યવહારિક તત્ત્વજ્ઞાન

(Applied Philosophy)

વ્યવહારિક તત્ત્વજ્ઞાન (Applied Philosophy)માં તત્ત્વદર્શનના સિદ્ધાંતો (aspects)નો વ્યવહારમાં અમલ કેમ કરવો એને સમજાવવાનો હેતુ હોય છે. તત્ત્વદર્શનનું વ્યવહારિક સ્વરૂપ એટલે **'ધર્મ'**.

બ્રહ્મ સગુણ કે નિર્ગુણ- અથવા બન્ને છે તે વિશેનું ચિંતન આપણે કર્યું છે. તેમાં પણ સગુણ બ્રહ્મનો મુદ્દો (Concept) જાણવો તેમ જ સ્વીકારવો આવશ્યક છે, કારણ કે સગુણ બ્રહ્મનો સ્વીકાર કર્યા વગર 'ભક્તિ'નો વિકાસ (Development) થઈ શકે નહીં. ભક્તિ માટે બે તત્ત્વો- (૧) પ્રેમ (Love) અને (૨) કૃપા અથવા પુષ્ટિ (Grace) આવશ્યક છે. આ બન્ને ઈશ્વર (God)ની નૈસર્ગિક પ્રક્રિયાઓ છે. ભક્તને ભગવાન પ્રત્યે સ્વાભાવિક પ્રેમ ઉત્પન્ન થાય તો ભગવાનની ભક્તના ઉપર સ્વાભાવિક કૃપા અવતરે. અહીં જે પ્રેમની વાત છે તેમાં વિષયાસક્તિ (Sensuality), લાગણીવશતા (Emotionalism) અથવા ભાવાવેશ (Sentimentalism)ની વાત નથી કે તેને અવકાશ નથી. જેમ એક માતાનો પોતાના બાળક માટે સ્વાભાવિક નિર્દોષ પ્રેમ હોય તેવા પ્રેમનો દૃષ્ટિકોણ અહીં છે. આ એક કેન્દ્રબિન્દુ (Core Point) છે. શ્રી વલ્લભાચાર્યજીએ આ પ્રકારના નિર્દોષ-નિર્વ્યાજ પ્રેમના તત્ત્વને મહત્ત્વનું ગણ્યું છે. ભગવાન પ્રત્યેના આવા નિર્વિકાર પ્રેમને ભગવાનની કૃપા મેળવવા અથવા કૃપાપાત્ર થવાનું લક્ષણ બતાવવામાં છે. પરંતુ ભગવાન કોઈ નિયમોથી બંધાતા નથી. તેઓની કોઈ મર્યાદાઓ નથી કે કોઈ ચોક્કસ માળખામાં તેઓ રહેતા નથી- (God is not bound by any rule nor there is any limitations, neither HE is confined to anything). તેઓ સર્વતંત્ર-સ્વતંત્ર છે. કૃપા કરવી એ ભગવાનનું સહજ લક્ષણ છે અને તે નિજેચ્છા ઉપર નિર્ભર કરે છે. આમ ઈશ્વર પ્રત્યેના સ્વાભાવિક પ્રેમનું વહેણ શ્રી વલ્લભાચાર્યજી દ્વારા પ્રતિપાદિત વૈષ્ણવવાદ (Vasihnavism)ના કેન્દ્રસ્થાને રહેલું છે. (It is this natural flow of Love that leads to 'Pusti Bhakti' advocated by Shri Vallabhacharyaji.) તેમાં જાતિ, જ્ઞાતિ ઈત્યાદિના કોઈ ભેદ નથી. જો ભગવાન પ્રત્યેનો સ્વાભાવિક પ્રેમ ઉત્પન્ન થાય તો કોઈ પણ પ્રકારના ભક્તને મુક્તિ મળી શકે છે. ભાગવતમાં આનાં અનેક ઉદાહરણો પ્રાપ્ત થાય છે. અજામિલ તેમ જ ગોપીજનોનાં ઉત્તમ ઉદાહરણો છે. ભગવાને અજામિલ જેવા દુષ્ટ ઉપર કૃપા વરસાવી તેને મોક્ષ આપ્યો હતો. તદનુસાર વ્રજની ગોપીઓ પણ જેઓ સ્ત્રી, નિમ્ન જાતિની અભણ (શાસ્ત્રજ્ઞાન વિહીન) ઈત્યાદિ હોવા છતાં પણ ભગવાન પ્રત્યેના નિષ્કામ પ્રેમને કારણે ભગવાન કૃષ્ણની પ્રીતિપાત્ર બની હતી અને તેમનો પરમ પ્રેમ પ્રાપ્ત કરી શકી હતી. તેનું એકમાત્ર કારણ એ હતું કે તેઓનો ભગવાન કૃષ્ણમાં નિર્હેતુક નિ:સ્વાર્થ પ્રેમ હતો. ભગવાન પ્રત્યે તેમણે સંપૂર્ણ સમર્પણ કર્યું હતું અને શરણાગતિ સ્વીકારી હતી. કૃષ્ણ પાસેથી તેમને કાંઈ જ અપેક્ષા નહોતી. એકમાત્ર તેને ચાહવાનું અને આ એક જ કારણથી ભગવાનની કૃપાપ્રાપ્તિ માટે તેઓ સૌભાગ્યશાળી બની શકી હતી. પુષ્ટિભક્તિનું આ આદર્શ ઉદાહરણ છે.

૧. વૈષ્ણવિઝમ

વૈષ્ણવિઝમ એટલે શું? જેમાં પરબ્રહ્મ વિષ્ણુના કોઈ પણ અવતારની આરાધના-ભક્તિ કરવામાં આવે એ પ્રત્યેક સંપ્રદાયને **'વૈષ્ણવ ધર્મ'** અથવા **'વૈષ્ણવ સંપ્રદાય'** (Vasihnavisam) કહેવાય. ચાહે એ રામની ભક્તિ હોય, કૃષ્ણની ભક્તિ હોય, નારાયણની હોય કે કોઈ પણ અવતારની હોય અથવા એ શ્રી વલ્લભાચાર્યજી દ્વારા પ્રતિપાદિત કૃષ્ણભક્તિ હોય, નિમ્બાર્ક નિર્દિષ્ઠ રાધા-કૃષ્ણ સંપ્રદાય હોય કે રામાનુજ પ્રવર્તિત ભક્તિનો કોઈ પ્રકાર હોય. આ બધા જ સંપ્રદાય **'વૈષ્ણવિઝમ'**ના માળખામાં આવી જાય છે.

'વિષ્ણુ' શબ્દની વ્યુત્પત્તિનો વિચાર કરીએ તો **'વિષ્ટ વ્યાપ્નોતિ'** અથવા **'વેવેષ્ટિ વ્યાપ્નોતિ સર્વં જગદિતિ વિષ્ણુ:'** અર્થાત ચરાચર જગતમાં જે વ્યાપ્ત છે તેનું નામ 'વિષ્ણુ'. અમરકોશના પદ **'વિષ્ણુર્નારાયણઃ કૃષ્ણઃ'**ની વ્યાખ્યા પણ તે જ બતાવે છે. નિરુક્તકાર પણ કહે છે: જે સર્વમાં પ્રવેશ કરે છે અથવા સર્વમાં ફેલાયેલ છે તે 'વિષ્ણુ'. (આમ વિષ્ણુ શબ્દ અહીં પરાત્પર પરબ્રહ્મના અર્થમાં છે.)

'વિષ્ણુ' અને તેનાં લોકોત્તર કાર્યોનો ઉલ્લેખ પણ વૈદિક સંહિતામાં પ્રાપ્ત થાય છે. આમ વિષ્ણુ એ એક વૈદિક દેવતા છે. કૃષ્ણ યજુર્વેદની તૈત્તિરીય સંહિતામાં પણ

વિષ્ણુના મહિમાનો સંદર્ભ મળે છે. ઋગવેદ- યજુર્વેદ ઉપરાંત સામવેદ તથા અથર્વવેદની સંહિતામાં અનેક ઠેકાણે વિષ્ણુની યશોગાથા દૃષ્ટિગોચર થાય છે. શતપથ બ્રાહ્મણમાં **'યજ્ઞમેવ વિષ્ણુ:'**, **'વિષ્ણુસીધજ્ઞા'**, **યજ્ઞો વૈ વિષ્ણુ:** વગેરે અનેક પ્રકારે વિષ્ણુ નામનો આધાર પ્રાપ્ત થાય છે. તદુપરાંત ઈશ, ઐતરેય, તૈતિરીય, મુંડક, નરસિંહતાપનીય ઈત્યાદિ ઉપનિષદો, રામાયણ, મહાભારત, વિષ્ણુપુરાણ, પદ્મપુરાણ, ભાગવતપુરાણ, વૈખાનસ સંહિતા, અત્રિ સંહિતા જેવાં આગમશાસ્ત્રોમાં પણ વિષ્ણુનાં અનેક ચરિત્રો આલેખાયેલાં છે.

ઉપર કહ્યું તેમ આદિ તત્ત્વ વિષ્ણુની અથવા તેમના અવતારોની ઉપાસનાનું પ્રતિપાદન કરનાર પંથને **'વૈષ્ણવ સંપ્રદાય'** તેમ જ તેના અનુયાયીને **'વૈષ્ણવ'** નામે સંબોધાય છે.

વૈષ્ણવ સંપ્રદાયના મૂળભૂત સિદ્ધાંતો નીચે મુજબ છે.

૧. બ્રહ્મના 'સગુણ' સ્વરૂપને તે વિશેષ મહત્ત્વ આપે છે. વિષ્ણના ૨૪ અવતારોની કથા ભાગવતમાં આલેખાયેલી છે. તેથી રામ, કૃષ્ણ વગેરે દેવ રૂપોનું વૈષ્ણવ સંપ્રદાયમાં વિશેષ સ્થાન છે.

૨. વૈષ્ણવ સંપ્રદાય જીવ-જગતને સત્ય માને છે.

૩. બધા વૈષ્ણવી સંપ્રદાય ભક્તિને સાધન તરીકે વિશેષ મહત્ત્વ આપે છે.

૪. સમન્વયની ભાવના એ વૈષ્ણવ સંપ્રદાયનું વૈશિષ્ટ્ય છે જે તેમના ગ્રંથો તેમ જ વ્યવહારમાં સ્પષ્ટ દેખાય છે.

૫. ઈન્દ્રિયદમન કરતાં ઈન્દ્રિયોનો ભક્તિમાર્ગ દ્વારા ઈશ્વર પ્રત્યે વિનિયોગ કરવો એ આની વિશેષતા છે.

૬. ભક્તિ સાધના જાત-પાતના ભેદ વગર સર્વ માટે પ્રાપ્ત છે.

૭. વિશ્વાસ, શ્રદ્ધા, દૈન્ય, અકિંચનતા, ઉપાસ્ય ઈશ્વરની મહત્તા, ઈશ્વરની ભક્તવત્સલતા વગેરે બધા જ વૈષ્ણવ સંપ્રદાયમાં સમાન ધોરણે હોવાથી તેમાં 'મધુરાભક્તિ' દૃષ્ટિગોચર થાય છે.

૮. બધા વૈષ્ણવ સંપ્રદાય રાધાકૃષ્ણ, રામ-સીતા અથવા વિષ્ણુ એવા સગુણ બ્રહ્મનું ભજન-સેવન કરે છે.

૧.૧ વૈષ્ણવ સંપ્રદાયનો વિકાસ અને યોગદાન (Development of Vaishnavism and its Contributions)

વૈષ્ણવ સંપ્રદાયના વિકાસના ચાર તબક્કા છે. (૧) વૈદિક દેવતા વિષ્ણુ (૨) દાર્શનિક આધાર- નારાયણ (૩) ઐતિહાસિક દેવતા- વાસુદેવ વગેરે અને (૪) સંતો તથા આચાર્યોના અધિષ્ઠાન રૂપ ગોપાલકૃષ્ણ. ભારતની પુરાતન ધર્મ પરંપરા સનાતન અને પાંચરાત્ર ધર્મોના સમન્વયમાંથી ભાગવત ધર્મ રૂપે પ્રગટ થઈ અને પૂર્ણતયા 'વૈષ્ણવ સંપ્રદાય'ના રૂપમાં અસ્તિત્વમાં આવી.

વૈષ્ણવ સંપ્રદાય એ નિર્વિવાદપણે 'આસ્તિક' મત છે. વિષ્ણુ તેના સર્વોચ્ચ દેવ છે. વૈષ્ણવ ધર્મ વિષ્ણુની ભક્તિ-ઉપાસના પર આધારિત છે. વિષ્ણુની ઉપાસના કરનારને વૈષ્ણવ તરીકે સંબોધવામાં આવે છે. સમસ્ત વિશ્વ એ વિષ્ણુના અસીમ સામર્થ્યની અભિવ્યક્તિ છે. ઉત્પત્તિ- ધારણ, તેનું સંરક્ષણ તેમ જ વિધ્વંસક શક્તિનું દમન વિષ્ણુ કરે છે એવી એની દૃઢ માન્યતા છે.

વૈષ્ણવ સંપ્રદાય ઔદાર્યનું પ્રતીક હોવાથી અહિંસા, શુદ્ધતા, પવિત્રતા, લોકકલ્યાણ વગેરે તેનાં લક્ષણ છે. અર્વાચીન યુગમાં રામાનુજાચાર્યનો 'શ્રી' સંપ્રદાય, નિમ્બાર્કાચાર્યનો 'સનક' સંપ્રદાય, મધ્વાચાર્યનો 'બ્રહ્મ' સંપ્રદાય અને વલ્લભાચાર્યનો 'રુદ્ર' સંપ્રદાય એ ચાર ભાગવત સંપ્રદાયોએ વૈષ્ણવ ધર્મનો વિકાસ સાધ્યો છે. સાહિત્ય, કલા, સમાજ, ધર્મ વગેરે બધાં ક્ષેત્રોમાં વૈષ્ણવ સંપ્રદાયે ખૂબ મોટો પ્રભાવ પાડ્યો છે.

વૈષ્ણવ સંપ્રદાયે માનવી જીવનમાં આવશ્યક શ્રેષ્ઠ એવાં નૈતિક તેમ જ ધાર્મિક મૂલ્યોના માપદંડ સમાજ પ્રત્યક્ષ પ્રસ્તુત કર્યા છે. પરમાર્થ વિષયક કેટલીક ભ્રામક કલ્પનાઓનો ઉચ્છેદ કરી સાચા ધર્મનો, ઔપનિષદીક તત્ત્વદર્શનનો વારસો વૈષ્ણવ સંતોએ સામાન્ય સ્તરના લોકોને આપ્યો છે અને તેઓમાં આધ્યાત્મિક ચેતના જગાવી છે.

વૈષ્ણવ સંપ્રદાય એ હિંદુઓના સાંસ્કૃતિક જીવનનું એક અવિભક્ત અંગ છે. એ ધાર્મિક ચિંતનની એક પ્રગતિશીલ, વિકાસશીલ પરંપરા હોઈ આજ પર્યંત એમાં અનેક સંતો, ભક્તો, આચાર્યો થઈ ગયા જેમણે સર્વ મનુષ્યના ઉત્કર્ષ માટે આત્મોન્નતિ તેમ જ પરમાત્માની પ્રાપ્તિ માટે સરલતમ એવા ભક્તિમાર્ગના સાધનને ઉપલબ્ધ કરાવ્યું છે. વૈષ્ણવ ભક્ત પ્રાણીમાત્રમાં સમત્વદૃષ્ટિ ધરાવે છે. વૈષ્ણવ સંપ્રદાયમાં ઔદાર્યપૂર્ણ અને વ્યાપક તત્ત્વ પ્રણાલી હોવાથી તેનાથી સમાજના પ્રત્યેક સ્તરની વ્યક્તિને આત્મવિકાસ સાધવાની તક સાંપડે છે.

૧.૨ વૈષ્ણવિઝમની ઐતિહાસિક પૃષ્ઠભૂમિ (Historical Background of Vaishnavism).

આપણે અગાઉ જોઈ ગયા છીએ કે ભારતીય તત્ત્વજ્ઞાનના વિકાસમાં પ્રથમ 'વેદયુગ' આવ્યો, જેમાં વેદવ્યાસજીએ સમગ્ર વેદ સાહિત્યનું સંકલન કરી તેને ચાર વિભાગમાં સ્થાપિત કર્યું- ઋગ્વેદ- યજુર્વેદ- સામવેદ અને અથર્વવેદ. પ્રત્યેક વેદને તેમણે ચાર વિભાગમાં વિભાજિત કર્યા- (૧) **મંત્ર અથવા સંહિતા** (૨) **બ્રાહ્મણ** (૩) **આરણ્યક** અને (૪) **ઉપનિષદ** અથવા **વેદાંત.**

પ્રથમ બે વિભાગને **'કર્મકાંડ'** અથવા **'પૂર્વકાંડ'** કહેવામાં આવ્યા અને આરણ્યક- ઉપનિષદ એ **'જ્ઞાનકાંડ'** અથવા **'ઉત્તરાકાંડ'**ના રૂપે વિસ્તારવામાં આવ્યાં. જ્યારે કર્મકાંડનો પોતાના સ્વાર્થ અર્થે દુરુપયોગ થવા માંડ્યો ત્યારે લોકોમાં એક અસંતોષની સ્થિતિ ઉત્પન્ન થઈ. તેના પ્રત્યાઘાત રૂપે નાસ્તિકવાદ અથવા અવૈદિક દર્શનોનો ઉદય થયો, જે **'વેદોત્તર યુગ'** કહેવાયો.

વેદોત્તર યુગને બે વિભાગમાં વહેંચી શકાય. તેમાં પ્રથમ, **પૂર્વકાળ** જે દરમ્યાન ચાર્વાકનું **નાસ્તિક** અથવા **અવૈદિક દર્શન** અસ્તિત્વમાં આવ્યું. એ કેવળ ભૌતિકવાદી વિચારધારા હતી. તેમાં ન તો ઈશ્વર કે આત્માના અસ્તિત્વનો સ્વીકાર હતો કે ન પુનર્જન્મ વગેરેમાં વિશ્વાસ. **'ખાઓ-પીઓ અને મોજ કરો'** એ જ તેનું સૂત્ર હતું. વર્તમાનમાં જે દેખાય છે એ જ સત્ય. તેઓ 'વેદો'ને પણ ખોટા અને નિરર્થક માનતા હતા.

ચાર્વાક પછી **જૈન** અને **બૌદ્ધ** દર્શનોનો ઉદય થયો. આ બન્ને પણ **'નાસ્તિક દર્શન'** હતાં, અર્થાત્ તેઓએ વેદની સર્વોપરિતા Authorityનો સ્વીકાર કર્યો નથી.

એ પછીના કાળને **'દર્શનકાળ'** કહેવામાં આવ્યો છે, જેના બે અવાંતર વિભાગ છે. પ્રથમ અવાંતરને **'સૂત્રકાળ'** કહેવાય છે. આ સમય દરમિયાન વેદ આધારિત ષડદર્શનોનો વિકાસ થયો. તેથી તે **'વૈદિક દર્શનો'** કહેવાયાં. અલગ- અલગ ઋષિઓએ વિવિધ દૃષ્ટિકોણ-વિચારધારાઓ રજૂ કરી વિવિધ સૂત્રોની રચના કરી. ગૌતમ ઋષિએ **'ન્યાયસૂત્રો'** રચ્યાં તો કણાદે **'વૈશેષિક સૂત્રો'**. કપિલ મુનિએ **'સાંખ્ય દર્શન'** પ્રગટ કર્યું તો પતંજલિએ **'યોગ સૂત્રો'**ની રચના કરી. જૈમિનિએ વેદના પૂર્વકાંડ ઉપર **'જૈમિની સૂત્રો'** ની રચના કરી, જ્યારે બાદરાયણ વ્યાસે જ્ઞાનકાંડ ઉપર- ઉપનિષદોના અર્થને સ્પષ્ટ કરવા **'બ્રહ્મસૂત્રો'**ની રચના કરી. આમ

'મીમાંસા' અને **'વેદાંત'** પણ અસ્તિત્વમાં આવ્યાં.

એ પછી આવ્યો **'વૃત્તિકાળ'** જે દરમિયાન સૂત્રોનાં ગૂઢ રહસ્યોને સમજાવવા ભાષ્યો, વાર્કિતો અને ટીકાગ્રંથોની રચના થઈ. આમાં સૂત્રોનાં નાના વાક્યોને સરલ (simplified) અથવા વિસ્તૃત (elaborate) કરવામાં આવ્યાં.

અંતિમવાદિતા કોઈ પણ ધર્મમાં પ્રવેશે ત્યારે લોકજાગૃતિ આવશ્યક બને છે. સમગ્ર ઈતિહાસ ઉપર જો દૃષ્ટિ કરવામાં આવે તો જણાશે કે કોઈ પણ તત્ત્વદર્શન / દાર્શનિક વિચારધારા સંપૂર્ણપણે પરસ્પર વિરોધી હોતી નથી. દેશકાળ અનુસાર કેટલાંક તત્ત્વો પર વિશેષ ભાર મૂકવામાં આવે છે તેથી અન્ય તત્ત્વો પૃષ્ઠભૂમિમાં ધકેલાઈ જાય છે. વિકાસ (Development) એક એવી પ્રક્રિયા છે જે સતત આગળ વધતી રહે છે. સંસાર પરિવર્તનશીલ છે, તેથી બદલાતી પરિસ્થિતિમાં કેટલાક સિદ્ધાંતો અગ્રસ્થાન લે છે અને આ ઘટમાળ ચાલ્યા જ કરે છે.

વિજ્ઞાનની વિચારધારા જેમ જેમ વિકસિત થતી ગઈ તેમ તેમ અન્વેષણની પ્રક્રિયા આગળ વધતી ગઈ. ગેલિલિયોએ યાંત્રિક (Mechanics) ના ત્રણ નિયમો આપ્યા. એ પછી ન્યુટને ગુરુત્વાકર્ષણનો સિદ્ધાંત (Law of Gravitation) પ્રતિપાદિત કર્યો, જ્યારે સાંપ્રત સમયમાં આઈન્સ્ટાઇને સાપેક્ષાતાવાદ (Theory of Relativity)નો સિદ્ધાંત આપ્યો. સ્ટીફન હોકિંગ હજુ એ વિચારને આગળ ધપાવી રહ્યા છે. ભૌતિક વિજ્ઞાન (Science of Physics) આગળ ને આગળ વધતું રહ્યું છે, જેનો ક્યારેય અંત નહીં આવે અથવા સ્થગિત નહીં થઈ જાય. એની સાથે અધ્યાત્મ ચિંતનનો પણ ઉત્તરોત્તર વિકાસ થઈ રહ્યો છે.

તત્ત્વજ્ઞાન (Philosophy)નો અર્થ થાય- 'વિશ્લેષણાત્મક- તાર્કિક અને ઊંડાણપૂર્વકનો અભ્યાસ.' પ્રત્યેક બાબતનો તાર્કિક અથવા સૈદ્ધાંતિક અભ્યાસ એ 'Philosophy' કહેવાય, જ્યારે તેનો પ્રાયોગિક ઉપયોગ છે- ધર્મ (Religion). તત્ત્વજ્ઞાન એ બૌધિક ચિંતનનો વિષય છે, જ્યારે એનું વ્યવહારિક સ્વરૂપ એ ધર્મ છે. (philosophy is an intellectual study whereas the Concept of that study put to practice is Religion) સિદ્ધાંત અને વ્યવહાર (Theory and Pratice) એ બન્નેનો તફાવત લોકો સમક્ષ મૂકવાની આવશ્યકતા હોય છે.

૧.૩ 'ધર્મ' એટલે શું? (What is Religion?)

ધર્મ શબ્દ 'ધૃ' ધાતુ 'ધર'માંથી પ્રાપ્ત થાય છે. એનો અર્થ થાય છે 'ધારણ કરવું'.

ધર્મ એટલે જે ધારણ કરે, ટકાવી રાખે. **'ધર્મો ધારયતિ પ્રજાઃ'** ધર્મ પ્રજાને ધારણ કરે છે. જે પ્રજાને- સમાજને ધારણ કરે, જે એકને બીજાની સાથે સાંકળે અથવા બાંધે એ 'ધર્મ' કહેવાય. (That which upholds the society). મહાભારતમાં કહેવાયું છે- **'ધર્મો રક્ષતિ રક્ષિતઃ.'** જે ધર્મનું રક્ષણ કરે છે, એની ધર્મ રક્ષા કરે છે તથા એમ પણ કહેવાયું છે- **'યતો ધર્મસ્તતો જયઃ'** જ્યાં ધર્મ છે ત્યાં જ જય છે. આમ ધર્મનું આચરણ આવશ્યક છે. 'નીતિ' અને 'સદાચાર' એ જીવનનાં મહત્ત્વનાં અંગ છે. **'શ્રુતિ- સ્મૃતિ ઉપપાદિત સદાચારો ધર્મઃ'** શ્રુતિ- સ્મૃતિમાં દર્શાવ્યા પ્રમાણે સદાચારનું પાલન કરવું એ 'ધર્મ' છે. ધર્મના આ અર્થને મનમાં રાખી ધર્મને એક સંપ્રદાયના અર્થમાં સમજવાનો છે.

ખ્રિસ્તી ધર્મ અનુસાર ધર્મ માટે વપરાતો શબ્દ 'Religion' છે. લેટિન શબ્દો 'Re' અને 'Legere' કે 'Ligare'માંથી એ ઉતરી આવ્યો છે. આ બે શબ્દોનો અર્થ 'ફરી પાછા જોડાવું' એમ થાય છે. ખ્રિસ્તી ધર્મ અનુસાર માનવ એ ઈશ્વરનું સર્જન છે અને એથી માનવ-માનવને સાંકળવાનું તેમ જ બધાય માનવોને પિતા ઈશ્વર સાથે સાંકળવાનું 'ધર્મ'નું કાર્ય છે.

ધર્મની વ્યાખ્યા આપતાં એક જૈન સાધુ કહે છે કે જગતનાં દુઃખોમાંથી જે માણસોને બહાર કાઢે અને હંમેશને માટે પરમ આનંદની પ્રાપ્તિ કરાવે એ 'ધર્મ'.

મુસ્લિમ ધર્મ માટે વપરાતો 'ઇસ્લામ' ખૂબ જ સૂચક છે. ઇસ્લામ શબ્દનો અર્થ છે 'શાંતિ' અથવા 'શરણાગતિ'. આમ ઇસ્લામ એટલે ઈશ્વરનો શાંતિમય સ્વીકાર અથવા ઈશ્વરની શરણાગતિ.

ઉપરોક્ત વિવિધ વ્યાખ્યાઓ જોતાં એમ કહી શકાય કે ધર્મ એક એવો માર્ગ છે જે જીવનની નીરસતા દૂર કરી જીવનના રસનું પાન કરાવે. જીવન ઝંઝાવાતની અશાંતિમાંથી શાંતિને માર્ગે લઈ જાય છે, મૃત્યુનો ભય અને એનું દુઃખ દૂર કરીને અમરત્વની આશા આપે છે, અંધકારને દૂર કરી પ્રકાશ પાથરે છે.

આમ ધર્મ એક માર્ગ ચીંધે છે, એક દિશા સૂચવે છે, એક અંગૂલીનિર્દેશ કરે છે, એક આશા અર્પે છે. માટે જ મનુષ્યજીવન માટે 'ધર્મ' એક આવશ્યક અંગ છે.

૧.૪ ધર્મના તુલનાત્મક અભ્યાસની આવશ્યકતા શું? (What is necessity of studying Comparative Religion)

સત્તરમીથી ઓગણીસમી સદી દરમિયાન વિજ્ઞાન તેની ચરમસીમાએ પહોંચ્યું

હતું એ દરમિયાન ઘણી નવી શોધખોળ થઈ. સુખ-સગવડોનાં અનેક સાધનો ત્યારે ઉપલબ્ધ થયાં. અનેક ભૌતિક ઉપલબ્ધિઓના કારણે એમ માનવામાં આવ્યું કે આપણને ઈશ્વરની આવશ્યકતા નથી. ચાર્વાકનો દૃષ્ટિકોણ પુનઃ વર્તાવા લાગ્યો. લોકો ઈશ્વરમાંથી વિશ્વાસ ગુમાવવા માંડ્યા. આધ્યાત્મિક દૃષ્ટિકોણ ઓસરવા લાગ્યો. પહેલા અને બીજા વિશ્વયુદ્ધ પછીની સ્થિતિ સ્ફોટક થઈ ગઈ. રશિયામાં તો રીતસર ઈશ્વરને નષ્ટ કરવાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ. ઈશ્વરને કાઢી મૂકવાની (Expulsion of God)ની વિચારધારા પ્રવર્તવા માંડી. મંદિરો અને મસ્જિદોનો વિનાશ કરાવવા માંડ્યો. એ દરમિયાન કાર્લ માર્ક્સે સામ્યવાદ (Communism)ની વિચારધારા પ્રગટ કરી. સંપૂર્ણપણે ભૌતિકવાદી વિચારસરણી પ્રવર્તવા માંડી, જેના પરિણામ સ્વરૂપે માનસિક અને મનોવૈજ્ઞાનિક સમસ્યાઓ ઉદ્ભવવા માંડી. મનુષ્યની એક પ્રકારે ચિત્તભ્રમની દશા વર્તાવા માંડી. એ અવસ્થામાં લોકોને ઈશ્વરની આવશ્યક્તા લાગવા માંડી. આમજનતા તેમ જ સરકારને પણ ઈશ્વરના અસ્તિત્વની આવશ્યકતા જણાઈ. ઈશ્વરની વિશિષ્ટ ભૂમિકા વિશે લોકો વિચારવા લાગ્યા. અને આમ ૧૯૪૩માં રશિયામાં ઈશ્વરનો પુનઃ પ્રવેશ થયો. સાયન્સ અને ટેક્નોલોજીથી લોકો ગુમરાહ થવા માંડ્યા હતા. તેઓ ઈશ્વર અને ધર્મની જરૂરિયાત વિશે વિચારતા થયા અને ધર્મના તુલનાત્મક અભ્યાસની પ્રક્રિયા શરૂ થઈ.

ગાંધીજી કહે છે,- ઘણા લોકો એમ કહેતા હોય છે કે મને ધર્મ સાથે કંઈ લેવાદેવા નથી. આનો અર્થ થાય કે 'આપણે શ્વાસ લઈએ છીએ પણ અમને નાક નથી.' ભગવાનદાસ કહે છે, જે લોકો કેટલાક વિરોધને કારણે એમ કહે છે કે ધર્મની જરૂર નથી, પરંતુ એ રોગને મટાડવાને બદલે આપઘાત કરવા બરાબર ગણાય. (it is like committing sucide rather than curing disease.) પણ જ્યાં સુધી મનુષ્યને દુ:ખ અને મૃત્યુનો ડર હશે ત્યાં સુધી ધર્મ જરૂરી રહેશે. એને ઉખાડીને ફેંકી દઈ શકાય નહીં. સિકંદરના વિજય પછી જ્યારે તે પકડાયો અને તેને પૂરવામાં આવ્યો ત્યારે તે એક બાયલા (Cowerd)ની માફક ડરતો હતો.

જ્યારે આપણે ખુલ્લા મનથી વિવિધ ધર્મોની સરખામણી કરીએ છીએ ત્યારે-

(૧) આપણે આપણા ધર્મને વધુ સારી રીતે સમજી શકીએ છીએ.

(૨) જો આપણા જ ધર્મ વિષેની કોઈ બાબત અયોગ્ય હોય તો એનો ખ્યાલ

આવવાથી તેને સુધારવાની તક મળે છે.

(૩) તુલનાત્મક અભ્યાસ અને યોગ્ય સમજથી (Better understanding)ના કારણે આપણે આપણા ધર્મને વિશ્વના ધર્મના નકશામાં મૂકી શકીએ છીએ.

(૪) આપણા ધર્મની વિશિષ્ટ બાબતોની જાણકારીથી આપણા ધર્મની અસ્મિતા સમજાય છે. આપણે એનું ગૌરવ અનુભવી શકીએ છીએ.

(૫) વિશ્વના વિવિધ ધર્મોના અભ્યાસથી તેમના સ્થાપકો અને મહાપુરુષોનાં ઉદાત્ત અને ઊર્ધ્વગામી જીવનચરિત્રો, ધર્મોના મુખ્ય સિદ્ધાંતો અને આચાર ધર્મો જાણવાથી ઉત્તમ જીવન જીવવાની દૃષ્ટિ આવે છે. વિવેક, સમદૃષ્ટિ, સમભાવ અને ધાર્મિક સહિષ્ણુતા કેળવાય છે.

(૬) વિવિધ ધર્મોના તુલનાત્મક અભ્યાસથી અન્ય ધર્મો પ્રત્યેની સૂગ અને ઉપેક્ષા ઘટવા પામે છે. એના કારણે અન્ય ધર્મની નિંદા કે તિરસ્કારથી માનવી અટકે છે અને પ્રત્યેક ધર્મ પ્રત્યે સમભાવનાનું વાતાવરણ સર્જાય છે.

(૭) સર્વધર્મ સમભાવ કેળવવાં માટે પણ વિવિધ ધર્મોના તુલનાત્મક અભ્યાસની અગત્યતા છે. એનાથી દૃષ્ટિ વ્યાપક અને ઉદાર બને છે. ગેરસમજૂતીઓ અને જે પૂર્વગ્રહો કેળવાયેલા હોય છે એ દૂર થાય છે.

(૮) ઉદાત્ત જીવનનો વિકાસ કરવા અને રાષ્ટ્રના ચારિત્ર્યના ઘડતર માટે પણ વિવિધ ધર્મોનો તુલનાત્મક અભ્યાસ અનિવાર્ય થઈ પડે છે, કારણ કે તેથી અન્ય ધર્મોનાં સારાં તત્ત્વોને જાણી શકાય અને એનું યોગ્ય અનુશીલન કરીને આચરણમાં મૂકી શકાય જેથી જીવન સદાચારી, પરોપકારી અને નીતિમય બને.

આમ વિવિધ ધર્મોના તુલનાત્મક અભ્યાસથી સ્વધર્મને સારી રીતે સમજી શકાશે, પોતાના ધર્મની ત્રુટિઓ જણાઈ આવશે, ધર્મ સુધારણાની પ્રેરણા મળશે, સર્વધર્મ સમભાવનું વાતાવરણ સર્જાશે અને ધર્મ સહિષ્ણુતા આવશે. એના કારણે વ્યક્તિના ભાવિ જીવનનું ઘડતર થશે, રાષ્ટ્રીય ખુલાસા આવી જશે અને ભેદો શાંત થશે જેથી સમગ્ર વિશ્વમાં શાંતિમય વાતાવરણ સર્જાશે.

૨

વિવિધ ધર્મો

(Different Religions)

સમગ્ર વિશ્વમાં અત્યારે મુખ્યત્વે અગિયાર ધર્મો પ્રવર્તે છે. પૂર્વે બારેક જેટલા ધર્મોનો વિકાસ થયેલો મનાતો હતો, પરંતુ પ્રાચીન ઇજિપ્તનો ગ્રીસનો ધર્મ કાલાંતરે લુપ્ત થઈ ગયો છે. વિશ્વના અત્યારે પ્રચલિત ધર્મો નીચે મુજબ છે.

વિશ્વના ધર્મો

ક્રમ	નામ	ઉદ્‌ભવ કાળ	ઉદ્‌ભવ સ્થાન
૧	હિન્દુ ધર્મ	ઈ.પૂ. ૩૦૦૦	ભારત
૨	યહૂદી	ઈ.પૂ. ૧૨૦૦	પશ્ચિમ એશિયા
૩	શિન્તો	ઈ.પૂ. ૬૬૦	જાપાન
૪	જરથોસ્ત	ઈ.પૂ. ૬૬૦	ઈરાન
૫	તાઓ	ઈ.પૂ. ૬૦૪	ચીન
૬	જૈન ધર્મ	ઈ.પૂ. ૫૯૯	ભારત
૭	બૌદ્ધ ધર્મ	ઈ.પૂ. ૫૬૩	ભારત
૮	કન્ફ્યુશિયસ	ઈ.પૂ. ૫૫૧	ચીન
૯	ખ્રિસ્તી	ઈસ્વીસનની શરૂઆત	યુરોપ
૧૦	ઈસ્લામ	ઈ.પછી ૫૭૧	
૧૧	શીખ ધર્મ	ઈ.પછી ૧૪૬૯	ભારત

ઉપરોક્ત ધર્મો પૈકી જરથોસ્ત, યહૂદી, ખ્રિસ્તી અને ઈસ્લામ ધર્મ વિશ્વધર્મો કે 'semitic religions' છે.

હિન્દુ, જૈન, બૌદ્ધ, શીખ ભારતે વિશ્વને આપેલા ધર્મો છે. હિન્દુ ધર્મ સૌથી પ્રાચીન અને શીખ ધર્મ સૌથી અર્વાચીન છે.

આ બધા જ ધર્મોનું મૂળ (source) એશિયા ખંડમાં રહેલું છે, જોકે એ પછી એ વિશ્વના ખૂણેખૂણે પ્રસર્યા છે.

હિન્દુ ધર્મ કોઈ થીજી ગયેલ બરફના ચોસલા જેવો નથી, પરંતુ એ ગતિશીલ

અને પરિવર્તનશીલ છે. બગીચામાં જેમ વિવિધ પ્રકારનાં ફૂલોની સુવાસ મહેકતી રહે એ પ્રમાણે એ મહેકતો રહ્યો છે. તેની સુવાસ ચોતરફ પ્રસરેલી રહી છે. ઈસવીસન પૂર્વેની છઠ્ઠી શતાબ્દી, વિરલ અને વિલક્ષણ છે. એ શતાબ્દીમાં ભારતમાં મહાવીર અને બુદ્ધ, ઈરાનમાં અશો જરથોસ્ત અને ચીનમાં કન્ફ્યુશિયસનો અને લાઓત્સે તેમ જ ગ્રીસમાં પાર્મોનાઇડ્સ અને એમ્પીડોકલ્સ થયા. સમગ્ર વિશ્વમાં આધ્યાત્મિક નવચેતના અને વિચારક્રાંતિ આણનાર શતાબ્દી તરીકે તે પ્રસિદ્ધ છે.

ભારતમાં હાલ મુખ્યત્વે પાંચ ધર્મો પ્રવર્તે છે.

(૧) હિન્દુ ધર્મ (૨) બૌદ્ધ ધર્મ (૩) જૈન ધર્મ (૪) ઈસ્લામ અને (૫) ખ્રિસ્તી ધર્મ.

હિન્દુ ધર્મ અંતર્ગત 'વૈષ્ણવ સંપ્રદાય' એના પેટા ધર્મ તરીકે પ્રચલિત છે જેના સંદર્ભમાં આપણો અભ્યાસક્રમ છે. માટે આપણે અહીં હિન્દુ ધર્મના વ્યાપક સ્વરૂપની ચર્ચામાં જતા નથી. વૈષ્ણવ સંપ્રદાયના કેટલાંક અગત્યનાં પાસાં આપણે ઉપર જોઈ ગયા. હવે એ સિવાયના ચાર ધર્મોની સંક્ષિપ્ત ચર્ચા હવે પછી કરવામાં આવી છે.

આપણે પ્રેમ, સેવા, કૃપા અને સહિષ્ણુતા (Love, Service, Grace and Tolerance) એ ચાર સંકલ્પનાઓનો ઉપરોક્ત પાંચ ધર્મોના પરિપ્રેક્ષ્યમાં સમજવાનો પ્રયાસ કરીએ.

૧. બૌદ્ધ ધર્મ (Buddhism)

બૌદ્ધ ધર્મના પ્રવર્તક 'ગૌતમ બુદ્ધ' હિન્દુ ક્ષત્રિય રાજવંશમાં જન્મ્યા હતા. યુવાકાળ સુધી જગતના દુ:ખદાયી અનુભવોથી તેમને પ્રયત્નપૂર્વક દૂર રાખવામાં આવ્યા હતા, પરંતુ સાચી સૃષ્ટિનાં દર્શન થતાં તેમનો જીવનપલટો થયો અને રાજ્યનો ત્યાગ કરી તેઓ સત્યની શોધમાં નીકળી પડ્યા.

પોતાના ધર્મમાં ખોજ કરતાં તેમણે જીવનની જે વાસ્તવિક્તાનાં દર્શન કર્યાં હતા તેના નિર્મૂલનના ઉપાય કે સત્ય તેમાંથી ન લાધતાં તેમણે પોતાના જન્મ-ધર્મનો વિરોધ કર્યો. તત્કાલીન પ્રવર્તમાન બ્રાહ્મણ સમાજવાદથી તેઓએ તંગ આવી બ્રાહ્મણવર્ગનો વિરોધ કર્યો. સ્વર્ગદ્વાર બ્રાહ્મણ જ ખોલી શકે એવી માન્યતાનો તેમણે ઇનકાર કર્યો. યજ્ઞમાં આચરાતી હિંસાને તેમણે વખોડી અને

વર્ણાશ્રમ ધર્મનો અસ્વીકાર કર્યો.

મહાવીરની માફક બુદ્ધે પણ વૈદિક પરંપરાથી સ્વતંત્ર રીતે મુક્તિનો માર્ગ શોધ્યો છે. વેદના પ્રામાણ્યને તેમણે સ્વીકાર્યું નથી. યજ્ઞ અને વૈદિક ક્રિયાકાંડના તેઓ વિરોધી રહ્યા છે.

બુદ્ધનું મિશન અધ્યાત્મવાદી (Meta Physical) અથવા તત્ત્વદર્શીય (Philosophical) ન રહેતાં તેઓ એક નૈતિક તત્ત્વદર્શી (Moral Philosopher) અથવા સમાજસુધારક (Social Reformer) તરીકે ઊભરી આવ્યા છે. એક વાર ચાલુક્ય પુત્રે બુદ્ધને તાત્ત્વિક પ્રશ્નો કર્યા: 'શું આ જગત નિત્ય છે કે અનિત્ય? (Eternal or Non-eternal?), જીવન શું છે? મૃત્યુ શું છે? (What is life and death?)' ત્યારે બુદ્ધ મૌન રહ્યા. જ્યારે કોઈ જવાબ ન આપે ત્યારે એનો અર્થ એવો થાય કે તે વ્યક્તિ પુછાયેલ પ્રશ્નોનો જવાબ જાણતો નહીં હોય અથવા તે અજ્ઞાની છે. તેના વિશે આવો અભિપ્રાય બંધાય. બુદ્ધે જવાબ આપવાને બદલે સામો પ્રશ્ન (counter question) કર્યો કે જો કોઈ વિષયી તીર કોઈના શરીરમાં પેઠું હોય તો એ સમયે શું એમ પ્રશ્ન કરી શકાય કે આ તીર કોણે માર્યું? એ ક્યાંથી આવ્યું? તેમાં ઝેરની માત્રા કેટલી છે? વગેરે. એવા સંજોગોમાં સૌથી પ્રથમ કાર્ય તો એ તીર કાઢવાનું, આહત વ્યક્તિની દવા કરવાનું હોઈ શકે. એ જ પ્રમાણે આપણે તાત્ત્વિક પ્રશ્નોની ચર્ચામાં સમય વેડફ્યા કરતાં મનુષ્યના દુઃખના નિવારણને પ્રાથમિકતા આપવી જરૂરી છે. તેથી બુદ્ધે આ કાર્યને પોતાના જીવનનું મિશન બનાવ્યું. તેમણે ચાર **'આર્ય સત્ય'** (Noble Truth) શોધી કાઢ્યાં અને એનો ઉપદેશ લોકોને આપ્યો. એ ચાર સત્યો હતાં- **દુઃખ, દુઃખકારણ, દુઃખનિવારણ, દુઃખનિવારણના ઉપાય.**

ઉપરોક્ત ચાર સત્યોના આધારે જે માર્ગો બુદ્ધે બતાવ્યા એને **અષ્ટાંગ માર્ગ** કહેવાય છે, જે છે- (૧) **સમ્યક દૃષ્ટિ**, (૨) **સમ્યક સંકલ્પ**, (૩) **સમ્યક વાક**, (૪) **સમ્યક કર્મ**, (૫) **સમ્યક આજીવિકા**, (૬) **સમ્યક વ્યાયામ**, (૭) **સમ્યક સ્મૃતિ** અને (૮) **સમ્યક સમાધિ.**

બુદ્ધનો નીતિ ઉપદેશ- નિરાશાવાદથી શરૂ થઈ અંતે વિધેયાત્મક નિર્વાણમાં પરિણમે છે. એક વખતે બુદ્ધે તેમના એક શિષ્યને પોતાનું કપડું રંગવાનું કહ્યું. તેમણે કહ્યું કે જો એ ડાઘાવાળું હશે તો એના ઉપર રંગ ચડશે નહીં. આમ અંતર શુદ્ધિ,

ચિત્તની મલિનતા, જેવી કે કામ-ક્રોધ, મોહ, લોભ, મત્સર વગેરે દૂર કરવાની તેમણે અહીં વાત કરી છે. જો એ મલિનતા દૂર ન થાય તો મનુષ્યને 'નિર્વાણ' મળી શકે નહીં.

એક સમયે બુદ્ધ એક વૃક્ષ નીચે બેઠા હતા. તેમની મુદ્રા શાંત, સૌમ્ય અને સુંદર હતી. ત્યાં કેટલીક નૃત્યાંગનાઓ પસાર થઈ ત્યારે એકનું ઝાંઝર ત્યાં પડી ગયું. એ લેવા તે નૃત્યાંગનાએ પાછું વળીને જોતાં તેણે બુદ્ધને પદ્માસનમાં બેઠેલા જોયા. બુદ્ધની શાંત અને પવિત્ર મુખ મુદ્રા જોઈને તે બોલી ઊઠી કે 'જીવનની વીણાનો તાર એટલો કડક ન બાંધવો જોઈએ જેથી તાર તૂટી જાય કે ન તૂટી જવાની સંભાવનાથી એને એટલે ઢીલો રાખવો કે જેથી સૂર જ ન નીકળે.' તાર મધ્યમ બાંધવો જોઈએ જેથી વીણામાંથી મધુર સંગીત ઊપજે. આ મધ્યમ માર્ગનો નિર્દેશ હતો, જેને બુદ્ધે પોતાના જીવનદર્શનમાં અપનાવ્યો.

આ **'બૌદ્ધિ જ્ઞાન'** હતું. બૌદ્ધિ જ્ઞાન પ્રાપ્ત થયા પછી બુદ્ધે પાંચ શિષ્યોને પસંદ કર્યા અને તેમને કહ્યું કે 'તમે બધા લોકો વચ્ચે જઈને આ જ્ઞાન વહેંચો, તેમને શીખવો અને છ મહિનાના અંતે આપણે બધા પાછા મળીશું.' છ મહિના વીતી ગયા પછી બુદ્ધે પોતાના શિષ્યોને કહ્યું કે 'મારે મારા સંદેશામાં ફેરફાર કરવો છે. જેઓ આખું જીવન રિસાયા કરે છે તેને મોક્ષ મળતો નથી. પરંતુ તપ અને ત્યાગ દ્વારા મોક્ષની પ્રાપ્તિ થાય છે.' શિષ્યો કહે કે 'અમે તમને માન આપ્યું પરંતુ તમે હવે ફરી ગયા છો.' બુદ્ધે જવાબ આપ્યો કે 'મારા વિચારો તમને થોડા સમય પછી સમજાશે.'

બુદ્ધે મધ્યમ માર્ગ રૂપે પ્રેમ, દયા, કરુણા, સહિષ્ણુતાનો મહત્ત્વનો દૃષ્ટિકોણ આપ્યો છે. પ્રેમમાં વાસ્તવમાં બધું જ સમાહિત છે. પ્રેમ હોય તો અહિંસા આપોઆપ આવે. જ્યાં પ્રેમ છે ત્યાં સ્વાભાવિક રીતે અહિંસા- દયા- સહિષ્ણુતા આવે જ. જ્યાં પ્રેમ હોય ત્યાં બાકી બાબતો આપણે સંભાળી લઈએ. માટે પ્રેમ મુખ્ય છે. પ્રેમની વિરુદ્ધ બાબતો હિંસા-અસહિષ્ણુતા જન્માવે છે. માટે જ બુદ્ધના તત્ત્વદર્શનમાં પ્રેમ એ મુખ્ય બાબત છે. તેમાંથી જ અનુકંપા કરુણા, લાગણી (Sympathy, tender mind, tender feeling) વગેરે પેદા થાય છે. આપણામાં જે સ્વાભાવિક પ્રેમ છે એને બહાર પ્રગટ કરવાનો છે. પ્રાણીમાત્ર માટેના વૈશ્વિક પ્રેમની વાતો તેમણે કહી છે. આ ચાર મુખ્ય વિચારો બુદ્ધે આપ્યા છે પરંતુ આજ

તેમના અનુયાયીઓએ એનાં અર્થઘટન વિપરીત રીતે કર્યાં છે. સામાન્ય મનુષ્યે તેને યથાર્થ રૂપે સમજીને લોકકલ્યાણાર્થે વાપરવાના છે નહીં કે આત્મગૌરવ (Self glorification) માટે.

૧.૧ બૌદ્ધ ધર્મનાં ચાર આર્ય સત્ય (Four Noble Truth)

(૧) દુઃખ, (૨) દુઃખકારણ (૩) દુઃખનિવારણ (૪) દુઃખનિવારણ ઉપાય.

જીવન દુઃખો (Sufferings)થી ભરેલું છે. બુદ્ધે એનાં ઉદાહરણ આપ્યાં છે. પ્રિયના વિયોગમાં અને અપ્રિયના સંયોગમાં દુઃખ પ્રાપ્ત થાય છે. અર્થ (પૈસો) અનર્થકારી છે. જન્મ, જરા (Old age) અને મૃત્યુ એ દુઃખ છે. (૨) પ્રત્યેક કાર્ય (Effect)નું કંઈ ને કંઈ કારણ (Cause) હોય છે. કારણ વગર કોઈ કાર્ય નીપજતું નથી. જો દુઃખ હોય તો દુઃખનું કારણ પણ હોય જ. તો એનું શું કારણ હોઈ શકે? દુઃખ ઉત્પન્ન થવાના કારણના મૂળમાં તૃષ્ણા હોય છે, વાસના છે અથવા અવિદ્યા-અજ્ઞાન એ સર્વ દુઃખનું મૂળ કારણ છે. આ બધાં કારણના ઊંડાણમાં જઈએ તો તૃષ્ણા જ એની જડ દૃષ્ટિગોચર થાય છે. (૩) જો એક વાર દુઃખનું કારણ સમજાય તો દુઃખનું નિવારણ થઈ શકે. દુઃખનું કારણ સમજાયા પછી દુઃખની નિવૃત્તિ શક્ય બની શકે. દુઃખનું કારણ તૃષ્ણા છે. તો તૃષ્ણાને નિવારવાથી, ઈચ્છાઓનો ત્યાગ કરવાથી દુઃખ નિવૃત્ત થઈ શકે. અહીં પ્રશ્ન થાય કે દુઃખનિવારણનો ઉપાય શું? એ કેવી રીતે થઈ શકે? આને માટે બૌદ્ધ ધર્મમાં અષ્ટાંગ માર્ગ (Eight fold Path) બતાવવામાં આવ્યા છે. એને **'આર્ય અષ્ટાંગ માર્ગ'** કહેવાય છે.

૧.૨ આર્ય અષ્ટાંગ માર્ગ

(૧) **સમયક્ દૃષ્ટિ**- ઉપર જે ચાર 'આર્ય સત્ય' બતાવવામાં આવ્યાં છે તેમાં શ્રદ્ધા ધરાવવી, એને સમજવાં, એને 'સમ્યક્ દૃષ્ટિ' કહેવાય.

(૨) **સમ્યક્ સંકલ્પ**-સંકલ્પ એટલે દૃઢ નિશ્ચય (Resolve). ''હું જે ચાર આર્ય સત્યમાં કહ્યું છે એ પ્રમાણે કરીશ.'' તેવા દૃઢ નિશ્ચયને 'સમ્યક્ સંકલ્પ' કહેવાય. સારી ક્રિયા કરવાનો સંકલ્પ એટલે સમ્યક્ સંકલ્પ.

(૩) **સમ્યક્ વાક્**- મારી વાણી કેવળ સત્ય જ ઉચ્ચારશે, અસત્ય નહીં ઉચ્ચારે એવા નિશ્ચયને 'સમ્યક્ વાક્' કહેવાય. સત્ય, પ્રિય અને હિતકર વાણી ઉચ્ચારવી એનું નામ સમ્યક્ વાક્.

(૪) **સમ્યક્ કર્મ**- દાન, દયા ઈત્યાદિ સત્કર્મો કરવાં, તૃષ્ણારહિત, આસક્તિ

રહિત, અન્યને હાનિ ન પહોંચે એવી રીતે કાયિક, વાચિક અને માનસિક કર્મ કરવાં. પંચશીલ- અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, મદ્યપાન નિષેધનું પ્રતિજ્ઞાપૂર્વક પાલન એ 'સમ્યક્ કર્મ' છે.

(૫) **સમ્યક્ આજીવિકા-** પોતાના જીવનના ગુજારા માટે કમાવાની પ્રવૃત્તિ- ધંધો નીતિ અને ઈમાનદારીપૂર્વક અને કોઈ પ્રકારની દગાખોરી કે બેઈમાનીરહિત હોવી એને 'સમ્યક્ આજીવિકા' કહેવાય.

(૬) **સમ્યક્ વ્યાયામ-** મનુષ્યે કરવાના પુરુષાર્થને 'વ્યાયામ' કહેવાય. સમ્યક્ વ્યાયામ એટલે, કુશળ પુરુષાર્થ, શ્રમ અને કર્તવ્યપરાયણતા.

(૭) **સમ્યક્ સ્મૃતિ-** સારા વિચારો કરવા અર્થાત્ આત્મનીરિક્ષણ, અંર્તદષ્ટિ રાખવી એનું નામ 'સમ્યક્ સ્મૃતિ'.

(૮) **સમ્યક્ સમાધિ-** ચિત્તની એકાગ્રતા (one pointedness) ને સમાધિ કહેવાય. મનની વૃત્તિઓને અહીંતહીં ભટકવા ન દેવી અને ચિત્ત એકાગ્ર કરવું એને 'સમ્યક્ સમાધિ' કહેવાય.

આ અષ્ટાંગ માર્ગનાં આઠ તત્ત્વોને ત્રણ વિભાગમાં વહેંચી દેવામાં આવ્યાં છે- **અષ્ટાંગ યોગનો સંક્ષિપ્ત સાર.**

(૧) **અધિશીલ-** સમ્યક વાચા અને સમ્યક કર્મને **'શીલ'** કહેવાય છે.

(૨) **અધિપ્રજ્ઞા-** સમ્યક જ્ઞાન, સમ્યક સંકલ્પ અને સમ્યક આજીવિકાને **'પ્રજ્ઞા'**નું નામ આપવામાં આવ્યું છે.

(૩) **અધિસમાધિ-** વ્યાયામ, સ્મૃતિ અને સમાધિ એ સંયુક્ત રૂપે **'સમાધિ'** તરીકે સમજવામાં આવે છે.

બુદ્ધ ન તો અધ્યાત્મવાદી (Meta physician) હતા કે ન તત્ત્વજ્ઞાની (Philosopher) હતા. તેમનો મૂળ હેતુ કે મિશન હતું કે લોકોના તત્કાલીન પ્રશ્નોના હલ માટે મદદરૂપ થવું અને એનું નિરાકરણ કરવું. એમ કહી શકાય કે બુદ્ધ નૈતિક તત્ત્વવેત્તા (Moral Philosopher) હતા. તેમનું ધ્યેય (Mission) બે પ્રકારનું હતું-

(૧) લોકોના દુઃખનું તાત્કાલિક નિવારણ (To remove the sufferings which is immediately needed), પછી તે ગમે એ કારણે હોય- દારિદ્રને કારણે કે સામાજિક અન્યાયના કારણે હોય.

(૨) દુઃખના મૂળ કારણના ઊંડાણમાં ઊતરવું (To go to the root cause of sufferings) અને તેમાંથી કાયમને માટે મુક્ત કરવાનું.

જ્યારે કોઈ રોગ થાય ત્યારે પહેલાં તો તેનો પ્રાથમિક તાત્કાલિક ઉપાય કરવો આવશ્યક હોય છે. જે કદાચ કાયમી ઉકેલ ન પણ હોય અને એ પછી તેનું સાચું કારણ શોધી કાયમી ઉપાય કરવાનો હોય છે. તે જ પ્રમાણે પહેલાં તો દુઃખનું કારણ જે તૃષ્ણા છે તેને સમજવું અત્યંત આવશ્યક છે. જે દુઃખની જડ (Root Cause) છે, જેના કારણે મનુષ્યે આ ભવચક્ર (Cycle of Birth and Death)માં ફર્યા કરવું પડે છે એને જાણી તેમાંથી છૂટવા માટે તૃષ્ણાનો ત્યાગ કરવો આવશ્યક છે, એ બુદ્ધે સમજાવ્યું છે.

૧.૩ બ્રહ્મવિહાર

બુદ્ધે ચાર પ્રકારની ભાવના બતાવી છે, જેને **'બ્રહ્મવિહાર'** કહેવામાં આવે છે. તે છે-

(૧) **મૈત્રી** (૨) **કરુણા** (૩) **મુદિતા** અને (૪) **ઉપેક્ષા.** આ ચાર ભાવનાને અપનાવવાની હોય છે.

(૧) **'મૈત્રી'** (Friendship) એટલે પ્રાણીમાત્રને મિત્ર માનવાં. મનુષ્ય જ નહીં, પરંતુ સર્વ કોઈ પ્રાણીમાં મિત્રતાનો ભાવ જાગવો એ અર્થમાં અહીં 'મૈત્રી'ની ભાવના બતાવી છે. આજકાલ પાશ્ચાત્ય જગતમાં પ્રાણી પ્રત્યે સંવેદના બતાવવાનો દૃષ્ટિકોણ અસ્તિત્વમાં આવ્યો છે. પરંતુ આપણી ભારતીય સંસ્કૃતિમાં તો પ્રત્યેક પ્રાણી તરફનો સદ્ભાવ-મૈત્રીભાવના અને તેમના પ્રત્યે વેરભાવનાની નિવૃત્તિ પ્રાચીન સમયથી વણાયેલી છે.

(૨) **'કરુણા'** એટલે અનુકંપા. કમ્પા એટલે કંપન-સંવેદના. જ્યારે આપણે કોઈના દુઃખ (Suffering)ને જોઈને દુઃખી થઈએ ત્યારે આપણે સંવેદનશીલ (Moved) બની જઈએ છીએ અને પછી તેને મદદરૂપ થવા તત્પર થઈએ છીએ. એ 'કરુણા' છે. આમ કરુણા એ લક્ષણ (Characteristic) અને કાર્ય (Function) બન્ને છે. કોઈને પડતો જોઈ તેને મદદ કરવી એ કરુણાનું પરિણામ છે.

(૩) **'મુદિતા'** અન્યની ઉન્નતિ જોઈ મુદિત અર્થાત આનંદિત થવું. મુદિતાની ભાવનાથી ઈર્ષા દૂર થાય છે અને આપણા ચિત્તમાં સંતોષની ભાવના ઉત્પન્ન થાય છે.

(૪) **'ઉપેક્ષા'** એટલે મનુષ્યમાં સારી (Good) અને નરસી (Evil) ભાવનાનાં લક્ષણ (Characteristics). આપણે સારી ભાવનાઓને પાછળ રાખી દઈએ એને 'ઉપેક્ષા' કહેવામાં આવે છે.

ઉપરોક્ત ચાર ભાવનાઓ સર્વ મનુષ્ય જીવનમાં કેળવે તો સમાજમાં શાંતિ (Peace), પ્રેમ (Love) અને સૌહાર્દ (Harmony)નું વાતાવરણ સર્જાય.

૧.૪ પંચશીલ

પ્રત્યેક ગૃહસ્થે પંચશીલનું પાલન કરવું જરૂરી છે. આ પંચશીલ છે- (૧) **અહિંસા**, (૨) **અસ્તેય**, (૩) **અનૃત** (સત્ય), (૪) **મદ્યનિષેધ** અને (૫) **બ્રહ્મચર્ય.**

અહિંસાના બે પ્રકાર બતાવવામાં આવ્યા છે- (૧) નકારાત્મક (Negative) અને (૨) હકારાત્મક (Positive). કોઈની હિંસા ન કરવી, કોઈને મારવું નહીં એ નકારાત્મક અહિંસા કહેવાય. હકારાત્મક અહિંસાને પંચશીલ કહેવાય.

'પંચશીલ' એ ગૃહસ્થ અને સાધુ બન્નેએ પાળવાનાં વ્રત છે. અસ્તેય, સત્ય, મદ્યનિષેધ અને બ્રહ્મચર્ય એ હકારાત્મક અહિંસાના પ્રકાર અથવા સાધના (Means) છે. બૌદ્ધ ધર્મમાં અહિંસા એ મુખ્ય સિદ્ધાંત છે. બુદ્ધના મતે અહિંસા એ પ્રેમ (Love)નો પર્યાયવાચી (Synonymn) શબ્દ છે, કારણ કે જો કોઈના પ્રત્યે સાચો પ્રેમ હોય તો તેની અહિંસા ક્યારેય પણ કરી શકાય નહીં. અહિંસા દ્વારા જ મનુષ્ય નિર્ભય બની શકે છે. આમ મુખ્યત્વે અહિંસાનું જ મહત્ત્વ છે. એ સિવાયનાં ચાર- અસ્તેય, સત્ય, મદ્યનિષેધ અને બ્રહ્મચર્ય તો સ્વાભાવિક પણે દોરાય છે. એ એના પેટામાં (Corollary) છે.

બુદ્ધ કહે છે, **'જ્યારે અહિંસાનો ગુણ આવે, જે પંચશીલમાં મહત્ત્વનો સિદ્ધાંત છે- વ્રત છે, તો બાકી ચાર વ્રત તેને અનુસરે છે.'**

સોક્રેટિસની માફક નૈતિક મૂલ્યોના પ્રસ્થાપન દ્વારા વિશ્વમાં જીવવા લાયક વાતાવરણ સર્જવું એ બુદ્ધનો પણ જીવનમંત્ર (Mission) હતો. તેમણે લોકોને કેવળ ઉપદેશ આપવાની રીત અપનાવી નહોતી પરંતુ લોકોની વચ્ચે જઈ તેમના માટે કાર્ય કરવાની પદ્ધતિ અપનાવી હતી. તેઓ ગરીબ અને સામાજિક રીતે કચડાયેલ દબાયેલ પ્રજામાં ભળી જઈ તેનાં દુઃખદર્દને સમજતા અને તેમને મદદરૂપ થતા. આ પ્રકારે કાર્યપ્રણાલી અપનાવવાથી તેઓ સમજી શક્યા કે સાચું તત્ત્વદર્શન (Philosophy) છે- 'ચિત્તશુદ્ધિ'- (Inner Purity). રાગદ્વેષ, વાસના

અને તૃષ્ણાના કારણે ચિત્ત મલિન બનતું હોય છે અને જ્યાં સુધી આ વિકારોને આપણા ચિત્તમાંથી આપણે બહાર ન કાઢી દઈએ ત્યાં સુધી ચિત્ત શુદ્ધ થઈ શકે નહીં. માટે જ તેમણે લોકોને ઉપરોક્ત ચાર 'ભાવના'ઓને અપનાવવાની અને તેને પોતાનામાં વિકસિત કરવાની સલાહ આપી હતી. ચિત્ત શુદ્ધ થાય તો તેમાં આત્માનું સત્ય પ્રકાશિત થઈ શકે. કવિ મુક્તાનંદે આ વાતને કાવ્યમાં સુંદર રીતે દર્શાવી છે. **'વેગે વહેતા વારિમાં પ્રતિબિંબ ન ભાસે રે.'** ધસમસતા પાણીમાં આપણું પ્રતિબિંબ જોઈ શકાતું નથી. સ્થિર પાણીમાં જ એ સંભવે છે. ચિત્ત એ પાણી જેવું છે. એ ખૂબ તેજ ગતિથી અનેક દિશાઓમાં દોડ છે, ભટકે છે. એને શાંત અને સ્થિર કરવાની આવશ્યક્તા છે. તૃષ્ણા અને વાસનાને દૂર કરવાની, તેમાંથી મુક્ત થવાની આવશ્યક્તા છે અને ત્યારે જ આત્મદર્શન સંભવ બની શકે.

૧.૫ બુદ્ધના નૈતિક ઉપદેશનો સાર.

(૧) આંતરિક શુદ્ધિ અથવા ચિત્તશુદ્ધિ (Inner Purity)

(૨) વૈશ્વિક ગ્રાહ્યતા- (Universal acceptance)

(૩) માનવતાવાદી અભિગમ (Humanitarian Approach)

(૪) તે 'સ્વલક્ષી' (Ego centric) નથી, પરંતુ પરાર્થ ધ્યેયી, પરલક્ષી કે પરોપકારવાદી છે. તે 'સર્વજીવહિતાવહ' અને 'વિશ્વપ્રેમ'ની ભાવનાથી સમૃદ્ધ છે.

(૫) 'મધ્યમમાર્ગ'નું પ્રતિપાદન કરે છે.

(૬) અહિંસા, પ્રેમ, કરુણા, આનંદ અને અનાસક્તિના હિમાયતી છે.

એ સર્વજીવ હિતાવહની ભાવના પર રચાયેલ છે. તેમનો- પરલક્ષી દૃષ્ટિકોણ છે. બૌદ્ધવિચારધારા નિરાશાવાદ (Passimism) થી શરૂ થાય છે, પરંતુ આશાવાદ (optimism) એટલે કે 'નિર્વાણ'માં પરિણમે છે.

'નિવાર્ણ' એટલે સ્વર્ગપ્રાપ્તિ કે ઈશ્વર સાક્ષાત્કાર (God Realisation) નહીં પરંતુ દુ:ખોની નિવૃત્તિ, બધાં જ દ્વન્દ્વોમાંથી છુટકારો, જે દુ:ખનું કારણ છે. એ એક પ્રકારની સમજણ અથવા જ્ઞાન છે, જેને અગર અપનાવવામાં અથવા કેળવવામાં આવે તો દુ:ખો (sufferings)નો અંત આણી શકાય છે. બુદ્ધે એ માટે પોતાનું જ ઉદાહરણ આપ્યું છે. તેમણે ક્યારેય એવો દાવો નથી કર્યો કે પોતે ભગવાન કે ભગવાનનો અવતાર છે. તે એક સામાન્ય મનુષ્ય જ છે, પરંત સમ્યક વ્યાયામ દ્વારા એક એવી અવસ્થાએ પહોંચ્યા જ્યારે તેમને **'બુદ્ધ'** એવી એક આદર્શ સ્થિતિની

પ્રાપ્તિ થઈ.

બૌદ્ધ તત્ત્વદર્શન સાથે કદાચ લોકો સંમત ન પણ થાય પરંતુ તેમની નૈતિક મૂલ્ય આધારિત વિચારધારા અદ્ભુત છે.

૨. જૈન ધર્મ (Jainism)

ધર્મની બે પરંપરાઓ છે. (૧) **વૈદિક પરંપરા** અને (૨) **શ્રમણ પરંપરા**. જૈન ધર્મ 'શ્રમણ પરંપરા'માં આવે છે. શ્રમણ શબ્દ 'શ્રમ' ધાતુ પરથી ઉદ્ભવ્યો છે અને તેનો અર્થ 'પરિશ્રમ કરવો' એવો થાય છે. તપસ્યાનું બીજું નામ પરિશ્રમ પણ છે. પોતાના જ શ્રમ-પરિશ્રમ દ્વારા ઉત્કર્ષ પ્રાપ્ત કરનાર વ્યક્તિ 'શ્રમણ' કહેવાય છે. આપણે અગાઉ જોયું છે કે દર્શનના બે પ્રકાર છે. (૧) **આસ્તિક દર્શનો** - જે વેદને પ્રમાણરૂપ ગણે છે એ આસ્તિક દર્શનો કહેવાય છે. ન્યાય, વૈશેષિક, સાંખ્ય, યોગ, ઉત્તર મીમાંસા અને પૂર્વ મીમાંસા, એ ષડદર્શનો આસ્તિક દર્શનો છે. જ્યારે આપણે આ ષડદર્શનોને 'આસ્તિક દર્શનો' કહીએ ત્યારે એ 'ઈશ્વર'માં વિશ્વાસ રાખે તે જરૂરી નથી. આ દર્શનોએ વેદનાં પ્રમાણોને સ્વીકાર્યાં છે એ જ તેનાથી ફલિત થાય છે. છતાં એ જગતની ઉત્પત્તિ માટે ઈશ્વરને કારણરૂપ ન પણ માનતાં હોય. (૨) **નાસ્તિક દર્શનો** - જેઓ વેદના પ્રમાણને સ્વીકારતાં નથી, એને 'નાસ્તિક દર્શનો' કહેવાય છે. આ દર્શનો ભગવાનમાં માને કે ન માને એ મહત્ત્વનું પાસું નથી. ચાર્વાક, બૌદ્ધ અને જૈન દર્શનોને નાસ્તિક દર્શનો કહેવાય છે, કારણ કે તેઓ વેદના પ્રમાણનો સ્વીકાર કરતાં નથી. બીજી વ્યાખ્યા જોઈએ તો જે દર્શનો કર્મ અને પુનર્જન્મમાં માને છે તે 'આસ્તિક' અને જે તેમાં નથી માનતા તે 'નાસ્તિક'. આ સંદર્ભમાં ષડ દર્શન ઉપરાંત જૈન અને બૌદ્ધ પણ 'આસ્તિક' કહેવાય. જ્યારે 'ચાર્વાક' નાસ્તિક છે. જૈન અને બૌદ્ધ બન્ને કર્મ અને પુનર્જન્મમાં માને છે. આમ ઉપરોક્ત બન્ને વ્યાખ્યાઓ મુજબ ચાર્વાક કેવળ 'નાસ્તિક' ગણાય.

હિન્દુ ધર્મના વિકાસમાં એક તબક્કે જૈન ધર્મ પ્રચલિત થયો છે. જૈન ધર્મના સ્થાપક વર્ધમાન હિંદુ ક્ષત્રિય રાજકુળમાં ઈ.સ. પૂર્વે ૫૯૯માં જન્મ્યા હતા. પ્રવર્તમાન હિંદુ ધર્મથી તેઓ સંતુષ્ટ નહોતા. એ માટેનાં કારણો નીચે મુજબ હતાં:

૧. બ્રાહ્મણવર્ગનું એકહથ્થુ આધિપત્ય
૨. વર્ણ વ્યવસ્થાની જડતા
૩. યજ્ઞમાં અપાતી આહુતિમાં થતી હિંસા

૪. ધર્મશાસ્ત્રોની ભાષાની અજ્ઞાનતા.

જૈન દર્શનના ચોવીસમા તીર્થંકર મહાવીર થઈ ગયા. જ્યારે મહાવીરે દીક્ષા લીધી ત્યારે તેમણે 'સામયિક વ્રત' લીધું. સામયિકનો અર્થ છે- સમ-આય-ઈ. 'સમ' એટલે સમ્યકત્વ- (equanimity) 'ઈક' એટલે 'મોક્ષ' (salvation) અથવા નિર્વાણ (Liberation), અર્થાત્ સંયમ દ્વારા મોક્ષની પ્રાપ્તિનું વ્રત. (Salvation obtained through soul) સામયિક વ્રત એ જૈન ધર્મનું મુખ્ય વ્રત હતું. તેમાંથી પાંચ વ્રતો વિકાસ પામ્યાં. જેને **'મહાવ્રત'** કહેવાય છે.

(૧) **અહિંસા.** (Non-violence)

(૨) **સત્ય- સાચું બોલવું.** (To speak truth)

(૩) **અસ્તેય-** બીજાની વસ્તુ ન લેવી. (Non-possession of other's property)

(૪) **અપરિગ્રહ-** ભૌતિક વસ્તુઓનો સંગ્રહ ન કરવો. (No collection of any worldly object)

અને (૫) **બ્રહ્મચર્ય-** કામવાસના ઉપર સંયમ અર્થાત્ ઈન્દ્રિય નિગ્રહ (Celibacy)

યોગશાસ્ત્રમાં નીચે મુજબ અષ્ટાંગ યોગ બતાવવામાં આવેલ છે-

(૧) **યમ** (૨) **નિયમ** (૩) **આસન** (૪) **પ્રાણાયામ** (૫) **પ્રત્યાહાર** (૬) **ધારણા** (૭) **ધ્યાન** અને (૮) **સમાધિ.**

અહીં 'યમ' પાંચ નકારાત્મક ગુણો (Negative virtues) છે. જૈન ધર્મનાં પાંચ વ્રતો એ જ 'યમ'નાં પાંચ મૂલ્યો છે.

શરૂઆતમાં મહાવીરે ચાર વ્રતો આપ્યાં હતાં, જેમાં બ્રહ્મચર્ય ઉમેર્યું નહોતું. બુદ્ધ પણ ચાર મહાવ્રત ધારણ કરનારા હતા, પરંતુ જ્યારે મહાવીરે જાણ્યું કે તેમના શિષ્યોએ સ્ત્રીઓની સાથે સંપર્ક રાખ્યો અને 'કામ' ભોગવે છે ત્યારે તેમણે પાંચ વ્રતો આપ્યાં.

'સત્ય' અને 'અસ્તેય' એ અહિંસામાંથી જ પરિણમે છે. અહિંસામાં સત્ય અને અસ્તેય સમાવિષ્ટ થઈ જાય છે. આમ સત્ય, અસ્તેય અને અહિંસાને કેવળ 'અહિંસા'માં જ સમાવી એક વ્રત 'અહિંસા' કહી શકાય. તદનુસાર અપરિગ્રહ અને બ્રહ્મચર્ય પણ આપસમાં સંકળાયેલ (Integrated) છે. આમ મુખ્ય બે વ્રતો

રહ્યા. (૧) અહિંસા (૨) અપરિગ્રહ.

જૈન ધર્મની ત્રીજી મહત્ત્વની દેન (contribution) છે **અનેકાંતવાદ.** અનેકાંતવાદ એટલે અનેક દૃષ્ટિકોણથી વિચાર કરવો. આમ ત્રણ 'અ'કારાંત તથ્યો એ જૈન ધર્મની આધારશીલા છે- **અહિંસા- અપરિગ્રહ- અનેકાંતવાદ.**

૨.૧ જૈન ધર્મનાં પાંચ મહાવ્રતો

૧. **અહિંસા** - કોઈ પણ જીવની હિંસા ન કરવી, તેને હાનિ ન કરવી એટલે કે કોઈ પણ જીવને હાનિ ન પહોંચાડવી. તેનો અર્થ એ કે કેવલ કોઈનો જીવ ન લેવો કે હાનિ ન પહોંચાડવી એટલું જ નહીં, પરંતુ કોઈને એ માટે પરવાનગી ન આપવી કે એ માટે કોઈને પ્રોત્સાહિત પણ ન કરવું.

જૈન દર્શન પ્રમાણે અહિંસાનો સૂક્ષ્મ અને તાત્ત્વિક અર્થ છે કે પ્રત્યેક જીવંત વસ્તુ એ 'પદાર્થ' (Matter) અને 'જીવ'નું ઐક્ય (combination) છે. 'જીવ'માં વનસ્પતિ, પ્રાણીમાત્ર- મનુષ્ય વગેરે સર્વ જીવો આવી જાય. જીવ એ સર્વજ્ઞ (Omniscient) છે, કેવલ જ્ઞાન છે. જીવનો એ સૌથી મોટો ગુણ છે. એ ગુણ પદાર્થ અથવા પુદગલથી - પરમાણુઓ (Particles) થી આચ્છાદિત થઈ ગયો છે, કર્મોથી ઢંકાઈ ગયો છે (It is covered by particles of Action). જીવમાં મોક્ષ માટેનું સામર્થ્ય રહેલું છે પછી ભલે એ વૃક્ષ હોય, મનુષ્ય હોય કે પ્રાણીસૃષ્ટિ. એ સૌમાં મોક્ષનું સામર્થ્ય સુષુપ્ત અવસ્થામાં રહેલું હોય છે. આપણે એની હિંસા કરવાથી એનામાં રહેલ મોક્ષ માટેના સુષુપ્ત સામર્થ્યને રુંધી નાખીએ છીએ. માટે મહાવીર કહે છે કે એ હિંસા બીજા જીવોની નથી, પરંતુ આડકતરી રીતે તમારા પોતાના જીવની હિંસા છે.

અહિંસા એ જૈન ધર્મની મૂળભૂત સંકલ્પના (fundamental and central topic) છે. અહિંસાની આધારશીલા ઉપર 'જૈનીઝમ'નું તત્ત્વજ્ઞાન રચાયેલું છે. જો અહિંસાનું પાલન કરવામાં આવે તો મનુષ્ય નિર્ભય બની જાય અને જે નિર્ભય હોય તે જ સત્ય બોલી શકે. માટે સત્ય અહિંસામાંથી જ પરિણમે છે, પ્રગટે છે. સત્યનો અર્થ છે : **'પરમ સત્ય (Transcendental truth) ને જાણવું અને તેના પર શ્રદ્ધા રાખવી.'** જો સત્યમાં શ્રદ્ધા હોય તો અસત્ય કદી ઉચ્ચારાય નહીં. ઉચ્ચ સ્તરે જો વિચારીએ તો સત્ય સિવાયની તમામ વસ્તુ એ અસત્ય છે. (To speak other than truth.)

અહિંસાનાં અનુષંગિક પરિણામો નીચે મુજબ છે-

(૧) શાકાહાર (Vegitariarism) : જો પ્રાણીને જાતે ન મારે અને આકસ્મિક મૃત્યુ પામ્યાં હોય એવાંનું માંસભક્ષણ કરવામાં આવે તો પણ મનુષ્યની લોભવૃત્તિ એવી છે કે તે બીજી વાર જાતે મારીને ખાવા લલચાશે. માટે શાકાહારનું મહત્ત્વ જૈન ધર્મમાં બતાવવામાં આવ્યું છે.

(૨) શાકાહાર મનુષ્યને પ્રાણી જગતની દરકાર અને સન્માન કરતાં શીખવે છે. જીવ બધા જ સરખા છે. પ્રાણી, મનુષ્ય, વૃક્ષ વગેરે સર્વમાં મોક્ષની સ્થિતિ મોડી કે વહેલી જરૂર આવશે. બધા જીવો સમાન હોઈ એ માટે પ્રાણી અધિકાર (Animal Rights), માનવ અધિકાર (Human Rights) વગેરે બાબતોના વિચારો અસ્તિત્વ ધરાવે છે. જૈનો કસાઈના, ચામડાના વગેરે ધંધામાં પ્રવૃત્ત થતા નથી.

(૩) પાંજરાપોળનો વિકાસ, જીવદયાના કારણે અશક્ત-માંદાં પશુ માટે પાંજરાપોળની વ્યવસ્થા કરવામાં આવે છે.

૨. સત્ય : શ્રાવક માટે અસત્યથી બચવું આવશ્યક છે. અસત્ય વચન ન બોલવું એ આ વ્રતનો નિષેધાત્મક પક્ષ છે, જ્યારે સત્ય વચન બોલવું એ તેનું વિધેયાત્મક રૂપ છે. આનાથી વ્યક્તિને સત્યનિષ્ઠ થવાનું શિક્ષણ મળે છે અને તેના જીવનમાં સચ્ચાઈ અને પ્રામાણિકતાનો વિકાસ થાય છે. અહિંસાની આરાધના માટે સત્યની આરાધના અનિવાર્ય છે.

ગૃહસ્થ માટે સત્યના મહાવ્રતમાં નીચેની પાંચ બાબતોનો નિર્વાહ આવશ્યક છે.

(૧) ખરીદ-વેચાણમાં ખોટા તોલ-માપનો ઉપયોગ કરવો નહીં.

(૨) ઇરાદાપૂર્વક ખોટા નિર્ણયો લેવા નહીં.

(૩) કોઈ વ્યક્તિ સામે ખોટો દાવો કરવો નહીં કે ખોટી સાક્ષી આપવી નહીં.

(૪) કોઈ પણ વ્યક્તિની થાપણ પરત કરવા ઇનકાર કરવો નહીં.

(૫) કોઈ પણ પ્રકારની છેતરપિંડી કરવી નહીં.

૩. અસ્તેય : અસ્તેય એટલે ચોરી કરવી અથવા બીજાની વસ્તુ ખૂંચવી લેવી. કબૂલાત કરીને કોઈને વસ્તુ ન આપવી એ પણ ચોરીનો જ એક પ્રકાર છે. અહિંસા અને સત્યના સમ્યક્ પાલન માટે 'અચોર્ય' આવશ્યક છે. ગૃહસ્થો માટે આ મહાવ્રતના પાલન માટે નીચેની બાબતો ધ્યાનમાં રાખવી જરૂરી છે.

(૧) ચોરી કરવાના ઇરાદાથી બીજાની માલિકીની કોઈ વસ્તુ લેવી નહીં.

(૨) ઈરાદાપૂર્વક અન્યની ચોરાયેલ વસ્તુ ખરીદવી નહીં.

(૩) કાયદા દ્વારા પ્રતિબંધિત ચીજ-વસ્તુઓનો વ્યાપાર કરવો નહીં.

(૪) વ્યાપારમાં દાવપેચ કે ખોટી રીતરસમનો આશ્રય લેવો નહીં.

(૫) કોઈ ટ્રસ્ટ કે સંગઠનના હોદ્દેદારની રૂએ તેની માલમિલકત ઉચાપત ન કરવી.

૪. **અપરિગ્રહ :** અપરિગ્રહ એટલે ભૌતિક પદાર્થોની જરૂરિયાત ઓછામાં ઓછી કરવી. ઈચ્છા પર નિયંત્રણ ન કરીએ તો એ કદાપિ તૃપ્ત થાય નહીં. ગૃહસ્થાવસ્થામાં ઈચ્છાનો સદંતર ત્યાગ શક્ય નથી પરંતુ ઈચ્છાઓની મર્યાદા જરૂર બાંધી શકાય, માટે સમજદારીપૂર્વક જરૂરિયાતો ઓછી કરવી અને સાદગીપૂર્ણ જીવન વિતાવવું જોઈએ. કામ, ક્રોધ, લોભ વગેરે જે મનના શયતાન છે, (Mentle evil) એ પરિગ્રહમાંથી જન્મે છે. માટે 'અપરિગ્રહ' લોભ વગેરેની વૃત્તિઓને રોકવામાં મદદરૂપ બને છે.

આર્થિક દૃષ્ટિકોણથી સંગ્રહખોરી દ્વારા અછત ઊભી કરવી અને વધુ કિંમતે વસ્તુ વેચવી એ એક વ્યાપાર બની ગયેલ છે, જે અન્ય દૂષણોનું મૂળ છે. માટે સંચય કરવો જોઈએ નહીં. પુરાણોમાં રાજા ભરથરીની વાત આવે છે. તેણે શૃંગાર શતકમાં Erotic બાબતોનું વર્ણન કર્યું છે. એ પછી વૈરાગ્યશતક, નીતિશતક લખ્યાં છે. તેમાં સમજાવ્યું છે કે વાસનાનો અંત હોતો નથી માટે વાસના ઉપર સંયમ કેળવવો જોઈએ.

એક વેપારી હતો. તેની પાસે અઢળક સંપત્તિ હતી. તેણે પોતાની સંપત્તિની ગણતરી કરવા વિચાર કર્યો. ઘણા દિવસે ગણતરી પૂરી થતાં તે ઉદાસ બની ગયો. તેની પત્નીએ ઉદાસીનું કારણ પૂછ્યું તો વેપારી કહે, 'તારે વચમાં માથું મારવું નહીં. આપણી સાત પેઢી ચાલે એટલું તો ધન છે, પરંતુ પછી આઠમી પેઢીનું શું થશે તેની મને ચિંતા છે'. પત્નીએ પતિને પાઠ ભણાવવાનું નક્કી કર્યું. શ્રાદ્ધના દિવસોમાં તેણે સોનાની થાળીમાં સામગ્રી સાજી એક બ્રાહ્મણને આપવા કહ્યું. બ્રાહ્મણે સોનાની થાળી સ્વીકારવાની ના પાડી કે હું તેને ક્યાં રાખું. બીજા દિવસે ઉપયોગી બનશે, તેમ કહેતાં બ્રાહ્મણે જવાબ આપ્યો : કાલે ફરી કોઈ મારી આવશ્યકતાનુસાર સામગ્રી આપી જશે. પત્નીએ પતિને સમજાવ્યું કે નિષ્કિંચન બ્રાહ્મણને જો કાલની ચિંતા નથી તો તમે આઠમી પેઢીની ચિંતા શા માટે કરો છો?

અપરિગ્રહનો બીજો અર્થ છે : અમુક ઉંમર પછી આર્થિક વ્યવહાર પોતાનાં સંતોનોને સોંપી સંન્યાસીનું જીવન જીવવું. અર્થાત્ સ્વેચ્છાએ નિવૃત્તિ લઈ લેવી.

૫. બ્રહ્મચર્ય અથવા **સંતોષવ્રત** : 'બ્રહ્મણિ ચર્યતે ઇતિ બ્રહ્મચર્ય'. પોતાના આત્મસ્વરૂપમાં રમવું એટલે બ્રહ્મચર્ય. પોતાની ભાર્યા સિવાય અન્ય સર્વ સ્ત્રીઓ સાથે મૈથુન સેવવાનો મન-વચન-કાયાપૂર્વક ત્યાગ કરવો એ સ્વદાર-સંતોષ છે. આ વ્રતના પાલન માટે નીચેની બાબતો ધ્યાનમાં રાખવી આવશ્યક છે.

૧. વ્યભિચાર કે વેશ્યાગીરી (દેહવિક્રય) કરવા નહીં.

૨. કોઈ પણ પ્રકારનો અસ્વાભાવિક જાતીય સંભોગ કરવો નહીં.

૩. વિષયભોગથી જેમ બને તેમ વધારેમાં વધારે દૂર રહેવું.

૪. વધુ વય પર્યંત બ્રહ્મચર્યનું પાલન કરવું.

૫. પ્રૌઢ વય પછી લગ્ન ન કરવાં.

૨.૨ અનેકાંતવાદ:

અનેકાંતવાદનો અર્થ થાય 'વૈચારિક સ્વતંત્રતા.' (Intellectual freedom to think reason and to have opinion etc.) આ જૈન ધર્મની જ્ઞાન મિમાંસા (Theory of knowledge)માં આવે છે. આ એક જૈન ધર્મનો વિશિષ્ટ દ્રષ્ટિકોણ છે.

'જીવ' એ કાર્મિક પરમાણુ (Particles of actions) છે. તેની બરાબર છે- 'કેવળી' (Liberated Soul), એટલે કે મોક્ષ પ્રાપ્ત થવો. મુક્ત જીવને પૂર્ણ સત્યનું જ્ઞાન પ્રાપ્ત થાય છે- (It is only liberated soul which has knowledge of transcendental truth). પરમ સત્યનું જ્ઞાન 'કેવળી' જીવને જ હોય છે. કાર્મિક પરમાણુના આવરણવાળો જીવ એટલે 'બદ્ધ જીવ' (bounded soul). જીવ જ્યારે બંધનમાં હોય છે ત્યારે તેને પરમ સત્યનું જ્ઞાન ન હોઈ શકે. એ અપૂર્ણ સત્ય છે. જો દરેકનું જ્ઞાન અપૂર્ણ હોય તો ઝઘડા શા માટે હોવા જોઈએ? આને 'અનેકાંતવાદ' કહેવાય. બધા જ Bound Soul છે માટે એનું જ્ઞાન પણ અપૂર્ણ જ છે. તો પછી 'હું સત્ય જાણું છું અને તમને તેની ખબર નથી,' તેવા વાદવિવાદને સ્થાન ન હોઈ શકે. અનેકાંતવાદ સિદ્ધાંતનો એ અર્થ નથી કે હું તમારી વાતનો તિરસ્કાર કરું અથવા મારું જ્ઞાન, મારો મત, મારો સિદ્ધાંત મારો દષ્ટિકોણ જ સાચો છે, તેવો હઠાગ્રહ કે દુરાગ્રહ કરવો. વાસ્તવમાં અનેકાંતવાદ અન્વેષણાત્મક

દૃષ્ટિકોણ આપે છે. (It gives encouregement to investigate. Each one of us are incomplete, hence such dispute is untenable). જેમ આંધળા માણસો હાથીના વિવિધ અવયવોના આધારે હાથીની ઓળખ બતાવી ઝઘડે છે એ તેમના સીમિત જ્ઞાનના કારણે હોય છે. એટલે જ્યાં સુધી સઘળાં પાસાંનું યથાર્થ જ્ઞાન પ્રાપ્ત ન થાય ત્યાં સુધી આવી ગેરસમજ પ્રવર્તતી રહે છે.

'અનેકાંતવાદ' શબ્દમાં 'અનેક' અને 'અંત' એવા બે શબ્દો છે. અનેક એટલે કે એકથી વધારે ઘણા અને અંત એટલે દૃષ્ટિબિંદુ, દિશા, અપેક્ષા, બાજુ એ 'અનેકાંત' વાસ્તવિકતાના સત્તામૂલક- તાત્ત્વિક- અસ્તિત્વ વિષયક સ્વરૂપનું નામ છે.

અનેકાંતવાદ એટલે અનેક દૃષ્ટિબિંદુથી કથન. અનેકાંતવાદ પદાર્થની અનેકાત્મકતા અભિવ્યક્તિ છે. પ્રત્યેક પદાર્થ અનંત લક્ષણયુક્ત છે.

જૈન મતાનુસાર વાસ્તવિકતા (Reality) અત્યંત જટિલ અને ગતિશીલ છે. એ એક નહીં પરંતુ અનેક છે. પદાર્થ માત્ર અનેકાંત છે. અસંખ્ય ગુણ તેમ જ સંબંધયુક્ત છે. આ ગુણો, લક્ષણો- ધર્મો વૈચારિક- પ્રત્યયાત્મક નથી. પરંતુ તેઓ વાસત્વમાં પદાર્થમાં અસ્તિત્વમાન છે. જ્યારે આપણે પદાર્થ અંગે કોઈ પણ નિર્ણય-કથન-વિધાન કરીએ છીએ ત્યારે આપણે તેના કોઈક પાસા- ગુણ- લક્ષણ- ધર્મને પસંદ કરીએ છીએ. જ્યારે આપણે પદાર્થના આ વિશિષ્ટ ધર્મ અંગે કથન કરીએ છીએ ત્યારે આપણે **'સ્યાત્'** શબ્દનો ઉપયોગ કરવાનો રહે છે. અર્થાત્ અમુક દૃષ્ટિબિન્દુથી **'આ પદાર્થ આવો છે અને અન્યથા નથી'** એમ કહેવાનું રહે છે. એક જ વસ્તુમાં ભિન્ન ભિન્ન દૃષ્ટિકોણથી જોતાં તેમાં નિત્યભાવ અને અનિત્યભાવનું દર્શન થાય છે. તે 'અનેકાંત દર્શન' છે.

માટે અનેકાંતવાદને **'સ્યાદવાદ'** અથવા **'સાપેક્ષવાદ'** પણ કહેવાય છે. જૈન દર્શનનો **'સ્યાદવાદ'** એક વિશિષ્ટ, અનોખો અને લાક્ષણિક સિદ્ધાંત છે. તે ભિન્ન ભિન્ન દૃષ્ટિબિન્દુઓ (અપેક્ષાઓ)થી પદાર્થને એનાં અસંખ્ય પાસાં (અંશો)માં નિહાળવાની પદ્ધતિ- યુક્તિ- અભિગમ છે.

અનેકાંતવાદનું મહત્ત્વ (Relevance) આજની તારીખમાં મોટા ભાગના દુ:ખ, આતંકવાદ, રૂઢિવાદ, ધર્માંધતા, ધર્મના નામે યુદ્ધ, મારો ધર્મ જ સાચો અને સારો એવી ભાવનામાંથી જન્મ લે છે. માટે આજે આંતરધર્મ સંવાદ, સર્વધર્મ-

સમભાવ, સર્વધર્મ આદરની પ્રક્રિયા (phenomenon) અસ્તિત્વમાં આવી રહી છે. આધુનિક યુગની આ દેન છે, કારણ કે હવે બૌદ્ધિક (Rational) લોકોને સમજાયું છે કે કોઈ ધર્મ આવી ખોટી વાત શીખવે જ નહીં. દરેક ધર્મના પાયાના સિદ્ધાંત સરખા જ છે તો ઝઘડા શા માટે હોવા જોઈએ. શા માટે એકબીજા સાથે બેસીને આપસમાં ચર્ચાવિચારણા કરી ઉકેલ લાવી ન શકાય અને સૌ કોઈ સંવાદિતાપૂર્વક શાંતિથી જીવી શકે? આમ 'અનેકાંતવાદ'નો જો વ્યાપક પ્રચાર કરવામાં આવે તો મનુષ્યના ઘણા પ્રશ્નો હલ થઈ શકે અને એકબીજાના ધર્મો પ્રત્યે આદરપૂર્વક શાંતિમય વાતાવરણ સર્જી શકે. બધા ધર્મોના સમન્વયાત્મક અભ્યાસથી કેટલાક અંતિમવાદીઓ (Fundamentalists) જે અંધવિશ્વાસ ફેલાવી રહ્યા છે એ દૂર કરી શકાય.

૨.૩ નયવાદ:

ઉપર કહ્યું તેમ જ્યારે આપણે કોઈ કથન કરીએ ત્યારે આપણે 'સ્યાત્' (શાયદ-Probably) શબ્દનો પ્રયોગ કરીએ છીએ. તેના કારણે દુરાગ્રહનો અવકાશ રહેતો નથી. અહીં આપણે આપણા દૃષ્ટિકોણને ખુલ્લો રાખીએ છીએ (We keep our point of view open to accept other's point of view). આ રીતે આપણે બીજાના મતને આદર આપીએ એ **'નયવાદ'** કહેવાય છે. 'નય'ની વ્યાખ્યા વિશિષ્ટ અભિપ્રાય કે દૃષ્ટિબિન્દુ તરીકે આપી શકાય. એ પદાર્થ અંગે આંશિક સત્યની અભિવ્યક્તિ છે. 'નય' વસ્તુના એક અંશનો બોધ કરે છે, જ્યારે પ્રમાણ અનેક અંશોનો. આમ નય પ્રમાણનો એક અંશ છે અને પ્રમાણ અનેક નયોનો સમૂહ છે.

૨.૪ જૈન ધર્મમાં ઉગ્ર તપશ્ચર્યાનું ખૂબ મહત્ત્વ બતાવવામાં આવ્યું છે. એના દ્વારા જ પરમ સત્ય-આત્માને પામી શકાય છે.

જૈન ધર્મમાં જ્ઞાન, ચારિત્ર્ય, સંયમ, તપ, વૈરાગ્ય તેમ જ ઉપર બતાવ્યા એ અનેકાંતવાદ, નયવાદ, સ્યાદવાદ, સમભાવ તથા બદ્ધ અવસ્થા અને મોક્ષનાં ક્ષેત્રોને આવરી લેવામાં આવ્યાં છે. જૈન ધર્મમાં જીવનનું પરમ ધ્યેય મોક્ષ મેળવવાનું છે. મોક્ષપ્રાપ્તિ માટે **સમ્યક્ દર્શન, સમ્યક્ જ્ઞાન** અને **સમ્યક્ ચારિત્ર**-એ **'રત્નત્રય'** આવશ્યક ગણાવ્યા છે.

(૧) **સમ્યક્ દર્શન** એટલે જૈન મતમાં શ્રદ્ધા ધરાવવી. જૈન દર્શન મુજબ જીવ,

અજીવ ઇત્યાદિ તત્ત્વોમાં, તેમનાં પુસ્તકો અને આચાર્યોમાં સંપૂર્ણ શ્રદ્ધા ધરાવવી આવશ્યક છે. બીજી રીતે કહીએ તો જૈન ધર્મમાં સંપૂર્ણ આસ્થા રાખવી તે 'સમ્યક્ દર્શન' છે.

(૨) **સમ્યક્ જ્ઞાન :** જેના થકી વસ્તુનું યથાર્થ સ્વરૂપ સમજવામાં આવે, અર્થાત્ જૈન મતનાં તત્ત્વોનું જ્ઞાન, પાપ, પુણ્ય- તત્ત્વોનું જ્ઞાન પ્રાપ્ત કરવું તે 'સમ્યક્ જ્ઞાન' કહેવાય.

(૩) **સમ્યક્ ચરિત્ર :** રાગદ્વેષરહિતપણે પવિત્ર આચરણોનું અનુષ્ઠાન કરવું તેનું નામ 'સમ્યક્ ચરિત્ર'. સમ્યક્ ચારિત્રના સાહચર્ય વિના 'સમ્યક્ દર્શન' નકામું છે અને ઉત્તમ જ્ઞાન ચારિત્ર વિના ઉત્પન્ન થતું નથી.

૨.૫ જૈન દર્શનમાં **'પરમ સત્ય'** અથવા વાસ્તવિકતા (Reality) માટે સત્, સત્તા, તત્ત્વ, અર્થ, પદાર્થ વગેરે પર્યાયવાચી શબ્દોનો ઉપયોગ કરવામાં આવે છે. 'તત્ત્વ' શબ્દને સ્થાને આમાં 'દ્રવ્ય' શબ્દપ્રયોગ પણ કરવામાં આવે છે. મુખ્યત્વે બે દ્રવ્યો માનવામાં આવ્યાં છે તે છે- (૧) **જીવ** અને (૨) **અજીવ.** જે ચેતનયુક્ત દ્રવ્ય છે તે 'જીવ' કહેવાય છે અને જે ચેતનવિહોણાં દ્રવ્ય છે તેને 'અજીવ' કહેવાય છે. 'અજીવ' દ્રવ્યો પાંચ વર્ગોમાં વહેંચવામાં આવ્યાં છે- (૧) **પુદ્ગલ** (૨) **ધર્મ** (ગતિનું માધ્યમ), (૩) **અધર્મ** (સ્થિતિનું માધ્યમ), (૪) **આકાશ** અને (૫) **કાલ.** આ પાંચ અને 'જીવ' દ્રવ્ય મળી કુલ છ દ્રવ્યો જૈન દર્શનમાં સ્વીકારવામાં આવ્યાં છે.

જૈન મત પ્રમાણે જીવ, શુદ્ધ, બદ્ધ અથવા મુક્ત એ ત્રણ અવસ્થામાં હોય છે. અહીં આત્મા અને જીવ બન્ને શબ્દો સમાન અર્થમાં વપરાય છે. **જીવ** એટલે **'બંધનયુક્ત આત્મા'** અને **આત્મા** એ **'શુદ્ધ જીવ'.** જીવનું પરિમાણ પ્રાણીના શરીર જેવડું હોય છે. અર્થાત્ હાથીનો જીવ હાથી જેવડો અને કીડીનો જીવ કીડી જેવડો હોય છે. અશુદ્ધ જીવને **'સંસારી જીવ'** કહે છે, જ્યારે શુદ્ધ જીવને **'સિદ્ધ જીવ'** કહેવાય છે.

'પુદ્ગલ' એક અજીવ દ્રવ્યનો પ્રકાર છે. તે સંયોજન- વિયોજન દ્વારા અર્થાત વૃદ્ધિ- હ્રાસ દ્વારા ભિન્ન ભિન્ન રીતે પરિવર્તન પામતું દ્રવ્ય છે. પુદ્ગલ સંસારી જીવ પર પ્રભાવ પાડે છે. પુદ્ગલ દ્વારા જ શરીરનું નિર્માણ થાય છે. શરીર, વાણી, મન અને શ્વાસોચ્છ્વાસ એ પુદ્ગલનાં જ કાર્યો છે.

જૈન ધર્મના સ્થાનાંગ સૂત્ર અનુસાર 'તત્ત્વ'નું વિભાજન નવ પદાર્થોમાં કરવામાં આવ્યું છે. જે નીચે મુજબ છે.

(૧) જીવ (૨) અજીવ, (૩) પુણ્ય, (૪) પાપ, (૫) આશ્રવ, (૬) બંધ, (૭) સંવર, (૮) નિર્જરા અને (૯) મોક્ષ.

(૧) જીવ- ઉપર કહ્યું તેમ જીવ, આત્મા. ચેતન એ સમાનાર્થી શબ્દો છે. તે ચેતનમય તત્ત્વ છે. તે પ્રત્યક્ષ દેખાતો નથી, તેનો કોઈ વર્ણ નથી.

(૨) અજીવ- પુદ્‌ગલ વગેરે ભિન્ન ભિન્ન પાંચ પ્રકારો ઉપર બતાવ્યા છે તે ચેતના વિહિન તત્ત્વ છે.

(૩) પુણ્ય અને **(૪) પાપ** એ બન્ને સુખ-દુઃખનાં ઉપાદાન કારણો છે. શુભ અને અશુભ કર્મો અનુક્રમે પુણ્ય અને પાપના કારણરૂપ બને છે. સુખ અને દુઃખનો અનુભવ મુખ્યત્વે પુણ્ય અને પાપનાં આંતરિક કારણોને આધારે થાય છે. પુણ્ય એટલે શુભ કર્મોનું ફળ અને પાપ એટલે અશુભ (ખરાબ) કર્મોનું ફળ.

(૫) આશ્રવ- જેના દ્વારા આત્મામાં કર્મ વહે છે તેને 'આશ્રવ' કહેવાય છે. આશ્રવ એટલે આત્મામાં કર્મ- પુદ્‌ગલનો પ્રવેશ. જે પ્રવૃત્તિઓ દ્વારા આત્મા સાથે કર્મનો સંબંધ થાય તે પ્રવૃત્તિને 'આશ્રવ' કહેવાય છે.

(૬) બંધ- આત્મા અને કર્મ- પુદ્‌ગલ વચ્ચેના ક્ષીર-નીર સમા ગાઢ સંબંધને 'બંધ' કહેવામાં આવે છે. રાગ-દ્વેષ બંધનું મૂળ કારણ છે. તેને લીધે કર્મ પરમાણુઓ આત્મા સાથે સંલગ્ન થાય છે. આત્મા સાથેની કર્મ પુદ્‌ગલોની સંલગ્નતા 'બંધ' કહેવાય છે.

(૭) સંવર- સંવર એટલે રોકવું અથવા અટકાવવું. કર્મ બંધાતું અટકે તે 'સંવર' છે. સંવર આશ્રવનું વિરોધી છે. તે પ્રવેશતાં કર્મને અટકાવે છે. આત્મપરિણામથી કર્મ બંધાતું અટકે તે 'સંવર' છે.

૮) નિર્જરા- નિર્જરા એટલે બદ્ધ કર્મોનો ક્રમશઃ ક્ષય. નિર્જરા એટલે નિર્જરણ કરવું, ખરી પડવું. આત્મા સાથે સંલગ્ન એવાં કર્મોનો ક્ષય થાય તેને 'નિર્જરા' કહે છે.

(૯) મોક્ષ - મોક્ષ એટલે સર્વ કર્મનો સર્વથા ક્ષય. કર્મોનો સંપૂર્ણ ક્ષય થતાં જીવ સંસારચક્રમાંથી મુક્ત થાય છે. મોક્ષ એ કોઈ ઉત્પન્ન થનાર વસ્તુ નથી. જેવી રીતે દર્પણ માંજવાથી તે ઉજ્જવળ થઈ ઝગમગે છે તેવી રીતે આત્મા તેનો કર્મ-મેલ

ધોવાઈ જતાં ઉજ્જવળ થઈ પોતાના વિશુદ્ધ સ્વરૂપમાં પ્રકાશે છે તે સ્થિતિનો 'મોક્ષ' કહેવામાં આવે છે.

આમ જૈનદર્શન મુજબ મોક્ષ એ મુક્તિ છે, અજીવમાંથી જીવનો છુટકારો છે. મોક્ષ શાશ્વત છે. આત્મા પરનો કર્મરૂપી સઘળો મેલ દૂર થતાં તે ઊર્ધ્વગતિ કરે છે અને લોકના અગ્રભાગે પહોંચી સ્થિત થાય છે. આથી તેનું સંસારમાં પુનઃ અવતરણ કદી થતું નથી.

જેનાં સકળ કર્મોનો નિર્મૂળ- સંપૂર્ણ ક્ષય થયો છે તે **'ઈશ્વર'** છે. ઈશ્વર મુક્તાત્માથી ભિન્ન પ્રકારનો નથી. જૈન દર્શનમાં ઈશ્વર એ જગતનો સર્જક નથી. મનુષ્ય સ્વયં ઉપરોક્ત દૃષ્ટિકોણથી મુક્ત થતાં **'ઈશ્વરત્વ'** પ્રાપ્ત કરે છે.

૩. ઇસ્લામ ધર્મ (Islamic Religion)

'ઈસ્લામ' શબ્દનો અર્થ થાય- શાંતિ (Peace), સમર્પણ (Submission) અને એકનિષ્ઠા (obedience). ઈસ્લામ ધર્મ એ તેના સ્થાપક મોહમ્મદ પયગંબરે જે પેગામ આપ્યો છે, જે બાબતો પોતાના અનુયાયીઓને શીખવી છે એ વિશે છે. તેમને 'રસૂલ' એટલે અલ્લાહના દૂત-સંદેશવાહક (Massanger) માનવામાં આવે છે. ઈસ્લામમાં ઈશ્વરને **'અલ્લાહ'** અર્થાત **'ખુદા'** કહેવાય છે. ઈશ્વર સમય-સમય પર સંદેશવાહક (Massanger) મોકલતા રહે છે. ગીતામાં પણ ભગવાન શ્રીકૃષ્ણ કહે છે, **'સંભવામિ યુગે યુગે'**. 'હું વારંવાર અવતાર ધારણ કરું છું.'

ઈસ્લામ એક સ્વતંત્ર ધર્મ છે, પરંતુ તેનામાં યહૂદી, ખ્રિસ્તી અને જરથોસ્ત ધર્મોનો સ્વાભાવિકપણે પ્રભાવ પડેલો છે, જેને નકારી શકાય નહીં. એ ધર્મોની વ્યાપક અસર ઈસ્લામમાં જોવા મળે છે.

ઉપરોક્ત ચારેય ધર્મો 'Semitic Religion' (શામી અથવા શેમવંશી ધર્મો, એક વિશિષ્ટ જાતિ-Tribe ને લગતા) કહેવાય છે. આ ધર્મો 'એકેશ્વરવાદ', (Monotheism), કઠોર સાધના (Rigorous Practice) અને કડક શિસ્ત (Rigid discipline) માં માનનારા છે. તેનો અર્થ એ છે કે એ 'અનેકેશ્વરવાદ' (Polytheism) ના વિરોધી છે.

ઈસ્લામ કેવળ એક ઈશ્વર **'અલ્લાહ'**ને જ માને છે, પરંતુ એ કોઈ પ્રકારના કર્મકાંડમાં વિશ્વાસ ધરાવતો નથી. મૂર્તિપૂજા તેમ જ ધર્મગુરુ (Priesthood), પુરોહિતવાદના તેઓ વિરોધી છે. એ મોહમ્મદ પયગંબરના ઉપદેશો- જેને

'કુરાન' કહેવામાં આવે છે, જે તેમનો ધર્મગ્રંથ છે, તેમાં વિશ્વાસ ધરાવે છે. તેને પણ 'અપૌરુષેય' કહેવાય છે, અર્થાત્ એ ઈશ્વરની વાણી છે તેમ માનવામાં આવે છે. 'કુરાન'નો અર્થ થાય ઉચ્ચાર કરવો (To recite). રસૂલ અર્થાત્ પયગંબરની વાણી તે 'કુરાન'. 'કુરાન' એ ઇસ્લામ માટે 'વેદ' સમાન છે. એને સમર્પિત થવું- અર્થાત્ સ્વીકારવું (Complete surrender and acceptance) એ ઈસ્લામ માટે આવશ્યક છે. કુરાનમાં અલ્લાહનાં લક્ષણો આ પ્રકારે અપાયાં છેઃ **તે સર્વથા અદ્વિતીય છે, તે સર્વદૃષ્ટા છે, તે સર્વશ્રોતા છે, તે સર્વવક્તા છે, તે સર્વજ્ઞ છે, તે સર્વકર્તા છે. તે સર્વશક્તિમાન છે. તેમની સામે ન થઈ શકાય એવા અગમ્ય છે.**

તેમનો બીજો ગ્રંથ છે **'હદીથ'** (Hadith). એ આચાર અને વિચારનો ગ્રંથ છે.

પ્રત્યેક ધર્મની જેમ ઇસ્લામમાં પ્રાર્થનાસ્થાન તો છે. ઇસ્લામમાં તેને 'મસ્જિદ' તરીકે ઓળખવામાં આવે છે. એ મુસલમાનોનું પ્રાર્થનાઘર છે. એમાં મુસલમાનો કુરાન વાંચવા બેસે છે. મસ્જિદમાં કોઈ મૂર્તિઓ, ચિત્રો કે આકૃતિ હોતાં નથી. એની દીવાલો પર કુરાનનાં સૂત્રો આલેખાયેલાં જોવા મળે છે. મસ્જિદમાં જનાર સર્વ કોઈ સમાન હોય છે. પ્રભુના દરબારમાં સંપૂર્ણ સમાનતા અને શિસ્ત પ્રવર્તતી હોય એવી રીતે મસ્જિદમાં નમાઝ પઢવામાં આવે છે.

૩.૧ ઈસ્લામમાં મુખ્ય પાંચ ધાર્મિક ફરજો :

પ્રત્યેક મુસલમાને પાંચ ધાર્મિક ફરજો પાળવી જરૂરી ગણાય છે. આ ફરજો સામાન્ય નાગરિકત્વને નિયંત્રણમાં રાખવા અને આધ્યાત્મિક વ્યવસ્થાને જાળવવા માટે જરૂરી છે. કુરાનમાં ધાર્મિક જીવનને વિશે સરળ પરંતુ સ્પષ્ટપણે આદેશો આપવામાં આવ્યા છે. આ આદેશો નીચે મુજબ છે.

(૧) યકીન-શ્રદ્ધા (Faith). કુરાનનો અર્થ છે- બોલવું અથવા ગાવું- (Recitation). કુરાનમાં વ્યક્ત થયેલ બાબતોમાં શ્રદ્ધા રાખી તેને રોજ 'Recite' કરવી આવશ્યક ગણાય. ઈસ્લામમાં ઈશ્વર (God) નથી પરંતુ **'અલ્લાહ'** છે, અને મોહમ્મદ એ પયગંબર એટલે કે દૂત (Profet) છે. 'અલ્લાહ' એ અરેબિક શબ્દ છે, જે 'ઈશ્વર' માટે વિશિષ્ટ શબ્દ (Proper Noun) છે. આ શબ્દ નથી 'બહુવાચક' કે નથી 'સ્રીવાચક'. એ એકમાત્ર શબ્દ છે. તેની કોઈ જાતિ (gender) નથી. મહંમદે પોતાને અલ્લાહના એક દૂત તરીકે- અલ્લાહના સ્પષ્ટવક્તા શિષ્ય

તરીકે જ ઓળખાવ્યા છે. તેમને કહ્યું છે કે અલ્લાહ પ્રત્યેક અનુયાયીની સમીપ છે. જો લોકોને ધર્મ પર શ્રદ્ધા છે અને જે ઘરનો ત્યાગ કરીને અલ્લાહના કામમાં પોતાની મિલકત વાપરે છે અને જે પયગંબરને અનુસરે છે એ બધા એકમેકની પાસે છે.

(૨) **નમાજ** (Prayer). ઈસ્લામમાં દિવસમાં પાંચ વખત પ્રાર્થના કરવી અર્થાત્ નમાજ પઢવી આવશ્યક છે. એ પાંચ સમય છે- સૂર્યોદય પહેલાં, મધ્યાહ્ન પછી, સૂર્યાસ્ત પહેલાં, સૂર્યાસ્ત પછી અને રાત્રીના પ્રારંભ પહેલાં. નમાજ એટલે શરણાગતિ સ્વીકારવી (Submission). હું અલ્લાહને શરણે (Submit) થાઉં છું, તેમના ચરણનું શરણ સ્વીકારું છું (Surrender), હું અલ્લાહનો બંદો છું (I am servent of God), એવી ભાવના અહીં રહેલી છે. પ્રાર્થનાના આ રીતના વિવિધ સમય રાખવાનું મુખ્ય પ્રયોજન એ છે કે ધર્મ અનુયાયીનું મન આખા દિવસમાં કદીયે અલ્લાહથી વિમુખ ન બને.

નમાજ પઢતી વેળા અનુયાયી અલગ અલગ આસનમાં અલ્લાહનો આભાર માનતા બોલે છે- બીજા સર્વ કરતાં અલ્લાહ મહાન છે, હે શ્રેષ્ઠ અલ્લાહ! તારો જય હો, ઈસ્લામનો સિદ્ધાંત મંત્ર છે- **'લાએલાહા ઈલ્લલૂ લાહો- મહમદુરૂ રસુલુલ્લાહુ'** જેનો અર્થ થાય છે: અલ્લાહ વિના બીજો કોઈ ઈશ્વર નથી અને મોહંમદ અલ્લાહનો પયગંબર છે. આ મંત્રનું રટણ પ્રત્યેક મુસલમાને હરદિન કરવું જોઈએ.

(૩) **જકાત** (Charity). પ્રત્યેક મુસલમાને પોતાની કમાણીનો ચાલીસમો ભાગ (1/40th) પબ્લિક ટ્રસ્ટમાં દાનમાં આપવો આવશ્યક છે, જેનો ઉપયોગ અન્ય કંઈ માટે નહીં પરંતુ ગરીબોની, બીમારોની અને અનાથો ઉપરાંત જેઓ અજાણ્યા પરદેશી (strange visitors) હોય તેની ભલાઈ માટે એનો ઉપયોગ કરવામાં આવે છે. પ્રત્યેક સાચા મુસલમાનને કુરાનમાં દાન આપવાની ફરજ પાડવામાં આવી છે. તેમાં કહેવાયું છે કે "જ્યારે તમે લડાઈમાંથી કંઈ પણ લૂંટી લાવો ત્યારે એનો પાંચમો ભાગ અલ્લાહને, પયગંબરને, પાસેનાં સગાંઓને, અનાથોને, ગરીબને અને વટેમાર્ગુઓને આપવો.

(૪) **રોજા અથવા ઉપવાસ** (Fasting). રમજાનના પવિત્ર મહિના દરમિયાન સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી રોજા રાખવાનો અર્થાત્ ઉપવાસ કરવાનું ઈસ્લામમાં

જરૂરી છે. આખા રમજાન માસ દરમિયાન હરદિન પ્રાતઃકાળે અંધકારમાંથી જરાક પ્રકાશ નીકળે ત્યાંથી રાત્રી પડે ત્યાં સુધી સખત ઉપવાસ કરવાનો હોય છે. રાત્રીથી પ્રાતઃકાળ સુધી ખાનપાન કરવાની છૂટ હોય છે.

(૫) **હજયાત્રા** (Pilgrimage). જીવનમાં એક વખત જો શક્ય હોય તો પ્રત્યેક મુસલમાને 'મક્કા'ની યાત્રા અવશ્ય કરવી જોઈએ. આ યાત્રાને 'હજયાત્રા' તરીકે ઓળખાવાય છે.

ઉપરોક્ત પાંચ ધાર્મિક ફરજો પ્રત્યેક મુસલમાને અદા કરવી ઈસ્લામ ધર્મમાં આવશ્યક મનાય છે.

૩.૨ ઇસ્લામ ધર્મની વિશેષતાઓ

(૧) ઈસ્લામ ધર્મ પોતાના ધર્મના અનુયાયીઓ માટે 'વિશ્વબંધુત્વ' (Universal brotherhood)ની ભાવના ધરાવે છે.

(૨) ઈસ્લામ ધર્મ માનવીય કાર્યોમાં વિશ્વાસ ધરાવે છે. જે પ્રમાણે ઈશુ ખ્રિસ્તે આખી જિંદગી ગરીબો અને દલિત વર્ગની સેવા કરી એવી જ ભાવના ઈસ્લામ ધર્મ ધરાવે છે.

(૩) ઈસ્લામ ધર્મ દાન (charity)માં વિશ્વાસ રાખે છે. પ્રેમ (Love) અને કરુણા (Compassion) તેમ જ સેવા (service) આ ત્રણે ગુણો ઈસ્લામનાં આવશ્યક અંગ છે. જો બીજા પ્રત્યે પ્રેમ, કરુણા અને સેવાની ભાવના ન હોય તો આર્થિક મદદ કરવી સંભવ બને નહીં.

ઈસ્લામમાં 'પવિત્ર યુદ્ધ' (Holy War) જેને 'જેહાદ' કહેવાય છે, એની વિશેષતા છે. વાસ્તવમાં જેહાદનો અર્થ છે- 'અસદ્ અને સદ્' - સત્યાસત્ય વિચારોનું યુદ્ધ, જેવું મહાભારતનું યુદ્ધ હતું. આજના ઈસ્લામમાં પાપ અને પાપીઓ વચ્ચેના યુદ્ધના અર્થમાં એનું પ્રચલન છે. મૂળભૂત રીતે એ 'ધર્મ' અને 'અધર્મ' વચ્ચેનું યુદ્ધ હતું. ઈસ્લામમાં બુરાઈ (Evil) એ તાત્ત્વિક મુદ્દો નથી. બુરાઈ કોણ ફેલાવે છે એ મહત્ત્વનું છે. ધર્મના ફેલાવા માટે અને બિનધર્મીઓને કનડવા માટે મહંમદ પયગંબરે સ્પષ્ટ આદેશ આપ્યા હતા. તેમણે કહેલું, "તમે યુદ્ધ કરો, જેથી કોઈ જાતનું તોફાન થાય નહિ અને બધે અલ્લાહનો ધર્મ ફેલાય."

કેટલીક બુરાઈ મનુષ્યો દ્વારા ઉદ્ભવે છે. ઈસ્લામમાં બુરાઈ એક સ્વાભાવિક સ્વરૂપમાં (Casual Manner) લેવામાં આવે છે. અલ્લાહે જગતની રચના કરી

છે, પરંતુ તે કાચોપોચો નથી. તે મજબૂત (Strong), શક્તિશાળી (Powerful) અને સર્વશક્તિમાન (Almighty) છે જેણે મનુષ્યને સ્વતંત્રતા આપી નથી. આમ મનુષ્ય સ્વતંત્ર નથી. મનુષ્ય જે કંઈ કરે છે તે ઈશ્વર નિર્ધારિત હોય છે. ઈસ્લામ તત્ત્વદર્શનમાં મનુષ્યનું સ્થાન ઘણું નીચું છે. તે કઠપૂતળી સમાન છે, તેને સ્વતંત્રતા નથી.

ઈસ્લામમાં મૃત્યુ પછી પુનર્જન્મની માન્યતા નથી. જે દિવસ 'ન્યાય'નો આવે છે તેને 'કયામતનો દિવસ' કહેવાય છે. એ દિવસે બધાં પ્રાણીઓને તેમનાં કર્મો અનુસાર કોને ઈનામ (Reward) આપવાં કે કોને સજા કરવી એ નક્કી કરવામાં આવે છે અને આમ એક નવી સૃષ્ટિની શરૂઆત થાય છે. આ નવીન સૃષ્ટિની કલ્પના એ ખ્રિસ્તી ધર્મની માન્યતાને મળતી આવે છે.

૪. **ખ્રિસ્તી ધર્મ** (Christianity)

ખ્રિસ્તી ધર્મના સંસ્થાપક જિસસનો જન્મ રોમન સમ્રાટ સિઝરના રાજ્યકાળ દરમ્યાન જુડામાં થયો હતો. એ સમયે હિબ્રુ ધર્મ પ્રચલિત હતો. તેઓ એક સામાન્ય કુટુંબમાં જન્મ્યા હતા અને ત્રીસ વર્ષની ઉંમર સુધી સામાન્ય માનવી તરીકે વિકસ્યા હતા. એક દિવસ તેમણે પોતાના પિત્રાઈ ભાઈ, જેનું નામ જ્હોન બેપ્ટિસ્ટા હતું અને જેઓ સાદા, સદાચારી અને ત્યાગી હતા, તેમની પાસે જઈ પોતાને જોર્ડન નદીમાં પવિત્ર સ્નાન કરાવવા કહ્યું. જ્હોનને એવી અંતઃભૂમિ હતી કે પોતાના ધર્મમાં મસીહા (ઉદ્ધારક)ની વાત છે તે મસીહા આ જિસસ જ છે. આથી તેમણે જિસસને કહ્યું: "મારે તો મારાં પાપોની ક્ષમા આપની પાસે માગવાની હોય." જિસસે જ્હોનને સમજાવ્યા અને છેવટે એમણે પવિત્ર સ્નાન કર્યું. તેઓ જ્યારે સ્નાન કરતા હતા ત્યારે એક ગેબી અવાજ પ્રસારિત થયો અને કહ્યું: **"આ મારો પ્રિય પુત્ર છે અને હું તેનામાં સંતુષ્ટ અને રાજી છું."** આ પ્રસંગ પછી જિસસમાં એક પ્રકારનું પરિવર્તન થયું અને પોતાને જે દર્શન લાધ્યું તે એમણે જનસમાજને આપવાનો પ્રયાસ કર્યો.

જિસસનો કોઈ એક મહત્ત્વનો સંદેશ હોય તો તે પ્રભુના સામ્રાજ્યનો છે. તેમણે કહ્યું: **'પ્રભુની દૃષ્ટિએ સર્વ સમાન છે. બધા પ્રભુના સામ્રાજ્યના સભ્યો છે. પ્રભુ એક છે અને સમગ્ર સૃષ્ટિનો તે એક જ પુરુષ છે, જે ન્યાયી છે.'** તેમણે માનવીય ગુણો પર ભાર આપ્યો, નમ્રતા અને દયાના ગુણોના વિકાસની વાત રજૂ કરી.

તેમણે કહ્યું ગરીબાઈ એ ગુનો નથી કે અવરોધ નથી. હૃદયની પવિત્રતા એ જ પ્રભુ દર્શનની ચાવી છે. સર્વ પ્રગતિની પૂર્વશરત શાંતિ છે. બધા જ માણસો ઈશ્વરનાં સંતાન છે. જિસસે ઈશ્વરની સર્વવ્યાપકતા અને ન્યાયપૂર્ણતાની સમજ આપી. આમ ઈશ્વરના વિચારને તેમણે એક ખૂબ જ વિસ્તૃત ફલક પર મૂક્યો. એટલું જ નહીં, પરંતુ માનવને પણ એક ઉચ્ચ સ્થાન આપ્યું. પ્રભુના સામ્રાજ્યમાં કોઈના પણ તરફ વિશિષ્ટ પક્ષપાત નથી પરંતુ ત્યાં સર્વ માનવીઓ સમાન છે. પાપાત્માઓ અને પુણ્યાત્માઓ એ બધાં જ પ્રભુનાં સંતાન હોઈ, એ સર્વનો પ્રભુના સામ્રાજ્યમાં પ્રવેશવાનો અધિકાર છે. ખ્રિસ્તી ધર્મના આ પાયાના સિદ્ધાંત છે.

એ સમયે હિબ્રુ ધર્મના ત્રણેય પંથો એક યા બીજા કારણે જિસસના ધર્મોપદેશની વિરુદ્ધ હતા. તેમણે જિસસના ધર્મોપદેશનો વિરોધ કરવાને બદલે તેમનો જ અંત લાવવાનું વિચાર્યું અને જિસસ પોતાના ઉપદેશને કોઈ પણ વ્યવસ્થિત સ્વરૂપે આપે એ પહેલાં જ ઝનૂની હિબ્રુઓએ એમને ક્રૂર રીતે મારી નાખ્યા.

હિબ્રુ સિપાઈઓએ જ્યારે જિસસને વધસ્થંભે લટકાવી તેમના હાથ પર ખીલા મારી ખૂબ કરુણ રીતે એમના જીવનનો અંત લાવવા પ્રયત્ન કર્યો, ત્યારે દૈહિક કષ્ટ સહન કરવા છતાં જિસસે ખૂબ શાંતિ અને સ્વસ્થતાપૂર્વક પોતાના જીવનનું બલિદાન એમ કહેતાં કર્યું કે, **"હે પરમ પિતા, તું એમને માફ કર, કારણ કે તેમને ખબર નથી કે તેઓ શું કરે છે."**

જિસસની દફનવિધિના ત્રીજા દિવસે તેઓ કબરમાંથી ઊઠ્યા અને ત્યાર પછી ચાલીસ દિવસ આ પૃથ્વી પર રહ્યા. જિસસને જ્યારે ઘાતકી રીતે મારી નાખવામાં આવ્યા ત્યારે તેમના અનુયાયીમાં ગ્લાનિ ફેલાય એ સ્વાભાવિક છે. પરંતુ જ્યારે એ અનુયાયીઓને જિસસનો પ્રત્યક્ષ અનુભવ ફરીથી થયો ત્યારે તેમને ખાતરી થઈ કે જિસસ અહર્નિશ જીવંત છે. તેમણે જિસસને પ્રભુના સ્થાને સ્થાપ્યા અને એ રીતે તેમની પૂજા કરવા લાગ્યા. જિસસના પુનરુત્થાનને તેમણે તેમના ધર્મના પાયા તરીકે સ્વીકાર્યો.

ખ્રિસ્તી ધર્મને વ્યવસ્થિત ધર્મનું સ્વરૂપ આપવામાં મહત્ત્વનો ફાળો 'સંત પોલ'નો છે. તેઓ એક ચુસ્ત હિબ્રુ હતા અને ખ્રિસ્તીધર્મના પ્રબળ ટીકાકાર હતા. પરંતુ તેઓ તીક્ષ્ણ બુદ્ધિ ધરાવતા વિચક્ષણ પુરુષ હતા. કહેવાય છે કે એક વેળા તેમને જિસસનાં દર્શન થયાં જેનાથી તેમનું હૃદયપરિવર્તન થયું અને એની સાથે

જ તેમનું ધાર્મિક પરિવર્તન પણ થયું. આથી તેમના દ્વારા ખ્રિસ્તી ધર્મમાં પરિવર્તનની પ્રક્રિયાને અગત્યનું સ્થાન આપવામાં આવે છે.

સંત પોલના મૃત્યુ પછી ખ્રિસ્તી ધર્મના ધર્મગ્રંથોની ગુંથણીનું મહત્ત્વ કાર્ય થયું. જિસસનું જીવનચરિત્ર લખાયું અને જિસસના ઉદ્‌બોધો અને વિચારોની જાળવણી માટે વિવિધ લખાણો લખાયાં. નવા કરાર (New Testament) માં સંત પોલના પત્રોનો પણ સમાવેશ કરવામાં આવ્યો. આવા સાહિત્યનો ખ્રિસ્તી ધર્મના ઘડતર અને વિકાસમાં મહત્ત્વનો ફાળો રહ્યો.

રોમન રાજ્યકર્તાઓ જેઓ યહૂદી હતા, તેમાં કોન્સ્ટન્ટાઇન પહેલો રાજા હતો જેમણે ખ્રિસ્તી ધર્મનો સ્વીકાર કર્યો અને તેને રાજ્યાશ્રય આપ્યો અને રાજ્યધર્મનું બિરુદ આપ્યું. ઈ.સ. ૧૫૦થી ૧૦૫૪ સુધીના કાળ દરમિયાન ખ્રિસ્તી ધર્મ જગતના વિવિધ દેશોમાં પ્રસર્યો.

૪.૧ ખ્રિસ્તી ધર્મના અગત્યના સિદ્ધાંતો

(૧) ખ્રિસ્તી ધર્મમાં એક સગુણ ઈશ્વરની કલ્પના કરવામાં આવી છે. તેમાં ઈશ્વરની ભાવના યહૂદી ધર્મની ઈશ્વરની ભાવનામાંથી નિષ્પન્ન થઈ છે. તેમની પ્રાર્થના છે કે "પ્રભુ, અમારા ઈશ્વર એવા પ્રભુ, એક છે. તે પ્રભુ ઉપર, તારા ઈશ્વર ઉપર, તું હૃદયથી, આત્માથી અને તારી બધી શક્તિથી પ્રેમભાવ રાખજે." ખ્રિસ્તી ધર્મમાં ઈશ્વરના પિતૃત્વ પર ખૂબ ભાર મૂકવામાં આવ્યો છે. બધા જીવોના તે પિતા છે.

(૨) ખ્રિસ્તી ધર્મ રહસ્યવાદનો સ્વીકાર કરતો નથી, કારણ કે એ માને છે કે મનુષ્ય પોતે ઈશ્વર સમીપ પહોંચવાને કે તેની સાથે એકલીન થવાને નથી તો શક્તિ ધરાવતો કે નથી એવી શક્યતા ધરાવતો. ખ્રિસ્તી મતાનુસાર ઈશ્વર પોતે જ માનવ સમક્ષ પ્રત્યક્ષ થાય છે.

(૩) ખ્રિસ્તી ધર્મ ઈશ્વરના ત્રણ સ્વરૂપની એકમયતા કે એકરૂપતાની રજૂઆત કરે છે. તદનુસાર ઈશ્વરનાં ત્રણ સ્વરૂપે આલેખાયાં છે- પિતા તરીકે, પુત્ર તરીકે અને પવિત્ર આત્મા તરીકે.

(૪) જગતની ઉત્પત્તિ વિશે તેઓ માને છે કે ઈશ્વર પિતા સૃષ્ટિના એવમ્ માનવના સર્જનહાર છે. તેમણે સૃષ્ટિનું સર્જન શૂન્યમાંથી કર્યું છે, એ કોઈ દબાણયુક્ત રીતે નહીં, પરંતુ સંપૂર્ણ સ્વાતંત્ર્યથી અને અસીમ પ્રેમથી પ્રેરાઈને આ

સર્જન કર્યું છે.

(૫) ખ્રિસ્તી ધર્મના અશુભ તત્ત્વના વિવિધ પ્રકારો સ્વીકારાયા છે, જેના પરિણામે માનવને દુઃખ ભોગવવું પડે છે.

(૬) મુક્તિના માર્ગે પ્રયાણ કરવા માટે પ્રભુમાં અને જિસસમાં તેમ જ પ્રભુની ક્ષમાશીલતા અને કૃપાભાવના પર શ્રદ્ધા રાખવાનું અને હૃદયની પવિત્રતા જાળવવાનું જરૂરી છે. ખ્રિસ્તી ધર્મમાં માનવી આપબળે મુક્તિ મેળવી શકે એમ નથી. મુક્તિની પ્રાપ્તિ માટે પ્રભુની ક્ષમાશીલતા અને કૃપાભાવના અત્યંત આવશ્યક છે.

૪.૨ ખ્રિસ્તી ધર્મમાં પ્રેમ, સેવા, સહિષ્ણુતા અને કરુણા (કૃપા)

(The Concept of Love, Service, Tolerance and Grace or compassion in Christianity)

(ડૉ. મારિયા ડબલ્યુ. ઇતુર્બેની નોટ્સ આધારિત)

૪.૨.૧ પ્રેમ વિશે માન્યતા (Concept)

આજે 'પ્રેમ' શબ્દને ઉપયોગ અથવા દુરુપયોગની દૃષ્ટિથી સૌથી વધુ પ્રયોગમાં લાવવામાં આવે છે. એને અનેક અર્થના સંદર્ભમાં વપરાય છે. આપણે કહીએ છીએ કે 'હું મારા દેશને પ્રેમ કરું છું.' તે જ મુજબ 'હું મારા કુટુંબને, મારી રમતની ટીમને ચાહું છું' તેમ કહેતા હોઈએ છીએ. તેવી રીતે માતાપિતા અને સંતાનો વચ્ચેનો પ્રેમ, પતિ-પત્નીનો પ્રેમ, મિત્રો વચ્ચે આપસી પ્રેમ વગેરે અનેક પ્રકારે પ્રેમની અભિવ્યક્તિ થાય છે.

આ બધા જ અર્થોમાં સ્ત્રી અને પુરૂષ જ્યારે લગ્ન દ્વારા પતિ-પત્નીના રૂપમાં તેમ જ આત્માથી ઐક્ય સાધે છે ત્યારે 'પ્રેમ' શબ્દનો વિશિષ્ટ અર્થ સાંપડે છે. અહીં 'પ્રેમ' એકબીજાને સુખી કરવાની બાંહેધરીનો દ્યોતક છે.

શું 'પ્રેમ' શબ્દ કોઈ એક સાતત્યને અનુલક્ષીને અથવા અનેક સાતત્ય (Reality) ને અભિવ્યક્ત કરવા વપરાય છે! સ્ત્રી અને પુરૂષ વચ્ચેનો પ્રેમ અને ઈશ્વર પ્રાણીમાત્ર (Creatures) ઉપર પ્રેમ રાખે છે, તે બેમાં શું સંબંધ છે?

'પ્રેમ'ને માટે ગ્રીકમાં ત્રણ શબ્દોનો પ્રયોગ કરવામાં આવે છે. (૧) EROS (૨) PHILIA અને (૩) AGAPE.

(૧) EROS : અહીં આ શબ્દ સ્ત્રી-પુરુષ વચ્ચેના એવા પ્રેમના અર્થમાં વપરાય

છે, જે ન તો પૂર્વયોજિત હોય અથવા અપેક્ષિત પૂર્વઇચ્છિત હોય. તે એવા પ્રેમની અભિવ્યક્તિ છે જે મનુષ્યમાત્રમાં સહજપણે ઉત્પન્ન થાય છે. આ શબ્દનો પ્રયોગ Old Testamentમાં બે જગ્યાએ થયેલ છે જ્યારે New Testamentમાં તેનો પ્રયોગ થયેલો જોવા મળતો નથી.

(૨) PHILIA: આ શબ્દનો પ્રયોગ મૈત્રિક પ્રેમ (Love of friendship) ના સંદર્ભમાં કરવામાં આવે છે. ઈસુ ખ્રિસ્ત અને તેમના શિષ્યો વચ્ચેના સંબંધને અભિવ્યક્ત કરવા આ શબ્દ વપરાય છે.

(૩) AGAPE: ગ્રીકમાં ભાગ્યે જ ઉપયોગમાં આ શબ્દ આવે છે. વિશેષતઃ બાઈબલના સિદ્ધાંતના સંદર્ભમાં પ્રેમની અભિવ્યક્તિ માટે તેનો શબ્દપ્રયોગ થાય છે.

'પ્રેમ' (Love) શબ્દના ખ્રિસ્તી ઉપયોગમાં Eros થી Agape સુધીનો વિકાસ દેખાય છે, જે 'પ્રેમ' શબ્દને એક નવીન દૃષ્ટિકોણ આપે છે. (આની યુરોપના જાણકારો દ્વારા ટીકા કરવામાં આવેલી.) અહીં Friedich Nietzsche દ્વારા કરેલી આલોચના ધ્યાન ખેંચે તેવી છે. તે કહે છે કે ખ્રિસ્તી ધર્મે આદેશો અને નિષેધ (commandments and prohibitions) લાદીને 'Eros' શબ્દને હાનિ પહોંચાડી છે, ઝેરીલું (Poisoned) કર્યું છે. પરંતુ શું આ આલોચના યોગ્ય છે ખરી?

ગ્રીક લોકો માટે 'Eros' જાણે કે એક નશીલી વસ્તુ હતી, જેમ દિવ્યાનુભૂતિ (Divine madness) મનુષ્યના વિવેક (Reason)ના ઉપર હાવી થઈ જાય છે જેથી લોકો આનંદની અનુભૂતિ કરી શકે છે. રોમન કવિ Virgil (70 BC- 19 BC) એ પોતાની ગોવાળો સંબંધી દસ દેહાતી કવિતાઓ (Bycolics pastoral poems)માં લખ્યું છે : પ્રેમ બધાને જીતે છે, ચાલો, આપણે પણ તેની આગળ ઝૂકી જઈએ. (Love conquers all, let us too, yield to love).

આ વાક્યમાં ગ્રીક, રોમન અને બીજી પ્રાચીન સંસ્કૃતિઓમાં 'Eros' શબ્દનું જે સામાન્ય અર્થઘટન કરાતું હતું તેનો સાર સ્પષ્ટ થાય છે. (This sentences summarize the common meaning of Eros among the Greeks, the Roman and other ancient sacred prostitution cultures.) આને કહેવાતા સંપ્રદાય, જેમાં 'દેવદાસી' (Sacred prostitution) સામેલ છે, તેના દ્વારા ધર્મમાં ઘુસાડી દેવામાં આવ્યો હતો.

'Old Testament' એ ધર્મના આ સ્વરૂપનો વિરોધ કર્યો છે, કારણ કે મંદિરોમા દેવદાસીઓનું શોષણ થતું હતું. પરંતુ 'Eros' નો અસ્વીકાર નહોતો કર્યો. તેણે શિસ્તયુક્ત અને પવિત્ર 'Eros', એવો 'Eros' જે વૃત્તિઓને બહેકાવે નહીં તેની જરૂરિયાત ઉપર ભાર મૂક્યો છે.

આનાં બે પરિણામ (consequences) આ પ્રમાણે છે-

(૧) 'પ્રેમ' (Love) અને દિવ્યતા (Divine) વચ્ચે સંબંધ : પ્રેમ અનંતતા-શાશ્વતતા બક્ષે છે. અર્થાત્ એવા આપસી સંબંધ જે સદાને માટે ટકે છે. (Love promises infinity, eternity. It implies a union that last forever).

(૨) પ્રેમમાં પવિત્રતા- શુદ્ધતા (Piousness and Purity) અપેક્ષિત છે. તે એક એવા વિકાસનો સિલસિલો છે જેનાથી પરિપક્વતા (Maturity) અને પરિત્યાગ (renunciation) કેળવાય.

'Eros'નું માનવવિકાસશાસ્ત્રીય પાયા (Anthropological foundation)માં તથ્ય એ છે કે મનુષ્ય એ શરીર (body) તેમ જ આત્મા (soul) બન્નેનો બનેલો છે. કેવળ શરીર કે કેવળ આત્મા પ્રેમ નથી કરતો, પરંતુ સમગ્ર માનવ વ્યક્તિત્વ (entire human person) પ્રેમ કરે છે.

'Eros' જ્યારે કેવળ જાતીયતા (sex) ના રૂપે જોવાય તો તે એક ઉપભોગની વસ્તુ (commodity) બની જાય છે, જે આપણા જીવનનો માત્ર ભૌતિક દૃષ્ટિકોણ છે અને જેનો કેવળ ઉપયોગ કરી શકાય તથા ઇચ્છા મુજબ તેને વાપરી શકાય. પરંતુ ખ્રિસ્તી ધર્મ (christianity) 'Eros' ને એક ઉમદા તત્ત્વ સમજે છે જેને માટે 'Renunciation અને 'Healing' નો માર્ગ અખત્યાર કરવો પડે છે.

The message (સંદેશ) of "song of Songs" or cantical of Canticals or "The Song of Solomon".

બાઇબલનું તે એક નાનામાં નાનું પ્રકરણ છે. તે સદીઓમાં સૌથી વધુ વખત વ્યાખ્યાપ્રાપ્ત (Commented) છે; તેમાં ઈશ્વર (God)નો ક્યાંય ઉલ્લેખ નથી. (સિવાય કે ચેપ્ટર ૮.૬માં) તેનો વિષય છે પતિ-પત્ની વચ્ચેનો પ્રેમ. પરંતુ તેનો નિર્દેશ ઈશ્વર અને મનુષ્ય વચ્ચેના પ્રેમનો, ઈસુ ખ્રિસ્ત અને તેની પત્નીના પ્રેમનો છે.

તેમાં લખાયેલ કવિતાઓ મૂળભૂત રીતે પ્રેમકાવ્યો હતાં, જેનો ઉદ્દેશ્ય જ્યુઇશ

લગ્નોત્સવ (jewish wedding feast) તેમ જ વૈવાહિક પ્રેમની ગરિમા વધારવા માટે (to exalt conjugal love) હતો. તેમાં માનવપ્રેમનો મહિમા ગવાયો છે. સાથે તે ઈશ્વર (God) અને તેની પ્રજા વચ્ચેનાં પ્રેમનાં ગીતો પણ ગાય છે.

તે ગીતો મનુષ્યપ્રેમ (human love) તેમ જ દિવ્યપ્રેમ (love-divine) નાં છે. તે એક પુરુષ અને એક સ્ત્રી વચ્ચેના અતૂટ પ્રેમ વિશે કહે છે. આવો પ્રેમ પારસ્પરિક શારીરિક સ્તરે ઉદ્ભવ થાય છે. પરંતુ સમગ્ર વ્યક્તિત્વ (entire person) ને તે આવરી લે છે. (It is a love that claims exclusivity that involves conquest trials that must be overcome.) પ્રેમ તે કેવળ દિવ્ય ખુમારી (divine intoxication) જ નથી, પરંતુ તેમાં પરિત્યાગની ભાવના છે. (It leads to renunciation and it is readyness for sacrifice.).

Comparison between EROS and AGAPE

EROS	AGAPE
(Greek, Non-Christian Culture)	(Christian Culture)
● Worldly Love	● Love Shaped by path
● Ascending Love	● Descending Love
● Possesive Love	● Oblative Love
(amor Concupiscentiae)	(amor benevolentice)

પરંતુ 'Love' ના આ બન્ને દૃષ્ટિકોણ (Concept) એકબીજાથી સાવ અલગ નથી. બન્ને વચ્ચે પ્રેમના એક સાતત્ય (One reality) નું યોગ્ય ઐક્ય રહેલું છે. 'Agape' વગર 'Eros' નબળું (impoverished) સાબિત થાય છે. માટે બન્નેની જરૂરત છે. પ્રેમમાં આપણે આપ-લે બન્ને કરવાની હોય છે.

Newness of Christian Faith is : Image of God & Image of Man

1. Image of God : બે મુખ્ય વિચારો (Two main ideas) છે.

(૧) ઈશ્વર એક છે અને ઈશ્વર, જે કાંઈ અસ્તિત્વ ધરાવે છે, તેનો સર્જક છે. તેને 'Ex nihilo' કહેવાય છે.

(God is one and God is creator- source of all that exists.)

(૨) ઈશ્વર મનુષ્યને 'personal love'- 'Eros' અને 'Agape' દ્વારા પ્રેમ કરે

છે. (God loves man with a personal love 'Eros' and 'Agape'.) એરિસ્ટોટલના ઈશ્વરને ચાહી શકાય પરંતુ અપનેઆપમાં તે પ્રેમ નથી. (The God of Aristotle can be loved but in it self does not love). ઈશ્વરનો પ્રેમ નિ:સ્વાર્થ છે, બિનશરતી છે અને તે માફી આપનારો છે. આની પરાકાષ્ટા ક્રાઈસ્ટનું ક્રોસ ઉપર મૃત્યુ છે. (Summit of this is the death of christ on the Cross).

2. Image of Man :

બાઈબલ મુજબ સર્જન એટલે આદમની એકલતા વિશેનો વિચાર અને તેને કોઈ સહાયક આપવાનો ઈશ્વરનો નિર્ણય. ઈશ્વરે મનુષ્યના હાડકામાંથી સ્ત્રી બનાવી આપી. આનો મતલબ એ છે કે ઈશ્વર ક્યાંક અધૂરો (incomplete) છે અને વિજાતીય સાથેના સંયોગથી (Communion with the opposite sex) તે પૂરો થઈ શકે છે. તેથી માણસ પોતાનાં માતા-પિતાને છોડી દે છે અને પોતાની પત્નીને વળગી રહે છે, તેની સાથે એકાકાર થઈ જાય છે.

આમ આપણને બે મુખ્ય મુદ્દા મળે છે-

(i) 'Eros' એ મનુષ્યસ્વભાવના મૂળમાં છે.

(ii) 'Eros' એ મનુષ્યને લગ્ન તરફ- એક અતૂટ બંધન તરફ દોરી જાય છે. મનુષ્યનો પ્રેમ એ ઈશ્વરના પ્રેમનો માપદંડ છે.

Monotheistic God- Mogogamous marriage

New Testamentમાં જીસસ ક્રાઈસ્ટ વિશે આવે છે કે ઈશ્વર મનુષ્યનું રૂપ ધારણ કરે છે જે દુ:ખ અને ખોવાયેલી માનવતાની શોધ કરે છે. (search of a suffering and lost humanity) આનું તાદૃશ વર્ણન પ્રખ્યાત બોધકથા- **'ઉડાઉ દીકરો'** (Prodigal son- st.luke 15)માં આવે છે. પિતાને તેનો નાનો દીકરો પોતાના હિસ્સાની સંપત્તિ આપવા કહે છે. તે પોતાનો ભાગ લઈ જુદો થઈ જાય છે અને બધી સંપત્તિ ઉડાવી મારે છે. જ્યારે તે પિતા પાસે પાછો આવે છે ત્યારે પિતા તેને પ્રેમપૂર્વક આવકારે છે. મોટો દીકરો પિતાનું આ વર્તન સહન કરી શકતો નથી. અંતમાં મોટા દીકરાના અપૂર્ણ પ્રેમની વાત આવે છે જેમાં તેની ઈર્ષા અને અસંતોષની અભિવ્યક્તિ થાય છે.

ફાંસીને માંચડે ચડીને (by dying on the Cross) ઈશ્વર પોતાનો પ્રેમ

પ્રદર્શિત કરે છે અને આપણે તેની સાથે જોડાઈને આપણો પ્રેમ રજૂ કરીએ છીએ.

Love of God- Love of Neighbour

'Good Samaritan'ની બોધકથામાં આનું વર્ણન જોવા મળે છે. પાડોશી (Neighbour) એટલે આપસમાં સંકળાયેલ કોઈ એક દેશનો સમાજ કે લોકો (closely- knit comunity of a single country or people), જે કોઈને એકબીજાની સહાયતાની જરૂરત હોય તે 'પાડોશી' (Neighbour) તેને વૈશ્વિક સ્તર પર વિચારાય અને વ્યક્તિગત સ્તર પર પણ. પોતાના પાડોશી માટેનો પ્રેમ એ ઈશ્વરના પ્રેમ તરફ દોરી જતો માર્ગ છે અને પાડોશી તરફ નફરત એ ઈશ્વર પ્રત્યેના પ્રેમમાં અવરોધરૂપ છે.

'પ્રેમ' એક મનોભાવથી વિશેષ છે. મનોભાવ, લાગણી વગેરે તો આવે અને જાય. તે 'પ્રેમ' જગાડવામાં નિમિત્ત બની શકે છે, પરંતુ સંપૂર્ણ પ્રેગ તેમાં ખીલતો નથી. (They could be the first spark of love but not the fullness of Love.) આનો અર્થ એ કે જીવનનાં બધાં જ તત્ત્વોનું પ્રેમમાં યોગદાન છે. બુદ્ધિ અને ઈચ્છા પણ. પ્રેમ એટલે ઈશ્વરની ઈચ્છા સાથે ઐક્ય અને ઈશ્વર પ્રત્યે સ્વ સમર્પણ. (Love implies union with WILL of GOD and Self abundant of GOD).

'જો મારી જિંદગીમાં મારો ઈશ્વર સાથે કોઈ પણ પ્રકારે સંપર્ક ન હોય તો હું અન્યમાં તે અન્ય સિવાય કાંઈ જ ન જોઈ શકું અને મને તેનામાં ઈશ્વરની અનુભૂતિ થઈ શકે નહીં. હું મારી જિંદગીમાં મારી ધાર્મિક થવાની અને ધાર્મિક ક્રિયાઓ કરવાની ઈચ્છાને કારણે બીજાઓ પ્રત્યે ધ્યાન આપીશ નહીં, ત્યારે મારો ઈશ્વર સાથેનો સંબંધ પણ સુકાઈ જશે. તે કેવળ સામાન્ય સંબંધ હોઈ શકે, પરંતુ પ્રેમવિહીન. મારી મારા પાડોશી સાથેની આત્મીયતા અને પ્રેમ પ્રદર્શિત કરવાની તત્પરતા હશે તો તે મને ઈશ્વર પ્રત્યે પણ સંવેદનશીલ બનાવશે.' આ છે ખ્રિસ્તી ધર્મમાં પ્રેમ વિશેની માન્યતા.

૪.૨.૨. 'Caritas'- Charity- ચેરિટી એ પ્રેમની અભિવ્યક્તિ છે. (Charity is the practice of Love)

સેવા (SERVICE)

'પ્રેમ' એ એક ઊર્જા (energy) છે જે લોકોમાં પરિવર્તન લાવે છે અને તે રીતે

પ્રેમ સેવાના રૂપમાં અભિવ્યક્ત થાય છે. સેવા (Service) એ સાચા પ્રેમનું પરિણામ (Consequence) છે.

સંસ્થાકીય દૃષ્ટિકોણથી (from an institutional point of view) જોઈએ તો ચર્ચ જે મનુષ્યની, તેની ભૌતિક જરૂરિયાતો સહિતની આવશ્યકતાઓને માટે વ્યવસ્થા કરે છે તે 'સેવા' (Service) છે.

'ચર્ચ'ની વિલક્ષણતાને જે પ્રદર્શિત કરે છે તેને માટે ગ્રીકમાં 'Koinonia' શબ્દ છે. શરૂઆતમા તે એક 'સહિયારા વ્યવહાર'ના અર્થમાં હતું, પરંતુ જેમ જેમ ચર્ચનો વિકાસ થયો તેમ તેમ તે સર્વસામાન્ય વ્યવહાર વ્યવસ્થામાંથી દાનરૂપે સેવા (Service of charity) ના રૂપમાં પરિવર્તિત થયું. તેનું પહેલું ઉદાહરણ છે- 'The institution of deacons'.

service - diakonia - deacon

'Deacon (diakonos)' નામનો અર્થ છે 'Minister or servant' અને એ અર્થમાં જ એ શબ્દ old અને New Testamentમાં વપરાયો છે. પરંતુ 'In Apostolic times' એ શબ્દ એક ચોક્કસ અને ખાસ અર્થમાં વપરાવા લાગ્યો. Hellenistic Jews લોકોએ તેમના ધાર્મિક વડાને ફરિયાદ કરી કે 'તેઓની વિધવાઓ પ્રત્યે રોજિંદી સેવા-ચાકરી (diakonia) માટે દરકાર રખાતી નથી.' તેના કારણે બધા અનુચરો (disciple)ને ભેગા કરી તેમને કહેવામાં આવ્યું કે, 'આપણે ઈશ્વરની આજ્ઞા છોડી ટેબલનું કાર્ય (diakonein) કરીએ એ યોગ્ય નથી. તેથી હે ભાઈઓ! સારા પ્રતિષ્ઠિત એવા સાત જણાને શોધી લાવો જેઓની આ કાર્ય માટે નિમણૂક થઈ શકે. અને આમ તેઓએ સાત લોકોની 'deacons' તરીકે નિમણૂક કરી જેના પરિણામ સ્વરૂપે 'charitable activity' એ ચર્ચનું આવશ્યક કાર્ય બન્યું.

Gosple Proclamation (kerygma martyria)

Celebrating the Sacraments (leitourgia)

The Ministry of Charity (diakonia) in & outside Church

દાન (charity) અને ન્યાય (justice) એ બન્ને સાથે સાથે જ જાય છે. રાજ્યોએ ન્યાયી સમાજને પ્રોત્સાહન આપવું જોઈએ, છતાં વિકસિત સમાજમાં પણ Charityની આવશ્યકતા હંમેશાં રહેતી હોય છે, એટલે કે લોકો પ્રત્યેની

ચાહના- કેવળ ભૌતિક મદદથી જ અભિવ્યક્ત થતી નથી, પરંતુ વ્યક્તિગત કાળજી અર્થાત્ પ્રેમ આવશ્યક છે. માટે આ પ્રત્યેક નાગરિકની ફરજ છે.

Essential elements of the Christian Service of Charity

(૧) આ એક તાત્પુરતી જરૂરિયાત માટેનો સામાન્ય પ્રતિભાવ છે અને ખાસ સંજોગોમાં- ભૂખ્યાને જમાડવા, ઉઘાડાને વસ્ત્ર પૂરાં પાડવાં, બીમારોની દેખભાળ રાખવી વગેરે બાબતો પણ તેમાં સમાવિષ્ટ થાય છે. ભૌતિક સહાયતા સાથે હૃદયપૂર્વકની સંવેદના જરૂરી છે.

(૨) સેવા પાર્ટી અને વિચારધારાઓ (ideologies) થી પર હોવી જોઈએ. એ ક્ષણિક લાભલક્ષી ન હોતાં સાચી અને નિખાલસ ભાવે (Genuine and sincere) થતી હોવી જોઈએ.

(૩) એ બીજા ઉપર 'ખ્રિસ્તી વિચારધારા' (Christian faith) થોપવા માટે ન હોવી જોઈએ, પરંતુ એ માનવતા માટે ઈશ્વરીય પ્રેમનું પ્રમાણ છે (It is testimony of God love for humanity), તેમ સમજવું જોઈએ.

Christian Service- the service of Charity એ ભૌતિક મદદથી કંઈક વિશેષ છે. તેમાં માનવતા ઓતપ્રોત હોય છે- તે ઈશ્વર પ્રત્યેના માનવીય પ્રેમનું પરિણામ છે. તેમાં પ્રાર્થના પણ આવી જાય છે. St. Paulનાં લખાણો 'The Magna Carta of Charist'માં એ જોવા મળે છે. તેના Corinthiansને લખેલા પહેલા પત્રમાં તે લખે છે-

''જો હું મનુષ્યો અને દૂતો (angels)ની જબાનમાં વાત કરું અને Charity ન કરું તો જાણે હું મંજીરા વગાડું છું અર્થાત્ એ અર્થહીન છે અને જો હું ભવિષ્યવાણી (prophecy) કરી શકું. અને બધું રહસ્ય જાણી લઉં અને એટલો વિશ્વાસ ધરાવું કે હું પર્વતને પણ ખસેડી શકું છતાં જો મેં Charity નથી કરી તો એની કશી જ કિંમત નથી. અને જો હું મારું સર્વસ્વ ગરીબોને ખવડાવવામાં ખર્ચી દઉં અને મારો દેહ પણ સળગાવવા આપી દઉં પરંતુ જો મેં Charity નથી કરી તો એનો કોઈ અર્થ નથી.

Chairty એટલે ધૈર્ય (Patient), કરુણા (kindness); તેમાં ઈર્ષા ન હોઈ શકે, તેમાં વિકૃતિ ન હોઈ શકે, મહત્ત્વાકાંક્ષાના ઉછાળા ન હોય, પોતાને માટે એ કશું ન ઇચ્છે, ગુસ્સો કે ઉશ્કેરણી તેમાં ન હોય, કોઈનું બૂરું ન વિચારે, તે બીજાની

ખણખોદનો આનંદ ન લે, પરંતુ સત્યનો ઉલ્લાસ માણે (rejoices with the truth). તે બધું સહન કરે, બધામાં વિશ્વાસ ધરાવે, આશાસ્પદ રહે, બધાને નિભાવે (endures all things), ચાહે, ભવિષ્યકથન ખોટું પડે, વાણી અટકી પડે કે જ્ઞાન નષ્ટ થઈ જાય, પરંતુ Chairty ક્યારેય નષ્ટપ્રાય ન થઈ શકે.''

કારણ કે આપણે અંશતઃ જાણીએ છીએ, આપણે ભવિષ્યકથન અંશતઃ કરીએ છીએ, પરંતુ જ્યારે તે પૂર્ણરૂપે પ્રગટ થાય ત્યારે બધા અંશો વિલીન થઈ જાય છે. જ્યારે હું એક બાળક હતો ત્યારે બાલવત્ બોલતો હતો. બાળકની માફક સમજતો હતો, વિચારતો, પરંતુ જ્યારે હું વયસ્ક બન્યો ત્યારે મેં બાલવૃત્તિ છોડી દીધી. હવે આપણે અંધકારમાં કાચ દ્વારા આમનેસામને (face to face) જોઈએ છીએ. હવે હું અંશતઃ (In parts) જાણું છું, પરંતુ ત્યારે હું જાણીશ જાણે હું જાણીતો છું. (I shall konw even as I am known); અને હવે વિશ્વાસ (Faith) આશા (hope) અને Charity એ ત્રણ રહી જાય છે. આ ત્રણેયમાં સર્વોત્તમ 'Charity' છે.

૪.૨.૩. સહિષ્ણુતા (The Virtue of Tolerance)

સહિષ્ણુતા (Tolerance)ના અલગ અલગ અર્થ છે. તેમાંનો એક અર્થ છે- કોઈ બાબતને, ખાસ કરીને જેની સાથે આપણે સંમત ન થતા હોઈએ તેવા અભિપ્રાય અથવા વર્તણૂકને સહન કરવાનું સામર્થ્ય અથવા તૈયારી (willingness). આમ સહન કરવું એટલે એવી કોઈ બાબત જેની સાથે આપણે સંમત ન થતા હોઈએ તેના અસ્તિત્વ (existence) ને, તેવી ઘટના (occurance) ને કે તેના વ્યવહારને ચલાવી લેવું.

સહિષ્ણુતા, પ્રેમ અને સેવા એકબીજા સાથે જોડાયેલ છે. ખ્રિસ્તી ધર્મ (Christianity) પ્રત્યેક પરત્વે પ્રેમ અને સેવાનો અભિગમ રાખે છે. તેને વ્યવહારુ બનાવવા સહિષ્ણુતાનો ગુણ અપનાવવો જરૂરી છે, કારણ કે આપણને રોજ એવી વ્યક્તિઓ સાથે વાસ્તો પડે છે જેઓની સાથે ઘણી બાબતોમાં ભૌતિક કે આધ્યાત્મિક દૃષ્ટિથી, આપણે સંમત થતા નથી.

'સહિષ્ણુતા' એ કેવી રીતે બીજા લોકો સાથે જીવવું તેની જાણકારી હોવાની અપેક્ષા રાખે છે. સહિષ્ણુતા એ સત્યને નજરઅંદાજ કરવાનું પરિણામ નથી, પરંતુ તે ઝનૂનથી ઘણું દૂર, સુદૃઢ થયેલ, માન્યતાની ફલશ્રુતિ છે. ક્યારેક એવું પણ લાગે

છે કે સહિષ્ણુતા અને સત્ય પ્રત્યેનો વિશ્વાસ, એ એકબીજાથી વિરુદ્ધ છે. સહિષ્ણુતા એ આજના યુગમાં પાયાની આવશ્યકતા છે. પ્રશ્ન થાય કે શું સત્ય સાપેક્ષ હોઈ શકે? મારું સત્ય, તમારું સત્ય વગેરે. એક જ સત્યમાં માન્યતા અસહિષ્ણુતામાંથી ઉદ્ભવેલ સ્થિતિ છે. પ્રશ્ન એ છે કે શું Christianity એ વૈશ્વિક શાંતિ પ્રાપ્ત કરવાની પાયાની શરત રૂપે સત્યનો આગ્રહ છોડી દેવો જોઈએ?

સહિષ્ણુતાની ફલશ્રુતિ એ છે કે મનુષ્યમાત્રને ધાર્મિક સ્વતંત્રતાનો હક છે. કોઈને પણ ખાનગીમાં કે સાર્વજનિક રીતે પોતાની માન્યતા વિરુદ્ધ વર્તવાની ફરજ પાડી ન શકાય. મનુષ્યને કેટલીક ફરજો હોય છે. તે સત્યની શોધ માટે વિચારશીલ અને સ્વતંત્ર હોય છે. તે મનોવૈજ્ઞાનિક સ્વાતંત્ર્ય, સાથે સાથે તે બાહ્ય દબાણથી મુક્તિ ભોગવે છે. આ ધાર્મિક સમાજ માટે પણ સાચું છે.

ખ્રિસ્તી અનુયાયીએ હંમેશાં ઈસાઈ ધર્મની માન્યતાનુસાર (in spirit of Gospal), સહિષ્ણુતાના જુસ્સામાં વિશ્વાસ રાખવો જોઈએ. તેનાથી તે બીજાઓ સાથે પ્રેમ, ડહાપણ અને ધૈર્યથી કામ લઈ શકશે.

સહિષ્ણુતા, વિશ્વાસ અને વિવેક વચ્ચે સંવાદિતા (Harmony) સૂચવે છે. અસહિષ્ણુ વિશ્વાસ એ અવિવેકી વિશ્વાસ છે. તત્ત્વજ્ઞાન (Philosophy)માં ત્રણ પ્રશ્નો હોય છે- 'સત્ય બાબત, સારાઈ બાબત અને ઈશ્વર બાબત.' વાસ્તવમાં એ ત્રણેય એક જ પ્રશ્ન છે. અને જો તેનો ઉત્તર ન હોય તો આપણે આપણી જિંદગીની આવશ્યક વસ્તુઓ માટે અંધારામાં ભટકતા રહીએ છીએ.

બાઈબલના મત પ્રમાણે ઈશ્વર એ એક સારા તત્ત્વની ઓળખ છે. ઈશ્વર વિશેનો આ દૃષ્ટિકોણ એ જહોનના વચન કે 'ઈશ્વર એ પ્રેમ છે'ને સર્વોચ્ચ સ્થાને લઈ જાય છે, તે છે સત્ય અને પ્રેમ - બન્ને એક જ વસ્તુ છે. આ વચનને આપણે સ્વીકારી લઈએ તો તે સત્ય સાથેના સંબંધની, સહિષ્ણુતાની મોટામાં મોટી ખાત્રી છે તેનું એકમાત્ર હથિયાર છે પ્રેમ.

એકંદરે 'સહિષ્ણુતા'એ સામાન્ય છે, સ્વીકૃતિ છે અને વિશ્વ સંસ્કૃતિમાં રહેલી વિવિધતાઓનું આપણી અભિવ્યક્તિનું, માનવી તરીકેનું યથાર્થ મૂલ્યાંકન છે. તે જ્ઞાન (Knowledge), નિખાલસતા (openness), વાતચીત (communication) અને વૈચારિક સ્વાતંત્ર્ય (freedom of thoughts), વિવેકબુદ્ધિ (conscience) અને માન્યતા (belief) દ્વારા પોષાય છે. સહિષ્ણુતા

એ વિશેષાધિકાર (concession) નથી, અનુગ્રહ (grace) નથી કે ભોગવવું (indulgence) નથી. સહિષ્ણુતા એક વૈશ્વિક માનવ અધિકારો (universal human rights) અને બીજાઓના મૂળભૂત સ્વાતંત્ર્ય (fundamental freedom)નો સ્વીકાર કરવાનો સક્રિય અભિગમ છે. સહિષ્ણુતા એ માનવીય અધિકારો (human rights), લોકશાહી (democracy) અને કાયદાકીય શાસન (rule of law) ને સ્વીકારવાની જવાબદારી છે.

માનવ અધિકારો પ્રત્યે સન્માનના માળખામાં સહિષ્ણુતા એટલે સામાજિક અન્યાય અથવા પોતાની માન્યતાઓને કમજોર પડવા દેવી અથવા છોડી દેવી એ નથી. તેનો અર્થ છે કે પ્રત્યેક વ્યક્તિ પોતાની માન્યતાઓને વળગી રહેવા સ્વતંત્ર હોય છે. અર્થાત્ પ્રત્યેક મનુષ્ય દેખાવમાં (appearance), સ્થિતિમાં (situation), વાણીમાં (speech), વર્તનમાં (behaviour) અને મૂલ્યોમાં (values) અલગ અલગ હોવા છતાં તે પોતે ઈચ્છે તે મુજબ શાંતિપૂર્વક રહી શકે છે. તેનો એ પણ અર્થ છે કે એકના વિચારો બીજા ઉપર થોપવા જોઈએ નહીં.

૪.૨.૪. કરુણા (compassion)

કરુણા અથવા દયા એ બીજાઓનાં દુ:ખદર્દ વહેંચવાની પ્રક્રિયા છે, જે ઘણું કરીને બીજાનાં દુ:ખદર્દને મટાડવા અથવા ઘટાડવાના આશયથી એક વિશેષ લાગણી બતાવવામાં આવે છે. તે દયા (mercy) ના ગુણની સાથે સંબંધ ધરાવે છે. જેનાથી કરુણા પ્રગટ કરવાની ઈચ્છા પ્રભાવિત થાય છે અને શક્યત: બીજાના દુર્ભાગ્ય (misfortune)ને દૂર કરવાની તત્પરતા બને છે. Christianityમાં શારીરિક શિક્ષા (corporal) અને આધ્યાત્મિક કાર્યમાં દયાનું સ્થાન બતાવવામાં આવ્યું છે.

દયાનાં કાર્ય (works of mercy) એ 'charitable' કાર્યો છે જેના દ્વારા આપણે આપણા પાડોશીઓની આધ્યાત્મિક તેમ જ શારીરિક જરૂરિયાતો માટે મદદરૂપ બનીએ છીએ. નિર્દેશ કરવો (instructing), સલાહ આપવી (advising), સાંત્વન આપવું (consoling), સગવડ આપવી (comforting) તે દયાનાં આધ્યાત્મિક (spiritual) કાર્યો છે, જેમ માફી આપવી (forgiving) અને ભૂલોને ધૈર્યપૂર્વક દરગુજર કરવી. દયાનાં શારીરિક કાર્યોમાં ભૂખ્યાને જમાડવા, ઘરવિહોણાને મકાન આપવા, ઉઘાડાને કપડાં આપવાં, બીમાર અને કેદીઓની મુલાકાત લેવી

અને મુડદાઓને દફનાવવા જેવી ક્રિયાઓ આવે છે. આ બધામાં ગરીબોને ભીખ આપવી એ ભાઈચારો વધારવાનું મુખ્ય તત્ત્વ છે, તે ઈશ્વરને રીઝવવાનું ન્યાયિક કાર્ય કરે છે. (work of justice pleasing of God).

અંતમાં અત્યારના પોપના શબ્દોમાં કહીએ તો-

"પ્રેમ એ પ્રકાશ છે (Love is the light) અને અંતમાં કેવળ પ્રકાશ જે હંમેશાં ધૂંધળા બની રહેલ વિશ્વને અજવાળે અને આપણને હિંમત આપે, જે જીવનને ટકાવી રાખવા માટે આવશ્યક છે. આપણે તેને વ્યવહારમાં લાવી શકીએ છીએ, કારણ કે આપણે ઈશ્વર (God)ની છાયારૂપ સર્જાયા છીએ. પ્રેમનો અનુભવ કરવા અને તે રીતે વિશ્વમાં ઈશ્વરના પ્રકાશને ફેલાવવા માટે હું સર્વને આમંત્રિત કરું છું."

◆

3

વૈષ્ણવિઝમ સામે આધુનિક પડકારો

(Modren Challanges Before Vaishnavism)

(ડૉ. મારીઆનો ઈતુર્બેની નોટ્સ પર આધારિત)

૧. ધર્મ (Religion) વિશે ખ્યાલ (Concept of Dharm and Religion)

'Religion' શબ્દ 'religare' પરથી આવ્યો છે, જેનો અર્થ છે બાંધવું અથવા જોડવું. આમ તેનો અર્થ થાય 'મનુષ્યને ઈશ્વર સાથે જોડવો.' આ સિદ્ધાંત સામાન્યતઃ ધર્મ-વૈજ્ઞાનિકો (Theologians) દ્વારા સ્વીકૃત થયેલો છે. (See Summa Thedogiae, II, II 9 lxxxi). તેનો હેતુ છે ઈશ્વર કે જે પ્રાણીમાત્રનો સ્રોત છે અને સૃષ્ટિનું સંચાલન કરે છે, તેના પ્રત્યે ભક્તિ પ્રગટ કરવાનો. વ્યવહારમાં તે વિશ્વાસ અને દાન સાથે જોડાયેલ છે. તે નૈતિક મૂલ્ય છે, જે ન્યાયિક ગુણોથી સંકળાયેલ છે અને માટે ઈશ્વર પ્રત્યેની ભક્તિથી પ્રેરિત છે.

ઈશ્વર પ્રત્યેનું આપણું ધાર્મિક વલણ (attitude) તે વસ્તુતઃ ઈશ્વરની સર્વભૌમત્વની સ્વીકૃતિ માત્ર નહીં, પરંતુ આપણી તેના પરની સંપૂર્ણ નિર્ભરતામાં રહેવું છે. ધર્મ કેવળ આંતરિક જ નહીં, પરંતુ બાહ્ય પ્રક્રિયા પણ છે. આપણે ઈશ્વરની ગરિમામાં કોઈ વધારો ન કરી શકીએ તો પણ આપણે તેના ગુણાનુવાદ, તેની પ્રાર્થના અને તેના વિશે ત્યાગ પ્રદર્શિત કરી તેને ભજવા આવશ્યક છે. આમ આપણા ધાર્મિક અભિગમમાં બે બાબતો રહેલી છે. (૧) પ્રાર્થના- ભક્તિ ઈત્યાદિની આંતરિક ક્રિયાઓ અને (૨) કર્મકાંડ, ઉત્સવો વગેરેની બાહ્ય ક્રિયાઓ.

નિત્શે (Nietzsche) એ કહેલું - 'ઈશ્વર મૃત્યુ પામ્યો નથી પરંતુ સાચે જ જીવિત છે' (God is not dead but very much alive).

ધર્મનાં ત્રણ સોપાન છે:-

(અ) **વૈદિક આજ્ઞાઓનું પાલનઃ** વૈદિક યજ્ઞાદિ કરવાથી સ્વર્ગાદિની પ્રાપ્તિ કરી શકાય છે. આ વૈદિક ક્રિયાકાંડનો પ્રકાર છે.

(બ) **નૈતિક મૂલ્યો :** અહિંસા, સત્ય, સંયમ વગેરે. 'સ્મૃતિ' ગ્રંથો ધર્મની વ્યાખ્યામાં નૈતિક મૂલ્યોને પણ આવરી લે છે.

(ક) **'યોગ' દ્વારા 'સ્વ'ની ઓળખ (Self Knowledge) :** આ સ્વભાવગત મનુષ્યમાં છે, જે આંતરિક અશુદ્ધિઓ દૂર થતાં પ્રગટ થાય છે. સાચો ધર્મ એ છે જેનાથી ઈશ્વરની ભક્તિ દ્વારા 'સ્વ'ની ઓળખ કરાવે.

ભાગવત પુરાણ 'ધર્મ'ના નવા 'સ્વરૂપ'ને ઓળખાવે છે, એ છે, નિષ્કામ ભાવથી ઈશ્વરની આરાધના- 'ઈશ્વર પ્રત્યે સંપૂર્ણ નિષ્ઠા.'

'ધર્મ' એ મનુષ્યજીવનનાં ચાર મૂલ્યો- પુરુષાર્થો- ધર્મ અર્થ, કર્મ અને મોક્ષમાંનો એક છે.

ભગવદ્‌ગીતામાં પુરુષની વ્યાખ્યા આપવામાં આવી છે-

(૧) વિવેકશીલ, સ્વતંત્ર, જવાબદાર વ્યક્તિ.

(૨) તેનાં કાર્યો 'પુરુષાર્થ' રૂપે થવાં જોઈએ.

- 'અર્થ' - અર્થાત્ ઉપયોગી (Conducive) અને વ્યક્તિગત અને વૈશ્વિક સ્તરે કલ્યાણકારી હોય (લોકસંગ્રહ) તેવાં કાર્ય.
- 'ધર્મ' - અર્થાત્ આપણા જીવનમાં જે સ્થિતિ હોય તદનુસાર આપણી ફરજો બજાવવી.
- 'કામ' - અર્થાત્ (દૈહિક સુખોપભોગ નહીં) પરંતુ જે આપણી શારીરિક અને માનસિક આવશ્યકતાઓને યોગ્ય રીતે સંતોષે તેવાં કાર્ય.

ઉપરોક્ત ત્રણ પુરુષાર્થો જાગતિક મૂલ્યો પ્રદર્શિત કરે છે જે પારલૌકિક મૂલ્ય- **'મોક્ષ'** તરફ લઈ જાય છે.

આ પરિણામ પામવા માટે આપણે નીચેની બાબતો ધ્યાનમાં લેવી જોઈએ.

(૧) 'ધર્મ'ને વ્યક્તિગત મૂલ્યના સ્વરૂપે સ્વીકારવો જોઈએ. પ્રત્યેક વ્યક્તિ ઈશ્વર સાથે વ્યક્તિગત સંબંધ સ્થાપિત કરે છે અને ઈશ્વરાનુભૂતિ કરે છે.

(૨) માનવીય આવશ્યકતાનુસાર સામાજિક સ્તરે એક સંપ્રદાયના રૂપે ધર્મને આયોજિત કરવો જોઈએ.

૨. 'માનવ' એક ધાર્મિક વ્યક્તિ - (Human Being as a Religious

Being)

બાઈબલ કહે છે - ઈશ્વરની પ્રતિકૃતિમાં માનવસર્જન.

ઉપનિષદ કહે છે - માનવ સ્વભાવગત દિવ્ય છે અને તેને સ્વાનુભૂતિ કરવી આવશ્યક છે.

તેથી 'ધર્મ' પરમ તત્ત્વ ઈશ્વર સાથેના સંબંધનો સંકેત કરે છે, જેમાં અનેકાનેક દિવ્ય ગુણો છે અને વિવિધ નામથી સંબોધાય છે- જેવા કે બ્રહ્મ, પરમાત્મા, ભગવાન, God વગેરે.

પ્રાર્થના કરવી (To pray)- એટલે પરમ તત્ત્વ સાથે વ્યવહાર કરવો, (To deal with God) એ મનુષ્ય માટે એક સ્વાભાવિક પ્રક્રિયા છે. આ સર્વ બાબતોમાં પ્રાચીન સભ્યતાઓની હકીકત રહેલી છે. ઈશ્વરને નકારવું, તે માનવ પ્રકૃતિની વિરુદ્ધ છે.

૩. 'ધર્મ' અને 'પુરાણ' વચ્ચે તફાવત (Difference between Religion and Mythology)

'ધર્મ' (Religion) અને 'પુરાણ' (Mythology) વચ્ચેનું તારતમ્ય સમજવું આવશ્યક છે. એ સાચું છે કે ઈશ્વર આપણાથી અજાણ્યો (unknown) છે, કારણ કે તે આનુભાવિક જ્ઞાનથી પર છે. હવે જે પૌરાણિક કથાઓમાં ઈશ્વરનાં વિશિષ્ટ રૂપ, વસ્ત્ર, ઘરેણાં વગેરેનું વર્ણન કરવામાં આવે છે તે રૂપક તરીકે અથવા અલંકારિક ભાષામાં કહેવાની શૈલી છે, જેનાથી મનુષ્યને માટે સમજવું આસાન બને છે. આપણે ઇન્દ્રિયો દ્વારા અનુભવ કરીએ છીએ, જ્યારે ઈશ્વર ઇન્દ્રિયાતીત છે. જોકે ઈશ્વર માનવદેહ ધારણ કરે છે જેને **'અવતાર'** કહેવાય છે. ખ્રિસ્તી ધર્મમાં **'જિસસ ક્રાઈસ્ટ'** એ ઈશ્વરનો આવો એક અવતાર જ હતો.

ઈશ્વર એ આ વિશ્વનું કેન્દ્રબિન્દુ છે, ઇતિહાસનો વિભુ છે, તે માનવી સ્વતંત્રતાને માન આપીને વિશ્વનું સંચાલન કરે છે.

(God is the centre of the universe, He is the Lord of History. He rules the world but respects human freedom too.)

૪. પાપની સમસ્યા (Problem of Sin)

પાપ 'ઈશ્વર કેન્દ્રીયત્વ'માંથી 'મનુષ્ય કેન્દ્રીયત્વ' તરફ વળવાનો સંકેત છે, (moving from- GOD-CENTRISM to MAN-CENTRISM). એવી

માન્યતા છે કે 'ઈશ્વર મૃત્યુ પામ્યો છે અને મનુષ્ય ઈશ્વર છે' એનો તે નિર્દેશ કરે છે. અહીં મુખ્ય સમસ્યા સારાઈ અને બુરાઈ (Good and Evil) વચ્ચેનો ટકરાવ છે. પાપ (Sin) ઈશ્વરના નકારનું સૂચક છે. (In christianitry doctrine of original sin leaves a tendancey in every man towards Sin)

૫. સ્વસ્થ અને અસ્વસ્થ ધર્મનિરપેક્ષતા- (Healthy and unhealthy secularisam)

ઓગણસમી સદીમાં પાશ્ચાત્ય વિચારો જેવા કે કાર્લ માર્ક્સ દ્વારા અપાયેલાં આર્થિક કારણો; ડાર્વિન, જેણે પરમોચ્ચ બૌદ્ધિક તત્ત્વ વગર ઉત્ક્રાંતિ (evolution without supreme intelligence) નો સિદ્ધાંત આપ્યો. ફ્રોઈડ, જેના દ્વારા ઈશ્વરના અસ્તિત્વ વગર જીવનની પ્રક્રિયા સમજાવવાના પ્રયાસ થયા હતા વગેરે વિચારો એ આ એક ધર્મ નિર્પેક્ષતાના સંદર્ભમાં ગંભીર અને પાયાગત પ્રક્રિયા હતી.

ધર્મનિરપેક્ષતા- Secularism શબ્દ 'Saeculum' પરથી આવ્યો છે. (Secular, secularity- the manner of being proper to the secular or this- worldly rightful autonomy), secularism (rejection of the sacred) વગેરે અર્થમાં છે. કેવલ આ ભૌતિક જગતનું જ અસ્તિત્વ છે. ('Only this world' exists.) એવો અભિગમ અહીં રહેલો છે.

(૧) તેનાથી સનાતન કે શાશ્વતને બદલે ક્ષણિકતાનો નિર્દેશ થાય છે.

(૨) 'Secular' અને 'sacred' બે વચ્ચેનો તફાવત એ છે કે પ્રથમ બીજા શબ્દ (Sacred) થી ગૌણ છે.

પહેલાં, સત્તરમી સદીમાં 'Deism' અર્થાત્ 'કેવલેશ્વરવાદ' અથવા 'તટસ્થેશ્વરવાદ' સ્વીકૃત બન્યો હતો, જે વિધાતાને નકારવાનો સિદ્ધાંત હતો. (Doctrine that denies Providence). ઈશ્વર મુખ્ય સર્જક છે અને ભાગ્ય જેવું કંઈ નથી એમ માનવામાં આવતું. આનાથી 'ધર્મનિર્પેક્ષતા'નો રસ્તો સાફ થઈ ગયો.

(Man is alone. It paved the way to secularism: the enclosing of human mind itself, rejecting all transcendence. Therefore created things do not depend on God. "WITHOUT THE CREATOR, THE CREATURE DISAPPEARS." God speaks in nature. Thus, when God is forgotten, the creator itself becomes unintelligible.)

મહત્ત્વની વાત એ છે કે ઈશ્વર, માનવ અને વિશ્વને યથાસ્થાને મૂકવા જોઈએ.

'માનવ' એ વ્યક્તિ છે, તે પોતાનો વિકાસ કરે છે: 'હું' (I) અર્થાત્ જે ગતિશીલ વ્યક્તિત્વ છે તે.

(૧) બીજા મનુષ્યના સંદર્ભમાં મનુષ્ય આપસમાં વહેંચીને વિકાસ પામે છે (અથવા અહં અને સ્વાર્થમાં પડે છે)

(૨) વિશ્વના સંદર્ભમાં મનુષ્ય વિશ્વને જીતે છે (અથવા અભિમાનની લાલચમાં પડે છે)

(In relation with others, man grows by sharing or falls into egoism, selfishness AND in relation with the world, man conquers the world or fall in temptation of pride.)

તેથી ભૌતિકવાદ (Materialism) અથવા નાસ્તિકવાદ (Atheism) નો ભય રહે છે.

(૧) સૈદ્ધાંતિક દૃષ્ટિએ - 'Marxism' આધ્યાત્મિક સાતત્યને નકારે છે

અને (૨) વ્યવહારિક રીતે સુખ (Happiness) - આનંદ (Pleasure)- No pain- સુખોપભોગ (hedonism), ઈત્યાદિ ભૌતિકવાદના મૂળમાં રહેલ છે.

૬. ભારતમાં આજની સ્થિતિ (Present situation in India) : ભારતમાં તીવ્ર ગતિથી વિકાસ થઈ રહ્યો છે. સાંસ્કૃતિક ફેરફાર (cultural change), આર્થિક સમૃદ્ધિ (economic power) અને ઉપભોગ અથવા ખપત (consumption)- એ ત્રણે દૃષ્ટિકોણથી પ્રગતિ અદ્‌ભુત છે, પરંતુ 'ઈશ્વર'ના અભાવમાં એ ભૂલ છે, અજ્ઞાન છે. જો ભૌતિક પ્રગતિને સર્વશક્તિમાન હોવાનું ધારી લેવામાં આવે તો એ મહાદુખનું કારણ બની શકે છે.

(Progress is wonderful, but without God it is a mistake, it is ignorance If progress fosters belief of being all powerful, it becomes a source of anguish.)

ઓગણસીમી સદીમાં પાશ્ચાત્ય જગતે વિજ્ઞાનની શક્તિનો પરચો મેળવ્યો. (Called Positivism) એવું માનવામાં આવ્યું કે મનુષ્ય કેવળ ભૌતિક પદાર્થોથી સુખી બની શકે છે. પરંતુ બીજા વિશ્વયુદ્ધ અને તેનાથી થનારા વિધ્વંશ દ્વારા આ માન્યતાનો ઉચ્છેદ થઈ ગયો. શૂન્યવાદ- NIHILISM અને અસ્તિત્વવાદ EXISTENTIALISM (Saltre) દ્વારા સ્પષ્ટ થયું કે 'મારા વિચારોનો મૂળ સ્રોત મહાદુખ છે, હું અસ્તિત્વવિહીન (nothigness) છું અને અસ્તિત્વવિહીન દશામાં પાછો ફરું છું.'

આથી પ્રગતિ, ભૌતિક વિકાસ એ સ્વાનુભૂતિ આત્મસાક્ષાત્કાર (Self-realization) માટે સાધનરૂપ છે. તેમાં વિશિષ્ટ હેતુ વગરનું મનુષ્યનું કાર્ય (નિષ્કામ કર્મ) મહત્ત્વનું છે.

૭. ધર્મ વિશે આધુનિક પડકાર કયા છે? (Which are the modren challanges of religion?)

- **પાપ (Sin)** : પાપની સચ્ચાઈનો ઇનકાર, પાપ પ્રત્યે ઉપેક્ષિત રહેવું.
- Dichotomy between Spiritual material values. બન્નેને આપસમાં વણી લેવું (to integrate them). પ્રગતિ એ સારી વાત છે, પરંતુ એ સાંકળની માફક બાંધે છે.
- કર્મકાંડનું ભક્તિ સાથે સામંજસ્ય સાધવું.
- આવેગાત્મકતા અને લાગણીશીલતા કે સંવેદનશીલતાને ટાળવાં. લાગણી અને બુદ્ધિ વચ્ચે હંમેશાં ટકરાવ થાય છે. તેને નિયંત્રણમાં રાખવાં. ધર્મ એ લાગણી અને બુદ્ધિ વચ્ચે સમતોલપણાની અપેક્ષા રાખે છે. ઈશ્વર પ્રત્યેની ભક્તિ કેવળ લાગણી પ્રાધાન ન હોવી જોઈએ. (Devotion to God should not depend only on feelings).
- ધર્મ, જે તેને ટેકો આપે તેવી સભ્યતા પર નિર્ભર કરે છે. જીવનનાં મૂલ્યો, કુટુંબ મૂલ્યો, શિક્ષણ ઇત્યાદિ મહત્ત્વનાં છે.
- ભૌતિક શક્તિ અને આધ્યાત્મિક શક્તિ વચ્ચે સ્વસ્થ આંતરિક સંબંધ- ધર્મ અને સમાજ, સ્વાયત્તતા અને નિર્ભરતા, તેનું સમતોલપણું આવશ્યક છે. ન ઈશ્વરવિહીન સમાજ હોવો જોઈએ, ન અસહિષ્ણુ સમાજ. બન્ને પ્રકારની

શક્તિનું દૃષ્ટિબિન્દુ 'માનવજાતિનું કલ્યાણ' હોવું જોઈએ.

૮. ઉપસંહાર **(Final assesment)**

મૂલ્યવિહીન સમાજ એ વ્યક્તિવિરોધી હોય છે. "Devil" comes "diabolos." તે વિભક્ત કરનાર હોય છે. તેનું લક્ષ્ય અલગ-અલગ કરવાનું હોય છે, પરંતુ માનવમનનો ઝોક એકતા (unity)માં હોય છે. મનુષ્ય સાતત્ય- સચ્ચાઈ તરફ વળે છે. By knowing the world of sensible realities, we reach the world of suprasensible realities.

૪

આંતરધર્મીય સંવાદ

(Inter Religious Dialoge)

(ગો. ૧૦૮ શ્રી શ્યામ મનોહરજી મહારાજશ્રીના પ્રવચનના આધારે)

બ્રહ્મ વિરૂદ્ધધર્માશ્રયી છે એટલે કે તેમાં Contradictory attributes રહેલા છે. બ્રહ્મમાં એકબીજાથી વિરોધાભાસી ગુણો રહેલા છે, જે તત્ત્વોને એકબીજાથી નોખા- જુદા પાડી શકાતા નથી. બ્રહ્મમાં વિરૂદ્ધ ધર્માશ્રયીત્વ સંભવ છે માટે શ્રી મહાપ્રભુજી તેમના નિબંધગ્રંથના શાસ્ત્રાર્થ પ્રકરણમાં કહે છે- **"સર્વ વાદાનવસરં નાનાવાદાનુરોધિ તત્"** અર્થાત્ બ્રહ્મ કોઈપણ વાદનો વિષય નથી અને તે સર્વવાદને અનુસરે છે. આનું ઉદાહરણ આપણને 'કૃષ્ણ ચરિત્ર'માં મળે છે, જ્યારે શ્રી યશોદાજી કૃષ્ણને બાંધવા ગયા ત્યારે ઘરની બધી દોરી ટૂંકી પડી પણ જ્યારે પ્રભુએ વિચાર્યું કે હવે મારે બંધાવું છે ત્યારે તે બંધાઈ ગયા.

બ્રહ્મ પોતાને કોઈપણ ગુણોમાં પ્રગટ કરી શકે છે (Brahm can reveal Himself in any attributes). એવો કોઈ ગુણ નથી જે બ્રહ્મ ધારણ ન કરી શકે. જેમ દરિયાને સમજવો અઘરો છે પરંતુ તેનો આકાર- ગુણ ઈત્યાદી મુંબઈની ચોપાટી પર, જુહુ પર, એપોલો બંદર પર, કે મદ્રાસના મરીના બીચ પર ઈત્યાદી ક્યાંય પર તેનો આધાર લઈ બધે દરિયાને સમજી શકાય. આમ કોઈ એક પણ ગુણ (attribute)થી બ્રહ્મને સમજી શકાય.

શ્રી મહાપ્રભુજી કહે છે કે જેટલી પણ ફીલોસોફી છે, તે બધાથી બ્રહ્મને બાંધી શકાશે નહીં. પણ કોઈ પણ એક વાદથી તેને સમજી શકાય. બધા જ વાદોને તે અનુસરી શકે છે. (He can cope-up any philosophy). શ્રી વલ્લભાચાર્યે આપણને વિરૂદ્ધધર્માશ્રયની એ રીતે વ્યાખ્યા આપી છે કે જુદા જુદા ધર્મની વ્યાખ્યા દ્વારા બ્રહ્મની એકરૂપતાને જાણી શકાય છે.

પ્રત્યેક ધર્મના માધ્યમથી બ્રહ્મને સમજી શકાય છે. વડોદરાના મ્યુઝીયમમાં એક ઘોડાનું ચિત્ર છે. તેને કોઈ પણ ખુણેથી જોતાં એમ લાગે કે તે આપણી તરફ દેખતો હોય. આમ બ્રહ્મ બધા વાદથી અલગ છે, છતાં અનેક વાદથી તેના

ગુણ કે સ્વરૂપ પ્રગટ થાય છે. તેમાં શ્રી મહાપ્રભુજીની પોતાની Philosophy લાગુ પડે છે. કોઇ પણ સિધ્ધાંત (theory)થી બ્રહ્મને સમજી શકાય એવી બ્રહ્મની લાક્ષણીકતા છે.

શ્રી મહાપ્રભુજી શા માટે કૃષ્ણ ભક્તિની વાત કરે છે? કારણ કે બ્રહ્મના જેટલા રૂપ પ્રગટ થયા છે તેમાં કૃષ્ણાવતારમાં તેમના રૂપ અનેક રીતે પ્રગટ થયા છે. કૃષ્ણના રૂપમાં વિરૂદ્ધધર્માશ્રયીતા સૌથી વધુ સ્પષ્ટ થાય છે.

ભક્તિની વ્યાખ્યામાં તેનું માહાત્મ્ય જ્ઞાન જાણવું એટલે કે તેની મહાનતા (Greatness) જાણવી આવશ્યક છે, એમ કહેવામાં આવ્યું છે. જે કાંઇ છે તે બ્રહ્મ જ છે તેના સિવાય અન્ય કશું જ નથી. આ જાણ્યા પછી પણ જો બ્રહ્મમાં પ્રેમ ન ઉપજે તો પોતે બ્રહ્મને ભજવું જોઇએ. જીવ એ બ્રહ્મનો અંશ છે. તે પુર્ણ રૂપેણ નથી. માટે બ્રહ્મનું માહાત્મ્ય જ્ઞાન હોવું તેને માટે આવશ્યક છે. બ્રહ્મનું માહાત્મ્ય- **'સર્વવાદાનવસર'** છે. આ તેનો એક ગુણ (Attribute) છે. બીજો ગુણ છે- **'નાનાવાદાનુરોધિ'**. જે રીતે બ્રહ્મને ભજવા માંગો તે સ્વરૂપે તેની પ્રેરણા (inspiration) મળી રહે છે. આમાં સ્નેહ પ્રગટ થાય છે. લૌકિકમાં આપણે સ્નેહ કરતાં હોઇએ છીએ પરંતુ જો આપણી અપેક્ષા પુરી ન થાય તો ધીરે ધીરે આપણો સ્નેહ ક્ષીણ થતો જાય છે. આ વાત પતિ-પત્ની, પિતા-પુત્ર ઇત્યાદી સર્વ પ્રકારના સંબંધોને લાગુ પડે છે. જો અપેક્ષા પૂરી થાય તો સ્નેહ વધે છે, અન્યથા તે ઘટે છે. જે માનસિકતા (Mental set-up)થી તમે ભગવાનમાં સ્નેહ રાખશો તે રીતે ભગવાન વિનિમય (Reciprocate) કરે છે.

ભક્તિની વ્યાખ્યા કરતાં શ્રી વલ્લભાચાર્યજી આવું સમીકરણ બતાવે છે- **માહાત્મ્ય જ્ઞાન + સ્નેહ = ભક્તિ.** મોટા માણસની મોટાઇને માણવી (Relish કરવી) જોઇએ. તેના મહાન હોવા વિશેના જ્ઞાનને માણવું જરૂરી નથી. બ્રહ્મના માહાત્મ જ્ઞાનને નહીં પરંતુ બ્રહ્મને માણવા (Relish કરવા) તે 'પુષ્ટિ ભક્તિ' છે.

આમાં ભયસ્થાન (Pit-Fall) પણ છે. કોઇપણ બે વ્યક્તિના આપસી સંબંધમાં જ્યાં સુધી અપેક્ષાની પૂર્તિ થતી હોય તો તે પોતાના માટે ગણી લે છે. દુનિયામાં કોઇ વસ્તુ કોઇ એકને માટે નથી. બન્ને એકબીજા માટે - આપસ માટે હોય છે. બધા સંબંધ પરસ્પર જોડાયેલા છે. ઉદાહરણ રૂપે જો કોઇ

માણસને વાઘનું બચ્ચું મળે અને તે તેને ઉછેરે તો તેની પાસે તે વાઘનું બચ્ચું શિકાર કરતાં શિખતું નથી. જ્યારે તેને જંગલમાં છોડી દેવામાં આવે ત્યારે તે હરણના બચ્ચાની પાછળ પડે છે, તેને પકડે પણ છે પરંતુ તે તેને કશું કરતો નથી, તેને મારતું નથી. હરણના બચ્ચાએ જોયું કે વાઘનું બચ્ચું તેને કશું કરતું નથી, એટલે તે હિંમત કરી વાઘના બચ્ચાને શીંગડું મારે તો વાઘનું બચ્ચું ડરીને ત્યાંથી જતું રહે છે.

કોઈ દેવી-દેવતાને આપણે ભજીએ અને જો આપણને તેનું ફળ ન મળે તો આપણો વિશ્વાસ ડગી જાય. બ્રહ્મ આપણી ભક્તિ (Devotion)માં બંધાઈ ન જાય પણ જો આપણે તેને બાંધવા માંગીએ તો બ્રહ્મ બંધાઈ પણ શકે. અહીં બ્રહ્મના માહાત્મ્ય જ્ઞાનને માણવાની (Relish કરવાની) આવશ્યકતા નથી પરંતુ બ્રહ્મને માણવાની વાત છે.

ભક્તિની Philosophyના જેટલા પણ પ્રકાર હોય તેમાં **'સર્વવાદાનવસર'** અને **'નાનાવાદાનુરોધિ'**થી તે પ્રગટ થાય છે. આપણે માનીએ છીએ કે કેવળ પુષ્ટિભક્તિથી જ પ્રભુ મળશે તો ભગવાન એમ તેનાથી બંધાતા નથી. તે સ્વતંત્ર છે. તે ભક્તિથી મળી શકે છે, પરંતુ કેવળ ભક્તિથી જ મળી શકે તે જરૂરી નથી. જેટલા પણ પ્રકાર બ્રહ્મને ભજવાના છે તેમાં તે જ્યારે ઇચ્છે ત્યારે તે મળી શકે, અન્યથા ન મળી શકે. માટે શ્રુતિ કહે છે- **'યમે વૈષ વૃણુતે તેન લભ્ય.'**

આ માટે જુદા જુદા વાદ સમજવાની આવશ્યકતા છે એ આનો ઉપસંહાર છે. 'Inter Religious Dialoge' વલ્લભવેદાંતના અભ્યાસક્રમમાં શા માટે ભણવું જરૂરી છે? ઉપરોક્ત હકીકતનો જો આપણે વિચાર કરીએ તો બધા ધર્મો સાથે સંવાદ- Dialogeની આવશ્યકતા જણાશે.

કોઈની ભક્તિ પરિપૂર્ણ- (Self-Sufficient) નથી. ભગવાન જેને જ્યારે મળવા માગે તેને અભક્તિથી પણ મળી શકે છે. તે કોઈનાથી બંધાતો નથી. પરંતુ ભગવાન મેળવવા ભક્તિ કરવાની શ્રી મહાપ્રભુજી આજ્ઞા કરે છે, એ આ 'Inter-Religious- Dialoge'નો પાયાનો પથ્થર (Foundation stone) છે. પુષ્ટિમાર્ગને શ્રી મહાપ્રભુજીના દષ્ટિકોણ (Spirit)માં સમજવું જોઇએ.

ધર્મના મુખ્ય અંગો

ધર્મના મુખ્ય અંગો આ પ્રકારે છે-

(૧) અનુભૂતિ : જેનામાં ધર્મ જાગૃત હોય તેને એક અનુભૂતિ થતી હોય છે. શરીર હોય પણ ભીતર આત્મા નથી હોતો. માટે પહેલી શર્ત છે- **'અનુભૂતિ'**. જીસસ ક્રાઇસ્ટને અનુભૂતિ થતી કે 'હું અને મારો પિતા એક જ છે.' મોહમ્મદ પયગંબરને થતું કે પોતાના સિવાય અન્ય કાંઇ જ નથી. બુધ્ધને અનુભૂતિ થતી કે બધું જ શૂન્ય છે. શ્રી મહાપ્રભુજીને અનુભૂતિ થતી કે બ્રહ્મ-પરમાત્મા શ્રી કૃષ્ણ- એક જ છે. દરેકની અનુભૂતિ એ વ્યક્તિગત બાબત (Personal Issue) છે, જેની એકબીજા સાથે વહેંચણી (Share) ન થઇ શકે પરંતુ તે કહી શકે. તેને માટે શબ્દોમાં તેનું વર્ણન થઇ શકે.

(૨) પ્રવર્તન-પ્રવર્તક : દરેકનો સ્વભાવ હોય છે કે પોતાને જે ગમે કે ન ગમે તે જો તે વર્ણવે નહીં (Express ન કરે) ત્યાં સુધી તેને સમજી શકાતું નથી. જે આપણને અનુભૂત થાય તેને Express કરવું જરૂરી છે. વૃક્ષો પણ Express કે Interact કરે છે. જેને અનુભૂતિ થાય તેને Share કરવાની ઇચ્છા તે ધરાવે છે. મોઝેસે જે અનુભવ કર્યો તે તેને 'Ten Commandments'માં વર્ણન કર્યું છે. તેણે કહ્યું કે 'મને આવો અનુભવ થયો.'

સિધ્ધાંત રહસ્ય ગ્રંથમાં **'શ્રાવણ શ્યામલે પક્ષે...'** શ્લોકમાં શ્રી મહાપ્રભુજી પોતાની અનુભૂતિ Share કરવા માંગે છે. આ 'પ્રવર્તન' છે. કોઇપણ પ્રાણી પોતાની અનુભૂતિ બીજા સાથે Share કરવા માંગે છે. પ્રત્યેક ધર્મમાં જે તે અનુભૂતિ થાય તેને તે Express કરવાની ઇચ્છા ધરાવે છે.

વાદ્ય વગાડનાર, ચિત્રકાર બધા જ પોતાની અનુભૂતિને Share કરવા માંગતા હોય છે. આ એક સહજ વૃત્તિ છે. જે પ્રવર્તન કરે તેને **'પ્રવર્તક'** કહેવાય. 'To share the experience' એ 'પ્રવર્તન' છે. આ પ્રકારે બધા ધર્મોની અનુભૂતિને પ્રવર્તન કરવું આવશ્યક છે.

(૩) પ્રચાર-પ્રચારક : કોઇપણ વસ્તુનું પ્રવર્તન થાય ત્યારે તેનો પ્રચાર થાય, અને જે પ્રચાર કરે તેને **'પ્રચારક'** કહેવાય. અનુભૂતિ પ્રવર્તનમાં Dillute થઇ શકે છે. એક સ્થળેથી બીજા સ્થળ સુધી જે સ્વાભાવિક રીતે કહેવાય તે 'સ્વાભાવિક પ્રચાર' છે. પરંતુ ક્યારેક અસ્વાભાવિક પ્રચાર પણ થાય છે. પ્રચારના Level પર ઘણી વાતો અપભ્રંશ થઇ જાય છે. મૂળ અનુભૂતિ-Dillute, Divert કે Derail પણ થઇ જાય છે, એ હકીકત છે.

(૪) **ધર્માનુયાયી :** જે ધર્મને અનુસરે તેને **ધર્માનુયાયી** કહેવાય. તેને માટે ધર્મનિષ્ઠા હોવી આવશ્યક છે. (Followers of a Religion should have commitment of that Religion). આપણે શ્રી વલ્લભાચાર્યજીના અનુયાયી છીએ તો શ્રી વલ્લભાચાર્યજીના ઉપદેશમાં આપણી નિષ્ઠા (આપણું Commitment) હોવી જરૂરી ગણાય. વાસ્તવમાં નિષ્ઠા છે કે અન્યથા, અર્થાત્ આપણી ધર્મનિષ્ઠા વ્યક્તિગત (Individual) કે સામુદાયીક (Group)ની પણ હોઈ શકે. પરંતુ ધર્મ પ્રત્યે સાચી નિષ્ઠા હોવી અત્યંત આવશ્યક છે.

ધર્મનિષ્ઠા - (Commitment) એ ધાર્મિક સંવાદ (Inter Religious Dialouge) માં મહત્ત્વનો ભાગ (Prominent Roll) ભજવે છે.

ઉપરોક્ત ચાર મુદ્દા (Factors) ના કારણે 'Inter Religious Dialouge'માં સમસ્યા ઊભી થતી હોય છે.



ધર્મ-મૂળમાં અનુભૂતિ છે. એ અનુભૂતિને Share ન કરી શકાય પણ એના Expressionsને Share કરી શકાય. દરેક વ્યક્તિમાં Self Awarness હોય છે. તેને 'અહં' કહેવાય છે, જે વ્યક્તિના ભીતર રહેલો હોય છે. જે માંસાહારી હોય તેને બકરા કે મરઘા કપાતાં હોય તેની કોઈ અનુભૂતિ ન થઈ શકે. વ્યકિતની બહાર તેનો 'Surrounding' - 'પરિવેશ' હોય છે.

અનુભૂતિમાં (૧) સ્વીકૃતિ અને (૨) આચરણ એ બન્ને હોય છે. આપણે જોવું જોઈએ કે જે અનુભૂતિ થાય છે તેને આપણે સ્વીકારી શકીએ છીએ કે નહીં અને તે અનુભૂતિ મુજબનું આચરણ આપણે કરી શકીએ કે નહીં. ક્યારેક આપણે સ્વીકૃતિ કરીએ પરંતુ તે મુજબ આચરણ ન પણ કરતાં હોઈએ. 'સ્વીકૃતિ' એટલે 'શ્રધ્ધા' (To accept), અને 'અનુભૂતિ' એટલે 'વિશ્વાસ'.

વિશ્વાસના કારણે આસ્થા અથવા નિષ્ઠા જાગે છે જેથી તેનું આચરણ થઈ શકે. આમ આપણે જે અનુભવ્યું હોય તો આપણને તેનો વિશ્વાસ આવે. જો વિશ્વાસ હોય તો જ તેના આચરણ સાથે નિષ્ઠા કે આસ્થા જાગી શકે છે. શિખ એટલે 'શિષ્ય' - શીખ આપવી એટલે 'શિષ્ય બનાવવા' એમ કહેવાય.

ઉપરોક્ત પ્રક્રિયા એ **'અહં'** સાથે લાગતી વળગતી સમસ્યા છે. તદનુસાર

તે પરિવેશમાં પરિણમવી પણ આવશ્યક છે.

શ્રધ્ધા-વિશ્વાસ અથવા સ્વીકૃતિ, અનુભૂતિમાં પરિણીત થઇ શકે. આપણી અંદરની શ્રધ્ધા-વિશ્વાસ છે તેને પરિવેશ (Surrending)માં સ્વીકૃત કરવું જરૂરી છે. તેની સભાનતા હોવી જરૂરી છે. જેને તમે નથી સ્વીકારતાં તેને કઇ રીતે પરિવેશમાં મુકશો?

ઉદાહરણ રૂપે 'મૂર્તિ પૂજા'. તે એકને માટે પુણ્ય છે જ્યારે બીજાને માટે પાપ. હિન્દુધર્મમાં મૂર્તિ પૂજા માન્ય છે જ્યારે ઇસ્લામમાં તે વર્જિત છે. માટે પ્રત્યેકે બીજા સાથે અસંમત થવા માટે સંમતિ દર્શાવવી આવશ્યક ગણાય. (To agree to disagree with one another).

આ પ્રકારની સમસ્યાઓ એકબીજાના ધાર્મિક સંવાદમાં ઊભી થતી હોય છે. એકબીજામાં જે વિરોધાભાસી હોય તેના કારણે પ્રત્યેકમાં અલગ-અલગ શ્રધ્ધા-વિશ્વાસ અને નિષ્ઠા પેદા થતી હોય છે. જે દેખાય છે તેમાં શ્રધ્ધા રાખવી - વિશ્વાસ ધરાવવો અને નિષ્ઠા ધરાવવી જોઇએ. એકબીજાને accept કરવાની ભાવના હોવી અવશ્યક છે.

ધાર્મિક સંવાદ

જૈન ધર્મમાં 'સપ્તભંગી નય'નો સિધ્ધાંત અપનાવવામાં આવે છે. શ્રી મહાપ્રભુજીના મતે 'સપ્તભંગી નય' નથી. તેમાં તાદાત્મ્ય છે. અર્થાત્ તે Open છે, કારણ કે શ્રી મહાપ્રભુજીમાં તાદાત્મ્ય છે. જેમ સાથે વાદ કરવામાં 'સપ્તભંગી નય'ને અપનાવવામાં આવે છે, પરંતુ શ્રી મહાપ્રભુજીના મતે અનેકાન્તવાદ યથાર્થ નથી.

ધર્મ પ્રભેદ

ધર્મના બે પ્રભેદ બતાવવામાં આવ્યા છે- (૧) રૂઢી અને (૨) વિદ્રોહ. આ એક અનુભૂતિના કે શ્રધ્ધા અથવા આચરણના પ્રભેદ (Variety) છે. મુસ્લિમ મસ્જિદમાં નમાજ પઢે છે. તે મસ્જિદને પૂજે છે કે અલ્લાહને નમાજ પઢે છે? આપણે પથ્થરમાં પણ કૃષ્ણને ભજીએ છીએ. હિન્દુ ધર્મમાં પથ્થરમાં દેવ જોવાની દૃષ્ટિ છે.

ધર્મની બાબતમાં કોઇ ધર્મ રૂઢીગત હોય છે તો કોઇ વિદ્રોહ (Revolt)ના કારણે પ્રકટ્યો હોય છે. રૂઢી બે પ્રકારની હોઇ શકે છે. (૧) વ્યક્તિની (૨)

સમુદાયની.

પહેલાના સમયમાં કેટલાક લોકો ધ્યાન કરતી વખતે બિલાડી રાખતા, જેનો ઉદ્દેશ્ય ઉંદરને ભગાડવાનો હતો. પરંતુ પછીથી તે રૂઢી બની ગઇ, અને ધ્યાન ધરતી વખતે બિલાડી રાખવાની પ્રથા પડી ગઇ. તેવી જ રીતે પ્રત્યેક સમુદાયની કોઇ રૂઢી હોય. જેમ માતા (ઓરી) નીકળે એટલે શીતળાદેવીના કારણે તે હોય છે એમ સામુહિક માન્યતા બની ગઇ છે. એ એક સામુહિક રૂઢી છે. રૂઢી બન્યા પછી તે ધર્મ નથી રહી જતો. રૂઢી 'વ્યક્તિગત' પણ હોય અને 'સમુદાય ગત' પણ હોઇ શકે છે.

પ્રાચીન વર્ણાશ્રમ વ્યવસ્થામાં એવું બંધારણ હતું કે ધર્મ કરાવવાનો અધિકાર બ્રાહ્મણને, ધર્મ કરવાનો વૈશ્ય, ક્ષત્રિયને, શુદ્ર અને સ્ત્રીને ધર્મનો અધિકાર જ ન હતો.

શુદ્રે જોયું કે અન્ય વર્ણો ધર્માચરણ નથી કરતાં તેથી દરેક વ્યક્તિએ પોતાના ધર્મનું આચરણ કરવાનો અધિકાર હસ્તગત કરી લીધો. આમ વિદ્રોહના કારણે આ પરિસ્થિતિ ઉત્પન્ન થઇ.

આપસી સંવાદના અભાવમાં ઝઘડા થઇ શકે છે. સંવાદ હશે તો આવી સમસ્યાનો ઉકેલ આવી શકે. આંતરધર્મીય સંવાદ (Inter Religious Dialoge) કોઇ સમસ્યાનો ઉકેલ થઇ શકે નહીં. બુધ્ધિનો ધાર્મિક કે ધર્મનો બૌધ્ધિક ઉપયોગ કરાય, એ વિચારવા જેવી બાબત છે. ધર્મ માણસ માટે કે માણસ ધર્મ માટે? (Is religione for Mankind or Man is for Religion) તે વિચારવું જોઇએ. ધર્મ માટે વિવેકપૂર્ણ ખુલાસો હોવો જરૂરી છે. (We should have rational justification of Religion).

ભગવાન સાથે વાત કરીએ તે ધર્મ છે અને ભગવાન આપણી સાથે વાત કરે તેને 'Syzophonia' કહેવાય. અનુભવની વાત આવે ત્યારે Rational Thinking જરૂરી છે.

◆

૫

સૌંદર્યશાસ્ત્ર - રસશાસ્ત્રનો આધ્યાત્મિક દૃષ્ટિકોણ

(Aesthetics and Spirituality)

૧. ભૂમિકા

ભારતીય સૌંદર્યદર્શનનો મુખ્ય આધાર કાવ્યશાસ્ત્ર છે. તેમાં પણ વિશેષતઃ આનંદવાદી આગમ ગ્રંથોમાં, આત્મતત્ત્વની વ્યાખ્યા અંતર્ગત સૌંદર્યની અનુભૂતિ વિષયક અનેક ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. આમ છતાં કાવ્યશાસ્ત્રમાં સૌંદર્યનું સ્વરૂપ અને તેનો આસ્વાદ પૂર્ણતયા માણવા મળે છે. આધુનિક મનોવિજ્ઞાનની દૃષ્ટિથી સૌંદર્ય-ચેતના એ એક મિશ્રવૃત્તિ છે, જેમાં બે મુખ્ય તત્ત્વ અસ્તિત્વ ધરાવે છે. (૧) **પ્રીતિ** એટલે કે આનંદ અને (૨) **વિસ્મય**- આશ્ચર્ય. સૌંદર્યના આસ્વાદમાં રહેલા પ્રીતિ અર્થાત્ આનંદ તત્ત્વનો- પ્રમુખતઃ રસસિદ્ધાંતમાં વિકાસ થયેલો છે.

'રસ' શબ્દના સામાન્ય અર્થોમાં પદાર્થોમાંથી પ્રાપ્ત થતા વિવિધ રસો- ખાટો-ખારો ઇત્યાદિ, આયુર્વેદમાં વર્ણિત રસસમૂહ, સાહિત્યમાંથી પ્રાપ્ત થતી વિવિધ પ્રકારની રસાનુભૂતિ અને આધ્યાત્મિક દૃષ્ટિકોણથી મોક્ષ અથવા 'ભક્તિરસ' સમાવિષ્ટ થાય છે. પદાર્થ રસ 'આસ્વાદપ્રધાન' હોય છે તો આયુર્વેદના રસ 'શક્તિપ્રધાન' હોયછે. સાહિત્ય રસ 'કાવ્યાનંદની વિવિધ પ્રકારની અનુભૂતિ' છે તો ભક્તિરસ **'બ્રહ્માનંદ'** અથવા **'આત્માનંદ'** વાચક છે.

રસની ભૌતિક વ્યાખ્યા તૈતરીય ઉપનિષદમાં આ રીતે મળે છે.

"ઔષધીભ્યોઽન્નમ્. અન્નાદ્રેતઃ, રતસઃ પુરુષઃ સ વા એષ પુરુષોઽન્ન રસમયઃ"

અર્થાત્- ઔષધિથી અન્ન, અન્નથી વીર્ય, વીર્યથી પુરુષ એટલે કે શરીર ઉત્પન્ન થયું. આ શરીર અન્નરસમય છે એટલે કે અન્નરસથી બન્યું છે.

'બાહ્ય દૃષ્ટિથી રસના (જીભ) ઇન્દ્રિયના વિષયનું નામ 'રસ' છે જ્યારે તત્ત્વદૃષ્ટિથી 'રસ' તન્માત્રા છે, જે શબ્દનો ગુણ, દ્રવ્ય ઇત્યાદિ નામે સાંખ્ય, વૈશેષિક ઇત્યાદિ દર્શનોમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. કઠોપનિષદમાં ઉલ્લેખ

મળે છે-

"યેન રૂપં રસં ગન્ધં શબ્દાનસ્પર્શાષશ્ય મૈથુનાન,
એતેનૈવ વિજાનાતિ કિમત્ર પરિશિષ્યતે એત દ્વૈતત્"

અર્થાત્ રૂપ, રસ, ગંધ, શબ્દ, સ્પર્શ અને મૈથુનનું જ્ઞાન અથવા અનુભવ આ આત્માને કારણે થાય છે. જો તે ન રહે તો પછી બાકી શું બચે?

આ બાહ્ય દૃષ્ટિકોણથી આગળ વધી છાંદોગ્ય ઉપનિષદ કહે છે-

"મનોમયઃ પ્રાણ શરીરો ભારુપ, સત્ય સંકલ્પ આકાશાત્મા સર્વકર્મા સર્વકામઃ સર્વ ગંધઃ સર્વરૂપઃ...."

અર્થાત્ તે બ્રહ્મજ્યોતિ મનોમય છે, પ્રાણ શરીર છે, પ્રકાશરૂપ છે, સત્ય સંકલ્પ છે, આકાશ તેનો આત્મા છે, તે સર્વ કર્મ-સમર્થ છે, પૂર્ણકામ છે, સર્વ ગંધ છે અને સર્વ રસ છે...'

અહીં 'રસ' તેના ભૌતિક અર્થની સીમાથી આગળ વધી આધ્યાત્મિક રૂપ ધારણ કરે છે, માટે જ અહીં 'સર્વરસ'નો ઉલ્લેખ કરાયો છે.

વળી, તૈત્તિરીય ઉપનિષદ તો બ્રહ્મના સ્વરૂપનું વર્ણન કરતાં સ્પષ્ટતયા કહે છે-

"રસો વૈસઃ રસં હ્યેવાયં લબ્ધ્વાઽનન્વી ભવતિ"

અર્થાત્- તે રસરૂપ છે, માટે જ રસની પ્રાપ્તિ દ્વારા, જ્યાં પણ રસ મળે છે ત્યાં તેને પ્રાપ્ત કરી મનુષ્ય આનંદમગ્ન થઈ જાય છે.

આમ 'રસ' શબ્દનો અર્થ સ્થૂળ રૂપમાં ન રહેતા આધ્યાત્મિક ચેતના સુધી વિસ્તરેલો છે. માટે જ 'રસ'ની અનુભૂતિ અલૌકિક આનંદ પ્રાપ્ત કરાવનારી બની રહે છે. તે આધ્યાત્મિક સંવેદનાનો અનુભવ કરાવે છે તેમ જ આધિદૈવિક સ્તર સુધી ઊર્ધ્વગામી બની રહે છે. કદાચ એટલા માટે જ ભારતીય આધ્યાત્મિક વિચારધારામાં **'સત્યમ્-શિવમ્-સુંદરમ્'**ની પરિકલ્પના અસ્તિત્વ ધરાવે છે. એ બતાવવા કે 'સત્યમ્' જે પરમસત્ય (Ultimate reality) છે તે સૌંદર્યયુક્ત-રસાત્મક હોઈ પરમ કલ્યાણકારી છે.

૨. 'રસ'ની વ્યાખ્યા

'રસ'નો સાદો અર્થ થાય 'આસ્વાદ'. શબ્દ વ્યુત્પત્તિની દૃષ્ટિએ તેનો વાસ્તવિક અર્થ છે આસ્વાદ અર્થાત્ અનુભૂતિ નહીં, પરંતુ 'અનુભૂતિનો વિષય', જેને માણી શકાય (To experience the taste of something). આ શબ્દનો પ્રયોગ

પ્રાચીન કાળથી થતો રહ્યો છે. જેમ અગાઉ બતાવ્યું તેમ ઉપનિષદોમાં તે જોવા મળે છે. પરંતુ સાહિત્ય, કાવ્યશાસ્ત્ર ઇત્યાદિમાં તેનો પ્રયોગ સર્વાધિકપણે જોવા મળે છે. વિશેષતઃ કાવ્યશાસ્ત્રમાં તો એનો ઉપયોગ પ્રચુર માત્રામાં (predominently) થતો જોવા મળે છે. કાવ્યશાસ્ત્રમાં રસની અનુભૂતિ સવિશિષ્ટ થાય છે, ચાહે પછી કોઈ કાવ્યનું પઠન કરે કે શ્રવણ કરે. કોઈ કોઈ વસ્તુનું દર્શન કરે ત્યારે તે કરનાર વ્યક્તિના હૃદયમાં એક પ્રકારનો આનંદઉલ્લાસ (pleasure) પ્રગટ થાય છે જે અવર્ણનીય (Indiscribable) હોય છે. તે આનંદનું વર્ણન કરવું શક્ય હોતું નથી અને તેથી તેને **'અલૌકિક'** કહેવાય છે. આ પ્રકારનો આનંદ બ્રહ્માનંદનો સહોદર અર્થાત્ બરાબરનો હોય છે. જ્યારે આપણે ગાઢ સુષુપ્તિની અવસ્થામાં હોઈએ છીએ ત્યારે બાહ્ય દુનિયા સાથે આપણો સંપર્ક કે સંબંધ રહેતો નથી, પરંતુ જ્યારે આપણે જાગૃત થઈએ ત્યારે બ્રહ્માનુભવનો ભાવ આપણા હૃદયમાં પ્રગટે છે, જે યોગીઓને સમાધિમાં થતા અનુભવને મળતો હોય છે. આ અનુભૂતિને જ **'રસ'** તરીકે સંબોધવામાં આવે છે.

ભરતમુનિ રસશાસ્ત્રના પ્રણેતા ગણાય છે, જેમણે 'રસ'ની પરિભાષા આ રીતે કરી છે-

'વિભાવાનુભાવ વ્યભિચારી સંયોગાત્ રસનિષ્પત્તિ'

અર્થાત્- વિભાવ + અનુભાવ + વ્યભિચારી, એ ત્રણેયના સંયોગથી રસ ઉત્પન્ન થાય છે. કાવ્યશાસ્ત્રમાં રસનું સ્થાન પ્રાણ છે. જેવું સ્થાન શરીરમાં પ્રાણનું છે તેવું સ્થાન કાવ્યશાસ્ત્રમાં રસનું છે. કાવ્યશાસ્ત્રની કોઈ પ્રવૃત્તિ (activity) 'રસ' વગર સંભવી શકતી નથી. જેમ પ્રાણ વગર જીવી ન શકાય તેમ 'રસ' વગર કાવ્યશાસ્ત્રની રચના થઈ શકે નહીં. સંસ્કૃત કાવ્યશાસ્ત્રમાં રસ શબ્દનો સામાન્ય **'કાવ્યસૌંદર્ય'**ના અર્થમાં પણ પ્રયોગ કરાતો જોવા મળે છે, જેમ દંડીએ 'માધુર્ય ગુણવિવેચન'માં 'રસ'નો એ જ અર્થમાં પ્રયોગ કર્યો છે- **'મધુરં રસવદ્ વાચિ વસ્તુન્યપિ રસ સ્થિતિઃ'**

૩. રસની વ્યુત્પત્તિ અને પાશ્ચાત્ય દૃષ્ટિકોણ-

'રસ' શબ્દની વ્યુત્પત્તિ અનુસાર **'રસ્યતે ઈતિ રસઃ'** ભરતમુનિ ઉપરાંત અભિનવ તેમ જ મમ્મટે પણ 'રસ' શબ્દની પરિભાષા આપી છે. આ વિદ્વાનોના મતે 'રસ' શબ્દના ત્રણ અર્થ થાય :

૧. **ભાવમૂલક કાવ્યસૌંદર્ય** (ભાવની કલાત્મક અભિવ્યંજના)

૨. **ભાવમૂલક કાવ્યસૌંદર્યની અનુભૂતિ** અને

૩. **સામાન્ય કાવ્યસૌંદર્ય**- જે અર્થ શાસ્ત્રીય ન હોવા છતાં વ્યવહારિક છે.

પાશ્ચાત્ય કાવ્યશાસ્ત્રમાં પણ 'રસ'નો અર્થ કાવ્યાસ્વાદ છે. ત્યાં પ્રાચીન વિદ્વાનો કાવ્યાસ્વાદને આનંદરૂપ કહે છે. પ્લેટોએ આનંદનાં બે રૂપ માન્યાં છે. એક વિરુદ્ધ આનંદ જે આત્માના સામંજસ્યનું અનુભૂત્યાત્મક રૂપ છે, જ્યારે બીજું ભૌતિક આનંદ જે ઇન્દ્રિય સુખનો પર્યાય છે. એરિસ્ટોટલે પણ પોતાના ગ્રંથમાં કાવ્યાસ્વાદના પ્રસંગમાં આહ્‌લાદ (pleasure) શબ્દનો પ્રયોગ વારંવાર કર્યો છે. (Aristotle was principally desirous of contributing something towards a theory of art and accordingly propounds a theory of poetry, especially tragedy.) એરિસ્ટોટલ પછી પ્લેટો, પ્લોટીનસ અને લોંજાઈનસ, જે મુક્ત ભાવથી આનંદવાદી હતા તેમના અનુસાર કાવ્યનું પ્રાણતત્ત્વ ઔદાત્ય છે અને ઔદાત્યનાં મૂળ તત્ત્વોમાં આત્માના ઉલ્લાસનું પ્રમુખ સ્થાન છે. (They gave most attension to the ideas of beauty and sublimity, i.e. to the contents of the aesthetic judgements.) એ સિવાય વિક્ટર હ્યુગો, શિલર, કોલરિજ, વર્ડ્‌સવર્થ, શૈલ વગેરે વિદ્વાનો તો કાવ્યાસ્વાદને આહ્‌લાદરૂપ જ માને છે. જે વિદ્વાન લોકકલ્યાણને સાધ્ય માને છે અને નૈતિક તેમ જ સાંસ્કૃતિક મૂલ્યોમાં વિશ્વાસ ધરાવે છે, તેઓ ઉપરોક્ત કથનનો નિષેધ નથી કરતા પરંતુ તેમાંના અધિકાંશ- જેવા કે હોરેસ, બ્યુઅલો રેપિન, રસ્કિન, મેથ્યુ આર્નલ્ડ વગેરે આહ્‌લાદને સાધ્ય ન માનતાં સાધન માને છે.

ઉપરોક્ત વિદ્વાનોના વિવિધ મતાનુસાર નિષ્કર્ષ કાઢી શકાય કેઃ

૧. **રસ આનંદરૂપ છે.**

૨. **રસ સુખાત્મક તેમ જ દુઃખાત્મક છે.**

૩. **રસ ઉભયાત્મક છે એટલે કે તે દુઃખ તેમ જ મિશ્ર અનુભૂતિ છે.**

૪. **રસ ન 'સુખાત્મક' છે કે ન તે દુઃખાત્મક છે**- રસ દશા હૃદયની મુક્તાવસ્થાનું નામ છે જેમાં વ્યક્તિગત રાગદ્વેષ અને તેના પરિણામ સ્વરૂપ ઉત્પન્ન થતાં સુખ-દુઃખ સમાપ્ત થઈ જાય છે અને પરમ શાંતિની અનુભૂતિ થાય છે.

૫. **રસ (કાવ્યાસ્વાદ) એ સહજ અનુભૂતિ નથી** કારણ કે તેમાં અનેક પરસ્પર વિરોધી હોય તેવી અંતર્વૃત્તિઓનું સૂક્ષ્મ સંતુલન રહેલું હોય છે જેના કારણે તે અત્યંત વૈવિધ્યપૂર્ણ અનુભવ છે.

ભારતના બધા પ્રાચીન તેમ જ આધુનિક આચાર્યો તેમ જ પાશ્ચાત્ય જગતના અનેક વિદ્વાનો 'રસ'ને એક પ્રકારનો અલૌકિક આનંદ અથવા અનુભવ માને છે. ક્રોંચે, બર્નનલી, બ્રેડલે, બોસાન્કે, ક્લાઈવ બેલ વગેરે પાશ્ચાત્ય વિચારકોએ સૌંદર્યાનુભૂતિના વિશિષ્ટ સ્વરૂપની સુનિશ્ચિત પ્રકલ્પના કરતાં કહ્યું છે, 'સૌંદર્યની અનુભૂતિ વિલક્ષણ અને વિશિષ્ટ હોય છે.' તત્ત્વવેત્તા કાંટ અને હેગેલ આ વિશિષ્ટ અનુભવને આનંદરૂપ માને છે.

'કલાનું તત્ત્વજ્ઞાન' એ પ્રાચીન સમયથી આનુભાવિક (empirical) વિજ્ઞાન મનાતું હતું, પરંતુ 'aesthetics'ને લગભગ સને ૧૭૫૦ સુધી એક વ્યાપક સૈદ્ધાંતિક વિચારના રૂપમાં લેવાતું નહોતું, જ્યારે એલેકઝાંડર ગોટલીબ બૌમગાર્ટને (Alexander Gottlieb Baumgarten) પોતાનું 'Aesthetica' નામક પુસ્તક પ્રકાશિત કર્યું: તેમાં Aestheticsની ત્રણ બાબતોનો ઉલ્લેખ કરાયેલ છે:

(૧) એ ઇન્દ્રિયજન્ય જ્ઞાન (Sensible knowledge) નો કયો વિભાગ 'સુંદર' છે અર્થાત્ તેમાંથી સૌંદર્ય પ્રાપ્ત થાય છે એ સ્પષ્ટ થવું જોઈએ. Aestheticsના આ વિભાગને 'flewzistics' કહેવાય છે.

(૨) તેમાં એ બતાવવું જોઈએ કે એ સુંદર તત્ત્વોની કઈ ગોઠવણી જોવા લાયક સુંદર હોય છે. આને 'Methodology' કહે છે.

(૩) તેમાં એની સ્પષ્ટતા કરાવી જોઈએ કે કઈ રીતે સુંદર અને સુંદર રીતે ગોઠવેલાં તત્ત્વોમાં સૌંદર્ય પ્રગટ થાય છે. (flow the beautiful and beautifulle arranged elements may be beautifulle expressed). આ વિભાગને 'Semeiotics' કહેવાય છે.

કાન્ટ (kant)ને વૈજ્ઞાનિક સૌંદર્યશાસ્ત્ર (Scientific Aesthitics)નો પ્રણેતા માનવામાં આવે છે કારણ કે તેણે પોતાના પુસ્તક 'kritik der urtheilskraft' (1790) માં તેના પૂર્વ વિચારકોના વિરોધાભાસી દૃષ્ટિકોણનો સુમેળ સાધ્યો છે. તેણે તેમાં Aesthetics ને બે વિભાગમાં વહેંચ્યું છે.

(૧) સૌંદર્ય અને તેની પરાકાષ્ઠાનો સિદ્ધાંત (Theory of beauty and sublimity)

(૨) કલાના વૈશિષ્ટ્યનું અન્વેષણ અને Aesthetic વિભાગીકરણની પદ્ધતિ (Investigation of the nature of art and methods of aesthetic classification.)

હેગલ 'Aesthetics'ની વ્યાખ્યા કરતાં કહે છે કે તે કલાનું તત્ત્વજ્ઞાન (philosophy of art) છે, અને 'કલા' નિર્પેક્ષ મનની નિમ્નતમ વાસ્તવિકતાનું સ્વરૂપ છે (lowest form of reality of the absolute mind), જે કલા, ધર્મ અને તત્ત્વજ્ઞાનને પ્રગટ કરે છે. હેગલ કલાના ત્રણ પ્રકારોનો સ્વીકાર કરે છે- (૧) પ્રતીકાત્મક (symbolic), (૨) ઉત્તમ (classical), અને (૩) રોમાંચક (Romantic), as oriental, Greek અને Christian artમાં સ્થાપત્યશાસ્ત્ર (Architecture), ચિત્રકલા, સંગીત અને કાવ્યોમાં પ્રદર્શિત થાય છે.

શેલિંગ (schelling), શ્લેગલ (schlegel) અને શોપનહોવર (schopenhauer) કે જેઓ રોમેન્ટિક વિચારકો હતા, તેઓ સૌંદર્ય અને કલાના ઉપર વિશેષ ભાર મૂકે છે. શેલિંગ કહે છે કે સૃષ્ટિની પ્રત્યેક વસ્તુ- પ્રાણીમાત્ર, સર્જનાત્મક પ્રવૃત્તિ એ કલા છે, સૌંદર્યયુક્ત છે. શ્લેગલ પણ આ જ વિચારોનો પુરસ્કર્તા છે, જ્યારે શોપનહોવર 'state of aesthetic enjoyment' ને ભૌતિક અસ્તિત્વનું ઉચ્ચતમ રૂપ બતાવે છે, જેના દ્વારા દુઃખ અને ઇચ્છાઓને જીતી શકાય છે, જેનાથી માનસિક અશાંતિ અને સંઘર્ષનું નિવારણ કરી શકાય છે.

૪. આધ્યાત્મિક દૃષ્ટિકોણ

આધ્યાત્મિક દૃષ્ટિકોણથી વિચારવામાં આવે તો આનંદના સ્થૂલ ચાર ભેદ નીચે પ્રમાણે સમજી શકાય.



સ્પર્શનો આનંદ ઈન્દ્રિયને અનુભૂતિ કરાવનાર છે, આને ઉદાહરણથી સમજવું હોય તો કહી શકાય કે પ્રિયજનના સ્નેહનો આનંદ **'રાગાત્મક'** છે, શાસ્ત્રના કોઈ પ્રશ્નના સમાધાનનો આનંદ **'બૌદ્ધિક'** છે, અને આત્મતત્ત્વના સાક્ષાત્કારનો આનંદ **'આધ્યાત્મિક'** છે.

૫. 'ભાવ' અને તેના પ્રકાર

રસશાસ્ત્રમાં **'ભાવ'**નું વિવેચન સર્વપ્રથમ ભરતમુનિએ કરેલું છે. એ મુજબ ભાવ એટલે જે **'હોય'** છે અર્થાત્ જેની **'સ્થિતિ'** અથવા **'સત્તા'** છે તે. ભાવ શબ્દ કરવાના અર્થમાં એટલે કે વ્યાપ્ત કરવાના આશયથી પ્રયોગ થાય છે. કાવ્યશાસ્ત્રમાં ભાવોનો આશય એ તત્ત્વો છે જે કાવ્યાર્થને ચિત્તમાં વ્યાપ્ત કરે છે. વ્યુત્પત્તિના આધારે 'ભાવ'નું સામાન્યતઃ લક્ષણ છે : **'જે ચેતનાને વ્યાપ્ત કરે'**. ભાવને **'મનોવિકાર'** અથવા **'મનોયોગ'** પણ કહેવાય છે. રસશાસ્ત્રમાં ભાવના વિવિધ પ્રકાર બતાવવામાં આવ્યા છે. જેવા કે સ્થાયી ભાવ, સંચારી ભાવ, વિભાવ, અનુભાવ વગેરે.

(૧) સ્થાયી ભાવ

મનુષ્યના હૃદયમાં રહેલો મનોવિકાર- તેને **'સ્થાયી ભાવ'** કહેવાય છે. સ્થાયી ભાવ વાસનાના રૂપમાં પ્રત્યેક મનુષ્યના ચિત્તમાં વિદ્યમાન હોય છે. જીવનની મૂલ વૃત્તિઓથી સંબંધિત હોવાના કારણે સ્થાયી ભાવનો સંબંધ જીવનના ચાર પુરુષાર્થો - ધર્મ, અર્થ, કામ અને મોક્ષની સાથે સહજરૂપથી સ્થાપિત થાય છે. બીજી રીતે કહીએ તો સ્થાયી ભાવ એટલે માનવહૃદયનો 'મૂળ ભાવ'. તેના વગર કોઈ પણ મનુષ્ય બાકી ન હોઈ શકે. પ્રત્યેક મનુષ્યના હૃદયમાં સ્થાયી ભાવ રહેલો હોય છે, પછી તેને તે વિશેનું ભાન હોય કે ન હોય, પરંતુ તેનું અસ્તિત્વ ચોક્કસ છે.

આ સ્થાયી ભાવની સંખ્યા નવ બતાવવામાં આવેલ છે. (૧) રતિ અથવા કામ, (૨) હાસ્ય, (૩) શોક, (૪) શૌર્ય (ઉત્સાહ-ઉમંગ), (૫) ક્રોધ, (૬) ભય, (૭) જુગુપ્સા, (૮) વિસ્મય અને (૯) નિર્વેદ. આમ નવ પ્રકારના મનોભાવનું અસ્તિત્વ સર્વ કોઈના ચિત્તમાં- હૃદયમાં અવશ્ય હોય છે. આ 'ચિત્તમલ' (ચિત્તની અશુદ્ધિ) છે, જેને નિર્મૂળ કરવી, કાઢી નાખવી જરૂરી છે અને ત્યારે જ ચિત્ત શુદ્ધ થતાં ત્યાં આત્મા તેના પૂર્ણ સ્વરૂપે પ્રકાશિત થઈ શકે છે. આ નવ મનોવિકાર પ્રત્યેક મનુષ્યના હૃદયમાં કોઈ ને કોઈ પ્રકારે સ્થિત હોય છે.

(૨) સંચારી ભાવ

સંચારી ભાવ એ સ્થાયી ભાવથી વિપરીત છે. સ્થાયી ભાવ કાયમી હોય છે, જ્યારે 'સંચારી ભાવ' ક્ષણિક હોય છે; એ આવે અને જાય, કાયમ ટકે નહીં. એ ક્ષણભંગુર હોય છે, માટે તેની સરખામણી પાણીના પરપોટાની સાથે કરી શકાય જે ક્ષણવારમાં ઉત્પન્ન થાય અને પાછો વિસર્જિત થઈ જાય. એ સ્થાયી ભાવ સાથે જોડાયેલ છે, પરંતુ અસ્થાયી હોય છે. ઉદાહરણરૂપે જેમ એક છોકરો કોઈ છોકરીને ચાહતો હોય, પરંતુ જો તેનાં મા-બાપ તેના પ્રેમનો વિરોધ કરે તો તેનો પ્રેમ અથવા લાગણી ટકે નહીં. આને **'સંચારી ભાવ'** કહેવાય. તે સ્મશાનવૈરાગ્ય વત્ હોય. કોઈ સ્મશાનમાં જાય ત્યારે દેહની ક્ષણભંગુરતાના વિચારોથી તેનામાં વૈરાગ્ય ઉત્પન્ન થાય, પરંતુ સ્મશાનમાંથી પાછા ઘરે જતાં તેનો વૈરાગ્યનો ભાવ લુપ્ત થઈ જાય. આવા થોડો સમય ટકે તેવા ભાવને 'સંચારી ભાવ' કહેવાય છે.

આમ 'સ્થાયી ભાવ' એક સ્થિર મનોદશા છે, જ્યારે 'સંચારી ભાવ' અસ્થિર છે, જે કાયમ રહી શકતો નથી. કેવળ સ્થાયી ભાવ જ રસદશાને પ્રાપ્ત કરે છે, સંચારી ભાવ નહીં, કારણ કે પ્રત્યેક મનુષ્યના ચિત્તમાં વાસનારૂપે સ્થિત હોવાના કારણે સ્થાયી ભાવનું જ સાધારણીકરણ સંભવ હોય છે.

(૩) વિભાવ- આલંબન અને ઉદ્દીપન

સ્થાયી ભાવ મનુષ્યના હૃદયમાં સુષુપ્ત અવસ્થામાં રહેલો હોય છે. આ ભાવને જે જાગૃત કરે છે તેને 'વિભાવ' કહેવામાં આવે છે. વિભાવના બે પ્રકાર છે- **'આલંબન વિભાવ'** અને **'ઉદ્દીપન વિભાવ'**, જેના કારણે અર્થાત્ જેના આલંબનથી સ્થાયી ભાવ જાગે તેને 'આલંબન વિભાવ' કહેવાય. એટલે કે કોઈ એવું માધ્યમ, જેના દ્વારા હૃદયમાં રતિ, રોષ, હાસ્ય, શોક, ઉત્સાહ, ભય, વિસ્મય ઈત્યાદિ સ્થાયી ભાવ જાગૃત થાય એ **'આલંબન વિભાવ'** છે. પ્રત્યેક વ્યક્તિમાં આ નવ પ્રકારના સ્થાયી ભાવો સુષુપ્ત અવસ્થામાં રહેલા છે. ઉદાહરણરૂપે, જ્યારે કોઈ વ્યક્તિની સામે અચાનક વાઘ આવે તો તેને જોઈ તેનામાં 'ભય' ઉત્પન્ન થાય છે. અહીં વાઘને 'આલંબન વિભાવ' કહેવાય અને તે વ્યક્તિ પોતે તેનો 'આશ્રય' છે. જેનામાં આ ભીતિભાવ- ભયની લાગણી ઉત્પન્ન થાય તેને **'આશ્રય'** કહેવાય અને જેના વડે એ ભાવ ઉત્પન્ન થાય એને **'આલંબન'** કહેવાય. આલંબન કોઈ વસ્તુ કે વ્યક્તિ હોઈ શકે, જે મનુષ્યના હૃદયમાં સ્થિત સ્થાયી

ભાવને જાગૃત કરે છે.

'ઉદ્દીપન વિભાવ' એટલે હલબલાવવું (To stimulate or to stir up), એક એવું માધ્યમ જે સ્થાયી ભાવને ઉત્તેજિત કરે. તે એક ટેકારૂપે (supporting factor) કાર્ય કરે છે. વિશેષ રૂપે જાગૃત કરવું અથવા વધારે ઉત્તેજિત કરવું તેને **'ઉદ્દીપન'** કહેવાય છે. આમ આલંબન અને ઉદ્દીપન એ 'વિભાવ'ના પ્રકાર છે. ઉદાહરણરૂપે જ્યારે કોઈ સ્ત્રી તેના પતિનો ફોટો જુએ ત્યારે તેનામાં રતિભાવ ઉત્પન્ન થાય છે. જો તેનો પતિ મૃત્યુ પામે તો તેનામાં ફોટો જોવાથી 'શોકભાવ' જાગૃત થાય છે.

(૪) અનુભાવ

ઉપર જોયું કે જેના કારણે આપણે ભાવની લાગણી અનુભવીએ અર્થાત્ આપણામાં ભયની લાગણીને જે ઝંકૃત (stimulate) કરે તે **'ઉદ્દીપન'** છે અને તેના દ્વારા આપણા ચહેરા પર જે ચેષ્ટા, જે હાવભાવ ઉત્પન્ન થાય તેને **'અનુભાવ'** કહેવાય. આવા ભાવ આપણા ચહેરા ઉપર સ્પષ્ટ જોઈ શકાય. અન્ય વ્યક્તિ તેને પારખી પણ શકે. આપણી આંતરિક લાગણી (inner feelings) આપણા ચહેરાના હાવભાવ (Facial expression)માં જે પ્રગટ થાય એ **'અનુભાવ'** છે. તમામ પ્રકારની ક્રિયા અથવા ચેષ્ટા વડે આંતરિક અનુભવના આધારે જે પ્રગટ થાય, જેને બહારની વ્યક્તિ જોઈ શકે એને 'અનુભાવ' કહેવાય.

ભરત મુનિની વ્યાખ્યા પ્રમાણે અગાઉ કહ્યું તેમ **'વિભાવાનુભાવ વ્યભિચારી સંયોગાત્ રસનિષ્પત્તિ'** અર્થાત્ વિભાવ, અનુભવ તથા વ્યભિચારી- તેના સંયોગથી રસની ઉત્પત્તિ થાય છે. આવો રસ એ કાવ્યશાસ્ત્રનો પ્રાણ છે. એ રસ એટલે હૃદયમાં સ્થિત સૂતેલા સ્થાયી ભાવને જાગૃત થયા પછીનો અનુભાવ અને જે ક્રિયામાં એ પરિણમે અને સંચારી ભાવમાંથી પસાર થઈ જે ઉત્પન્ન થાય, એ 'રસ' આ સંમિશ્રણમાંથી નિષ્પન્ન થાય છે.

કેટલાક આચાર્યોએ ધ્વનિ, રૂપ, અલંકાર ઈત્યાદિ તત્ત્વોને વધુ મહત્ત્વ આપ્યું છે અને કાવ્યશાસ્ત્ર માટે એને વધુ જરૂરી ગણાવ્યા છે. આમ છતાં પણ કાવ્યશાસ્ત્રમાં **'રસ સિદ્ધાંત'** વધુ સારી રીતે મધ્યબિંદુએ રહેલો છે.

આધ્યાત્મિક દષ્ટિકોણથી વિચાર કરીએ તો રામાનુજાચાર્યે બ્રહ્મને **'ભુવનસુંદર'** કહી સંબોધ્યો છે. અર્થાત્ તેમણે કહ્યું છે કે બ્રહ્મનું સૌંદર્ય સર્વોચ્ચ છે. તદનુસાર

તૈત્તિરીય ઉપનિષેદે પણ **'સત્યમ્-શિવમ્-સુંદરમ્'**નું વિધાન કર્યું છે, તો શ્રી વલ્લભાચાર્યજીએ શ્રીકૃષ્ણના સર્વાંગ માધુર્યનું વર્ણન તેમના **'મધુરાષ્ટક'** નામક ગ્રંથમાં કર્યું છે. સૌંદર્યની આ પરિકલ્પનાઓ રસશાસ્ત્રના આધ્યાત્મિક દૃષ્ટિકોણને પ્રદર્શિત કરે છે અને તેના દ્વારા પ્રગટ થતા અલૌકિક આનંદનો નિર્દેશ કરે છે. આધ્યાત્મ (Spirituality) સાથે સૌંદર્ય (Aesthetic) સંલગ્ન છે, તે આથી સ્પષ્ટ થાય છે. બ્રહ્મનું જ સૌંદર્ય તેના આધિભૌતિક સ્વરૂપ જગતનાં વિવિધ રૂપોમાં, ચાહે જીવસૃષ્ટિ હોય કે વનસ્પતિસૃષ્ટિ હોય, પશુપક્ષી તેમ જ વિવિધ ફૂલો ઇત્યાદિના સૌંદર્યમાં બ્રહ્મનું સૌંદર્ય પ્રગટ થાય છે જે મનુષ્યને રસપ્લાવિત કરી અલૌકિક આનંદની પ્રાપ્તિ કરાવે છે. ઉપર જણાવ્યું તેમ પાશ્ચાત્ય વિચારકો પણ 'Aesthetics' વિશે આ જ બાબતનું પ્રતિપાદન કરે છે.

૬. રસના પ્રકાર

રસશાસ્ત્રમાં રસના આઠ પ્રકાર બતાવવામાં આવ્યા છે, એ છે- (૧) શૃંગાર, (૨) હાસ્ય, (૩) બીભત્સ, (૪) ભયાનક, (૫) રૌદ્ર, (૬) કરુણ, (૭) અદ્‌ભુત અને (૮) વીરરસ. આ રસોમાં શૃંગાર **રતિસૂચક** છે, હાસ્ય- **વિનોદ** નિર્દેશ કરે છે, રૌદ્ર- **ભયંકરતા**- રૌદ્રરૂપ ધારણ કરે છે, કરુણ- **શોકજનક** છે, અદ્‌ભુત **વિસ્મય** પમાડે છે, તો વીર એ **ઉત્સાહપ્રેરક** છે. આ આઠ ઉપરાંત એક નવમો **શાંતરસ** પણ વર્ણવવામાં આવ્યો છે. કેટલાક તેમાં **વાત્સલ્યરસ**નો પણ ઉમેરો કરે છે; જેથી રસોની કુલ સંખ્યા ૧૦ બતાવવામાં આવી છે. કેટલાક વિદ્વાનોના મતે રસોની સંખ્યા ૧૨ છે, જેમાં બીજા બે રસ વિશે અચોક્કસતા છે. આમ સામાન્ય રીતે સ્વીકૃત રસના શાંતરસ સહિત નવ પ્રકાર છે.

રસના પ્રકાર ગમે તેટલા હોય પરંતુ તેની છાયા (shadow) કુલ ૧૮ છે. 'રસ' એક એવો શબ્દ છે જે બીજા વિવિધ ભાવો સાથે જોડાય છે. જેમ 'યોગ' શબ્દ સાથે હઠયોગ, ભક્તિયોગ ઇત્યાદિ દર્શાવાય છે તેમ રસ શબ્દનો પ્રત્યય (suffix) તરીકે ઉપયોગ થાય છે જેમ કે શૃંગારરસ, બીભત્સરસ, વીરરસ વગેરે.

૭. વિવિધ કલાઓમાં રસદૃષ્ટિ

જે હૃદયમાં ઊઠતા સૂક્ષ્મ અથવા સ્થૂલ ભાવોને અભિવ્યક્ત કરે છે, તેનું સર્જન કરે છે તેને 'કલાકાર' કહેવાય છે. બાહ્ય જગતનો પ્રભાવ જેટલો એક કલાકારના સંવેદનશીલ હૃદયમાં પડે છે તેટલો સંવેદનવિહીન સામાન્ય મનુષ્યના હૃદયમાં

નથી પડતો. ચિત્ર, મૂર્તિ, કાવ્ય, નૃત્ય, ગીત, અભિનવ, વાદ્યવાદન વગેરે કલામાં અભિવ્યક્તિની એક મહત્તા હોય છે. એક રસાત્મક ભાવસૌંદર્યને અભિવ્યક્ત કરવાનો જે અનુભવ- જેના કારણે રસભાવનું આદાનપ્રદાન (communication) શક્ય બનતું હોય છે તેનું અતિ મહત્ત્વ રહેલું છે. કલાની વિવિધ વિદ્યાઓનો ઉદ્દેશ્ય કેવલ કલાત્મક સૌંદર્યને વ્યક્ત કરવા સુધી સીમિત ન રહેતાં તેમાંથી રસનિષ્પત્તિ થાય છે, એ હકીકત છે.

રસશાસ્ત્રના પ્રસિદ્ધ વિદ્વાન મમ્મટે કલાસૃષ્ટિના નિર્માણ વિશે એક સુંદર વાત કહી છે-

"નિયતિકૃત નિયમરહિતાં હ્ભાદૈક મયીમ્ અનન્ય પરતન્ત્રામ્ ।
નવરસરુચિરાં નિર્મિતમ્, આધ્ધાતી ભારતી કવેઃ જયતિ ॥"

જેનો ભાવાર્થ છે- કલાસૃષ્ટિની કલાસૃષ્ટિ ઘડવાની કાવ્યની અધિષ્ઠાત્રી દેવી ભારતીનો ઉત્કર્ષ અદ્‌ભુત છે. વિધાતાની સૃષ્ટિના નિયમોથી કલાસૃષ્ટિ રચવામાં નથી આવતી. વિધાતાની કલાસૃષ્ટિ કદાચ સુખ-દુઃખાત્મિકા હોઈ શકે છે પરંતુ ભારતીની કલાસૃષ્ટિ તો કેવલ આહ્‌લાદમયી જ હોય છે, કારણ કે તેમાં રૌદ્ર, કરુણ, હાસ્ય, વીર, ભયાનક, બીભત્સ, અદ્‌ભુત, શૃંગાર અને શાંત એ નવ રસના રૂપમાં એ સર્વદા રુચિર જ હોય છે, એટલે કે રૂચિ પેદા કરનારી હોય છે.

અગાઉ કહ્યું તેમ રસશાસ્ત્રકારોએ નાટ્યકલાના સંદર્ભમાં બધી જ કલા વિદ્યાઓને સ્વીકારી શકાય તેવી રસ- પરિભાષા આપતાં કહ્યું છે-

"વિભાવાનુભાવ સંચારિ ભાવ સંયોગાદ્ રસ નિષ્પત્તિઃ ..... નાના ભાવોપહિતા અપિ સ્થાયિનો ભાવઃ રસત્વમ્ આપ્નુવન્તિ.... નાના ભાવાભિનવ વ્યંજીતાન્ વાગંગ સત્વો પેતાન્ સ્થાયિભાવાન્ આસ્વાધ્યન્તિ સુમન સ...."

(ભા. નાટ્ય-૬/૩૧)

અર્થાત્- વિભાવ, અનુભાવ અને સંચારી ભાવોના આપસી સંયોગથી રસ નિષ્પન્ન થાય છે. અનેક ભાવો સહિત હોવા છતાં 'સ્થાયી ભાવ' જ રસરૂપે પ્રગટ થાય છે. અનેક ભાવો- વાચિક, આંગિક, સાત્ત્વિક, સવિનય દ્વારા અભિવ્યક્ત થવાથી રસિકજનોને માટે એ ભાવ 'આસ્વાદ' બની જાય છે.

કલાસર્જક મર્ત્ય (અશાશ્વત) હોય છે, પરંતુ કલાસૌંદર્ય અમૃત હોય છે જેથી એને 'બ્રહ્માનંદસહોદર' માનવામાં આવ્યું છે અને માટે જ ઉપનિષદોમાં રસદષ્ટિ

કલાક્ષેત્રમાં પણ અપનાવવામાં આવી છે.

૮. ભાગવતમાં રસનું વર્ણન- ભક્તિરસ

ભાગવતકાર શ્રીકૃષ્ણને 'નટવર' કહે છે. જ્યારે મથુરામાં કંસના દરબારમાં મંચ પર ભગવાન પહોંચે છે ત્યારે વિવિધ રસભાવોનું વિલક્ષણ દર્શન થાય છે, એ ભાગવતના નિમ્ન શ્લોકમાં પ્રદર્શિત થાય છે.

"મલ્લાનામ્ અશનિઃ નૃણાં નટવરઃ, સ્રીણાં સ્મરો મૂર્તિમાન્ ગોપાનાં સ્વજનો અસંતાક્ષિતિભુજાં શાસ્તા સ્વપિત્રોઃ શિશુઃ, મૃત્યુર ભોજપતેઃ વિરાડ અવિદુષાં તત્વં પરં યોગિનાં વૃષ્ણીનાં પરદેવતા ઈતિ વિદિતા રંગ ગતઃ સાગ્રજ."

ભગવાન શ્રીકૃષ્ણને અક્રૂરજી ગોકુળથી મથુરા લાવે છે અને તેઓ કંસના દરબારમાં પહોંચે છે એ સમયનું આ વર્ણન છે.

અહીં કંસના દરબારના ઉપસ્થિત પ્રત્યેક દર્શકે પોતપોતાના મનોગત ભાવ અનુસાર ભગવાન કૃષ્ણનાં દર્શન કર્યાં છે. પ્રત્યેકને તેમના મનોભાવ મુજબ રસ નિષ્પત્તિ થવાથી તદનુસાર અનુભૂતિ તેમણે કરી છે. જે મલ્લ હતા અને ભગવાનને મારવાનો તામસ ભાવ ધરાવતા હતા તેમણે આકાશમાં 'રૌદ્ર રૂપ' ધારણ કરી વીજળી પડતી હોય તેવા શ્રીકૃષ્ણ લાગ્યા; સામાન્ય લોકો જેઓનો રાજસ ભાવ હતો તેમના ચિત્તમાં ચંચળતાને કારણે તેઓને શ્રીકૃષ્ણમાં 'નટવર' રૂપનાં દર્શન થયાં; ભગવાનમાં સ્નેહ રાખવાવાળી વ્રજાંગનાઓમાં કામભાવાત્મિકા રતિરૂપ સ્થાયી ભાવવાળો હોવાથી તેઓમાં 'શૃંગાર રસ' પ્રગટ થયો; સખ્યભાવ ધરાવતાં સ્વજન ગોપબાળકોમાં શ્રીકૃષ્ણ પ્રત્યે 'હાસ્ય રસાત્મકતા' પ્રગટ થઈ; જે રાજપુરુષ ત્યાં એકત્રિત થયા હતા તેઓમાં વીર મનોચિત યુદ્ધોત્સાહ ઊભરાવાથી ભગવાનની 'વીર રસાત્મકતા' સિદ્ધ થઈ; ભગવાનનાં માતા-પિતા દેવકી-વસુદેવના હૃદયમાં વાત્સલ્યભાવ છલકાયો અને કાંઈ અનિષ્ટ તો નહીં બને એવી ભીતિથી 'કરુણરસ' પ્રગટ થયો; કંસને તો સાક્ષાત કાળ સામે આવ્યો હોય તેમ 'ભય' ઉત્પન્ન થયો; નગરજનો જે ત્યાં ઉપસ્થિત હતા તેઓને કુવલયાપીડ સાથેના યુદ્ધના કારણે ભગવાન નટવરે 'બીભત્સ રસ' પ્રગટ કરી બતાવ્યો, તો જે યોગીજન ત્યાં પહોંચ્યા હતા તેમણે શ્રીકૃષ્ણમાં 'શાંતરસ'નો સાક્ષાત્કાર કર્યો; રાજપુરુષોમાં જે વૃષ્ણિવંશીય હતા તેઓના હૃદયમાં ભક્તિનો પ્રાદુર્ભાવ થવાથી ભગવાનના

કેવલ પરદેવતાના રૂપમાં દર્શન થયાં.

આમ હૃદયના વિવિધ સ્થાયી ભાવોને કારણે પ્રત્યેક વ્યક્તિને તદનુસાર રસ નિષ્પન્ન થયો.

શ્રી વલ્લભાચાર્યજીએ ભક્તિને **'દસમો રસ'** બતાવ્યો છે. તે લૌકિક અથવા પ્રાકૃત ગુણોથી પ્રગટ થનારો રસ નથી જેનું શૃંગારથી બીભત્સ સુધી ઉપર વર્ણન કરવામાં આવ્યું છે, પરંતુ જે ભક્તના હૃદયમાં પ્રાકૃત ગુણોનો ઉપદ્રવ શાંત થઈ જાય છે અને છતાં આત્મા અને પરમાત્માની વચ્ચે નિરુપાધિક પ્રીતિ નભાવી શકે છે તેવા ભક્ત હૃદયમાં જ **'ભક્તિરસ'**નો સંચાર થઈ શકે છે. શ્રી વલ્લભાચાર્યજીના મતે ભક્તિરસ એ સચ્ચિદાનંદ રૂપ પરબ્રહ્મના સ્વાભાવિક અદ્વૈત સ્વરૂપમાં સર્વભવન સામર્થ્ય અને સત્ય સંકલ્પના કારણે પ્રગટ થવાવાળું લીલાત્મક દ્વૈત રસાત્મક અનુસંધાન છે. આવી બ્રહ્માદ્વૈતાનુભૂતિને શાંતરસ રૂપ બ્રહ્મજ્ઞાનની પરાકાષ્ઠા માનવામાં આવે છે.

તેમણે તત્ત્વાર્થદીપનિબંધમાં ભક્તિના સ્વરૂપને સમજાવતાં કહ્યું છે-

"ભક્તિ સ્વરૂપમ આહ 'માહત્મ્યજ્ઞાન પૂર્વસ્તુ સુદૃઢ સર્વતાધિક સ્નેહો ભક્તિ: ઈતિ પ્રોક્ત: તથા મુક્તિ: ન ચ અન્યથા' સ્નેહો ભક્તિ:, રતિ: દેવાદિવિષયિણી ભાવ: ઈતિ અભિધીયતે!"

તેમના અનુગામી આચાર્યશ્રી પુરુષોત્તમજી 'ભક્તિરસત્વ વાદ'માં ખુલાસો કરતાં કહે છે-

ભાગવતરસ ભક્તિરૂપ હોવાના કારણે ભક્તિ - શૃંગારાદિથી ભિન્ન રસ છે. સંયોગ-વિયોગ પણ કેવળ શૃંગાર રસનાં જ બે દલ નથી, વસ્તુત: એ સ્નેહનાં બે દલ છે. મૂળમાં તો શૃંગારાત્મિક રતિ પણ સ્નેહનું જ એક અંત:તમ્ રૂપ હોય છે. ભગવદ્ રતિ ભગવદ્ અનુગ્રહજન્ય હોવાના કારણે તે ભગવાનની આત્મરતિનો લીલા વિસ્તાર હોવાથી તેને પ્રાકૃત ગુણોની ઉપાધિથી રહિત માનવામાં આવી છે.

છાંદોગ્ય ઉપનિષદ કહે છે - **'સર્વકર્મા: સર્વકામ: સર્વગંધ: સર્વરસ: સર્વમ્ ઈદમ્:'**. ભક્તિરસમાં 'માહત્મ્ય જ્ઞાન'ના અંશમાં શાંત, રૌદ્ર, ભયાનક વગેરે રસોનો સંન્નિવેશ શક્ય છે. એ જ પ્રમાણે 'સુદૃઢ સર્વતોધિક સ્નેહ'ના અંશમાં શૃંગાર, હાસ્ય, કરુણ, વીર, બીભત્સ અને અદ્ભુત રસોનો સંન્નિવેશ શક્ય છે. ઉપર કહ્યું તેમ ઉપનિષદ બ્રહ્મને રસરુપેણ નિરુપિત કરે છે માટે ભક્તિ એક એવી

કળા છે જેના દ્વારા બ્રહ્મરસ રૂપે આવિર્ભૂત થાય છે. ભક્તિરસની મનોવૃત્તિથી બ્રહ્મનો આનંદ લેવો, તેને સમજી શકવું, તેવા બ્રાહ્મિક વિસ્તારમાં વિચરણ કરવું, તે અવ્યક્તને ઓળખી તેને મનપસંદ સાંચામાં ઢાળવું પણ શક્ય બની શકે છે. ભાગવત કહે છે : 'જેમ જેમ બુદ્ધિ તેની વિભાવના કરે છે, એ પ્રમાણેનું સ્વરૂપ તે પ્રગટ કરે છે.' (ભા-૦૩.૦૯.૧૧)

૯. ભક્તિરસ નિષ્પત્તિ

મધ્યયુગમાં ચૈતન્ય સંપ્રદાયના આચાર્યરૂપ ગોસ્વામી અને જીવ ગોસ્વામીએ ભક્તિ 'રસામૃત સિંધુ' ઇત્યાદિ ગ્રંથોની રચના કરી ભક્તિને જ વાસ્તવિક અને મૂર્ધન્ય રસ રૂપમાં સિદ્ધ કરી કાવ્યશાસ્ત્રીય બધા જ રસોને ભક્તિના દાયરામાં આવરી લીધા છે. મધ્યયુગમાં કૃષ્ણભક્તિનું ઉત્કૃષ્ટ રૂપ પ્રચલિત થયેલું હતું. ભગવાન કૃષ્ણના માધુર્યમંડિત રૂપે મનુષ્ય હૃદયની રાગાત્મિકતાને આકૃષ્ટ કરવાના કારણે તેના મનમાં શ્રદ્ધા, વિસ્મય, નમન વગેરે વિવિધ ભાવો પ્રગટ થયા, જે ભગવાન પ્રત્યે ભક્તનો પ્રીતિભાવ અથવા રતિભાવને જાગૃત એવમ્ સંચારિત કરવામાં સહાયભૂત થયા. આ યુગમાં જ્યારે કૃષ્ણભક્તિનું વ્યાપક અને ઉત્કૃષ્ટ રૂપ સિદ્ધ થયું અને શાંત, હાસ્ય, સખ્ય, વાત્સલ્ય, માધુર્ય વગેરે ભાવોના માધ્યમથી કૃષ્ણરતિની પરિપૂર્ણતા સ્થાપિત થવાથી ભક્તિ માત્ર ભાવ ન રહેતાં એ ઉદાત્ત રસની દશાને પ્રાપ્ત થઈ. આમ ચૈતન્ય સંપ્રદાયના આચાર્યોની દૃષ્ટિમાં કાવ્યશાસ્ત્રીય રસ 'ભક્તિરસ'ની પૂર્ણતામાં સહાયક બન્યા અને કૃષ્ણભક્તિ રસ જ એકમાત્ર રસના સ્વરૂપે પ્રતિષ્ઠિત બન્યો. જ્યારે શ્રીકૃષ્ણના ગુણ, ભાવભંગિમાઓ, બંસીનાદ, શૃંગાર, સ્મિત વગેરેથી રતિભાવ ઉદ્દીપ્ત થાય છે ત્યારે ભક્તના શરીરમાં સાત્ત્વિક તેમ જ કાયિક સ્પંદનો ઉત્પન્ન કરી તેના ચિત્તના ભાવને પ્રકાશિત કરે છે. આ બધી ક્રિયાઓ દ્વારા પરિપુષ્ટ થઈ કૃષ્ણરતિ, ભક્તિરસની અનિર્વચનીય બ્રહ્માનંદ સ્થિતિમાં પરિણતી થઈ જાય છે.

આ પ્રકારની રસનિષ્પત્તિની સંપૂર્ણ ક્રિયાને કારણે ભક્તિમાર્ગીય આચાર્યોએ કૃષ્ણભક્તિને **'ભક્તિરસ'**નું નામ આપ્યું છે. ચૈતન્ય સંપ્રદાયના આચાર્યોની દૃષ્ટિમાં ઉપરોક્ત બધા રસોના મૂળમાં એકમાત્ર કૃષ્ણરતિનું અસ્તિત્વ હોય છે અને તે જ ભક્તોનાં સંસ્કાર, રુચિ અને વાસનાઓના ભેદને કારણે શાંત, હાસ્ય, વાત્સલ્ય, સખ્ય અને મધુર રૂપ ધારણ કરે છે. સામાન્ય રૂપે માધુર્યભાવપ્રધાન

રાધાવલ્લભ, નિમ્બાર્ક, હરિદાસી, ચૈતન્ય અને વલ્લભ સંપ્રદાયના કવિઓ દ્વારા રાધાકૃષ્ણના મિલનનું જ ચિત્રણ પ્રસ્તુત કરવામાં આવ્યું છે. તેના સંબંધમાં માનવામાં આવે છે કે રાધાકૃષ્ણ સખીઓની (વ્રજાંગનાઓની) તૃપ્તિ માટે જ વિવિધ લીલાઓ કરે છે, ત્યાં રતિભાવું ઉદ્‌બોધન, વિભાવ વગેરે સખીરૂપમાં ભક્તના ચિત્તમાં આલંબનરૂપ રાધા-કૃષ્ણના પ્રતિ હોય છે. તેથી તેમાં ભક્તનો રતિભાવ, આલંબનની ચેષ્ટા અને લીલાઓ આદિનાં દર્શન પરિપુષ્ટ અને સંતૃપ્ત થઈ તે મધુર રસમાં પરિવર્તિત થાય છે.

સુરદાસ- ઈત્યાદિ અષ્ટ સખાઓનાં કીર્તનો (ભક્તિકાવ્યો)માં સંયોગ, શૃંગારની અનેકાનેક સ્થિતિઓ અને મનોદિશાઓનું વ્યાપક વર્ણન કરવામાં આવ્યું છે. તેમાં રૂપવર્ણન, પ્રેમોદય અથવા રતિ-જાગરણ, નિસ્તબ્ધતા તેમ જ તેના દ્વારા ઉત્પન્ન થતી પ્રતિક્રિયાઓ, મિલનના વિવિધ ઉદ્યમ, પનઘટલીલા, યમુનાસ્નાન, કુંજવિહાર, હિંડોરામાં ઝૂલવું- ઝુલાવવું, રાસ વગેરે અનેક પ્રસંગોને આવરી લેવામાં આવ્યા છે જે સંયોગ- શૃંગાર સંબંધી વિભિન્ન ભાવોને પ્રગટ કરે છે.

રાધાવલ્લભ સંપ્રદાયના કવિ શ્રી કલ્યાણ પૂજારીના નિમ્ન પદથી ઉપરોક્ત કથનની પુષ્ટિ થાય છે

"આજુ પ્રિયા મુખકી છબિ દેખત, હવૈ ગયૌ મોહનલાલ લટ્ટુ,
પલકે ન લગૈ, ઉત નૈન લગૈ, ઈત દેહ સાંભારતિ નાહિ લટ્ટુ,
સબ હાથસે છૂટ ગઈ મુરલી અરુ, આપુહિ તે ગયૌ છૂટી પટ્ટુ,
ઘાઈ પ્રિયાહિય લાય લયે, કહે ફૂલી કલીં, અલી દેખે ભટ્ટુ"

આ રચનામાં કાવ્ય શાસ્ત્રીય સંયોગ શૃંગાર પરિપુષ્ટ છે. મોહન (આશ્રય)માં પ્રિયાના મુખની છબિ દેખતાં જ રતિભાવ જાગૃત થાય છે. મુખસૌંદર્યની પ્રચુરતાથી રતિભાવ ઉદ્દીપ્ત થાય છે, પરિણામે પલકો બંધ ન થવી, આંખ લડવી, દેહની ચંચલતા વધવી, મુરલી હાથમાંથી છૂટી જવી, ગળે મળવું વગેરે અનુભાવ પ્રગટ થાય છે. આ સમગ્ર ચિત્રણમાં શૃંગારરસ નિષ્પન્ન થાય છે, કેમ કે આમાં કૃષ્ણના રતિભાવ સંબંધ સહજ અનુભૂતિ અને એનો વિકાસ તેમ જ રસમય સ્વરૂપનું વર્ણન કરવામાં આવ્યું છે.

આવું જ ચૈતન્ય સંપ્રદાયના કવિ ગદાધરના નીચેના પદમાં રાધાકૃષ્ણના

શૃંગારરૂપી વિભાવના પ્રતિ સહચરીઓના ચિત્તમાં જે રતિભાવનો ઉદય થાય છે અને તેના ફળસ્વરૂપે અનુભાવો અને સંચારી ભાવોના નિરૂપણથી રસદશાની નિષ્પત્તિ દશ્યમાન થાય છે.

"ઝુલૈ કુંવરિ ગોપરાઈન કી, મધિ રાધા સુન્દરિ સુકુમારિ,
જગમગાતિ નવ જીવન જ્યોતિ, નિરખિ નૈન ચકાચોંધી હોતિ,
ગાવહિં સુધર સરસ રસગીત, દુલરાવૈ મન-મોહન મીત,
પ્રેમ બિબસલઈ સકહિ ન ગાઈ, ઉપજ્યોં આનંદ ઉરન સમાઈ,
દૂરિદેખત ગોકુળ કલુરાઈ, સોભા નિરખત મન ન સધાઈ,
મુદિત ગદાધર નંદકિશોર, લોચન ભયે ભરે કે ચોર."

શ્રી વલ્લભાચાર્યજીએ પ્રેમલક્ષણા ભક્તિમાં વિરહ અથવા વિપ્રલંભને મહત્ત્વપૂર્ણ સ્થાન આપ્યું છે, પરંતુ શ્રી ગુંસાઈજી શ્રી વિઠ્ઠલનાથજીએ સંયોગભાવનાની ઉપાસનાને વિશેષ મહત્ત્વ આપ્યું છે. આ કારણથી પુષ્ટિમાર્ગીય સંપ્રદાયના અષ્ટછાપ કવિઓમાં સુરદાસ, નંદદાસ અને કુંભનદાસની રચનાઓમાં વિપ્રલંભ શૃંગારનું જેવું સ્વરૂપ પ્રગટ થાય છે તેવું અન્યત્ર જોવા મળતું નથી. તેમના વિરહ વર્ણનમાં પૂર્વરાગ, માન, પ્રવાસ અને કરુણ ઈત્યાદિના કાવ્યશાસ્ત્રીય વિપ્રલંભના ભેદોનું મર્મસ્પર્શી સ્વરૂપ અનુભૂત થાય છે.

સુરદાસની 'ભ્રમરગીત'ની રચના વિરહકાવ્ય છે, જેમાં વિરહની સમસ્ત દશાઓની વ્યાપક પરિકલ્પનાને આવરી લેવામાં આવી છે. કૃષ્ણના વિયોગમાં વ્રજવનિતાઓની અત્યંત દયનીય દશાનું ચિત્રાણ તેમાં કરવામાં આવ્યું છે. આ વ્રજાંગનાઓને સમગ્ર વ્રજ કૃષ્ણના અભાવમાં શુન્ય લાગે છે.

"વિચારત હી લાગૈ દિન જાન,
તુમ બિન નંદ સુવન ઈહિં ગોકુલ, નિસિ ભઈકલ્પ સમાન,
મુરલી શબ્દ કળ ધૂનિ કી ગુંજનિ, સુનિયત, નાંહી કાન,
ચલત ન રથ ગહિ રહી શ્યામ કૌ, અબ લાગી પછિતાન,
હૈ કોઈ જાઈ કહૈ માધૌ સૌ, ધીરજ ધરહિં ન પ્રાન,
સૂરદાસ પ્રભુ તુમ્હારે દરસ બિનુ, ફૂરત નહીં ઔસાન."

આ જ પ્રકારે પ્રવાસ વિપ્રલંભનું સુંદર ચિત્રાણ અષ્ટ સખામાંના પરમાનંદદાસે નીચેના પદમાં કર્યું છે જે અત્યંત મર્મસ્પર્શી છે. કૃષ્ણના પ્રવાસકાળમાં વ્યથામગ્ન

ગોપીનું પ્રિય સ્મરણ ચિત્તને દ્રવિત કરનારું છે.

"હરિ તેરી લીલા કી સુધિ આવૈ
કમલનૈન મન મોહન મૂરતિ મન મન ચિત્ર બનાવૈ,
કુબહુંક નિબિડ આલિંગન કબહુંક પિક જ્યૌ ગાવૈ,
કબહુંક સંભ્રમ કવારિ કવારિ કહિ સંગ હિલમિલિ ઉઠી ધાવૈ,
કબહુંક નૈન મૂઁદિ ઉર અન્તર મનિ માલા પહિરાવૈ,
મૂદુ મુસુકાનિ બંક અવલોકનિ ચાલ છબીલી ભાવૈ,
એક બાટ જાહિ મિલહિ કૃપા કરિ સૌ કૈસૈ બિસરાવૈ,
પરમાનંદ પ્રભુ શ્યામ ધ્યાન કરિ ઐસે વિરહ ગઁવાવૈ"

૧૦. ભાગવતના રાસ પંચાધ્યાયીનો રસાસ્વાદ

ભાગવત મૂલતઃ ભક્તિનો ગ્રંથ છે. તેમાં ભક્તિરસ છલોછલ છલકે છે. તેમાં વર્ણિત નવધા ભક્તિના પ્રકારમાં વિવિધ ભાવોનું નિરૂપણ જે તે ભક્તોની અનુભૂતિના માધ્યમ દ્વારા વ્યાસજીએ પ્રગટ કર્યું છે, તે ભક્તિને રસ સ્વરૂપે સ્થાપિત કરે છે. તેમાં પણ તેના દસમ્ સ્કંધની ભગવાન શ્રીકૃષ્ણની વિવિધ લીલાઓ 'ભક્તિરસ'નો અદ્ભુત આસ્વાદ કરાવે છે. ભગવાન કૃષ્ણના માધુર્યનું સર્વોત્તમ વર્ણન શ્રી વલ્લભાચાર્યજીએ તેમના મધુરાષ્ટક ગ્રંથમાં કર્યું છે, જે શ્રુતિવાક્ય 'રસો વૈ સઃ'ને યથોચિત રૂપે સ્પષ્ટ કરે છે. ભગવાનની દશમ સ્કંધની કૃષ્ણલીલાઓ તો રસમય છે જ, પરંતુ તેમાં પણ 'રાસ પંચાધ્યાયી'માં વર્ણિત રાસલીલા દ્વારા વ્રજભક્તોને ભગવાને કરેલા ભજનાનંદના દાનનો સંપૂર્ણ પ્રસંગ 'ભક્તિરસ'ની ચરમસીમા પ્રગટ કરે છે.

શ્રુતિ તો **"રસો વૈ સઃ"**માં એક વચનથી એક જ રસ કહે છે પરંતુ કૃષ્ણના રાસમાં તો અનેક રસ પ્રગટ થયા છે- માટે કહે છે, **"રસાનાં સમૂહ રાસ"**, ભક્તાભિલાષા પૂરક કૃષ્ણરાસમાં ભક્તકામ થયા છે. સર્વ રસોમાં શિરમોર સમો શૃંગાર રસરૂપ ભગવાન વ્રજાંગનાઓને હાસ્ય ઇત્યાદિ સર્વ રસસમૂહનો અનુભવ કરાવે છે જેમાં વાણી, ક્રિયા, વસ્ત્ર, ભૂષણ, નૃત્ય, ગીત, આસન એ બધું જ રસસંબંધી જ છે અને તેને જ **'રાસ'** કહેવામાં આવ્યો છે. રસાત્મક પ્રભુનું સર્વ કાંઈ રસરૂપ જ છે, તેથી અહીં ભગવાનના ભક્તો સાથેના રાસવિહારોનો ઉલ્લેખ જોવા મળે છે.

રાસલીલામાં રસ અભિવ્યક્ત કરવા માટે નૃત્ય છે. નાટ્યશાસ્ત્ર કહે છે **'નાટ્ય**

શબ્દો રસે મુખ્યો...' નાટ્ય શબ્દનો મુખ્ય અર્થ રસ છે. તેમાં ચાર પ્રકારનો અભિનય સમાવિષ્ટ છે- આંગિક, વાચિક, આહાર્ય અને સાત્ત્વિક. રસરૂપ ભગવાન પણ રસશાસ્ત્રાનુકુલ રસ ભક્તોમાં સ્થાપે છે અને પછી પોતે તે દ્વારા અનુભવે છે. રસાત્મક, સદાનંદ રૂપ ભગવાનની આ રાસલીલારૂપ સ્વરૂપાનંદનો અનુભવ ગોપીજનોને થાય છે.

રસશાસ્ત્રની પ્રણાલિકા પ્રમાણે પ્રમોદ રૂપ મનોવિકાર તે રસાત્મક ભગવાનનો જ કાર્યભૂત છે. શબ્દસમૂહો **'એષ હ્યેવાનન્દયાતિ'**માં શ્રુતિ કહે છે તેમ તે તેના અંશભૂત છે, **'તસ્યૈવાનન્દસ્યાન્યાનિ ભૂતાનિ માત્રામુપ જીવન્તિ'** તેમ તે શ્રુતિસિદ્ધ છે. સૌ આનંદના આભાસ માત્રથી કે રસબિંદુ માત્રથી, જ જીવન ટકાવે છે. આ વિચારથી રસાત્મક ભગવાન જ 'રસ' છે. બ્રહ્મરૂપ હોવાથી, આ રસનિય છે, તે મનોવિકાર માત્ર નથી. જેમ બ્રહ્મ 'અનંત' રૂપ છે તેમ રસનાં અનેક રૂપ પણ વાસ્તવિક છે. આમ પરબ્રહ્મ જ રસશાસ્ત્રની રીતે હૃદયમાં આવિર્ભૂત થતાં એ રસરૂપ બને છે.

કહેવાયું છે- **'રસ્યતે આસ્વાદ્યતે સાવિતિ રસઃ'** જેનો આસ્વાદ માણી શકાય તે 'રસ'. વેદમાં જલ, સોમ- આનંદ વગેરેને પણ 'રસ' કહેવાયા છે.

ભરતમુનિ પ્રમાણે **'નાટ્યેઽષ્ટૌ રસાઃ'** નાટ્યશાસ્ત્રમાં અષ્ટ રસ છે. જેમાં મૂળ ચાર- શૃંગાર, રૌદ્ર, વીર અને બીભત્સ છે. શૃંગારમાંથી હાસ્ય, રૌદ્રમાંથી કરુણ, વીરમાંથી અદ્ભુત અને બીભત્સમાંથી ભયાનક એમ ચાર રસ થયા છે. કાવ્યશાસ્ત્ર 'શાંત'ને નવમો રસ ગણાવે છે. રંગતરંગિણીમાં વાત્સલ્ય, લૌલ્ય, ભક્તિ અને કાર્પણ્યને પણ રસ કહ્યા છે, જ્યારે 'ઉજ્વલ-નીલમણિ'માં ભક્તિરસને મુખ્ય રસ ગણાવ્યો છે. શ્રી વલ્લભાચાર્ય ભક્તિરસ સહિત દસ રસ સ્વીકારે છે.

૧૧. ઉપસંહાર

આગળ કહ્યું છે તેમ વિભાવ અને અનુભાવ કે વ્યભિચારી વડે વ્યક્ત આસ્વાદ્યપણાથી અને મુખ્યતાથી સ્થાયી ભાવ રસ બને છે. લોકમાં જે રતિ વગેરેના કારણે અથવા ઉત્પાદકને નાટ્યશાસ્ત્રમાં 'વિભાવ' કહેવાય છે. અગ્નિપુરાણમાં વિભાવના આલંબન (આધાર) અને ઉદ્દીપન (અભિવૃદ્ધિ) એવા બે પ્રકાર બતાવ્યા છે. વિભાવ-અનુભાવ, વ્યભિચારીભાવ- સ્થાયીભાવ દરેક રસમાં જુદા-જુદા હોય. રતિ વગેરે ભાવ વાસનારૂપે સ્થિર રહે છે તેથી તેને 'સ્થાયી' કહેવાય છે.

રતિ, હાસ્ય, શોક, ક્રોધ, ઉત્સાહ, ભય, જુગુપ્સા અને વિસ્મય એ સ્થાયીભાવ છે તેમ ભક્તિમાં સ્નેહ સ્થાયી ભાવ છે. શૃંગાર રસ સર્વ રસોમાં મુખ્ય છે, જ્યારે તેના સંબંધથી જ બીજા હાસ્યાદિ રસ ગણાય છે. ત્યારે 'ભક્તિરસ' સ્વતંત્ર છે.

ભગવત્સબંધી આ રસ નિર્દોષ- વિકારરહિત, સર્વોત્તમ, મંગલ- પવિત્રજ્ઞ સ્વરૂપવાળો શૃંગારમિશ્રિત છે. તે કૃષ્ણ- રસાત્મક- આનંદ લૌકિક વાણીથી અભિવ્યક્ત ન થઈ શકે. લૌકિક કામના પૂર્ણ મનવાળા તેને જાણી કે માણી પણ ન શકે અને તેથી જ પુરુષોત્તમ ભગવાન શ્રીકૃષ્ણના સ્વરૂપમાં અનન્ય દૃઢ સ્નેહવાળા તામસભક્ત ગોપીજનોને એ રસની પ્રાપ્તિ થયેલ છે.

ભક્તિ એ પ્રેમનું જ બીજું નામ છે. પ્રેમ હંમેશાં ઉત્કટ હોય છે પણ જ્યારે તે અતિ ઉત્કટ બને છે ત્યારે તે ભક્તિમાં પરિણમે છે. આવો પ્રેમ યા આવી ભક્તિ જેમ એક મનુષ્યને બીજા મનુષ્ય પ્રત્યે કે પ્રિયતમાને પ્રિયતમ પ્રત્યે હોય છે તેમ ભક્તને ભગવાન પ્રત્યે એથીય વધુ ઉત્કટ માત્રામાં હોય છે. જોકે પ્રેમ અને ભક્તિ એ બે શબ્દો એકબીજાના પર્યાય તરીકે વપરાતા આવ્યા છે છતાં પ્રેમ શબ્દ માનુષી પ્રેમ માટે અને ભક્તિ શબ્દ પ્રભુપ્રેમ માટે વિશેષ પ્રમાણમાં વપરાય છે. ભક્તિ અથવા પ્રભુપ્રેમ દરેક મનુષ્યના હૃદયમાં બીજ રૂપે રહે છે. તે એક સહજવૃત્તિ (Instinct) છે. 'Psycology of Religion' માં રોબર્ટ એચ. ધાઉલેશ લખે છે : 'રતિનું ઉચ્ચ સ્વરૂપ એ પ્રેમ અને પ્રેમનું ઉચ્ચ સ્વરૂપ એ ભક્તિ. રતિ મૂળભૂત વૃત્તિ છે તેથી ભક્તિ પણ મૂળભૂત વૃત્તિ જ ગણાય. આ ભક્તિવૃત્તિ એટલે જ માનવીની પરમાત્માને પામવા માટેની ઝંખના. આમાંથી જ 'સત્યમ્ શિવમ્ સુંદરમ્'ની કલ્પના સાકાર થાય છે.'

રસશાસ્ત્ર પરોક્ષવાદથી લીલા સહિત ભગવત્પ્રતિપાદક છે. રસના દેવતા વર્ણ વગેરે તેમાં કહેલા છે જે નીચે મુજબ બતાવવામાં આવ્યા છેઃ-

(જુઓ આગળનું પાનું)

રસ	દેવતા	વર્ણ	સ્થાયિભાવ	આલંબન વિભાવ	ઉદ્દીપન	અનુભાવ	વ્યભિચારિભાવ
૧. શૃંગાર	વિષ્ણુ	શ્યામ	રતિ	કાન્ત-કાન્તા વગેરે	ચંદન-ચંદ્ર વગેરે	કટાક્ષ વગેરે	આલસ્ય, ઈર્ષ્યા, જુગુપ્સા વિના ઉન્માદ હર્ષ- વગેરે 30 સૂચક મુખાકૃતિ વગેરે
૨. હાસ્ય	પ્રથમ (શિવગણ)	શ્વેત	હાસ	નાયક-નાયિકાદિ	વિદૂષક વગેરે	ગાલ ફુલાવવા વગેરે	30 સૂચક મુખાકૃતિ વગેરે
૩. કરણ	યમરાજ	કપોત-જેવો	શોક	નાયક-નાયિકાદિ	વિપ્રયોગાદિ	અશ્રુપદાતાદિ	ગ્લાનિ વગેરે
(વિપ્રયોગ શૃંગારમાં પુનઃ સંયોગેચ્છાથી સ્થાયિભાવ રતિ હોય છે. કાવ્યમાં શોકથી પણ લોકોને આનંદ મળે છે. સંયોગમાં ક્ષતાદિથી સુખ, ભક્તિના આનંદમાં અશ્રુપાત, કરુણ-રસથી સુખ પણ થાય છે.)							
૪. રૌદ્ર	રુદ્ર	લાલ	ક્રોધ	નાયક-નાયિકાદિ	માત્સર્યાદિ	મુષ્ટિપ્રહારાદિ	સંમોહાદિ
૫. વીર	ઈન્દ્ર	સોના-જેવો	ઉત્સાહ	નાયક-નાયિકાદિ	પ્રભાવાદિ	સ્થૈર્યાદિ	ગર્વાદિ
૬. ભયાનક	ભૂત-પિશાચ	કાળો	ભય	નીચ મનુષ્યાદિ	વાઘ વગેરે	ઉદ્વમન વગેરે	મોહ વગેરે
૭. બીભત્સ	મહાકાલ	નીલ	જુગુપ્સા	દુર્ગંધાદિ	કીડા વગેરે (ઉત્તમ પુરુષ-હીનકર્માદિ)		મોહાદિ (અપ્રસન્નતાદિ, ગ્લાનિ)
૮. અદ્‌ભુત	ગંધર્વ	પીળો	વિસ્મય	અલૌકિકવસ્તુ	માયાદિ	રોમાંચાદિ	વિતર્કાદિ
૯. શાંત	નારાયણ	કંદપુષ્પ-જેવો	નિરવેદ	સંસારવૈરાગ્યાદિ	સજ્જનસંગાદિ	ક્ષમાદિ	સ્તંભ-હર્ષ
૧૦. ભક્તિ	ભગવાન	શ્યામ	સ્નેહ	ભગવાન વગેરે	શ્રવણાદિ	સ્નવનાદિ	અશ્રુપાતાદિ

૬

અષ્ટછાપ

(Ashta Chhap)

ભારતની પવિત્ર ભૂમિમાં અનેક ભક્તો, સંતો, આચાર્યો થઈ ગયા જેમણે ભક્તિરસના અસ્ખલિત પ્રવાહથી જનસમુદાયને રસપ્લાવિત કર્યા છે. આ સંતકવિઓએ પોતાની રચનાઓ દ્વારા સરળ ભાષામાં ભારતીય દર્શનનું તત્ત્વજ્ઞાન પીરસ્યું છે. તો સાથે સાથે પોતે અનુભૂત કરેલા ભગવાનની વિવિધ લીલાઓનાં દર્શન પણ પોતાની રસમય રચનાઓ દ્વારા કરાવ્યાં છે.

પંદરમી શતાબ્દીમાં શ્રી વલ્લભાચાર્યજીએ સમગ્ર ભારતની પદયાત્રા કરી. અનેક સેવકોને નિજશરણે લઈ પ્રેમલક્ષણા ભક્તિનો પ્રબળ પ્રવાહ પ્રસરાવ્યો હતો. તેમના પછી તેમના પુત્ર શ્રી વિઠ્ઠલનાથજીએ પણ સમાજના વિવિધ વર્ગોમાંથી અનેક સેવકોને શરણે લીધા હતા અને શ્રી વલ્લભાચાર્યજીએ પ્રસ્થાપિત કરેલ પુષ્ટિમાર્ગની સેવાપ્રણાલીનો અનેકવિધ પ્રકારે વિસ્તાર કર્યો હતો.

આવા અનેક સેવકોમાં શ્રી વલ્લભાચાર્યજીના ચાર સેવકો (૧) **કુંભનદાસ** (૨) **સુરદાસ** (૩) **પરમાનંદદાસ** અને (૪) **કૃષ્ણદાસ** તેમ જ શ્રી વિઠ્ઠલનાથજીના ચાર સેવકો (૧) **ગોવિંદસ્વામી** (૨) **છીતસ્વામી** (૩) **ચતુર્ભુજદાસ** અને (૪) **નંદદાસ** એમ આઠ સેવકો પુષ્ટિમાર્ગમાં વિશિષ્ટ સ્થાન ધરાવે છે. ઊભય ગુરુઓની કૃપાથી તેમને પુષ્ટિમાર્ગના સિદ્ધાંત હૃદયારુઢ થયા હતા એટલું જ નહીં, પરંતુ ભગવાનની વિવિધ લીલાઓનો સાક્ષાત અનુભવ થવાથી તેમણે તે રસમય લીલાઓનું વર્ણન પોતાની રચનાઓ- કાવ્યોમાં, કીર્તનોમાં આલેખિત કર્યું છે. ભારતીય સાહિત્યના ઈતિહાસમાં આ આઠેય સંતકવિઓ **'અષ્ટછાપ'**ના નામથી એક વિશિષ્ટ ગૌરવવંતું સ્થાન ધરાવે છે. મુખ્યત્વે વ્રજભાષામાં ભક્તિભાવ પ્રચુર એ કીર્તનો તેનું અવગાહન કરનારને ભગવદ્ રસનું પાન કરાવવાની ક્ષમતા ધરાવે છે, કારણ કે 'અષ્ટસખા' જે નામથી તેઓ સામાન્યતઃ પ્રસિદ્ધ છે, તેમની તે રચનાઓ કેવળ કોરી કલ્પનાઓ જ કે વિચારમાત્ર નથી પરંતુ ભગવદ્કૃપાથી તેઓએ અંતરમાં જે ભગવદ્લીલાઓનો અનુભવ કર્યો તેનું પ્રત્યક્ષ વર્ણન છે.

અષ્ટસખાઓનાં વિવિધ પદો કાવ્યરસિકોને કાવ્યરસનો, સંગીતરસિકોને સંગીતરસનો અને ભક્તિરસિકોને ભક્તિરસનો રસાસ્વાદ કરાવી પરમાનંદની અનુભૂતિ કરાવે છે.

શ્રી વિઠ્ઠલનાથજીએ જ્યારે રાગ, ભોગ અને શૃંગાર દ્વારા શ્રીનાથજીની સેવાની રસમય, સુંદર અને ચોક્કસ સેવાપ્રણાલી શરૂ કરી ત્યારે શ્રીનાથજીની અષ્ટપ્રહરની કીર્તનની સેવા આ અષ્ટછાપ કવિઓને સોંપી હતી.

આ અષ્ટસખાઓ કેવળ સામાન્ય મનુષ્યો જ નહોતા, પરંતુ સારસ્વતકલ્પમાં સ્વયં પરબ્રહ્મ પરમાત્મા જ્યારે શ્રીકૃષ્ણ સ્વરૂપે ભૂતલ ઉપર અવતરિત થયા ત્યારે તેમનો લીલા પરિકર શ્રીકૃષ્ણના સખા- સખી રૂપે પ્રગટ થયેલા હતા. એ જ સખા-સખીએ પુનઃ શ્રીનાથજીના પ્રાગટ્ય સમયે અષ્ટસખાના રૂપમાં જન્મ લીધો અને સખાભાવથી શ્રીનાથજી સ્વરૂપ શ્રીકૃષ્ણ સાથે વિવિધ પ્રકારે સખ્યભાવથી ભક્તિ કરી- લીલાઓ કરી જે શ્રીનાથજીનાં લીલા ચારિત્રોમાં પ્રાપ્ત થાય છે.

શ્રી વિઠ્ઠલનાથજીએ એ અષ્ટસખાઓને શ્રીનાથજીની વિવિધ સમયનાં કીર્તનોની સેવા સોંપી હતી. શ્રીકૃષ્ણનાં જે વિવિધ લીલાસ્વરૂપો છે તેમાં પ્રત્યેકની કોઈ ને કોઈ સ્વરૂપમાં વિશિષ્ટ આસક્તિ હતી. વ્રજમાં શ્રી ગિરિરાજજીનાં જે આઠ નિકુંજનાં દ્વાર છે તેમાં પ્રત્યેકમાં આ અષ્ટસખાઓનું વિશિષ્ટ સ્થાન રહેલું છે.

સમાજના વિવિધ સ્તરમાંથી આવનારા આ અષ્ટછાપ કવિરત્નોએ ભક્તિરસ સભર ઉત્તમોત્તમ વિપુલ સાહિત્યની ભેટ સમાજને આપી છે. તેમાં સૌથી વિશિષ્ટ સાહિત્ય સુરદાસજીનું પ્રગટ-અપ્રગટ છે. કહેવાય છે કે તેમના પદોની સંખ્યા સવાલાખ જેટલી છે. તેઓ હિન્દી સાહિત્યનો ઉજ્જવળ સિતારો કહેવાય છે. આ અષ્ટછાપ કવિઓએ ન તો કોઈ પદની અપેક્ષા સેવી હતી ન કોઈ માનપ્રાપ્તિની. શ્રીકૃષ્ણની અનન્ય ભક્તિ એ જ માત્ર તેમનું લક્ષ્ય હતું. પોતાના આરાધ્યને રીઝવવા એ જ તેમનું ધ્યેય હતું. દિનરાત કેવળ ભગવદ્ રસમાં ડૂબેલા રહેવાથી ભગવાનની જે વિવિધ અલૌકિક લીલાઓની અનુભૂતિ તેઓને થતી તેની અભિવ્યક્તિ તેઓ તેમની રચનાઓમાં કરતા. ભગવાન સ્વયં તેમનાં કીર્તનોના શ્રવણ માટે લાલાયીત રહેતા અને તેથી પુષ્ટિમાર્ગની પ્રત્યેક સેવા સવારમાં શ્રી પ્રભુ જાગે ત્યારથી પોઢે એ પ્રત્યેક ક્રિયા દરમ્યાન અષ્ટછાપનાં કીર્તનો ગાવાની પ્રણાલી આજે પણ પુષ્ટિમાર્ગીય મંદિરોમાં અવિરત ચાલુ છે.

વિષય અને ભક્તિભાવની દૃષ્ટિથી 'અષ્ટછાપ'નાં કાવ્યોનો આધાર શ્રીમદ્‌ભાગવત, બ્રહ્મવૈવર્ત પુરાણ તેમ જ શ્રી વલ્લભાચાર્યજીના સિદ્ધાંતો રહેલા છે. તેમનાં પદોની શૈલી તેમના પૂર્વ સમર્થ કવિઓ જયદેવ, વિદ્યાપતિ આદિ મુજબ જણાય છે. તેમણે રચેલાં પદોની ભાષા મુખ્યત્વે વ્રજભાષા રહેલી છે, જ્યારે તેમની સમક્ષ સંગીતનો આદર્શ ઉત્તર ભારતીય સંગીત રહેલું છે. આમ છતાં અષ્ટછાપની સંગીતકલા તેમના સમયમાં એટલી પ્રસિદ્ધ હતી કે મોટા મોટા ગવૈયા પણ તેમને આદર્શ માની તેમનું ગાન સાંભળવા આવતા. તાનસેન જેવા અકબર બાદશાહનાં નવ રત્નોમાંના એક પણ ગોવિંદસ્વામીના શિષ્ય બન્યા હતા.

અષ્ટછાપના પ્રત્યેક ભક્તકવિએ અનેક પ્રકારનાં કાવ્યોની રચના કરી છે. તેમણે ભગવાન કૃષ્ણની વિધવિધ લીલાઓનું વિવિધ સમયની લીલાઓનું, વિવિધ શૃંગારના વર્ણન કરતાં પદોનું, ભગવદ્ ગુણાનુવાદ તેમ જ આચાર્યોના ગુણાનુવાદ કરતાં પદો, આશ્રય, માન, વ્રતચર્યા, હિલગનાં પદો, ખંડિતાનાં પદો, વિવિધ ઉત્સવાદિના ભાવોનું વર્ણન કરતાં કીર્તનો, પ્રકીર્ણ પદો, ગૂઢ પદો વગેરે વિશાળ ક્ષેત્રોને આવરી લઇ તેમણે પુષ્ટિમાર્ગીય સાહિત્ય પીરસ્યું છે.

સુરદાસજીએ ગુરુકૃપાના મહિમાનું વર્ણન કરતાં ગાયું છે- **'ધનિ શુકમુનિ ભાગવત બખાન્યો, ગુરુકી કૃપા ભઈ જબ પૂરન તબ રસના કહિ ગાન્યો...'** તો તેમનાં પદોમાં હીનતા અને આત્મગ્લાનિનો ભાવ પણ વ્યક્ત થયો છે- **'સો કહા જુ મૈન કિયો જો પૈ સોઈ ચિત્તધરિહો, પતિતપાવન વિરદ સાંત કૌન ભાંતિ કરિહૌ?'** પોતાના જીવન પ્રત્યે ઉપેક્ષાભાવ વ્યક્ત કરતાં 'સુર' કહે છે- **'મેરે જિય સૂ ઐસી બની, છાંડિ ગુપાલ ઔર જો જાંચૌતો લાજે જનની, કહાં કાંચ કી સંગ્રહ કીજૈ ત્યાગ અમોલ મની,'** પોતાના ગુરુ શ્રી વલ્લભ અને ભગવાન પ્રત્યેના અભેદને વ્યક્ત કરતું તેમનું આશ્રયનું કીર્તન- **'ભરોસો, દઢઈન ચરણન કેરો, શ્રીવલ્લભ નખ- ચંદ્ર- છટા બિનુ, સબ જગમાંહી અંધેરો, સાધન ઔર નહીં યા કલીમેં જાઓ હોય નિવેરો, સુર કહાં કહે દ્વિવિધ આંધરો, બિના મોલ કો ચેરો'** જગપ્રસિદ્ધ છે.

પરમાનંદ દાસ સ્વગુરુ શ્રી વલ્લભનો મહિમા ગાતાં કહે છે- **'પ્રાતસમય ઉઠિ કરિયે શ્રી લક્ષ્મણ સુત ગાન.'** વ્રજમંડલ પ્રત્યેના પ્રેમ અને વલ્લભકુલમાં પોતાની ભક્તિની અભિવ્યક્તિ કરતાં તેઓ ગાય છે- **'યહ માંગો ગોપીજનવલ્લભ,**

માનુષજન્મ ઔર હરિ સેવા, વ્રજ બસિવો દીજૈ મોંહિ' સુલ્લભ, શ્રી વલ્લભકુળ કો હોઉ ચેરો વૈષ્ણવજન કો દાસ કહાઉં. શ્રી યમુના જલ નિત પ્રતિ ન્હાઉં મન કર્મ વચન કૃષ્ણ ગુન ગાઉં, શ્રી ભાગવત શ્રવણ સુન નિત પ્રતિ ઈન ત્યજિ ચિત્ત કહૂં, અન્ત ન જાઉં, પરમાનંદદાસ યહ ભાવત નિત નરખૌં કબહું ન અધાઉં. જાણે ગાગરમાં સાગર ભરી દીધો તેમણે.

કુંભનદાસ વળી, ગુરુશ્રી વલ્લભાચાર્યજીના બાળસ્વરૂપનું વર્ણન કરતાં કહે છે- **'ઈલમ્મા શ્રીવલ્લભ લાલહિ ઝુલાવે, લાલ ઝુલાવે મન હુલસાને, પ્રમુદિત મંગલ ગાવે, ગૃહકરડાર પાટકી કરસો મન હી મન હુલસાવે, કુંભન પ્રભુકી છબિ નિરખત વ્રજ જન મંગલગાવે.'** અકબર બાદશાહ જ્યારે કુંભનદાસને પોતાના દરબારમાં બોલાવી ગાવા કહે છે ત્યારે આ નિર્ભીક ભક્ત બાદશાહના ગુસ્સાની પરવા કર્યા વગર ગાય છે- **ભક્તન કો કહા સિકરી સો કામ, આવત જાત પનૈયા તુટિ, બિસર ગયો હરિનામ, જાકો મુખ દેખત, દુખ ઉપજત, તાકો કરનો પર્યો પ્રનામ, કુંભનદાસ લાલ ગિરિધરન બિન યહ સબ જુઠો ધામ.'**

કૃષ્ણદાસની વિવિધ પદરચનાઓ અનોખી છે. તેમણે શ્રીગુંસાઈજીને શ્રીજીની સેવામાંથી પ્રતિબંધિત કર્યા પછી જ્યારે બાદશાહના ફરમાનથી તેમને બંદી બનાવવામાં આવ્યા ત્યારે શ્રીગુંસાઈજીએ અન્નજળનો ત્યાગ કર્યો ત્યારે તેમના અપકાર ઉપર ઉપકાર દર્શાવતાં શ્રીગુંસાઈજીના સ્વરૂપનું ધ્યાન થતાં તેમણે ગાયું છે- **'પરમકૃપાલ શ્રી વલ્લભનંદન કરત કૃપાનિજ હાથ દે માથે, જે જન શરણ આય અનુસરહિં, ગ્રહિસોંપત શ્રી ગોવર્ધનનાથે, પરમ ઉદાર ચતુર ચિંતામણિ, રાખત ભવધારા બહ જાતે, ભજ કૃષ્ણદાસ કાજ સબ સરહી, જો જાને શ્રી વિઠ્ઠલનાથે.'**

ગોવિંદસ્વામી તો નિત શ્રીનાથજી સાથે ખેલતા અને કાંકરીચાળો કરતા એવો તેમનો સખ્યભાવ હતો, જેનું દર્શન આપણને તેમના આ પદમાં થાય છે- **'હમૈં બ્રજ લાડિલે સૌ કાજક જસ અપજસ કૌ હમે ડર નાંહી, કહની હોય સો કહિયે આજ, કાહુ કછુ પ્રીતિ કરી કૈન કરીજો, સન્મુખ વૃજનૃપ યુવરાજ, ગોવિંદપ્રભુ કી કૃપા ચાહિયે, વે હૈ સકલ ઘોષ સિરતાજ.'**

છીતસ્વામીએ તો શિષ્ય બન્યા પહેલાં ગુરુ શ્રીગુંસાઈજીની કસોટી કરી હતી પરંતુ તેમનામાં પ્રગટ પુરુષોત્તમ સ્વરૂપના દર્શન થતાં ગાયું હતું- **'પ્રગટ બ્રહ્મ**

પૂરન યા કલિ મૈં, પ્રગટે શ્રી વિઠ્ઠલનાથ, પતિતપાવન, મનભાવન જે પગ ધરત હૈ તિન હી માથ, ભવસાગર અપાર તરિવે કો, અવલંબન દૈ તનિહી હાથ, છીતસ્વામી ગિરિધરન શ્રીવિઠ્ઠલ ગાવત ગુન ગન ગાથ.'

ચર્તુભુજદાસ કુંભનદાસના સુપુત્ર હતા. કુંભનદાસને આઠ પુત્રો હતા છતાં શ્રીગુંસાઈજી દ્વારા 'તેમને કેટલા પુત્રો છે', તેમ પૂછવામાં આવતાં કુંભનદાસે જવાબ આપેલો કે 'દોઢ પુત્ર', કારણ કે ચતુર્ભુજદાસ સ્વરૂપસેવા અને નામસેવા બન્ને કરતા, જ્યારે બીજા પુત્ર કૃષ્ણદાસ કેવલ ગૌસેવા કરતા હોવાથી તેમને કુંભનદાસે અડધા પુત્ર માન્યા હતા. અન્ય પુત્રોની તો ભગવદ્ સન્મુખતા ન હોવાથી તેમણે તેઓને પુત્ર માનવાનો પણ ઇનકાર કરેલો. ચતુર્ભુજદાસને તો અનેક લીલાઓનાં પ્રત્યક્ષ દર્શન ગુરુકૃપાથી થયા હતા. એક સમયે ધ્યાનસ્થ ચતુર્ભુજદાસને યુગલ સ્વરૂપનાં દર્શન થતાં તેમની વાણી પ્રસ્ફુટિત થઈ હતી- **'ગૌવર્ધનગિરિ સઘન કંદરા, રૈન નિવાસ કિયો પિય પ્યારી, ઉઠિ ચલે પ્રાત સુરત- રસભીને- નંદનવન વૃષભાનું દુલારી, ઈતિ વિગહલિત કચમાલ મરગજી, અટપટે ભૂષન રગમગી સારી, ઉતહી અધર મસિ પાગુ રહી ધસિ દુહું છબિ લાગિત અતિભારી.'**

નંદદાસજી, જેઓ તુલસીદાસના પિતરાઈ ભાઈ થતા હતા તેમની વ્રજભૂમિ પ્રત્યેની આસક્તિ અનેરી હતી. જે આ પદમાં વ્યક્ત થાય છે- **'જો ગિરિ રૂચે તો બસો શ્રી ગોવર્ધન, ગામ રૂચે તો બસો નંદગામ, નગર રૂચે તો બસો મધુપુરી, શોભા સાગર અતિ અભિરામ, સરિતા રૂચે તો બસો યમુનાતટ, સકળ મનોરથ પૂરન કામ, નંદદાસ કાનન રૂચે તો બસો ભૂમિ વૃંદાવન ધામ.'**

અષ્ટછાપના આઠે ભક્ત કવિરત્નોમાંથી કોણ ચડે- કોણ ઊતરે એ તો કહી શકાય તેમ જ નથી કારણ કે તેઓ પરમાત્મા શ્રીકૃષ્ણની અહોરાત્ર સેવામાં સખાભાવથી તેમ જ સખીભાવથી બન્ને રીતે નિત્ય રહેતા. નીચેના વિવરણથી આ હકીકત સ્પષ્ટ થાય છે.

(જુઓ આગળનું પાનું)

અષ્ટછાપનું વિસ્તૃત વર્ણન

ક્રમ	નામ	જ્ઞાતિ	દીક્ષાગુરુ	લીલામાં સખાનું નામ	લીલામાં સખીનું નામ	ગિરિરાજજીમાં સ્થાન	આસક્તિનું સ્વરૂપ	કીર્તનસેવાનો સમય	તેમની રચનાઓની સંખ્યા (અંદાજે)	કેટલો સમય ભૂતલ પર રહ્યા
૧	કુંભનદાસ	ગોરવાક્ષત્રિય	શ્રી વલ્લભાચાર્યજી	અર્જુન	વિશાખા	જમુનાવતા	શ્રીનાથજી	રાજભોગ	૪૦૦	૧૧૫ વર્ષ
૨	સુરદાસ	સારસ્વત બ્રાહ્મણ	શ્રી વલ્લભાચાર્યજી	કૃષ્ણ	ચંપકલતા	પારાસોલી (ચંદ્રસરોવર)	શ્રી મથુરેશજી	ઉત્થાપન	સવાલક્ષ	૧૦૫ વર્ષ
૩	પરમાનંદદાસ	કનોજીયા બ્રાહ્મણ	શ્રી વલ્લભાચાર્યજી	તોક	ચંદ્રભાગા	સુરભિકુંજ	શ્રી નવનીતપ્રિયાજી	મંગલા	૨૦૦૦	૯૧ વર્ષ
૪	કૃષ્ણદાસ	પટેલ	શ્રી વલ્લભાચાર્યજી	ઋષભ	લલિતા	બિલછુકુંડ	શ્રી મદનમોહનજી	શયન	૭૦૦	૮૪ વર્ષ
૫	ગોવિંદસ્વામી	સનાઢ્ય બ્રાહ્મણ	શ્રી વિઠ્ઠલનાથજી	શ્રીદામા	ભામા	કદમખંડી	શ્રી દ્વારકાધીશજી	ગ્વાલ	૪૦૦	૮૦ વર્ષ
૬	છીતસ્વામી	ચતુર્વેદી બ્રાહ્મણ	શ્રી વિઠ્ઠલનાથજી	સુબલ	પદ્મા	અપ્સરાકુંડ	શ્રી વિઠ્ઠલનાથજી	સંધ્યા આરતી	૨૦૦	૭૦ વર્ષ
૭	ચતુર્ભુજદાસ	ગોરવા ક્ષત્રિય	શ્રી વિઠ્ઠલનાથજી	વિશાલ	વિમલા	રુદ્રકુંડ	શ્રી ગોકુલનાથજી	ભોગ	૨૦૦	૪૫ વર્ષ
૮	નંદદાસ	સનાઢ્ય બ્રાહ્મણ	શ્રી વિઠ્ઠલનાથજી	ભોજ	ચંદ્રરેખા	માનસીગંગા	શ્રી ગોકુળચંદ્રમાજી	શૃંગાર	૪૦૦	૫૨ વર્ષ

૭

ભક્તકવિ સુરદાસ

(Devottee Poet Surdas)

સુરદાસજીનો જન્મ દિલ્હી પાસે સિંહી નામના નાનકડા ગામમાં સંવત ૧૫૩૫ના વૈશાખ સુદ પાંચના દિવસે સારસ્વત બ્રાહ્મણ કુટુંબમાં થયો હતો. તેમના પિતાનું નામ રામદાસ અને માતા ભગવતીલક્ષ્મી. તેમનું કુટુંબ સાવ ગરીબ હતું. ત્રણ દીકરા અગાઉથી જ હતા અને ચોથા અંધ દીકરાનો જન્મ થતાં માતા-પિતાને કોઈ પ્રકારની ખુશી થઈ નહીં. આ દીકરો આંખે અંધ હોવાના કારણે સૌ તેને 'સુર' કહીને સંબોધતા.

એક સમયે કોઈ ધનિક યજમાન તેમના ઘરે આવ્યો અને તેના પિતાને દક્ષિણામાં બે સોનામહોરો આપી. પત્નીએ એ સોનામહોરો ચીંથરામાં લપેટીને એક ભંડકિયામાં મૂકી દીધી. બીજે દિવસે તપાસ કરતાં જે સ્થાને એ સોનામહોરો મૂકી હતી તે ત્યાં મળી નહીં. ઘરમાં તો રોકકળ શરૂ થઈ ગઈ. માતા-પિતા બધાં દુઃખી થઈ ગયાં. ખૂબ શોધ કરવા છતાં સોનામહોરો મળી નહીં. બાળ સુરે માતાપિતાને સાંત્વન આપતાં કહ્યું કે "તમે ફીકર કરો નહીં, નારાયણનું સ્મરણ કરો." આ સાંભળી માતા-પિતા ગુસ્સે થયા અને સુરને મહેણાં મારતાં કહ્યુંકે 'તારા કારણે જ અમારા દુર્ભાગ્યમાં વધારો થયો છે.' સુરે તેમને કહ્યું કે 'જો મને ઘરમાંથી જવાની રજા આપો તો હું સોનામહોરની ભાળ આપું.' માતા-પિતાએ હા કહેવાથી સુરના બતાવેલ સ્થાનેથી સોનામહોર મળી આવી. માતાપિતા તો ખુશ થયાં, પણ સુર તેના વચન પ્રમાણે ઘરમાંથી ચાલી નીકળ્યા.

સુરે ગામ બહાર આવી એક તળાવના કાંઠે મુકામ કર્યો. તેમની વાણીમાં સત હતું. લોકો તેમની પાસે આવે તો તેમની સમસ્યાઓનો હલ સુરદાસ શોધી આપતા. તેમનો કંઠ મધુર હતો. તેઓ સુંદર રાગમાં ભજનો ગાતા. ધીરે ધીરે તેમની પ્રસિદ્ધિ થવા માંડી. લોકો તેમને સંત સમજવા માંડ્યા. તેમના સેવક બની લોકો તેમની સેવા કરવા લાગ્યા. અઢારેક વર્ષની વય થતાં તો તેઓ 'સુર-સ્વામી'ના નામે જાણીતા થઈ ગયા અને તેમણે પ્રભુતા માહાત્મ્યના અને દીનતાનાં હજારો પદ

રચ્યાં.

હવે તેમને શ્રીકૃષ્ણનાં દર્શનની તાલાવેલી લાગી. મનમાં ગ્લાનિ થતી કે હું નેત્રહીન છું, કઈ રીતે મને ભગવાનનાં સાક્ષાત દર્શન થઈ શકે? તેમને કોઈકે સમાચાર આપ્યા કે મથુરામંડળમાં શ્રી વલ્લભાચાર્યજી નામે દિવ્ય સંત પધાર્યા છે. 'તું તેમને શરણે જા. તે તારી ઇચ્છા પૂર્ણ કરશે.'

પોતાની પર્ણકટિનો વૈભવ પિતાને સોંપી પોતાના થોડા શિષ્યો સાથે તેમણે મથુરાની વાટ પકડી. આગ્રા પાસે યમુનાજીના કિનારે ગૌઘાટ ઉપર તેમણે ડેરા નાંખ્યા. અહીં બાર વરસ તેમણે નિવાસ કર્યો અને ભગવાનના મહાત્મ્યનાં પદો રચી-ગાઈ જનમાનસમાં પ્રસિદ્ધિ મેળવી. 'સુરસ્વામી' તરીકે ખ્યાતિ પ્રાપ્ત થવા છતાં તેમના મનમાં પ્રતિષ્ઠાનો મોહ ન હતો કે ધનનો લોભ નહતો. તેમની એક જ આસ હતી કે ક્યારેક શ્રી વલ્લભાચાર્યજી અહીં પધારશે અને મને સેવક કરી મારો મનોરથ પૂર્ણ કરશે.

દક્ષિણમાં કનકાભિષેકનું સન્માન પ્રાપ્ત કરી સંવત ૧૫૬૩ના ચૈત્ર વદ ૧૧ના દિવસે શ્રી વલ્લભાચાર્યજી અડેલ થઈ ગૌઘાટ પધાર્યા અને ત્યાં મુકામ કર્યો. સમાચાર મળતાં જ સુરસ્વામી તેમના શિષ્યો સાથે આપશ્રી જ્યાં સંધ્યાવંદન કરી રહ્યા હતા ત્યાં આવ્યા અને સાષ્ટાંગ દંડવત્ કર્યા. શ્રી વલ્લભાચાર્યજી તેમને ઓળખી ગયા અને આજ્ઞા કરી, 'આવો, સુરદાસ બેસો. અમને કંઈક ભગવદ્ યશ સંભળાવો.' આ સાંભળી સુરદાસે ગાયું, **'પ્રભુ હૌં સબ પતિતન કો ટીકો'** અર્થાત્- હું બધા જ પતિત લોકોમાં સૌથી નિકૃષ્ટ છું. આ સાંભળી શ્રી વલ્લભાચાર્યજી કહે, 'સુર આવી કાયરની વાણી શા માટે ઉચ્ચારો છો? હરિનો માર્ગ તો શુરાનો છે, માટે કોઈ ભગવાનની લીલાનું ગાન કરો.'

સુરદાસે જવાબ આપ્યો- 'મહારાજ મને ભગવાનની લીલાનો કોઈ અનુભવ નથી. આપ એવો કોઈ અનુભવ કરાવો તો હું લીલાગાન કરું.'

શ્રી વલ્લભચાર્યે તેમને યમુનાજીમાં સ્નાન કરાવી બ્રહ્મસંબંધ મંત્રની દીક્ષા આપી અને શ્રી ભાગવતના દશમસ્કંધની અનુક્રમણિકાનો પાઠ રચી તેમને સંભળાવ્યો. એ સાંભળતાં જ સુરદાસના અંતઃકરણમાં ભગવદ્લીલા પ્રત્યક્ષ અનુભવવા માંડી. તરત જ તેમણે પદ ગાયુંઃ

'ચકઈરી ચલિ ચરન સરોવર, જઇ નહીં પ્રેમ વિયોગ' આ સાંભળી શ્રી

વલ્લભાચાર્યજી પ્રસન્ન થયા અને 'શ્રી પુરુષોત્તમ સહસ્રનામ' સ્તોત્ર તેમને સંભળાવ્યું. તેમની કૃપાથી સુરદાસજીના હૃદયમાં શ્રીભાગવતની સમગ્ર લીલાઓનો અનુભવ થવા માંડ્યો. હવે તેઓ 'સુરસ્વામી'માંથી 'સુરદાસ' બની ગયા અને ગૌઘાટથી વ્રજ તરફ પ્રયાણ કર્યું. જતીપુરામાં ગિરિરાજ આવી શ્રીનાથજીની સંધ્યા આરતીનાં દર્શન કરતાં રસઘન અલૌકિક સ્વરૂપનાં સાક્ષાત દર્શન તેમને થયાં અને તેમના મુખમાંથી સહજ શબ્દો સરી પડ્યા: **'કૌન સુકૃત ઈન બ્રજબાસિન કો બઘા બિરંચી શિવ શેષ'** અર્થાત - અરે આ વ્રજવાસીઓનું ભાગ્ય તો જુઓ! બ્રહ્માજી, શિવજી, શેષજી જેવા મહા જ્ઞાની દેવો પણ પૂછે કે એમણે એ કેવાં તો સત્કાર્યો કર્યાં છે કે સાક્ષાત ભગવાન તેમના પ્રિયતમ સખા બની તેમની વચ્ચે ખેલે છે?'

શ્રી વલ્લભાચાર્યજીએ તેમને શ્રીનાથજીની કીર્તનની સેવા સોંપી. હવે તો કીર્તનની સેવા એ જ સુરદાસનું જીવનધ્યેય બની ગયું. શ્રીનાથજી તેમનાં કીતર્નથી ખૂબ પ્રસન્ન રહેતા. તેમણે ગોવર્ધનની તળેટીમાં પારાસોલીમાં ચંદ્રસરોવર પાસે પર્ણકુટિ બનાવી નિવાસ કર્યો. વિવિધ ભગવદ્ લીલાઓનાં અનેક પદોની તેમણે રચના કરી જેની સંખ્યા સવાલાખ કહેવાય છે.

તત્કાલીન બાદશાહ અકબરે તેમનાં પદોથી પ્રભાવિત થઈ પોતાના દરબારમાં આવવા નિમંત્રણ આપ્યું અને પદગાન કરવા આજ્ઞા કરી. સુરદાસજીએ ગાવાની શરૂઆત કરતાં કહ્યું :

'મનરે તૂ કર માધો સોં પ્રીત,
કામ ક્રોધ મદ લોભ માયા છાંડ, સકલ વિપરીત'

બાદશાહ કહે- 'બાબા મારા યશનું વર્ણન કરતું એકાદ પદ સંભળાવો. હું દિલ્હીનો બાદશાહ છું.' જવાબમાં સુરદાસજીએ કેદારો રાગ છેડતાં કહ્યું:

'નાહિન રહ્યો મન મેં ઠોર, નંદનંદન બસત કૈસે આનિયે ઉર ઔર'

'હે બાદશાહ! એક વખત મનમાં શ્રીકૃષ્ણ વસી ગયા પછી, હવે એ મનમાં બીજી કોઈ ઇચ્છા માટે જગ્યા જ રહી નથી. હાલતાં-ચાલતાં, રાત-દિવસ અને સ્વપ્નમાં પણ મને એનાં જ દર્શન થાય છે. તમારી જેમ, અનેક લોકો અનેક પ્રકારના લોભ દેખાડે છે, પણ તેમની વાતો અંતરમાં ઊતરતી જ નથી. મારાં નેત્રો તો સાંવરી સુરત અને માધુરી મૂરતનાં પ્રગટ દર્શન વિના તરસે છે.' આવી સ્પષ્ટ વાણી સાંભળી બાદશાહ સમજી ગયો. સુરદાસજીને કાંઈક માગવા આજ્ઞા કરી.

સુરદાસ કહે, 'તમે રાજી થયા હો તો એટલું જ કહી દો કે ફરીથી મને કદી અહીં બોલાવશો નહીં.' આવી હતી સુરદાસજીની નીડરતા અને નિઃસ્પૃહતા.

સુરદાસજીને તો ભગવાને દિવ્ય ચક્ષુ આપ્યાં હતાં. એક સમયે સુરદાસની પરીક્ષા કરવા શ્રી ગુંસાઈજીનાં બાળકોએ ઠાકોરજી શ્રી નવનીતપ્રિયાજીને કેવળ મોતીની માળા ધરી, એ સિવાય કોઈ વસ્ત્રશૃંગાર ધર્યા નહીં અને સુરદાસજીને કીર્તન કરવા કહ્યું. સુરદાસજીએ ગાયું: **'દેખેરી હરિ નંગમનંગા, જલસુત ભૂષન અંગ બિરાજત, બસન હીન છબિ ઉઠત તરંગા.'** આ સાંભળી, શ્રીગુંસાઈજીનાં બાળકો પ્રસન્ન થયાં અને વૈષ્ણવો પણ ચકિત થઈ ગયા. સૌને સુરદાસજીને આંતર્ચક્ષુ હોવાની પ્રતિતિ થઈ.

સુરદાસજીએ પદો વ્રજભાષામાં રચ્યાં છે. છતાં ક્યાંક ક્યાંક અરબી-ફારસી ભાષાના શબ્દોનો પ્રયોગ પણ જોવા મળે છે. તેમણે લોકભાષાના શબ્દો ઉપરાંત રૂઢિપ્રયોગોનો પણ ઉપયોગ કર્યો છે. તેમણે દૈન્ય, આત્મહીનતા, ભક્તવત્સલતા, પ્રભુને વિનંતી, શરણાગતિ, કલિયુગ અને માયાનો પ્રભાવ, ભગવાનના સૌંદર્યનું વર્ણન, નંદ-યશોદા, ગોપ-ગોપી ઉપરાંત વ્રજનાં સ્થળોનાં વર્ણન પણ તેમનાં પદોમાં કર્યાં છે. તેમનાં પદોમાં સ્થાનનું મહત્ત્વ અને વાસ્તવિકતા, પ્રસંગની મહત્તા, પાત્રોની સક્રિયતા, ભાવોની વ્યંજના અને શબ્દોનું લાલિત્ય ભરપૂર હોઈ સુરદાસજીને એક મહાકવિની કક્ષામાં મૂકી શકાય છે.

'મૂકં કરોતિ વાચાલં, પંગું લંઘયતે ગિરિમ્
યત્કૃપા તમહં વન્દે, પરમાનંદમ્ માધવમ્'

આ શ્લોકના ભાવને સુરદાસજીએ પોતાના નીચેના પદમાં અદ્ભુત રીતે અભિવ્યક્ત કર્યું છે.

'ચરણ કમલ વંદૌ હરિરાઈ
જાકી કૃપા પંગુ ગિરિ લંઘૈ, અંધે કૌ સબ કુછ દરસાંઈ
બહિરૌ સુનૈ, ગુંગ પૂનિ બોલૈ, રંક ચલે સિર છત્ર ધરાઈ
સુરદાસ સ્વામી કરુણામય, બાર બાર બંદૌ તિહિ પાઈ'

માયાના પ્રભાવને વર્ણવતાં તેઓ ગાય છે-

'હરિ તેરૌ ભજન કિયૌ ન જાઈ, કહા કરૌ, તેરી પ્રબળ માયા દેતિ મન ભરમાઈ'

શ્રીકૃષ્ણના ભજનની મહત્તા બતાવતાં સુરદાસજી કહે છે-

'સબ તજિ ભજિયે નંદકુમાર,
ઔર ભજેતૈ કામ સરે નહિ, મિટે ન ભવ-જંજાર...'

પોતાને પતિતમાં પતિત બતાવતાં સુર કહે છે,- **'પ્રભુ, હૌં પતિતન કો ટીકો'** વિષયવાસનાગ્રસ્ત જીવનું વર્ણન કરતાં કહે છે- **'અબ મૈં નાચ્યો બહુત ગોપાલ'**. ભગવાનને વિનંતી કરતાં તેઓ કહે છે- **'હમારે પ્રભુ, ઔગુન ચિત્ત ન ધરો...'** શ્રીકૃષ્ણની બાલલીલાનું અદ્‌ભુત વર્ણન તેમના આ પદમા પ્રાપ્ત થાય છે-

"ઘુટુરૂનિ ચલત શ્યામ મનિ-આંગન, માતુ-પિતા દોઉ દેખત રી..."
"મનિમય આંગન નન્દ કૈ, ખેલત દોઉ ભૈયા..."

તેમનું માખણ ચોરી લીલાનું પદ તો ખૂબ જ પ્રસદ્ધિ છે. **'મૈયા મૈં નહિ માખન ખાયો...'**

કહેવાય છે કે સુરદાસજીએ એક લાખ પદોની રચના કરી હતી. તેમનો સંકલ્પ સવાલાખ પદોનો હતો. તેથી બાકીનાં પદો સ્વયં શ્રી ગોવર્ધનનાથજીએ **'સુરશ્યામ'**ની છાપ સાથે રચી તેમનો સંકલ્પ પૂરો કર્યો હોવાનું કહેવાય છે. તેમનાં અગાધ પદોની રચના જોઈ શ્રી વલ્લભાચાર્યે તેમને **'સુરસાગર'** કહ્યા હતા. તેમના ગ્રંથો 'સુરસાગર' ઉપરાંત સાહિત્ય લહરી, સુર-સારાવલી, સુરસાઠી, સુર પચ્ચીસી, સેવાફલ, ઈત્યાદિ ગ્રંથ રૂપે પ્રકાશિત થયેલ છે. સુરદાસજીના અન્ય ગ્રંથોમાં ભાગવત ભાષા, દશમસ્કંધ ભાષા, સુરસાગર સાર, સુર રામાયણ, માન લીલા, દાણા લીલા, ગોવર્ધનલીલા, રાધા રસકેલિકૌતુક વગેરે પ્રસિદ્ધ છે.

સુરદાસે શ્રીમદ્‌ ભાગવતમાંથી બાળલીલાના અનેક પ્રસંગોનો આધાર લઈને પદો રચ્યા છે. 'સુરસાગર' એ કૃષ્ણની લલિત લીલાનું કાવ્ય છે- એવી લલિત લીલા કે જે માનવહૃદયમાં ભારતીય પ્રજાના માનસમાં યુગો યુગો સુધી વસી અને વધતી રહી જોવા મળે છે. સુરદાસ કૃષ્ણભાવની મૂર્તિ છે. જેઓ જેવા ભાવથી તેમને જુએ તેવા ભાવથી તેમને મળે છે. માખણચોરીની લીલામાં કૃષ્ણની સ્વાભાવિક ચંચળ ક્રીડાને વાત્સલ્યમય યશોદા અને 'કામ'થી પીડિત ગોપીઓ પોતપોતાના અલગ ભાવથી જુએ છે. ગોપીઓનો સમર્પણભાવ અને માતા યશોદાનો વાત્સલ્યભાવ સુરદાસજીનાં પદોના આધારસ્થંભો છે.

શ્રી વલ્લભાચાર્યે જ્યારે જ્યારે શ્રીમદ્ ભાગવતના લીલા પ્રસંગોને વર્ણવ્યા છે, તેને સુરદાસે પદરચનામાં ઢાળી શ્રીનાથજી તેમ જ શ્રી નવનીતપ્રિયાજી સમક્ષ રજૂ કરતાં ગાયા છે. શ્રીકૃષ્ણનાં લીલાત્મક સ્વરૂપોનું સુંદર કાવ્યસભર દર્શન સુરદાસે કરાવ્યું છે. તે અનન્ય છે. પાંચ-સાત વર્ષના નંદલાલનાં તોફાનો, રિસામણાં-મનામણાં, રુદન, હાસ્ય, ગુસ્સો બધું જ માનવસહજ આપણને લાગે, પોતીકું લાગે અને એવી અનુભૂતિ પણ થાય તે રીતનું આલેખન સુરદાસજીનાં પદોમાં થયું છે. શૃંગારિક કાવ્યરચનાઓમાં સંયોગ અને વિયોગ- વિપ્રલંભ- બન્ને પ્રકારને ખૂબ જ સફળતાપૂર્વક અને ઉચ્ચતમ ભાવાત્મક ભૂમિકા પર પદોમાં પ્રગટ કર્યા છે. શૃંગારિક વર્ણનોમાં પણ અલૌકિક ભાવનું સાહજિક પ્રાગટ્ય આપણને સુરદાસજીના પદોમાં મળે છે અને સાહજિક આલેખન હોવા છતાંય આપણા મનમાં પદનું શ્રવણ કરતાં અશ્લીલતાનો અણસાર પણ એમાં દેખાતો નથી. આ સંદર્ભમાં સુરદાસજીનાં ભ્રમર ગીતનાં પદો જોવા મળે છે. વિરહકાવ્યો પણ ગોપીના- યશોદાના- વિરહવર્ણન અને અંતરના વિરહી ભાવોની અભિવ્યક્તિ સુરદાસે દિલ ખોલીને તેમનાં પદોમાં પથ્થરદિલોને પણ પીગળાવી દે એ રીતે પ્રગટ કરી છે. ભાષા પાસેથી ઉત્તમ કામ સુરદાસજી તેમની રચનાઓમાં લઈ શક્યા છે. ભાવકના હૃદયમાં તેમનાં પદો સોંસરવાં પસાર થઈ ભાવુકતા હૃદયને હલબલાવી મૂકે તેટલી શક્તિ સુરદાસનાં પદોમાં છે.

વાત્સલ્ય અને શૃંગારનાં ક્ષેત્રોનું જેટલું અને જેવું અધિકમાં અધિક ઉદ્ઘાટન સુરદાસજીએ પોતાની બંધ આંખોએ કર્યું તેટલું અને તેવું કોઈ અન્ય કવિઓ ખુલ્લી આંખે કરી શક્યા નથી. રતિભાવના ભીતરની જેટલી માનસિક વૃત્તિઓ, દશાઓના અનુભવ તેમ જ પ્રત્યક્ષીકરણ સુરદાસજી કરી શક્યા એટલું બીજું કોઈ કરી શક્યા નથી. સુરદાસજીની ભાષા વ્રજની લોકબોલી હોવા છતાં પણ એ એક સાહિત્યિક ભાષારૂપે મળે છે. એમાં અન્ય પ્રાંતોના પ્રચલિત શબ્દો, પ્રત્યયો, પ્રાચીન કાવ્યભાષા, અપભ્રંશ શબ્દ વગેરેનો સુખદ મેળ છે. રૂઢિપ્રયોગો અને કહેવતોનો સજીવ પ્રયોગ જોવા મળે છે. ઉપમા, ઉત્પ્રેક્ષા, રૂપક આદિ અલંકારો ખૂબ જ સ્વભાવિક રૂપે તેમની રચનાઓમાં વણાયેલ છે. દૃષ્ટકુટ પદોમાં શ્લેષ, યમક વગેરેની સુંદર ઝલક જોવા મળે છે. સુરદાસજીની

વક્રોક્તિઓ હિન્દી સાહિત્યની એક અનોખી ધરોહર છે.

સુરદાસજીની તન્મયતા, તેમની મધુર ભાવની ઉપાસના, તેમના પદ સાહિત્યને કુસુમસમ કોમળ બનાવી દે છે. તેમની પવિત્ર ભાવનાને કારણે તેમની કાવ્યકળા ઉજ્જવળ બની છે. ભગવતસૌંદર્ય વિષયક તેમનાં પદો આ વાતની પ્રતીતિ કરાવે છે. સુરદાસજીએ શ્રીકૃષ્ણચંદ્ર અને શ્રીસ્વામિનીજી-શ્રીરાધાજી ઉપર અને તેમના અલૌકિક સૌંદર્ય સંબંધી ઘણાં પદો રચ્યાં છે. પણ ક્યાંય તેઓ મર્યાદા ચૂક્યા નથી. પરંતુ પવિત્ર રસધારા જ વહેવડાવી છે. તેમનાં દૃષ્ટકૂટ પદો તો આ રસધારાથી જ છલકાય છે. આનો એક નમુનો જોઈએ :

“અરથ કરો પંડિત અરુજ્ઞાની,
રવિ કે અંત દધિસુતકે આગમ, દ્વે ષટ ચાર અધિક છબી બાની,
નહિ વ્રજવનિતા, નહિ સુર વનિતા, નહિ રાધા સહચરી યજ જાની,
નહિ નરનારી ભારભજિન ભૂલો, બ્રહ્મસૃષ્ટિમેં યહ ન ઉપાની,
સારંગસુત સારંગ ચક્ષુદીને, સારંગ સુના દેખિ બિલખાની,
કનક સહોદર બસ કરિ લીને, ‘સુર’ ગૂઢ નિજ સંતન જાની.”

આ ગૂઢ પદનો અર્થ થાય છે- એક સમયે મહાદેવજીએ શ્રીપ્રભુને પોતાના મોહિનીરૂપનું દર્શન કરાવવા વિનંતી કરી. પ્રથમ ના પાડવા છતાં મહાદેવજીના આગ્રહને વશ ‘રવિ કે અંત’- એટલે સૂર્યનું આથમવું, દધિસુત- ચંદ્રમાનું આગમન, દ્વે-ષટ ચાર- અર્થાત્ સોળ શૃંગારથી પ્રભુ મોહિનીરૂપ બન્યા. અહીં વ્રજવનિતાનું, દેવોની સ્ત્રીઓનું, રાધાજીનું, અષ્ટ સખીઓનું કે માયાવી નારીનું વર્ણન નથી- બ્રહ્માની સૃષ્ટિમાં ઉત્પન્ન થઈ હોય એવી કોઈ સ્ત્રીનું વર્ણન નથી. સારંગસુત- કાજળ, મૃગ જેવા ચક્ષુમાં આંજ્યું છે, સારંગસુતા- પાર્વતીજી લજ્જા પામ્યાં અર્થાત્ તેમનું અભિમાન ઓગળી ગયું. કનકસહોદર- મહાદેવજી મોહિત થઈ મોહિની સ્વરૂપ શ્રી પ્રભુને પકડવા જતાં તેમનું વીર્ય સ્ખલિત થઈ ગયું. પુરાણોમાં પ્રસિદ્ધ આ કથાને સુરદાસજીએ ગૂઢભાવયુક્ત પદમાં રજૂ કર્યું છે.

તેમના જીવનનો અંતિમ પ્રસંગ તો તેમના હરિ-ગુરુના અદ્વૈતની ભાવનાને ઉજાગર કરે છે. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે તેમણે શ્રી હરિનાં તો અનેક પદો રચ્યા પરંતુ ગુરુ શ્રીવલ્લભાચાર્યજી પર એક પણ પદની રચના શા માટે

નથી કરી ત્યારે તેમણે સારગર્ભિત પદ ગાયું કે-

‘ભરોસો દઢ ઈન ચરણન કેરો
શ્રી વલ્લભ નખ ચંદ્ર છટા બિન, સબ જગમાં અંધેરો
સાધન ઔર નહીં યા કલીમે, જાસો હોય નિવેરો
સુરા કહા કહે દ્વિવિધ આંધરો બિના મોલ કો ચેરો’

આશ્રયનું આ પદ પુષ્ટિમાર્ગમાં અતિ પ્રચલિત છે. તેમણે ૧૦૫ વર્ષે પોતાનો ભૌતિક દેહત્યાગ કર્યો હતો.

* * *

૯

ભક્તકવિ દયારામ

(Devottee Poet Dayaram)

ભક્તકવિ દયારામનું પુષ્ટિમાર્ગમાં એક અનેરું સ્થાન છે. દયારામને સંક્ષિપ્તમાં વર્ણવવા હોય તો કહી શકાય કે તે 'પ્રેમલક્ષણા ભક્તિના પાદશાહ, પુષ્ટિમાર્ગના ઉપાસક, ગુર્જર ગરબીઓના સમ્રાટ, ભાગવતધર્મના પ્રવર્તક, ઉર્મિગાનના કવિ, ભક્તોમાં શિરમોર અને સૌથી વિશેષ એક ગંભીર તત્ત્વચિંતક હતા.'

આ કવિશિરોમણીનો જન્મ સંવત ૧૮૩૩ના ભાદરવા સુદ ૧૧-૧૨ (વામન દ્વાદશી)ને દિવસે નર્મદા નદીના કાંઠે આવેલા ચાણોદ ગામમાં થયો હતો. પિતા પ્રભુરામ અને માતા રાજકોર, જ્ઞાતે સાઠોદરા નાગર. દસ-બાર વર્ષની વયમાં જ તેમના માતાપિતા સ્વર્ગે સિધાવતાં, માસીબા દેવબાએ મોસાળ ડભોઈમાં તેમનો ઉછેર કર્યો હતો.

તેમનામાં બાળપણથી જ ભક્તિનાં બીજ વવાયેલાં હતાં. તેમને શ્રી હરિની લગની લાગી ગઈ હતી, એટલે તેમણે લગ્ન કરી સ્થાયી જીવન અપનાવ્યું નહીં. ડાકોરનિવાસી ત્રિકાળદર્શી માહાત્મા ઇચ્છારામ ભટ્ટ તેમના શિક્ષાગુરુ અને તત્કાલીન વૈષ્ણવાચાર્ય ગોસ્વામી શ્રી વલ્લભજી મહારાજ પાસે તેમણે વૈષ્ણવી દીક્ષા ગ્રહણ કરી હતી. બ્રહ્મસંબંધની દીક્ષા લઈ તેમણે શ્રી મદનમોહનજીના સ્વરૂપને સેવાર્થે પધરાવ્યું, અને તેઓ વ્રજની પરિક્રમા કરવા નીકળી પડ્યા. તેમણે સમગ્ર ભારતનાં વિવિધ તીર્થોની યાત્રા કરી. ૩૧થી ૪૫ની તેમ જ ૫૧થી ૫૭ની વય દરમ્યાનનો સમય તેમણે પર્યટન, યાત્રામાં વિતાવ્યો. તેમનું જીવન 'અયાચક' હતું, શ્રીમદનમોહનજીમાં તેઓને અતૂટ શ્રદ્ધા હતી. તેમનો જીવનમંત્ર હતો- 'તરવું તેને હાથ અને ડૂબવું પણ તેને જ હાથ', અર્થાત્ 'જેમ શ્રીકૃષ્ણ રાખે તેમ રહેવું.'

તેમની નસેનસમાં ગોપીભાવ સમાયેલ હતો. શ્રીકૃષ્ણને તેઓ પ્રિયતમ માનતા. શ્રીકૃષ્ણનું મનન, તેનું જ ભજન, તેનું જ કવન, તેનું જ સેવન અને તેનું

જ ચિંતન. આ તેમની જીવનચર્યા હતી.

તેઓ એક અચ્છા કવિ અને કીર્તનકાર તો હતા જ પરંતુ સાથે સાથે તેઓ મૃદંગ અને તબલાના પણ ઉત્સાદ હતા. જલતરંગ, બીન અને સિતારના તેઓ સારા જાણકાર હતા. તંબુર હાથમાં લઈ જ્યારે તેઓ કોકિલકંઠે ગાન કરે તો આનંદરસનો સાગર હિલોળા લેતો હોય તેવું લાગે. આવા સંગીતના શોખને લીધે ઘણા રાજા-મહારાજા- સરદાર- શ્રીમંતો પણ તેમના ચાહક હતાં.

દયારામનું સમગ્ર જીવન દેશાટન, અભ્યાસ, સાહિત્ય સર્જન, ભગવદ્ ભજન અને ભગવદ્ સેવામાં જ પસાર થયું હતું. તેઓ વેદ, દર્શનશાસ્ત્રો, પુરાણો, ઈત્યાદિમાં પારંગત હતા. કલા વિષયક શાસ્ત્રોના સારા જાણકાર હતા. કાવ્ય-અલંકાર- છંદ ઈત્યાદિના મર્મજ્ઞ હતા, જે તેમની રચનાઓથી સ્પષ્ટ થાય છે. સાક્ષરોએ દયારામને બાણ, શેક્સપિઅર અને કવિકુલગુરુ કાલિદાસની કક્ષામાં મૂક્યા છે. તેમની કૃતિઓ સાહિત્યજગતની શ્રેષ્ઠતમ કૃતિઓની હરોળમાં આવી શકે છે. તેમની રચનાઓ ગુજરાતી, મરાઠી, વ્રજભાષા, સંસ્કૃત, કચ્છી, મારવાડી, ઉર્દૂ અને ફારસી ભાષામાં ઉપલબ્ધ છે.

દયારામને સાહિત્યકારોએ પ્રેમનો કવિ કહ્યો છે. મધ્યકાલીન યુગના તેઓ છેલ્લા સમર્થ કવિ હતા. નરસિંહ મહેતા અને મીરાબાઈની માફક તેમણે પણ પ્રેમલક્ષણા ભક્તિનાં પદો રચી- ગાઈ સમાજને તરબોળ કરી દીધા હતા. તેમનું ચિત્તતંત્ર બસ કૃષ્ણલીલામાં જ રમમાણ હતું, કૃષ્ણદર્શનની જ તેમને લાલસા હતી, પ્રભુમિલનની જ ઝંખના સેવી હતી. માટે જ તેમણે કહ્યું છે-

"એક વર્યો ગોપીજન વલ્લભ, નહીં સ્વામી બીજો,
કોઈ નહીં સ્વામી બીજો રે માઈ નહીં સ્વામી બીજો,
અવર કોઈનું કામ ન મ્હારે રીઝો કે ખીજો."

એવી હતી તેમની ખુમારી!

તેમની રચનાઓને (૧) સિદ્ધાંત વિષયક (૨) ભક્તિ કાવ્યો, (૩) આખ્યાનો (૪) ગરબીઓ (૫) પ્રકીર્ણ રચનાઓ અને (૬) અન્ય ભાષાનાં કાવ્યોમાં વર્ગીકૃત કરી શકાય.

શ્રી વલ્લભાચાર્યજીના શુદ્ધાદ્વૈત સિદ્ધાંતનું તેમણે સચોટ નિરૂપણ કરતાં તેમણે કહ્યું છે-

"એક જ બ્રહ્મ બહુરુપે થાય, નામરૂપનો ભેદજી
વસ્તુતઃ તત્ત્વે સર્વે ઠેકાણે, એક જ વેદ અભેદજી
નામરૂપ અને ગુણ કરી ભેદજી, સકલ રૂપ શ્રી હરિ કહે વેદજી
વિચિત્ર લીલા રચી સમર્થેજી, રમણ પોતાને કરવા અર્થેજી
નામ રૂપાદિ વિવિધ પેખીને, દ્વૈતપણું નહિ લેશજી
નાગરનટુઓ ચતુર શિરોમણિ ધરે અનેક તે વેશજી
એ વાડીમાં બ્રહ્મ વિલસે, જગ હરિ ક્રીડા ભાંડજી
બ્રાહ્યાભ્યંતર રમણ કરે, પ્રભુ અનંત કોટિ બ્રહ્માંડજી."

'ભક્તિપોષણ' ગ્રંથ એ તેમની ખૂબ જ મહત્ત્વની કૃતિ છે, જેમાં તેમણે શ્રી વલ્લભાચાર્યજીના સિદ્ધાંતોને ખૂબ સારી રીતે નિરૂપિત કર્યા છે.

નવધા ભક્તિ અને પ્રેમલક્ષણાનું વૈશિષ્ટ્ય સમજાવવા તેઓ 'ભક્તિપોષણ'માં કહે છે-

**"શ્રવણ કીર્તન શ્રીકૃષ્ણનું, સ્મરણ સેવન, અર્ચન,
વંદન, દાસત્વ, સખ્યતા, વળી આત્મનિવેદન,
આત્મનિવદેન નવધા કહિયે, પ્રેમલક્ષણા દશમી લહિયે,
એ ભક્તિ સહુ સાધન તાજ, જે પામે વશ થાય વ્રજ રાજ
સેવો શ્રીકૃષ્ણ કૃપાલ...."**

અક્ષર બ્રહ્મ નિર્ગુણ નિરાકાર હોવાથી કેવળ જ્ઞાનગમ્ય છે, તેથી જ્ઞાનીઓ તેમાં લીન થાય છે- દયારામ અક્ષરબ્રહ્મનું સરસ વર્ણન 'દયારામ કાવ્યસુધા'માં કરે છે.

"વ્યાપક અદ્વૈત બ્રહ્મ તેજોમય નિરાકાર,
નિરંજન નિર્ગુનના આદિ પરિનામ હૈ
હે અનુપ અખંડિત અક્ષર હૂ અનિદેશય
રૂપ રંગ વપુ નહીં, મુનિકો લય ઠામ હૈ,
કહે નિગમ નેતિ નેતિ દૃષ્ટિ કોયના
અટપટી હૈ બાત પાવેગો મન વિરામ હૈ,
વાસુદેવ શ્રીકૃષ્ણ ચંદ્ર પુરુષોત્તમ ન્યારે,
'દયા' પ્રભુધામી વાકે વહ જિનકો ધામ હૈ."

શાંકર મતનું નિરસન કરતાં દયારામ ગાય છે-

ઐશ્વર્યાદિ ખટ ગુન સંયુત, નિર્ગુણ કૈસે કહીએ
અન્નત્રિગુન પર શુદ્ધસત્વ હરિ, નિરખત સબ સુખ લહીએ
લલિત ત્રિભંગી છેલ ફાંકડે, નટવર નાથ હમારે,
નિર્ગુણ બ્રહ્મ હે ધામ સો ઉનકા, સમજત સમજન વા રે.”

વળી વિવર્તવાદની ઠેકડી ઉડાડતા દયારામ કહે છે-

પ્રતિબિંબ ન પડે રૂપ વણ, નિર્મલી વસ્તુ પાખ્ય,
પવનનું પ્રતિબિંબ કાષ્ટમાં કયહું પડ્યું દીઠું ભાખ્ય,
છે ખ્યાતિ ચો યુગ સર્પ સાચો, માટે ભ્રાંતિ હોઈ,
જો જૂઠું પુષ્પ ગગનનું દીઠું કહે ન કોઈ.

તેમનાં આખ્યાનોમાં અજામિલાખ્યાન, મીરાચરિત્ર, રુક્મિણી વિવાહ, સત્યભામા વિવાહ ઇત્યાદિ સુપ્રસિદ્ધ છે. વ્યવહાર ચાતુરીમાં ઉપદેશ આપતાં તેઓ લખે છે-

“જે જે વાતે મીઠું કડવું આપણને જેમ લાગેજી
તે જ પ્રમાણે સમજી લેવું, જે સહુને સુખદુઃખ જાગેજી.”

દયારામને ગરબીઓનો તો બાદશાહ કહેવાય. તેમની ભાષામાં ગોપી કૃષ્ણને કહે છે-

“મારગડો મૂકો રે મોહનલાલજી, આઘા રહો, ન કહો આવજો,
વારૂં છું હું સખણા રહેજો શામળા, નહિતર મારા મુખથી ખાશો ગાળ જો”

ગોપી-કૃષ્ણના બીજા સંવાદ ખૂબ જ વિલક્ષણ છે:

“કાંઠે તે ઉભો કહાનજી રે લોલ, ભાઈ મુને ઘડુલો ચડાવ...”
“હું તને ઘડુલો ચડાવું રે લોલ, થાય મ્હારા ઘર કેરી નાર....”

શ્રી વલ્લભાચાર્યજીના શુદ્ધદ્વૈત જ્ઞાનની સાથે અન્ય આચાર્યોના તત્ત્વદર્શનનો પણ તેમનો ઊંડો અભ્યાસ હતો.

પ્રેમલક્ષણા ભક્તિમાં તો દયારામ ઓતપ્રોત હતાં. તેનું લક્ષણ સમજાવતાં તેઓ કહે છે-

“કહિયે પ્રેમનું લક્ષણ એહ, જ્યારે મળે તેનો તે સ્નેહ,
વિયોગ થાય ત્યારે તપે તન, ત્યાંહાંનુ ત્યાંહાં વળગ્યું રહે મન.”

શ્રીકૃષ્ણની ભક્તિની સર્વોચ્ચતા વર્ણવતાં દયારામ લખે છે-

"શ્રીકૃષ્ણની ભક્તિ અંક છે, બીજાં સાધન સર્વે શૂન્ય,
અંક વિના સર્વે અફળ છે, સહશૂન્ય, શૂન્ય દશ ગુન્ય."
"ભક્તિ કરી તેણે સર્વ કાંઈ કીધું, ભક્તિ વિના બીજું કાંઈ ન સીધું."

પુષ્ટિભક્તિમાં આરાધ્ય શ્રીકૃષ્ણ છે, માધ્યમ સેવા છે, સાધન સત્સંગ છે અને નિયામક ભગવાનની કૃપા છે. એ સમજાવતાં દયારામ ગાય છે-

"નિશ્ચયના મહેલમાં વસે મારો વાલમો, વ્રસે વ્રજ લાડીલો રે..."
"સત્સંગ દેશમાં ભક્તિનગર છે, પ્રેમની પોળ પૂછી જાજો રે...."
"વિરહતાપ પોળિયાને મળી મહેલે પેસજો સેવા સીડી ચડી ભેળા થાજો રે..."
"એ રે મંડાણનું મૂળ હરિઇચ્છા, કૃપા વિના સિદ્ધ નવ થાય રે...."

દયારામે વાસ્તવમાં પુષ્ટિભક્તિને અને પુષ્ટિ સિદ્ધાંતને પચાવ્યા હતા.

પંચોતેર વર્ષની પાકટ વયે દયારામે ગોલોકવાસ પ્રાપ્ત કર્યો હતો, પરંતુ પુષ્ટિ સાહિત્ય જગતમાં તેમણે અમરત્વ પ્રાપ્ત કર્યું છે.

◆

૯

ભારતીય સંત પરંપરા

(Indian Saints Tradition)

(પ્રાધ્યાપક ડૉ. રામજી તીવારીના પ્રવચનના આધારે)

ભક્તિ આંદોલન એ એક સાંસ્કૃતિક આંદોલન હતું. આને આંદોલન કેમ કહેવાય? જેમ સ્વતંત્રતા આંદોલન, જયપ્રકાશ નારાયણનું આંદોલન, વગેરે કોઇ ખાસ હેતુથી જન જાગૃતિ લાવવાનું કાર્ય કરવામાં આવે, જેમાં સંપૂર્ણ દેશના લોકો ઓતપ્રોત થઇ જાય, તેને 'આંદોલન' કહેવાય. તેવી જ રીતે ભક્તિના રંગથી સંપૂર્ણ જનમાનસ જ્યારે રંગાઇ ગયેલું હતું, તેને 'ભક્તિ આંદોલન' કહેવાય. છઠ્ઠી શતાબ્દિમાં તામિલનાડુમાં 'આલવાર' સંતો થઇ ગયા, જેઓ વિષ્ણુભક્તો હતા. તેઓ ભગવાન વિષ્ણુના પ્રેમમાં ડૂબેલા હતાં. 'આલવાર'નો અર્થ જ થાય 'ડૂબેલા'. આમાંના ચાર સંતો તો શુદ્ર જાતિના હતા. તેમનો ઈશ્વરીય પ્રેમ માનવીય સ્તરે હતો. અર્થાત્ જેમ મનુષ્યનો એકબીજા પ્રત્યેનો નિર્વ્યાજ પ્રેમ હોય તેમ તેઓ ઈશ્વરને ખુબ જ ચાહતા હતા. ભગવાન પ્રત્યેની ભક્તિની આ પ્રક્રિયા ઉત્તરોત્તર વધતી ચાલી. અગિયારમી અને બારમી શતાબ્દિમાં તેને વધુ જોર પકડ્યું અને તેરમી શતાબ્દિમાં તો તેને આંદોલનનું રૂપ લઇ લીધું, જે ત્રણસો વર્ષ ચાલ્યું. પંજાબમાં ગુરુ નાનક, તામિલમાં આલવારની પરંપરા, કેરળમાં માધવ પાણિકર અને શંકર પાણિકર, કર્ણાટકમાં બસવેશ્વર, ગુજરાતમાં દાદુ, નરસિંહ વગેરે, મહારાષ્ટ્રમાં એકનાથ, જ્ઞાનેશ્વર વગેરે. આમ ભારતના બધા જ પ્રાંતોમાં ભક્તિની જ્વાલા સંતોએ પ્રગટાવી. આ બધા સંતોએ એક સાથે સમગ્ર દેશમાં ભક્તિનો જુવાળ ફેલાવી દીધો. તે બધા એક જ વાત કહેતાં કે **'પોતાની અંદર ઝાંકો'** (Know thyself). આત્મદર્શન કરવું અને સામંતવાદી વ્યવસ્થાની સામે લડવું, તે તેઓનો નારો હતો. તેઓએ સામંતશાહી સાથે લડી પોતાને બચાવવાની વાત કહી. શ્રી વલ્લભાચાર્ય દક્ષિણમાં થયા. અઢાર વર્ષની ઉંમરે મહાપંડિતો સાથે શાસ્ત્રાર્થ કરી તેમણે તેઓ પર વિજય પ્રાપ્ત કર્યો. તેમણે વ્રજમંડલને પોતાનું કર્મક્ષેત્ર

બનાવ્યું. તેઓ ગૃહસ્થ સંન્યાસી હતા. તેમણે પોતાના કૃષ્ણાશ્રય સ્તોત્રમાં કહ્યું છે- **'મ્લેચ્છાક્રાંતેષુદેશેષુ પાપૈક નિલયેશુચ, સત્પિડા વ્યગ્ર લોકેષુ, કૃષ્ણ એવ ગતિર્મમ.'** આ ગ્રંથ રચી તે સમયની દેશકાળ પરિસ્થિતિનું તાદશ વર્ણન કરી તેઓએ પીડીત સમાજને કેવળ કૃષ્ણનું શરણ સ્વીકારવાનો ઉપદેશ આપ્યો. ભાગવતમાં કહ્યું છે **'પોષણં તદનુગ્રહ'**- અર્થાત્ શ્રીકૃષ્ણનું પોષણ મળવું એટલે કે તેની કૃપા મેળવવી. તેઓ કૃષ્ણને જગદ્ગુરુ માનતાં- **'કૃષ્ણં વંદે જગદ્ગુરુમ.'** તેમના મતે કૃષ્ણની કૃપા જ અપેક્ષિત છે, તે જ આધ્યાત્મિક પોષણ કરી શકે છે.

'પુષ્ટિમાર્ગ' એટલે જે ભગવાનની કૃપામાં વિશ્વાસ ધરાવી તેમની કૃપાથી ભગવાન તરફ લઇ જાય તેવો માર્ગ. શ્રીનાથજી પુષ્ટિમાર્ગમાં આરાધ્ય દેવ છે, જે શ્રી કૃષ્ણનું જ બાલસ્વરૂપ છે. તેમના મંદિરમાં નિત્ય આઠ પ્રકારની સેવા- મંગળાથી શયન પર્યંતની સેવાની વ્યવસ્થા કરવામાં આવે છે. શ્રી વલ્લભાચાર્યજીએ કૃષ્ણ અને રાધાની ભક્તિનો ઉપદેશ કર્યો છે. તેઓ તેમને **'યુગલ સરકાર'** તરીકે સંબોધતાં. 'સરકાર' શબ્દ એટલા માટે કે ત્યાંથી ૩૫ કિલોમીટર ઉપર ત્યારે આગ્રામાં મુગલ સરકાર હતી, જ્યારે વ્રજના સત્તાધિશ- 'કૃષ્ણ-રાધા'ની 'યુગલ સરકાર'. તે સમયમાં અકબર બાદશાહ દિલ્હીનો શહેનશાહ હતો અને સમગ્ર ભારતમાં તેનું શાસન ચાલતું, પરંતુ તેની સેવા પણ આ રીતે આઠ પ્રકારની ચાલતી નહીં, જ્યારે અહીં કૃષ્ણના દરબારમાં તો સવારથી સાંજ પર્યંત પ્રસન્નતાનું વાતાવરણ રહેતું. શ્રી વલ્લભાચાર્યે આ રીતે કૃષ્ણનો આપણને પરિચય કરાવ્યો છે. તેમના માહાત્મ્યનો - તેમના વૈભવનો પરિચય કરાવ્યો છે. તેઓએ બતાવ્યું છે કે કૃષ્ણથી કોઇ મોટો નથી. મૂલ્યોમાં આસ્થા હોવાથી તેમની પરંપરાનું પ્રાબલ્ય છે. તેમણે શ્રીનાથજીની વિવિધ સેવા દરમિયાન કિર્તન કરવા આઠ કિર્તનિયાની વ્યવસ્થા કરી હતી, જેઓ 'અષ્ટછાપ' તરીકે જાણીતા છે. તેમાંના એક કુંભનદાસ હતાં. જ્યારે અકબર બાદશાહે તેમના કિર્તનની- ગાયકીની પ્રશંસા સાંભળી તેમને પોતાના દરબારમાં ફતેહપુર સીકરી બોલાવ્યા ત્યારે કુંભનદાસે ગાયું- **'ભક્તન કો કહા સીકરી સો કામ.'** મારે સીકરી સાથે શું લેવાદેવા? આગળ કહે છે, **આવતજાત પનૈયા તૂટી, બિસર ગયો હરિ નામ. જાકે મુખ દેખત દુઃખ ઉપજત, તાકો કરનો પર્યો**

પ્રનામ. શ્રી વલ્લભાચાર્ય જેવા ગુરુના આશ્રયે એક શક્તિશાળી બાદશાહ આગળ કુંભનદાસ નિર્ભિકપણે આવી વાત કરવાની હિંમત દાખવી શક્યા. સુરદાસ પાસે પણ જ્યારે અકબર બાદશાહે આવી પોતાની તારીફમાં કાંઈક ગાવાનું કહ્યું ત્યારે સુરદાસે તત્કાળ એક પદ બનાવી ગાયું કે 'મારા હૃદયમાં નંદનંદન વસે છે. તેથી તે સ્થાન રીક્ત-ખાલી નથી તો બીજાને માટે ક્યાં જ જગ્યા મેળવી શકું?' આવું કહેવાની હિંમત, આવા કૃષ્ણભક્ત પુષ્ટિમાર્ગીયને જ હોઇ શકે જે કોઇથી ડરે નહીં. સંતો જ આવી ખુમારી ધરાવી શકે કારણ કે તેમને ભગવાન સિવાય કોઇનોય ભય ન હોય, ભગવાન સિવાય કોઇનીયે સત્તાનો તેઓ સ્વીકાર ન કરે.

ભક્તિ આંદોલન જ્યાં પણ ચાલ્યું ત્યાં ભક્તે નીડર થઇ પોતાની વાત કહી છે. મહાત્મા કબીર નિર્ગુણ બ્રહ્મના ઉપાસક હતાં ત્યારે તે સમયે સિકંદર બલોલ લોદી રાજ્ય કરતો હતો. તે કટ્ટર હતો. સિકંદર લોદીએ કબીરજીને કહ્યું કે 'હું તને મરાવી નાંખીશ, તને નદીમાં ફેંકાવી દઇશ.' કબીરે તેને જવાબ આપ્યો કે 'ન તો તું પેદા કરી શકે છે ન મારી શકે છે. ન હું હિન્દુ છું, ન મુસલમાન.' તેમણે એક નવી પરંપરા સ્થાપી. તેઓ નિર્ગુણ ઈશ્વરના ઉપાસક હતા. નિર્ગુણ એટલે એવા નહીં કે જેમાં કોઇ ગુણ ન હોય. 'નિર્ગુણ' એટલે જે સત-રજ-તમ ના પ્રભાવથી પર હોય, જે જળકમળવત હોય, તેને 'નિર્ગુણ' કહેવાય. જે માયીક જગતથી પર હોય તે નિર્ગુણ કહેવાય.

કબીરે એકેશ્વરવાદની વાત કહી છે, જે ઈસ્લામથી પ્રભાવિત ન હતી. ઈસ્લામનો એકેશ્વરવાદ અને ભારતીય સંસ્કૃતિનો એકેશ્વરવાદ અલગ અલગ છે. પ્રત્યેક જગ્યાએ તેજ છે. કીડી અને કૂંજર બન્નેમાં તેજ છે. કબીરનો એકેશ્વરવાદ ભારતીય ચેતનાને અનુરૂપ હતો. તેઓ ઈશ્વરને સંબોધીને કહેતાં કે 'તને આંખમાં બસાવી તને બંધ કરી લઉં. મારી દૃષ્ટિમાં એવો બોધ થાય કે સર્વમાં હું તને જ જોઉં.' આમ, સારું જગત બ્રહ્મમય થઇ જાય, તેની સાથે તાદામ્ય બની જાય. તુલસીદાસની પણ આવી જ ફિલસૂફી હતી. તેઓ રૂઢિઓનું, આડંબરનું ખંડન કરતાં. કબીરના નામ સાથે સ્વામી રામાનંદનું નામ પણ પ્રચલિત હતું. તેઓ પણ જાતિપાતિ કે ઉંચનીચના આડંબરમાં ન માનતા. તે કહેતા કે 'જે મનુષ્યને મનુષ્ય ન માને તે અધર્મ છે.' રામાનંદે જ્યાં

આવા વિચારો પ્રગટ કર્યા ત્યારે તેમને વર્ણાશ્રમ ધર્મના કટ્ટર માન્યતા ધરાવનારાઓએ પાઠશાળામાંથી કાઢી મૂક્યા, તેમના ગુરુએ તેમને આશિર્વાદ આપ્યા કે 'હું તને રાખી તો નથી શકતો પણ તું તારા અભિયાનમાં સફળ થા.' તેમણે બનાવેલ બાર શિષ્યો કબીર વગેરે છોટી જાતિઓના હતાં. તેમણે તેઓના સ્વભાવ, ગુણોના આધારે વરણી કરી હતી. રામાનંદના સમય પહેલાં ધનુષ્યધારી રામની મૂર્તિ ન હતી. તે રામાનંદની દેન હતી. તેમની કલ્પના હતી કે ભગવાન શક્તિશાળી હોવા જોઇએ. તેવા ખ્યાલથી તેમણે ધનુર્ધારિ રામની સ્થાપના કરી હતી. તેમણે એવી વાત વહેતી કરી હતી કે જેઓ રામની ઉપાસના કરે, તેના શરણે આવે તેની કોઈ પ્રકારની હાનિ થાય નહીં. તેમને જે અનુભવ હૃદયમાં પ્રગટ થતો તે બહાર બતાવતા આમ કર્યું. તુલસીને જ્યારે પૂછવામાં આવ્યું કે તમે પથ્થરની પૂજા કરો છો, ત્યારે તેમણે કહેલું કે 'પ્રાણપ્રતિષ્ઠા કર્યા પછી તે વિશ્વાસનો સ્તંભ છે- આધાર છે. તે પ્રગાઢ પ્રેમનું પ્રતિક છે. તે પથ્થર ન રહેતાં ઇશ્વરનું સ્વરૂપ બની જાય છે.'

અકબરે મહારાણા ટોડરમલ, જે તેમના નવરત્નમાંનો એક હતો, તેને તુલસીદાસને સંદેશ મોકલ્યો. તુલસીદાસ પોતાના જીવકાળમાં પ્રતિષ્ઠિત હતાં. તેને તુલસીદાસે કહ્યું કે 'અમે ચાકર રઘુવીરનાં છીએ. ભગવાને જ્યારે પોતાના દરબારમાં સ્થાન આપ્યું છે તો હવે તમારા જેવા આદમીની સરદારી અમે શું કામ કરીએ?' આવી તેમની ભગવાન રામ પ્રત્યે નિષ્ઠા હતી. તેઓએ સમાજમાં એવો પ્રકાશ ફેલાવેલો જેનાથી મનુષ્યને આગળ વધવાનું બળ મળતું. સામંતવાદના વિરોધમાં આ સંતોએ ભક્તિનું આંદોલન ચલાવ્યું હતું. તેનું તેઓને અભિમાન હતું. આ સંતો પોતાનામાં વિરક્તા હતાં. તેઓએ પોતે સહન કરીને પણ જનજાગરણનું અદ્‌ભુત કાર્ય કર્યું.

ભાગવતમાં કથા છે કે ભગવાન કૃષ્ણ બચપનમાં માખણ ચોરતાં હતાં માટે તેઓ 'નવનિત ચોર' કહેવાય છે. ગોપીઓ માખણના સીંકા પર ઘંટડી બાંધી દેતી જેથી જ્યારે કૃષ્ણ માખણ ચોરવા આવે તો તેની તેમને ખબર પડે. કૃષ્ણ ઘંટડીને કહે કે 'તું વાગીશ નહીં.' પરંતુ જ્યારે કૃષ્ણ માખણ ચોરવા આવે ત્યારે ઘંટડી વાગી. આ કથામાં કર્તવ્યનો બોધ છે. કોઇપણ કર્તવ્યચ્યુત થઇ ન શકે, તેવો ઉપદેશ અહીં પ્રાપ્ત થાય છે.

સ્વામી રામાનંદે એક વાત કહી છે કે 'જો તમે ઈચ્છતા હો કે તમારી વાત લોકો સુધી પહોંચે તો લોકભાષા વાપરો.' તુલસી જેવા પ્રકાંડ પંડિતે પણ રામચરિત માનસ હિન્દીમાં રચ્યું. આ રામાનંદની પ્રેરણા હતી. શ્રી વલ્લભાચાર્ય પણ કહેતા કે કિર્તન, વ્રજભાષા જે લોકભાષા હતી, તેમાં જ કરવા. તો જ જનતાને જાગૃત કરી શકાય. લોકભાષાના ઉપયોગથી લોકો સુધી પહોંચવું સરળ પડે. તેમણે બધી પરંપરા તેમ જ રૂઢિઓને નકારી હતી.

મીરાંબાઈ એ મહિલા સંત હતી. દક્ષિણમાં પણ ઘણી સ્ત્રી સંતો થઈ છે. આપણે મીરાંને યથાર્થ રૂપે સમજવાની કોશિષ નથી કરતાં, પરંતુ મીરાંએ જે સાહસનો પરિચય આપ્યો હતો તે ભારતીય નારીની વિલક્ષણતાની વાત હતી. તેમનો પરિવાર શૈવ ઉપાસક હતો, જ્યારે મીરાં ચુસ્ત કૃષ્ણ ભક્ત. તેણે ગુરુ બનાવ્યા 'રેદાસ'ને. રેદાસે ઉંચનીચ જાતિની પરંપરા તોડી હતી. રાજસ્થાનમાં મીરાં હોવા છતાં તે સતી ન બની. તેણે આંદોલન કર્યું અને સતીપ્રથા વિરુદ્ધ બળવો કર્યો. તેણે પરદાની બહાર ન નીકળવાનો રિવાજ તોડ્યો. તેણે બંડ પોકારતાં કહ્યું કે 'રાણા, તું મને બંદી ન બનાવી શકે.' તેણે ગાયું કે 'ભાગવત દેખ હુઈ રાજી, જગત દેખ રોઈ, હોની હો સો હોઈ.' મીરાંની આ ચુનોતિ છે. મીરાંની સાથે ઊભી રહી શકે તેવી અન્ય કોઈ સ્ત્રી થઈ નથી. તેનું સાહસ રાજઘરાનામાં નહોતું. તે તો વૃંદાવન ચાલી ગઈ. તે સમયે રૂપ ગોસ્વામી-જીવ ગોસ્વામી જેઓ ચૈતન્ય મહાપ્રભુના શિષ્યો હતાં, તેઓ સ્ત્રીને ન મળતાં. તેમણે મીરાંને સ્ત્રી હોવાથી મળવાની ના પાડી ત્યારે મીરાંએ કહ્યું કે 'મને તો એમ કે વ્રજમાં મારા શ્રીકૃષ્ણ જ એક માત્ર પુરુષ છે, અહીં બીજો પુરુષ ક્યાંથી આવ્યો?' અહીં તેને ગોપીભાવની પરાકાષ્ટા લાવી. આવી શક્તિ મીરાંને કૃષ્ણ ભક્તિથી મળતી હતી. ભક્ત એટલે 'સંશ્લિષ્ટ' અર્થાત્ જોડાયેલ. જે 'વિભક્ત' નથી અર્થાત્ અલગ નથી. જ્યારે અર્જુન કહે છે કે 'હું મારા આ સ્વજનોને મારવા ઈચ્છતો નથી' ત્યારે તેનામાં કર્તાપણાનો અહંકાર પેદા થયેલો હતો. કૃષ્ણ કહે છે 'તું તેઓને તારી સ્વેચ્છાથી મારી શકતો નથી, આ તારા કર્તાપણાનું અભિમાન બોલી રહ્યું છે. તું તો કેવળ યંત્ર સમાન એક સાધન માત્ર છે.' સાધન કેવળ સહયોગ કરે છે તે પોતે સ્વયં કશું કાર્ય કરી શકે નહીં.

જ્યારે હનુમાનજીએ લંકા સળગાવી ત્યારે તેમણે રામને કહ્યું કે 'આ તમે

કરાવ્યું.' રામે ધનુષ્ય તોડ્યું તો તેઓ કહે 'આ પરશુરામે કરાવ્યું' જ્યાં અભિમાન આવે ત્યાં ભક્ત ન હોઈ શકે. ભક્તને પોતાને અનન્યતા સાથે સમર્પિત કરવાં બધું સ્વીકાર્ય હોય છે. તેઓને ભગવાન પ્રત્યે અનિર્વચનીય પ્રેમ હોય છે. ભરતે પ્રયાગમાં સ્નાન કરતી વખતે વરદાન માગતા તેણે ધર્મ-અર્થ-કામ-મોક્ષ નહીં માગ્યા પરંતુ કહ્યું કે 'મને જન્મોજન્મ રામમાં સારી રતિ, ગતિ અને મતિ બની રહે તેવા આશીર્વાદ આપો.' ભક્ત કહે જેમ કાચબો પોતાના ઈંડા જમીન પર મૂકે અને પછી તે પાણીમાં રહી તેનું ધ્યાન રાખતો રહે તેમ હે પ્રભુ આપની દૃષ્ટિ અમારા ઉપર બની રહે.'

સંતોએ સમાજને જાગૃત કરવા આત્મવિશ્વાસ કેળવવાનો ઉપદેશ આપ્યો છે. સૂરદાસજી જ્યારે શ્રી વલ્લભાચાર્યજીને પ્રથમ વખત મળ્યા તો તેમણે તેને કોઈ પદ ગાવા કહ્યું, ત્યારે સૂરદાસજીએ દૈન્યભાવપૂર્વક **'હોં પતિતન કો ટીકો'** એ પદ ગાયું. ત્યારે શ્રી વલ્લભાચાર્યજી સૂરદાસજીને કહે કે **'સૂર હોય કે કાહે ઘીઘીયાતે - કુછ ભગવદ્ લીલા ગા'**. સૂરદાસની આત્મશક્તિ જગાડવા તેમણે આમ કહ્યું હતું.

ત્યારનું આ ભક્તિ આંદોલન એ સાંસ્કૃતિક આંદોલન હતું. લોકોનો વિશ્વાસ જગાડવાનું આંદોલન હતું. શ્રી વલ્લભાચાર્યે વિશ્વાસ માટે ચાતકવૃત્તિ કેળવવાની સલાહ આપી છે. જેમ ચાતક પક્ષી સ્વાતિ નક્ષત્રમાં વરસતાં વરસાદની બુંદને જ ઝીલીને પોતાની તરસ છીપાવે છે, તે ભગવાનમાં અટલ વિશ્વાસ રાખે છે કે સ્વાતિ નક્ષત્રમાં ભગવાન તેને તૃપ્ત કરવા જરૂર જળ વરસાવશે. તકલીફોને ભક્તો ભગવાન દ્વારા તેમની કરાતી કસોટી માને છે. સંતોએ ચાતકવૃત્તિ જેવી ભક્તિવૃત્તિ કેળવવાની વાત કહી છે. ઈશ્વર પ્રત્યેના નિર્વ્યાજ પ્રેમ કેળવવાની વાત કહી છે. ભગવાનમાં અનન્ય પ્રેમ એ ભક્તિ છે. ભક્તિને પાંચમો પુરુષાર્થ કહ્યો છે. ભગવાન પ્રત્યેના પ્રેમથી જ તે સ્વાર્થ ન રહેતાં પરમાર્થ સિદ્ધ થાય છે. પ્રેમની પરાકાષ્ટાનું ઉદાહરણ વ્રજની ગોપીઓ છે. ભાગવતમાં ભ્રમરગીતનાં પ્રસંગમાં ગોપીઓના કૃષ્ણ પ્રત્યેના ઉત્કૃષ્ટ પ્રેમની પ્રતીતિ થાય છે. કૃષ્ણ તેમને છોડી મથુરા જવાથી તેમના હૃદયમાં કૃષ્ણવિયોગનું અપાર દુઃખ હોવા છતાં ગોપીઓ ઉધ્ધવજીને કહે છે કે, 'અમારા દુઃખની કોઈ વાત તમે કૃષ્ણને કરતાં નહીં, કારણ કે તે સાંભળી કૃષ્ણ

ઉદાસ થઇ જશે. તમે અમારા ખુશી ખબર કહી અમારા રામ રામ કહેજો.' પોતાના પ્રિય પ્રત્યેનો તેમનો આટલો ઉચ્ચ કક્ષાનો પ્રેમ હતો. પ્રિયને દુઃખ ન પહોંચે તેની દરકાર તેઓને હતી. ગોપીઓની કૃષ્ણ પ્રત્યે 'સગુણ ભક્તિ' હતી. ઉધ્ધવની 'નિર્ગુણ ભક્તિ'ની શીખામણ તેઓને સ્પર્શી શકી નહીં. ઉધ્ધવજી આવ્યા હતાં ગોપીઓને નિર્ગુણ બ્રહ્મની ઉપાસના અને જ્ઞાનનો મહિમા સમજાવવા પરંતુ ગોપીઓ પાસેથી 'સગુણ બ્રહ્મ'ની ભક્તિ શીખીને તેઓ ગયા. રાધા એ ભગવાનની 'આલ્હાદિની શક્તિ' છે. તેમનું નામ ભાગવતમાં ક્યાંય આવતું નથી. તે પરમ તત્ત્વ છે. તેની વાત સંતોએ સરળ શબ્દોમાં પોતાની વાણીમાં ગૂંથી લોકો સુધી પહોંચાડી છે.

સંતોએ પાખંડીઓને ઉઘાડા પાડવાનું કાર્ય કર્યું છે. કેટલાક પુરોહિત બની પોતે જ ગુરુ તરીકે પૂજનીય બની બેઠા હોય છે. તેઓ જનતાના દુઃખને દૂર કરવાને બદલે તેમનું શોષણ કરે છે. કબીરે કેવળ ગુરુ નહીં પરંતુ 'સદ્‌ગુરુ'ની વાત કરી છે. સદ્‌ગુરુ એવા હોય જે લોકોનું વાસ્તવિક રીતે કલ્યાણ કરે. તેમની વાણીમાં વજન હોય. જે વ્યક્તિની વૃત્તિઓને રૂપાંતર કરે. સ્વામી વિકેકાનંદ પાસે કોઇ સ્ત્રીએ આવી કહ્યું કે 'મારો છોકરો ગોળ બહુ ખાય છે તેને કાંઇ શીખામણ આપો.' વિવેકાનંદે તેને પંદર દિવસ પછી આવવાનું કહ્યું. ત્યાર પછી તેમણે તે છોકરાને ગોળ ન ખાવા શીખામણ આપી. બાઇએ પૂછ્યું કે આ વાત આપે ત્યારે કેમ ન કહી તો વિવેકાનંદે જવાબ આપ્યો કે 'ત્યારે હું ખુદ ગોળ ખાતો હતો.' ગુરુમાં ગુરુપણું હોવું તેમજ તેમના વિચાર અને આચારમાં એકરૂપતા હોવી આવશ્યક છે. ગુરુ જ્ઞાનના અંજન દ્વારા શિષ્યના અજ્ઞાનના અંધકારને દૂર કરવાની ક્ષમતા ધરાવે છે. જ્યાંથી પણ કાંઇ શીખવા મળે તે પ્રત્યેકને ગુરુ કહી શકાય, ચાહે તે ધરતી હોય કે કીડી હોય.

'સગુણ' અને 'નિર્ગુણ' એ બે પ્રકારની ઉપાસનાની બે ધારા છે. આ બન્નેમાં આશ્ચર્યજનક સંમતિ અને સંગતિ છે. ભગવાનના નામના જપથી પણ ભક્તને લાભ થાય છે. રામ એટલે આ સમગ્ર સૃષ્ટિમાં જે રમી રહ્યા છે તે. રામ નામનો અપૂર્વ મહિમા છે. તેના જાપ કરનાર કરોડોનો ઉધ્ધાર થયેલ છે. ભગવાનની કવિતા-ભજન કે કિર્તન તે ગંગાની માફક બધાનું હિત કરનાર હોય છે. જેમ ગંગા જ્યારે ગંગોત્રીમાંથી નીકળે છે ત્યારે તેમાં કોઇ પ્રદૂષણ

હોતું નથી. તે પરમ શુદ્ધ હોય છે અને માટે કલ્યાણકારક હોય છે, તેજ રીતે ભગવાનનું ભજન ભક્તનું દુઃખ હરનારું, પાવન અને કલ્યાણકારી હોય છે.

ઈશ્વર અન્યાયી નથી હોતો, તે અન્યાય નથી કરતો. રામાયણમાં રામ, લક્ષ્મણ, સીતાનો, કેવટનો પ્રસંગ આવે છે. ગંગા પાર કરવા રામ કેવટમાં બેસવા જાય છે ત્યારે નાવિક તેને પગ ધોયા વગર નાવમાં બેસાડવાની ના પાડે છે. તે કહે છે 'તમારા ચરણ ખૂબ ચમત્કારી છે. અને આ નાવથી મારું ભરણપોષણ થાય છે.' પ્રજા રામને આવું કહેવાનું સામર્થ્ય ધરાવે તે તેમની નિખાલસતા બતાવે છે. અહીં રાજા અને પ્રજાના સંબંધની વાત છે.

મહાભારત એ આપણી સંસ્કૃતિનો ગ્રંથ છે. જે મહાભારતમાં નથી તે ભારતમાં નથી. મહાભારતના રચનાકાર લખે છે કે 'માનવ ધર્મથી અલગ કોઈ ધર્મ નથી હોતો.' મનુષ્યથી કોઈ શ્રેષ્ઠ પ્રાણી નથી. સંતો સમસ્યાઓનો વિદ્રોહ કરતા હતા, પરંતુ જાતિ માટે તેઓનો વિદ્રોહ નહોતો. મુસ્લિમ બેગમ તાજબીબી વૈષ્ણવ થઈ હતી. રસખાનની પણ પ્રેમભક્ત કવિ તરીકે ગણના થાય છે. તેમની કૃષ્ણ પ્રત્યેની આસક્તિ અનન્ય હતી. ભક્તિમાં કોઈ જાતિભેદ ન હોય. સંત કવિઓએ ભારતીય સંસ્કારોને ફરીથી પુનર્જીવિત કર્યા હતાં. બધાનું લક્ષ્ય એક જ હતું અને તે લક્ષ પ્રાપ્ત કરવા આંદોલન ચલાવવામાં આવતું. શાસ્ત્ર શાસ્ત્રાર્થ વિષય હોઈ શકે, પરંતુ તેનો ઉપયોગ અનુભવના આધારે જ કરી શકાય. સંતો પ્રવચન કરતાં, ઉપદેશ આપતાં, શાસ્ત્રની વાત કરતાં તો સાથે સાથે તેને આચરણમાં પણ મૂકતાં. આચરણ કરે તો જ ઉપદેશ અનુકરણીય બને. ઈશ્વરને અનુભવથી જાણી શકાય, જેઓ શાસ્ત્રનો આધાર લઈ વ્યાખ્યાન આપે છે તેઓ વાસ્તવમાં ઈશ્વરને જાણતા નથી. અને જે જાણે છે તેઓ કહેતા નથી. જેમ રજનીગંધાનો અનુભવ થાય છે, પરંતુ દેખાતું નથી. સંતો જાતિપાતિમાં માનતા નથી. અનેક નીચી જાતિના સંતો થઈ ગયા જેમણે ભગવાનનો સાક્ષાત અનુભવ કરેલો. તે તેમની વાણીમાં, તેમની રચનાઓમાં પ્રગટ થતો. તેમણે ભક્તિના દરવાજા બધા જ માટે ખુલ્લા મૂકી દીધાં હતાં. હરિજન હોવા છતાં રૈદાસને ભગવાનની અનુભૂતિ હતી. તેમનું જ્ઞાન શાસ્ત્ર આધારિત નહીં, પરંતુ અનુભવ આધારિત હતું. સૂરદાસે કૃષ્ણનો સાક્ષાત્કાર કર્યો હતો તેવા અનેક પ્રસંગો તેમના જીવનચરિત્રમાંથી પ્રાપ્ત થાય છે.

ભગવાનને વશ કરવાની, તેમને બંદી બનાવવાની શક્તિ સંતોમાં હોય છે. તેઓ કહે છે ભગવાન તમારા હૃદયમાં બિરાજે છે. તમે ગરદન ઝુકાઓ તો તમને ભગવાનના દર્શન થાય. તેને માટે તમારે અહંકાર ત્યાગી તેનું શરણ સ્વીકારવું પડે, તેને પ્રેમથી ભજવા પડે. તેના પ્રત્યેનો નિઃસ્વાર્થ પ્રેમ ભગવાનને તમને આધિન થવા વિવશ કરે છે. માટે ભગવાન કહે છે. **'અહં ભક્ત પરાધિનો'**. હું ભક્તને આધિન છું. ભક્તોએ ગાયું છે- **'પ્રેમ ગલી અતિ સાંકરી'**. પ્રેમની ગલીમાં બે પ્રિયજનથી વધુ કોઇ સમાઇ શકે નહીં. સંતોએ એવા અક્ષુણ્ણ પ્રેમની ભક્તિની રસધારા તેમની રચનાઓમાં તેમની વાણીમાં વહાવી છે. આજે પણ આવી સમૃધ્ધ સંત પરંપરા અક્ષણ્ણ ચાલી રહી છે, જે ભક્તિની વિચારધારાને જીવિત રાખે છે.

◆

૧૦

વારકરી સંપ્રદાય

(Varkari Sampraday)

વારકરી સંપ્રદાય એ વિઠોબાની ભક્તિનો સંપ્રદાય છે, જે મુખ્યત્વે મહારાષ્ટ્ર, કર્ણાટક અને તેલંગ (આંધ્રપ્રદેશ)માં વ્યાપી રહ્યો છે.

આ સંપ્રદાયના મુખ્ય સંતોમાં (૧) પુંડલીક, (૨) જ્ઞાનદેવ, જેમણે આ સંપ્રદાયના તત્ત્દવર્શીય પાયા નાંખ્યા અને (૩) એકનાથ થઇ ગયા.

વારકરી સંપ્રદાયનું મૂળ કોઇ ચોક્કસ 'વાર' અર્થાત્ દિવસે ભજન ઇત્યાદિ કરનારા સમૂહમાં છે. કોઇ ખાસ દિવસે જેમ કે અષાઢી એકાદશી કે કાર્તિક એકાદશીના દિવસે આણંદી (પૂના પાસે) અથવા પંઢરપુરમાં વિઠોબાના દર્શને જવું અને ત્યાં ભજન-કીર્તન કરવા તે આ સંપ્રદાયનું મુખ્ય કાર્ય છે. પંઢરપુરમાં વિઠોબાના દર્શન માટે અષાઢી એકાદશીનું ખુબ જ મહત્ત્વ છે. આ સંપ્રદાયના સંતો સમાજના સામાન્ય સ્તરોમાંથી આવેલા છે. જેમને ભગવાનમાં અતૂટ શ્રધ્ધા અને અક્ષુણ્ણ પ્રેમ હતો. તેમની ભક્તિ ઉચ્ચતમ પ્રકારની હતી. આ સંપ્રદાયનું સૂત્ર છે- **'પુંડલિક વરદે હરી વિઠ્ઠલ, જ્ઞાનદેવ તુકારામ પંઢરીનાથ મહારાજ કી જય.'** તેઓ લોકો માટે ભગવાનના આશીર્વાદ માંગતા.

વારકરી સંપ્રદાયમાં સંત પુંડલિકનું વિશિષ્ટ નામ છે. તેમની ઉત્તરાવસ્થામાં તેઓ માતા પિતા પ્રત્યે ઉદાસીન હતાં પરંતુ પાછળથી આદર્શ માતૃ-પિતૃ ભક્ત થયેલ. તેમની સામે ભગવાન સ્વયં પ્રગટ થવા છતાં તેમણે પ્રાથમિકતા માતા-પિતાની સેવાને આપી.

વારકરી સંપ્રદાયના આરાધ્ય દેવ, વિષ્ણુનું બાલકૃષ્ણ સ્વરૂપ **'વિઠોબા'**- મંત્ર **'રામકૃષ્ણ હરી'** આ ત્રણેય શબ્દો પરમ તત્ત્વ (Reality)ના છે. એકજ છે. વિષ્ણુ સહસ્ત્ર નામમાં પણ સહસ્ત્ર નામ એકજ પરમ તત્ત્વના છે.

બધા આ મહાન આચાર્યો, મહાન અધ્યાત્મ ગુરુ (Great Metaphysician) હતાં. તેઓએ વ્યવહારીક ઈશ્વર (Practical God) પ્રત્યે નિર્દેશ કરેલો છે. કારણ કે કોઇને કોઇ પ્રકારે આધ્યાત્મિક ચેતનાની અનુભૂતિ તેમને થયેલી

હતી.

જીવ અને શિવનું મિલન એટલે આધ્યાત્મિક લગ્ન બંધન અને માટેજ ભારતીય અધ્યાત્મમાં **'અર્ધનારી નટેશ્વર'**નો Concept છે. વૈજ્ઞાનિક દષ્ટિકોણથી પણ આ સત્ય છે કારણ કે પ્રત્યેક પુરુષમાં સ્ત્રીત્વના તત્ત્વો રહેલા છે અને પ્રત્યેક સ્ત્રીમાં પુરુષ તત્ત્વો રહેલા છે. ભક્તિના બીજ બહારથી રોપવામાં નથી આવતા. તેને પોષણ આપવાનું હોય છે જેથી ભક્તિનો વિકાસ થઇ શકે.

પુંડલિકે જયારે તેમની સામે પંઢરીનાથ પ્રગટ થયા ત્યારે કહ્યું - **'પુંડલિક વરદે હરિ વિઠ્ઠલ'**. ભગવાન પણ કહે છે- 'હા, હું અહીં લોકોના ઉધ્ધાર માટે ઊભો છું.'

બધા જ સાચા સંતો એક જ ઇશ્વર, એકજ શબ્દ, એકજ માનવતાની વાત કરે છે. બધા જ અધ્યાત્મવાદીઓનું આજ સ્વપ્ન હોય છે. તેઓ એક જ ભાષામાં વાત કરતાં હોય છે.

તેરમી શતાબ્દિમાં જ્ઞાનેશ્વરે વારકરી સંપ્રદાયનો પાયો નાંખ્યો હતો. જેમાં ગુરુ પોતાના શિષ્યોને પરંપરાગત રીતે જ્ઞાન આપીને આગળ વધારે તેને **'સંપ્રદાય'** કહેવાય. આમાં સકુચિતતા ન હોવી જોઇએ. વારકરી સંપ્રદાય **'અદ્વયવાદ'**માં માને છે. સાતત્ય (Reality) એકજ છે. તે કુદરતી રીતે અધ્યાત્મ લક્ષી છે (It is spirituality in nature). બીજા અદ્વૈતવાદના પ્રકારમાં જડાદ્વૈત - જેમાં Reality એક જ છે પરંતુ તે જડ પુરુષ છે અને ચિદદ્વૈત જે ચેતન તત્ત્વ છે.

માયા એ ભગવાનની શક્તિ છે. તે તેનાથી અભિન્ન છે. જગત તેનું સંતાન છે પરંતુ તે અલગ વસ્તુ નથી (It is not third person) જગત Spontaneous કહેવાય છે, 'વસ્તુપ્રભા' વસ્તુ એટલે સદ્‌વસ્તુ - Reality.

જગતનું સર્જન શૂન્યમાંથી નથી થયું કે નથી પરમાણુ (Atom)માંથી થયું, પરંતુ તે પરમતત્ત્વનો જ વિકાસ અથવા સ્વરૂપ છે- 'It is an extenion and expansion of Reality' માટે જગતને **'ચિદ્‌વિલાસ'** કહેવાય.

મચ્છેન્દ્રનાથ, ગોરખનાથ, ગહિનીનાથ, નિવૃત્તિનાથ, જ્ઞાનેશ્વર એ બધા યોગી હતા. આ બધા એ એકથી બીજાને કેવલ ભક્તિ આપી હતી. નિવૃત્તિનાથે જ્ઞાનેશ્વરને ભાગવતની ટીકા લખવાનું કહ્યું હતું. ભાગવત ધર્મ એ ગીતા અને

ભાગવત પર આધારિત છે. ભાગવત એ ભક્તિનો ગ્રંથ છે. ગીતા ભાગવત એ ભાગવત ધર્મનો આધાર છે. એજ વારકરી સંપ્રદાયનો મુલાધાર છે. નિવૃત્તિનાથે જ્ઞાનેશ્વરને ભાગવતની ટીકા લોકભાષામાં લખવાનું કહ્યું જે તેમણે **'જ્ઞાનેશ્વરી'** નામે ગ્રંથ પ્રગટ કર્યો. તે પછી તેમણે **'અમૃતાનુભવ'** લખ્યું તે અમૃતનું ફળ છે. તેનું બીજું પ્રકરણ **'અનુભવામૃત'** છે. તેમાં જ્ઞાનેશ્વરે કહ્યું છે કે અદ્વૈતમાં ભક્તિ શક્ય છે.

અઢાર-ઓગણીસમી શતાબ્દિમાં થઇ ગયેલ જર્મન ફિલોસોફર Scheling કહે છે કે 'Nature is visible spirit and spirit is unvisible nature' - અર્થાત્ 'પ્રકૃતિ એ દેખાતો આત્મા અને આત્મા એ ન દેખી શકાય તેવી પ્રકૃતિ છે.

Universe is a poem written by God. It does not die, nor does is stable. Nature is visible form of Krishina. One cannot get bored by him. સૃષ્ટિ એ ભગવાને લખેલી કવિતા છે જે ક્યારેય મરતી નથી અથવા વાસી થતી નથી. સૃષ્ટિને દૃશ્યમાન કૃષ્ણ કહી શકાય જેનાથી ક્યારેય કોઇ કંટાળે નહીં.

પુંડલિક :- પુંડલિકના લગ્ન વીસ વર્ષની ઉંમરે થયા હતા. તે તેની પત્નીમાં ખુબ આસક્ત હતો (He was hanpacked Husband). તે તેના માતા-પિતાની વાત ઉપર ધ્યાન આપતો નહીં.

એક વખતનો પ્રસંગ છે. કેટલાક લોકોએ કહ્યું કે તેઓ યાત્રા માટે ઉત્તરમાં જઇ રહ્યા છે. પુંડલિક પણ યાત્રામાં જોડાયો. તેઓ કેટલાક સમયે કુકુટ સ્વામીના આશ્રમમાં જઇને રહ્યા. આ યાત્રામાં પુંડલિક પણ તેની પત્ની સાથે આવ્યો હતો. રાત્રે તેણે જોયું ગંદા કપડાંવાળા કેટલાક લોકોએ આવી આશ્રમમાં ઝાડુ માર્યું, તો તેમના કપડાં સાફ થઇ ગયા. બીજા દિવસે પણ એજ રીતે બન્યું. પુંડલિકે તેઓને પૂછ્યું કે આમ કેમ? ત્યારે તેઓએ જવાબ આપ્યો કે અમે ચાર નદીઓ ગંગા, યમુના, ભીમા અને કૃષ્ણા છીએ. અહીં અલગ અલગ જગ્યાએથી લોકો આવે છે અને અમારામાં સ્નાન કરી અમારા જળને ગંદુ કરે છે. અમે અહીં આવી અમારી જાતને સ્વચ્છ કરીએ છીએ, કારણ કે આ આશ્રમ સ્વચ્છ અને પવિત્ર છે. અહીં સત્ય પ્રવર્તે (Prevails) છે. અહીં

લોકો આવી ઘણું શીખે છે. ત્યારે એક નદીએ પુંડલિકનો દાખલો આપી કહે છે કે અહીં એક એવો માણસ આવે છે જે પોતાના માતા-પિતાને ત્રાસ આપે છે. તે સારો માણસ નથી. આ આશ્રમમાં તે ઉતરવા લાયક નથી. નદીની આ વાણી સાંભળી પુંડલિકને ખુબજ પસ્તાવો થયો. તેનું માનસ પરિવર્તન થયું. તેને પોતાની ભૂલ સમજાઇ. તેને પોતાના માતા-પિતા પાસે જઇ ક્ષમા યાચના કરી અને તે સંત બની ગયો, પરમ ભક્ત બની ગયો.

એક વખતનો પ્રસંગ છે. તેની ભક્તિથી પ્રસન્ન થઇ ભગવાન શ્રીકૃષ્ણ તેમની આગળ પ્રગટ થયા. તે સમયે તે તેના મા-બાપની સેવા કરતો હતો. તેણે ભગવાનને એક ઇંટ આપી કહ્યું કે આપ આના ઉપર થોડો સમય ઊભા રહો, હું અત્યારે મારા મા-બાપની સેવા કરી રહ્યો છું. આથી ભગવાન પ્રસન્ન થયા અને ત્યારથી તે ઇંટ ઉપર ઊભા રહી લોકોના ઉત્કર્ષનું કાર્ય કરી રહ્યા છે. તેજ ભગવાન પંઢરીનાથ. તે સ્થાન પહેલા પુંડલિક પુરના નામથી ઓળખાતું જે પાછળથી પંઢરપુર બન્યું. અહીં છઠ્ઠી શતાબ્દિમાં વિઠોબાનું મંદિર બન્યું હોવાનું કહેવાય છે.

જ્ઞાનદેવ :- તેમના પિતાનું નામ વિઠ્ઠલ અને માતાનું નામ રુકમણી હતાં. જન્મથી જ વિઠ્ઠલ વૈરાગી બની ગયા હતા. તેમણે કાશી જઇ સંન્યાસ લઇ લીધો હતો. તેમની પત્ની રુકમણી પરમ ભક્ત હતી. તે રોજ પીપળાના વૃક્ષની પ્રદક્ષિણા કરતી અને મહાદેવજીની પૂજા કરતી. એક વખત શંકર ભગવાને સાક્ષાત પ્રગટ થઇ રુકમણીને કહ્યું કે 'હું તારી ભક્તિથી પ્રસન્ન થયો છું માટે વરદાન આપું છું કે "પુત્રવતી ભવ". આ સાંભળી રુકમણી હસવા લાગી અને ભગવાનને કહે કે મને પુત્ર થઇ જ ન શકે. આ વાત તેણે પોતાના ગુરુ રામાનંદને કરી. રામાનંદે તેની પાસેથી તેના પતિ વિઠ્ઠલની નિશાની માગી, અને પોતે કાશી જઇ વિઠ્ઠલને શોધી કાઢ્યો. તેને મળી રામાનંદે તેને ઘરે આવવા સમજાવ્યું. વિઠ્ઠલ ઘરે તો આવ્યા પરંતુ તે તેની પત્નીને ખુબ ત્રાસ આપતો. એક વખત તે ત્રંબકેશ્વર ગયો. ત્યાં જઇ તેણે પોતાના દુષ્ટકર્મોની માફી માગી અને પત્ની સાથે ગૃહસ્થાશ્રમ માંડ્યો. તેનાથી તેને ત્રણ પુત્ર અને એક દીકરીની પ્રાપ્તિ થઇ. આ બધા જ સંતાનો ખુબજ તેજસ્વી (Extra ordinary) થયાં. તેના નામ હતાં- નિવૃત્તિ, જ્ઞાનદેવ, સોપાન અને મુક્તાબાઇ.

એક સમયે આ છોકરાઓ ત્યાં આજુબાજુ ફરતા હતા. એટલામાં એક વાઘ આવ્યો. આથી તેઓ ત્યાં એક ગુફા હતી તેમાં ગયા. આ ગુફામાં એક 'નાથ સંપ્રદાય'ના ગહિમા નાથ રહેતા હતાં. તેઓ એક સિધ્ધ યોગી હતા. તેઓ ત્યાં સાત દિવસ રહ્યા એટલે તે યોગીએ તેમણે યોગ અને કૃષ્ણ ભક્તિની દીક્ષા આપી. ત્યાંથી એ આણંદી ગયા જ્યાં રુકમણીના પિતામહ રહેતા હતા. ત્યાંથી તે પેઠણ ગયા જ્યાં એક પેઠણ બ્રાહ્મણે તેમને કૃષ્ણભક્તિ કરવાની સલાહ આપી. ત્યાં એકે જ્ઞાનદેવને કહ્યું કે તમે 'બાલયોગી' લાગો છો. ત્યારે તેમની ઉંમર સોળ કે વીસ હતી. એક એવી પ્રથા છે કે નાના મોટાને તીર્થરુપ લખે અને મોટા નાનાને ચિરંજીવ લખે. ત્યાં એક ભેંસ હતી, જેનું નામ પણ જ્ઞાનદેવ હતું. તે કહે મારામાં અને તેનામાં કાંઇ ફરક નથી. તો તે ભેંસ વેદ પાઠ બોલવા લાગી.

સોળ વર્ષની ઉંમરે જ્ઞાનદેવે જ્ઞાનેશ્વરી ગીતા લખી હતી. તે મરાઠી ભાષામાં લખાયેલ છે. તેમનું બીજુ સાહિત્ય અમૃતાનુભવ, અજ્ઞાનવાદ, જ્ઞાનવાદ, જે ખુબ પ્રતિષ્ઠિત સાહિત્ય મનાય છે. તદુપરાંત હરી પાઠ તેમણે લખ્યાં છે જેમાં અઠ્ઠાવિસ શ્લોકો છે. તે પછી એકનાથ પંદરમી શતાબ્દિમાં થઇ ગયા. તેમણે મરાઠીમાં ભાગવત લખ્યું હતું. નામદેવની રચનાઓને શીખોના ગુરુગ્રંથ સાહેબમાં આવરી લેવામાં આવી છે. સંત તુકારામ પણ વારકરી સંપ્રદાયના વિશિષ્ટ સંત થયા. તેઓએ ભક્તિને પ્રાધાન્યતા આપી હતી. તેમણે કહેલું 'દેવધ્યા ફૂકા ન લગે રુકા' અર્થાત્ દેવ ફોગટમાં મળે છે, તે માટે એક પણ રૂપિયો ખર્ચ કરવો પડતો નથી. આમાં ભક્તિ પ્રત્યેનો નિર્દેશ છે. જ્ઞાનનો અહંકાર ખતરનાક છે, જ્યારે ભક્તિમાં ભાવાનંદ છે. અહીં ભગવાનમાં એકતાન-લીન થઇ જવાની પ્રક્રિયા છે. ભક્તિમાર્ગનું ધ્યેય ભાવ જીવન છે. ભક્તિ બે પ્રકારની છે. સાધ્ય અને સાધન. મધુસુદન સરસ્વતી એ ભક્તિ રસાયન નામક ગ્રંથની રચના કરી છે.

ભક્તિમાર્ગમાં ઈન્દ્રિયોના દમનની પ્રક્રિયા હોતી નથી તેમાં દિશા બદલવાની વાત છે. અર્થાત્ ભગવદ્ અભિમુખ થવાની પ્રક્રિયા છે.

◆

૧૧

દક્ષિણ ભારતના સંત કવિઓ - આલવાર

(Saint Poets - Alwars of Southern India)

'વૈષ્ણવીઝમ' એ ભારતનો પ્રાચીનતમ્ એકેશ્વરવાદી ધર્મ (Monotheism Religion) છે, જેના મૂળ વેદ અને ઉપનિષદમાં છે. રામાનુજાચાર્યે વૈષ્ણવ ધર્મને મજબૂત તત્ત્વજ્ઞાનના આધારે સંપૂર્ણપણે એક ધાર્મિક પદ્ધતિ (Fulflaged theological system with strong philosophical base) તરીકે પ્રગટ કર્યો ત્યાં સુધી તે વિકાસના અનેક તબક્કાઓમાંથી પસાર થઈ ચૂક્યો હતો એટલે કે વૈષ્ણવીઝમે અર્થાત્ વૈષ્ણવવાદી વિકાસના કેટલાક સોપાનો સર કર્યા પછી રામાનુજાચાર્યે તેને તાત્ત્વિક આધારે પ્રસ્થાપિત કર્યો.

વૈષ્ણવિઝમના વિકાસના તબક્કાઓ મુખ્યત્વે ચાર રહ્યા છેઃ-

૧. **વૈદિક યુગ**

૨. **ઈતિહાસ અને પુરાણોનો યુગ**

૩. **આગમનો યુગ**

૪. **સંતયુગ**

આપણે અહીં ચોથા તબક્કા અર્થાત્ 'સંત યુગ'ના મહત્ત્વના યોગદાન ઉપર વિચાર કરી રહ્યા છીએ. આ યુગ ખુબ જ મહત્ત્વ (great significant)નો રહ્યો છે કારણ કે તે સમય દરમિયાન દક્ષિણમાં તામિલ ભાષામાં **આલવારો** (દક્ષિણના સંતો) દ્વારા અનેક સ્તોત્રોની રચનાઓ કરવામાં આવેલ છે, જે આધ્યાત્મિક તત્ત્વદર્શન (Philosophical theology)થી વિચારસભર છે. આ સ્તોત્રો નીતિ અને ધર્મની તાત્ત્વિક સંકલ્પનાઓથી ભરપૂર છે.

આલવારના સ્તોત્રો-રચનાઓ (Hymns) માં નીચે મુજબના તત્ત્વદર્શીય દૃષ્ટિકોણ (Philosophy concepts) જોવા મળે છેઃ-

૧. **તત્ત્વનું સ્વરૂપ** (Ultimate reality)

૨. **સાધન પદ્ધતિ** (Means of realisation)

૩. **ફલ** (Goal)

ઉપરોક્ત ત્રણેય તત્ત્વો કોઈપણ તત્ત્વદર્શિય પદ્ધતિ (Philosophical systems) માટે પાયાના (Fundamental) ગણાય. રામાનુજાચાર્યે પ્રતિપાદિત કરેલ વિશિષ્ટાદ્વૈતવાદના મૂળમાં પણ વૈષ્ણવીઝમ એક તત્ત્વજ્ઞાન આધારિત (Philosophical Foundation) ધર્મના રૂપે સમાવિષ્ટ કરવામાં આવેલ છે.

ભક્તિના વિકાસ વિશે બે પ્રકારના મત પ્રવર્તિત છે. કેટલાક માને છે કે ભક્તિ આંદોલનની શરૂઆત ઉત્તર ભારતમાં થઇ અને તેનો વ્યાપ તે પછી દક્ષિણમાં થયો તો કેટલાકના મતે ભક્તિનો મજબૂત પાયો દક્ષિણ ભારતમાં નંખાયો જ્યાંથી તે ઉત્તર ભારતમાં પ્રસરી. વાસ્તવમાં આલવાર સંતો દ્વારા દક્ષિણમાં ભક્તિના તત્ત્વનો મજબૂત પાયો (Strong foundation) પ્રાપ્ત થયેલ છે, જેને ભક્તિ આંદોલનના વિકાસમાં મહત્ત્વનું યોગદાન આપેલ છે. તેમણે ભગવાન પાસે પહોંચવાના વિચારને (God realisation or means to reach to God) કેવળ સહજરૂપે (Lightly) લીધું નથી, પરંતુ ખુબ જ ગંભીરતાપૂર્વક એ વિચારને પોતાની રચનાઓમાં આલવાર સંતોએ અભિવ્યક્ત કર્યો છે જેનાથી રામાનુજાચાર્ય પણ અતિ પ્રભાવિત થયેલ હતા.

તામિલ ભાષામાં **'આલવાર'** શબ્દનો અર્થ થાય **'ડૂબી જવું'** અર્થાત્ **'લીન થઈ જવું'** (to immerse in the divine experience). આલવાર સંતો ભગવાન વિશેના ચિંતનમાં ઓતપ્રોત થઇ ગયેલ હતા, તેમાં તલ્લીન બની ગયેલ હતાં. એમ કહેવાય કે ભગવાનના નશામાં તેઓ ચૂર થઇ ગયેલ હતા (God intoxicated). આ સંતો ભગવાન વિષયક દિવ્યાનુભવમાં નિમગ્ન હતા અને તેના કારણે 'આલવાર' શબ્દ એ એક માનસૂચક પદ (Prestigious word means Honorable Title) ગણાય છે. આ સંત કવિઓએ દક્ષિણમાં ભક્તિ સંપ્રદાય (Vaisnavism)નો પાયો નાંખ્યો છે એમ કહી શકાય.

આલવાર સંતો પાંચમીથી નવમી શતાબ્દિ દરમિયાન થઇ ગયા છે. તેઓ હરતા ફરતાં સંતો હતાં એટલે કે સમાજમાં અનેક સ્થાનો પર તેઓ પરિભ્રમણ કરતા રહેતા. જ્યારે દક્ષિણમાં પાલ્લવ, પાંડ્યા, ચૌલા રાજાઓ (Pallava, Pandya and Chola Rulers) રાજ્ય કરતા હતાં, તેમના જમાનામાં આલવાર સંતો થઈ ગયા. તે સમયે અનેક પ્રકારના રાજકીય ઉથલ-પાથલ અને ઉત્પાદો થયા હતા અને ધાર્મિક એવમ્ સામાજીક અરાજકતા ફેલાયેલ

હતાં. લોકો ત્રાસી ગયા હતાં. તેવા કપરા સમયમાં આ સંતોએ જનમાનસ ને આશા અને સાંત્વન (Consolations) આપ્યા હતાં.

આલવાર સંતોમાં બે બાબતો મુખ્ય હતી-

૧. આધ્યાત્મિક દૃષ્ટિકોણ (Spiritual Insight) અને

૨. સર્વોચ્ચ પ્રેમ (Supreme Love).

આ બન્ને તત્ત્વો એક સાથે જવલ્લેજ જોવા મળતા હોય છે. આલવારમાં આ બન્ને તત્ત્વોનું સંમિશ્રણ (Fusion) જોવા મળે છે. આલવારની રચનાઓમાં આ બન્ને તત્ત્વો-આધ્યાત્મિક દૃષ્ટિકોણ અને સર્વોચ્ચ પ્રેમની એક સાથે પ્રતીતિ થાય છે.

ઉત્તર ભારતના સંતકવિઓમાંના નરસિંહ, મીરાં, સ્વામીનારાયણીય સંતો ઈત્યાદિની રચનાઓમાં તેમના પૂર્વે થઇ ગયેલ આચાર્યોનો પ્રભાવ જોવા મળે છે, જ્યારે અહીં આલવાર પછી થઇ ગયેલ આચાર્યો રામાનુજ, યમુનાચાર્ય, નાથમુની ઈત્યાદી આલવાર સંતોથી પ્રભાવિત થયેલ અનુભવાય છે. આલવાર સંતોના તત્ત્વદર્શિય ચિંતનની એ ઉત્કૃષ્ટતા રહેલી છે.

આલવાર સંતો

કુલ આલવાર સંતોની સંખ્યા બાર છે. તેમના નામ છે-

(૧) પોયગઇ (Poygai)

(૨) પુતત્તર (Putattar)

(૩) પેયાલ્વર (Peyalwar)

(૪) તિરુમાલીસા (Tirumalisa)

(૫) સથકોપા અથવા નામલ્વાર (Sathakopa or Nammalvar)

(૬) મધુરકવિ (Madhurkavi)

(૭) કુલશેખર (Kulasekhara)

(૮) પેરીયલ્વાર (Periyalvar)

(૯) અન્ડાલ (Andal)

(૧૦) તોન્ડાર-અદિ-પોડી (Tondar-adi-podi)

(૧૧) તિરૂપ્પન (Tiruppaan)

(૧૨) તિરૂમંગાઇ (Tirumangai)

આ બધા આલવાર સંતો સમાજના વિવિધ સ્તર અને જનજીવનમાંથી આવેલા છે (From various stratas and various walks of life) તેમાનાં કેટલાક બ્રાહ્મણ હતાં તો એક સંત શુદ્ર અર્થાત્ અસ્પૃશ્ય ગણાય તેવી જાતિમાંથી આવેલ હતા. આ બધા સંતોમાં એક સર્વ સામાન્ય તત્ત્વ એ હતું કે તે બધા જ આધ્યાત્મિક દૃષ્ટિકોણ (Spiritual Insight) અને પરમોચ્ચ પ્રેમ (Supreme Love)થી અભિવર્ષિત (Blessed) હતાં.

આલવારમાં સૌથી વધુ આદર 'નમ્મલવાર' (Nammalvar)ને આપવામાં આવેલ છે અને તે પછીનો નંબર છે 'અંડાલ' (Andal). નમ્મલવારને 'શઠકોપ કુળપતિ' (Sathakopa) પણ કહેવામાં આવતું (અર્થાત્ Founder Seer). તેઓ જન્મજાત યોગી (Born Yogi) મનાતા. પ્રત્યેક આલવાર સંતોએ સેંકડોની સંખ્યામાં સ્તોત્ર (Hymus-Poem)ની રચનાઓ કરી છે, જેનો સરવાળો લગભગ ચાર હજારનો કહેવાય છે. આ રચનાઓનું સંકલન નાથમુનીએ કરી એક સાહિત્યના સર્વોત્કૃષ્ટ ગ્રંથ (Anthology)ના રૂપે પ્રગટ કર્યો હતો. તેને 'દિવ્યપ્રબંધ' (Nalayira) કહેવાય છે જેમાં ચાર હજાર શ્લોકો (Sacred Verses) છે. આમાંના કેટલાકને તેમણે ગાઈ શકાય તે રીતે સંગીતમય બનાવ્યા છે. (Set to Music). આ દિવ્યપ્રબંધ ગ્રંથ (Anthology)માં ચાર વિભાગ છે.

૧. સંગીતમય રચનાઓ (Musical pieces in the form of mala).

૨. તીરુમંગાઈ (Tirumangai)ની કવિતાઓ (Poems).

૩. જેને સંગીતમાં આવરી લેવામાં નથી આવી તેવી કવિતાઓ.

૪. નમ્મલવાર (Nammalvar)ની કવિતાઓ (Poems).

દિવ્યપ્રબંધ એક અમુલ્ય વારસો (Rich heritage) ગણાય છે, કારણ કે તેમાં તત્ત્વદર્શિય દૃષ્ટિકોણના અતિ ગુઢાર્થ સમાવિષ્ટ છે. (Certain profound meaning of philosophical elements). આ એક દિવ્ય (Divine) ગ્રંથ છે કારણ કે તેમાં દિવ્ય તત્વની ગુણગાથા ગવાયેલી છે.

આલવાર સંતોનું મહત્ત્વ

૧. આલવાર સંતો પોતે ભક્તિ આંદોલનમાં ડુબેલાં હતાં તેમજ તેનો તેઓએ વિકાસ કર્યો છે. તેમણે ભક્તિ ચળવળને આગળ વધારી છે. તેઓની

કવિતાઓ- રચનાઓ દક્ષિણના શિવ ભક્તોની રચનાઓને મળતી આવે છે. દક્ષિણના ત્યાગરાજ અને પુરંદરદાસના કિર્તના, જયદેવના ગીત ગોવિંદ, મહારાષ્ટ્રીયન સંતોના અભંગ, તેમજ નરસિંહ અને મીરાંના ભજનોની તોલે આવે તેવી તેમની રચનાઓ છે.

૨. અન્ય સંત કવિઓથી આ આલવાર સંતોને અલગ પાડે તેવું મહત્ત્વનું પાસું (Important Characterstics) એ છે કે તેમની રચનાઓમાં વેદ-ઉપનિષદનું તત્ત્વજ્ઞાન, પંચરાત્ર ઈત્યાદી આગમોનું દર્શન અને વૈષ્ણવ પુરાણોની કથા વણી લેવામાં આવી છે. તેમાં તત્ત્વદર્શીય પદ્ધતિ (Philosophical System)ના દર્શન થાય છે. તેમાં વૈદિક દૃષ્ટિકોણ અને આગમોની વિચારધારા (Ideology)નું પ્રતિનિધિત્વ છે. ભારતીય તત્ત્વદર્શીય વિચારોના વિકાસમાં આલવારોની રચનાઓનું બહુ મોટું યોગદાન છે. રામાનુજાચાર્યે ભક્તિને એક તત્ત્વજ્ઞાનનો દરજ્જો કે દૃષ્ટિકોણ આપ્યો તેમાં આલવારોની રચનાઓનો વિશિષ્ટ ફાળો છે.

૩. આલવાર સંતો હરિરસમાં નિમગ્ન હતા, ભગવદ્ નશામાં ચૂર (God intoxicated) હતાં. તેથી તેમની રચનાઓમાં મહદ્ અંશે ભગવદ્ ગુણાનુવાદનું દિવ્ય સંગીત જોવા મળે છે અને તેથી તેમની કવિતાઓમાં કોઈ તત્ત્વજ્ઞાન કે અધ્યાત્મિક દૃષ્ટિકોણની ચોક્કસ ક્રમબદ્ધતા જોવામાં નથી આવતી. આના કારણે કેટલાક એવું તારણ કાઢે છે કે આલવારની રચનાઓમાં તત્ત્વજ્ઞાનનો ગુઢભાવ નથી અથવા ખુબજ ઓછો છે, અને તેઓએ કેવળ ભક્તિ આંદોલનના વિકાસની દિશામાં જ કાર્ય કર્યું છે. પરંતુ આ દૃષ્ટિકોણ સાચો નથી કારણ કે તીરુવલ્યમોલીસ (Tiruvalymolis) નામક નમ્મલવારની રચના (Poem)માં તત્ત્વજ્ઞાનનો ઉત્કૃષ્ટ નમુનો છે તે સ્પષ્ટ રૂપે પ્રતીત થાય છે. અન્ય આલવારોની રચનામાં તત્ત્વદર્શનનો અહેસાસ કદાચ અસ્પષ્ટપણે વર્તાય છે. જોકે એ સત્ય છે કે આલવાર સંતોનું મહત્ત્વનું દૃષ્ટિબિંદુ ભક્તિ આંદોલન (Bhakti Cult)ને પ્રોત્સાહિત (Promote) કરવાનું રહેલું હતું, તો સાથે સાથે વેદાંતના ગુઢ તત્ત્વદર્શનને સામાન્ય અભણ જનતામાં ફેલાવવાનો પ્રયત્ન પણ હતો. નમ્મલવારની ૧૧૦૨ કવિતાઓમાં વિશિષ્ટાદ્વૈતની વિચારધારાને અનુરૂપ ઔપનિષદીય તત્ત્વનો સાર (Quintessence) દૃષ્ટિગોચર થાય છે. આ

રચના 'દ્રવિડ ઉપનિષદ' અથવા 'દ્રવિડ વેદ'ના નામે ઓળખાય છે. આનો દરજ્જો સંસ્કૃતમાં આલેખાયેલ વેદ તૂલ્ય મનાય છે. આના મહત્ત્વના વિભાગ ઉપર રામાનુજાચાર્યે ટીકા (ભાષ્ય - Commentary) લખેલી છે.

૪. આલવારની રચનાઓ એક એવા ઝરણા (Spring) સમાન છે જેમાંથી ભક્તિ (Devotion), પ્રજ્ઞા (Wisdom), અને પ્રેમ (Love)નું જળ સતત ઉભરી આવે છે, જે એક ભક્તિ આંદોલન તેમજ વેદાંતની તત્ત્વદર્શિય વિચારધારાના રૂપમાં (Bhakti cult and Philosophical system of Vedant) એક વિશાળ પ્રવાહ (Stream)ના રૂપે વહે છે. આલવાર સંતો આચાર્યોના અગ્રેસર હતા.

૫. ભક્તિમાર્ગ અને આત્મનિવેદન અથવા શરણાગતિ (Path of Devotion and self surrender) એ મુક્તિ પ્રાપ્ત કરવાનું સ્વતંત્ર સાધન છે જેના દ્વારા બધા જ સ્ત્રી અથવા પુરુષ, બ્રાહ્મણ અથવા શુદ્ર, પાપી તેમજ પુણ્યાત્મા અપનાવી અને ફલ પ્રાપ્તિ કરી શકે છે. **'ષડવિધ શરણાગતિ'** જે પંચરાત્રમાં વર્ણિત છે, તેમજ રામાનુજાચાર્યે પ્રતિપાદિત કરી છે, તેનું દર્શન આલવારની રચનાઓમાં જોવા મળે છે. ઉપનિષદોમાં દશ્યમાન થતું બ્રહ્મનું વિરુદ્ધ ધર્માશ્રયી સ્વરૂપનું આલેખન પણ આ રચનાઓમાં સ્પષ્ટ થાય છે.

◆

૧૨

સ્ત્રી સંતો - ભક્તો

(Mystics - Woman Saints)

(પ્રાધ્યાપક (ડૉ.) ઉમા શંકરના પ્રવચનના આધારે)

એવી વ્યક્તિઓ જેમનામાં દિવ્ય ગુણો હોય, જેઓ પવિત્ર હોય, જેઓને ઈશ્વરનો સાક્ષાત્કાર થયો હોય (Close Communication with God) તેઓ 'સંત' કહેવાય, ચાહે તેઓ સ્ત્રી હોય અથવા પુરુષ - (Godman or Godwomen). તેઓ પુણ્યવાન હોય છે, ધાર્મિક વૃત્તિ અનુભવ ધરાવે છે, તેઓમાં કોઈ વિશેષ પ્રકારની શક્તિ (Super Nature) હોય છે. આપણે એમ ન કહી શકીએ કે અમુક સંત મોટા છે અને બીજા નાના. સંતોનો એ પ્રકારે ભેદ કરી શકાય નહીં. વાસ્તવમાં તેમનામાં કયા સદ્‌ગુણો (Virtues) છે, તેમનો કેવો આધ્યાત્મિક અનુભવ (Mystic Experience) છે, તેમનો કોઈ ઈશ્વરીય અનુભૂતિ થયેલ છે કે કેમ ઈત્યાદી બાબતો વ્યક્તિને સંતની કક્ષામાં મૂકે છે.

સામાન્યતઃ સ્ત્રી સંતો વિશે કોઈ ખાસ નોંધ લેવાઈ નથી. તેઓના જીવનની માહિતીનું વ્યવસ્થિત સંકલન પ્રાપ્ત થતું નથી, આમ છતાં અગિયારથી પંદરમી શતાબ્દિ દરમિયાન કેટલાક સ્ત્રી સંતો ભારતના વિવિધ પ્રદેશોમાં થઈ ગયા જેઓએ પોતાના ખાસ પ્રકારના ચરિત્ર તેમજ ઈશ્વરાનુભૂતિ દ્વારા વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કર્યું છે, તેઓને સંતની કક્ષામાં મુકવામાં આવ્યા છે.

દક્ષિણમાં થયેલ અકમ્માદેવી, આલવાર સંતોમાંના એક- અંડાલ, કાશ્મિરના લાલદેદ, મહારાષ્ટ્રના જનાબાઈ, મુક્તાબાઈ, રાજસ્થાનના મીરાંબાઈ ઈત્યાદિ વિશેષતઃ ઉલ્લેખનીય છે.

૧. અકમ્માદેવી (Akkamadevi)

તમિલ ભાષામાં 'અક્કા'નો અર્થ થાય 'મોટી બહેન' (Elder Sister). અકમ્માદેવીને અન્ય સ્ત્રી સંતોમાં વડિલ (Eldest) સંત તરીકે ઓળખવામાં આવે છે. તેમના બાળપણ વિશે ખાસ માહિતી મળતી નથી. તેમનું કુટુંબ શિવ ભક્ત (શૈવ) હતું. તેમની શીવ પ્રત્યેની ભક્તિ કૌટુંબિક પરંપરાના કારણે હતી.

તેઓ અતિ ખુબસુરત - સૌંદર્યવાન હતા. ત્યાંનો રાજા કૌશિક પ્રથમ નજરે જ તેમના પ્રેમમાં પડ્યો. તેના સૌંદર્યથી આકર્ષિત થઇ રાજાએ તેને પરણવાની ઇચ્છા વ્યક્ત કરી. અકમ્માએ રાજા સામે એક શર્ત મૂકી કે જે તેના આધ્યાત્મિક ઢળાવ (Spiritual inclination)થી સંબંધિત છે. તેણે રાજા સાથે લગ્ન તો કર્યા પરંતુ તેનાથી તેને સંતોષ ન થતાં તેણે રાજાને છોડી દીધો. તેની સાથે ન ઝઘડો કે, ટંટો કર્યો (No quarral or dispute). તેણે કહ્યું 'શિવ' જેની હું ભક્તિ કરું છું, જેને હું પૂજું છું, તે મારી સાથે છે. હું તેને મારું સર્વસ્વ માનું છું. આ તે સમયની સામાજિક પરંપરા (રીવાજ)ની વિરુદ્ધ હતું. તેના પિતૃ પક્ષે તેને પાછું પિયર આવી જવા કહ્યું, પરંતુ તેને ના પાડી અને કહ્યું કે હું મલ્લિકાર્જુન જઇશ. મને આધ્યાત્મિક અભિરૂચી છે. એક સ્ત્રી ભવિષ્યનો વિચાર કર્યા વગર પોતાની હિંમત અને ભગવાન શિવમાં અનન્ય વિશ્વાસ રાખી ઘરનો ત્યાગ કરે તે તે જમાનામાં બહુ જ મોટી વાત હતી. તે કહે 'મને શા માટે સમાજથી ડરવાની જરૂર છે?, જ્યારે મારો સર્વેશ્વર (Supreme) મારી ખબર લેનાર-દેખભાળ કરનાર બેઠો છે.' તેણે તે પછી આંધ્રમાં શ્રી શૈલ પ્રતિ પ્રયાણ કર્યું આમ છતાં-

૧. તેને એક સ્ત્રી સંત તરીકે માનવામાં નહોતી આવી.

૨. તેનો જ્યાં જન્મ થયો હતો તે પિતૃપક્ષને તેમજ જ્યાં તેણે લગ્ન કર્યા, તે સાસરા પક્ષને પણ તેને ગૌરવ અપાવ્યું હતું, પરંતુ તેણે કોઇ પ્રકારની બાંધછોડ કરી નહીં.

તેનો 'શિવ' પ્રત્યે એટલી બધી શ્રધ્ધા અને વિશ્વાસ હતો કે તે રાત્રે ઘરબાર, આશ્રય કે ખોરાક વગેરે કોઇનાય રક્ષણ વગર રહી શકતી. જેમ ભગવાને દ્રૌપદીની મદદ કરી હતી તેમ શિવે તેની રક્ષા કરી. અહીં જીવ જ્યારે બિલકુલ નિ:સાધન થઇ જાય અને ઇશ્વર પ્રત્યેની નિસ્વાર્થ ભાવે ભક્તિ કરે ત્યારે કોઇ અપેક્ષા વગરની ભક્તિ ફલિત થાય છે, તે ચરિતાર્થ થાય છે. તમારી ભક્તિનો રંગ કેવો છે તે અહીં ભગવાન જુએ છે. જ્યારે પણ કોઇ સ્વાર્થ તમારી ભક્તિમાં જોડાયેલ હોય છે ત્યારે તે શુદ્ધ ભક્તિ હોતી નથી. તે સાથે ભગવાનમાં સંપૂર્ણ વિશ્વાસ અને તેના પ્રત્યે બિનશરતી શરણાગતિએ મહત્ત્વનો દૃષ્ટિ બિંદુ હોય છે અને ત્યારે જ તે કુટુંબ, સમાજ કે કહેવાતા વિદ્વાનોનો

સામનો કરી શકે છે. અક્કમાએ ઘણા પંડિતોને પરાસ્ત કરેલા જે તેની બૌધ્ધિક, આધ્યાત્મિક એવમ્ આગવી પ્રતિભાનું દર્શન કરાવે છે. કોઇ પણ પરિસ્થિતિમાં સમાધાન કર્યા વગર પરમ શિવ પ્રત્યેના પ્રેમ અને શ્રધ્ધાનું આ પરિણામ હતું.

૨. કરાઇકલ અમ્માયાર (Karaikal Amaayar)

કરાઇકલ (Karaikal) એ દક્ષિણ ભારતનું એક બંદર (પોર્ટ) છે. ત્યાં અમ્માયાર (Amaayar) એક વયોવૃદ્ધ સ્ત્રી (Elderly Woman) હતી જે નયનમાર (Nayanmar) સંતોમાંથી હતી. આ સંતોની સંખ્યા ૬૩ છે.

એ સ્ત્રી સંતો સમાજના બધાજ સ્તરમાંથી આવેલ હતાં. તેમા ચમાર (Cobler), ભીખારી (Begger), ભણેલા અને અભણ ઇત્યાદી દરેક પ્રકારના લોકો હતા જેમણે 'શીવ'માં અપ્રતિમ પ્રેમ હતો. તેઓને કોઇ ખ્યાતિની પડી ન હતી, પરંતુ તેમને શીવ પ્રત્યેનો કેવળ પ્રેમ જ હતો. તેમાંની એક કરાઇકલ-અમ્માયાર, જે એક સંતની પત્ની હતી તે પોતે પણ સંત હતી. તે એક સામાન્ય કુટુંબની હતી. તેનું નામ **'પુનિતવતિ'** (Punitvati) હતું. તેના માતાપિતા તેને કોઇ સારા વ્યાપારી સાથે પરણાવવા ઇચ્છતા હતાં. તેણે લગ્ન કર્યા પરંતુ તે કહે કે 'મારો અસલી પતિ તો ભગવાન 'શીવ' છે.' તેણે એક ભક્ત (Mystic) અથવા સંત તરીકે જીવન જીવ્યું.

એક વખત એક ચમત્કાર થયો. તેના ઘરે કોઇ સંત-સંન્યાસી આવ્યા. તેણે તેને થોડા ફળ આપ્યાં. તેમાં બે કેરી હતી જે તેણે તેના પતિ માટે રાખી હતી. પરંતુ તેમાંથી તેણે એક કેરી એક સંતને આપી દીધી. જ્યારે તેના પતિએ પૂછયું કે 'બીજી કેરી ક્યાં ગઇ?' ત્યારે તેણે અંદર જઇ શિવને પ્રાર્થના કરી. તેથી તેના હાથમાં બીજી કેરી આવી ગઇ જે વધારે સ્વાદિષ્ટ નીકળી. તેના પતિને શંકા ગઇ કે આનું કારણ શું? જ્યારે ખબર પડી કે એક કેરી તેણે કોઇ સંતને આપી દીધી હતી તો તેણે પોતાની સ્ત્રીને છોડી દીધી અને તે ઘર છોડી જતો રહ્યો. ઘણા વર્ષો સુધી તે સ્ત્રીએ પોતાના ધણીની રાહ જોઇને કાઢ્યા. આમ દસ વર્ષ નીકળી ગયા. તે પછી તેનો ધણી પાછો આવ્યો ત્યારે તેને જાણ થઇ કે પોતાના પતિએ બીજા લગ્ન કરી લીધા છે અને તેનાથી તેને એક પુત્ર પણ છે. તેને નવાઇ લાગી. ધણીને કહ્યું કે 'મેં તારી દસ વર્ષ રાહ જોઇ અને તે બીજા લગ્ન કરી લીધા?' ધણીને તેની ભૂલ સમજાઇ અને તેણીને પગે પડ્યો પરંતુ તે ઘરની

બહાર નીકળી ગઇ. તેણીએ 'શિવ'ને વિનંતી કરી કે મારું યૌવન તમે લઇ લો અને મને વૃદ્ધ બનાવી દો. તેણે ઘણા શિવ મંદિરોની મુલાકાત લીધી પરંતુ તે ક્યાંય પણ એક દિવસથી વધુ રહી નહીં. શીવને તેણે પોતાના પ્રેમી તરીકે સ્વીકારી તેની સાથે વાતો કરી. છેવટે તે કહે 'મારે કૈલાસમાં જઇને રહેવું છે.' તે ત્યાં પહોંચી તો જાણે એકદમ કદરૂપી વૃદ્ધ બની ગઇ. તે કૈલાસની તળેટી સુધી પહોંચી અને ત્યાંથી તે માથે ચાલી હિમાલય ઉપર ગઇ. આ રીતે તેને ચાલતાં જોઇ તેને જોનારા બધા ગભરાઇ ગયા અને કહેવા લાગ્યા કે તે કોઇ ભૂત છે. ત્યારે શિવ તેને કહે છે 'અમ્મા આવ' શિવે તેને પોતાની મા તરીકે સંબોધી. આમ આ એક એવા સંત સ્ત્રીની વાત છે જેણે પોતાના સૌંદર્યનો ત્યાગ કર્યો. આ દક્ષિણ ભારતની પ્રાચીનતમ સ્ત્રી સંત મનાય છે જે ત્રીજી શતાબ્દિમાં થઇ હોવાનું કહેવાય છે.

અહીં એક એવી સ્ત્રીના સંઘર્ષની વાત છે જેણે દસ વર્ષ પતિની રાહ જોવા છતાં કોઇ રાવ, ફરિયાદ કે ઝઘડો ન કર્યો; સામાન્યતઃ સ્ત્રી, પિતા-પુત્ર કે પતિની છત્રછાયા શોધે છે જ્યારે આને ભગવાન પ્રત્યેની અટલ શ્રદ્ધાને કારણે કેવળ તેનું જ શરણ સ્વીકાર્યું.

૩. અંડાલ (Andaal)

દક્ષિણના જાણીતા બાર વિષ્ણુ સંતો આલવાર (Alvar)માંના એક માત્ર સ્ત્રી સંત તે 'અંડાલ' છે. તેમણે તમિલ ભાષામાં તિરૂપવાઇ અને નાચિર તિરુમોઝી નામે રચનાઓ કરી છે જે આજે પણ શીતકાલના મારગાઝીના ઉત્સવમાં ભક્તો પ્રેમથી ગાય છે. અંડાલ એક ચુસ્ત વિષ્ણુ ભક્ત હતી. શ્રી વિલીપુથુરનું મંદિર તેને અર્પવામાં આવ્યું છે જે તેનું જન્મસ્થાન છે. પ્રખ્યાત પેરીયલ્વાર જેમણે અંડાલ નાની બાળકીના રૂપમાં પ્રાપ્ત થઇ હતી તેમણે ઉછેરી હતી. અંડાલે સામાન્ય રીતે સ્ત્રીઓના લગ્ન થાય છે તેમ ભૌતિક લગ્નને ટાળી ભગવાન વિષ્ણુ સાથે ભૌતિક તેમજ આધ્યાત્મિક લગ્ન કરી લીધા હતા. વિશેષતઃ તામિલનાડુમાં અંડાલને એક સંત તેમજ ભગવાનના રૂપમાં માનવામાં આવે છે.

એમ કહેવાય છે કે શ્રીવિલીપુથુર (Srivilliputhur)ના મંદિરના બગીચામાં તુલસી ક્યારા પાસેથી, એક વિષ્ણુચિત્ત (Vishnucitta) નામના સંત કે જેઓ

હિંદુ સંત પેરિયલ્વાર (Periyalvar) તરીકે પ્રસિધ્ધ થયા તેમણે અંડાલ એક નવજાત શિશુના રૂપમાં પ્રાપ્ત થઇ હતી. તેનું નામ કોધાઇ (Kodhai) રાખવામાં આવ્યું હતું જેનો તામિલ ભાષામાં અર્થ 'સુંદર માલા' થાય છે. તે બાળકીનો પ્રેમ અને ભક્તિના વાતાવરણમાં ઉછેર થયો. વિષ્ણુચિત્તે તેનું ખુબ સારી રીતે લાલન પાલન કર્યું; તેઓની આગળ ભગવાન કૃષ્ણના કીર્તન ગાતા અને અધ્યાત્મની વાતો કહેતા. તે જ્યારે પુખ્ત વયની થઇ ત્યારે ભગવાન પ્રત્યેનો તેનો પ્રેમ અને ભક્તિ એટલા દૃઢ થઇ ગયેલા કે તે ભગવાન સિવાય અન્ય સાથે લગ્ન કરવાનું વિચારી શકતી નહી.

વિષ્ણુચિત્તને રોજ મંદિરમાં ભગવાનને પુષ્પનો હાર મોકલવાની જવાબદારી હતી. ગોડા (Goda) - અંડાલ જાતે ભગવાન માટે માળા બનાવતી અને પોતાના પિતા મારફત પોતાના પ્રિયતમ પ્રભુને મોકલતી. પછીથી તે સ્વયં ભગવાન માટે બનાવેલી માળા ધારણ કરી લેતી અને પછી મોકલતી. હિંદુઓમાં આ ભગવાનનો અનાદર ગણાય કારણ કે શાસ્ત્રમાં પોતે વાપરેલી વસ્તુનો ઉપયોગ ભગવાન માટે કરવો નિષેધ બતાવવામાં આવ્યો છે. પરંતુ 'ગોડા' (અંડાલ) તે પોતે ભગવાનને બરાબર થઇ રહેશે કે કેમ તે ચકાસવા આ રીતે જાતે પહેલા હાર પહેરી જોતી. એક વખત તેના પિતાએ તેને આમ કરતાં જોઇ લીધી અને તેને ધમકાવી કહ્યું કે ભવિષ્યમાં તેણે આમ ન કરવું. તેથી ગોડાએ બીજી માળા બનાવીને મોકલાવી. એમ કહેવાય છે કે તે રાત્રે ભગવાને વિષ્ણુચિત્તના સ્વપ્નમાં આવી કહ્યું કે ગોડાએ મોકલાવેલ પ્રત્યેક માલાનો તેમણે સ્વીકાર કર્યો છે. આ જાણી વિષ્ણુચિત્તને ખાતરી થઇ કે ભગવાન અને પોતાની પુત્રી વચ્ચે એક દિવ્ય પ્રેમનો સેતુ છે. તે દિવસથી બધા ગોડાને 'અંડાલ'ના નામથી માનપૂર્વક જોવા માંડ્યાં. 'અંડાલ'નો અર્થ થાય 'જે ભગવાન ઉપર અધિકાર ભોગવે'. તેને તામિલમાં 'સુદી કોડુથા સુઠારકોડી' કહેવાય છે જેનો અર્થ થાય 'વેલ જેવી સ્ત્રી જે પોતાની માળા પહેરવા આપતી હોય.'

જ્યારે અંડાલ લગ્ન કરવા લાયક પંદર વર્ષની સુંદર યુવતી તરીકે પુખ્ત થઇ ત્યારે તેના પિતાએ તેને પરણાવવા યોગ્ય મુરતિયાની શોધ કરવા માંડી, પરંતુ અંડાલ તો પોતે કેવળ ભગવાન શ્રીરંગમને જ પરણશે તેમ મક્કમપણે પિતાને

જણાવી દીધું. પિતા આ વાતથી દ્વિધામાં પડી ગયા. કહેવાય છે કે ભગવાન શ્રીરંગમે પિતાને સ્વપ્ન દ્વારા જણાવ્યું કે તે અંડાલને પોતાની પાસે મોકલી દે અને સાથે સાથે ત્યાંના પૂજારીઓને પણ લગ્નની તૈયારી કરવાની સ્વપ્નમાં આજ્ઞા કરી. અંડાલ તો ભાન જ ભૂલી ગઇ અને શ્રીરંગમ પહોંચી સીધી ભગવાનના ગર્ભગૃહમાં પહોંચતા જ ભગવાન સાથે એકાકાર થઇ ગઇ.

અંડાલે તેની પંદર વર્ષની ઉંમરમાં બે મહત્વની રચના રચેલ છે જે સાહિત્ય, આધ્યાત્મિક તેમજ ધાર્મિક દૃષ્ટિકોણથી તામિલ ભાષાની સર્વોત્તમ રચનાઓ છે. આટલી નાની વયમાં તેણે કહેલી આ અદ્‌ભૂત કવિતાઓ આશ્ચર્ય ઉપજાવે તેવી છે.

તેની પહેલી રચના 'થીરુપ્પવઇ' (Thiruppavai) છે, જેમાં ત્રીસ કડીઓ છે. તેમાં અંડાલ પોતાને કૃષ્ણાવતારની ગોપી તરીકે વર્ણવે છે. તે તેની સેવા આ જન્મમાં જ નહીં પરંતુ શાશ્વત રૂપે કરવા ઇચ્છા દર્શાવે છે. બીજી રચના તે નાચીઆર તીરૂમોઝી (Nachiar Tirumozhi) છે. જેમાં ૧૪૩ કડીઓ છે. આને પવિત્ર સુવાક્યો તરીકે તામિલ ભાષામાં માનવામાં આવે છે. આમાં તેની ભગવાન વિષ્ણુ પ્રત્યેનો વિશુદ્ધ પ્રેમ છલવાય છે. તેમાં આલેખાયેલ વેદ-પુરાણ કથાઓનું વર્ણન ભારતીય ધાર્મિક સાહિત્યનો ઉત્કૃષ્ટ નમુનો કહી શકાય.

આ સાહિત્યીક રચનાઓનો પ્રભાવ દક્ષિણ ભારતના ધાર્મિક જીવન ઉપર ખૂબ ઊંડો પડ્યો છે. રામાયણ-મહાભારતની માફક 'તીરૂપવાઇ' દક્ષિણમાં આબાળ વૃદ્ધો ધાર્મિક આસ્થાપૂર્વક વાંચે-સાંભળે છે. દુનિયાની અનેક ભાષાઓમાં તેના અનુવાદ થયેલા છે.

અંડાલ અને મીરાંબાઈ વચ્ચે સરખામણી

આ બન્ને સંત કવિયત્રીઓમાં ઘણું સામ્ય જણાય છે. બન્નેનો ઇશ્વર પ્રત્યે-પતિ પત્ની જેવો પ્રેમ હતો. તેઓ પરમેશ્વરને જ પતિ માનતાં, તેમનામાં 'નાયક નાયીકા' ભાવ હતો. ભગવાનના તે બન્ને પરમ ભક્ત હતાં. તેમની રચનાઓમાં તેમણે ભગવાનને પતિરૂપમાં જોઇ તેમના પ્રત્યેની પતિ-પત્ની જેવા પ્રેમની અભિવ્યક્તિ સ્પષ્ટ દશ્યમાન થાય છે. એવો પ્રેમ પતિ-પત્ની એવા બે અંતરંગ વ્યક્તિ વચ્ચે જ હોય છે. તેમની સાથે એકરૂપ થવા,

તેમનામાં સમાઇ જવાની તત્પરતા તેમનામાં રહેલી જણાય છે. મીરાં ગિરધરની દિવાની હતી અને પોતાને તેમની પત્ની રૂપ માન્યતા ધરાવતી હતી તો અંડાલ રઘુનાથને પતિ માનતી હતી. તે બન્નેમાં ખુબજ વિરહ વ્યથા દૃષ્ટિગોચર થાય છે.

આ બધા સંત કવિઓમાં સામ્યતા અથવા વિપરીતતા દેખાય છે. લાલદેદ જે એક સામાન્ય કુટુંબમાંથી આવે છે, જ્યારે અક્કમા અને મીરાં રાજવી ઘરાનાથી સંબંધ ધરાવતા હતાં. ભગવાનને પામવા તેઓએ ઘરનો ત્યાગ કરવો પડ્યો હતો. તેઓએ ખુબજ સંઘર્ષ કરવો પડેલો અને બાહ્ય દબાણને સહન કરવો પડ્યો હતો.

૪. **લાલદેદ (Lalded)** - કાશ્મિરના સ્ત્રી સંત

દક્ષિણના કરાઇકલ અમ્માયારની માફક કાશ્મિરમાં પણ અનેક સંત, કવિ તેમજ રહસ્યવાદી (Mystics) થઇ ગયા. તેમાંના એક 'લાલદેદ' નામની સ્ત્રી સંત હતી. તેને કાશ્મિરમાં લોકો 'કવિયત્રી' માનતા કે કેટલાક યોગી અથવા 'સૂફી સંત' તરીકે ઓળખતા. તે અનન્ય શિવભક્ત હતી. કાશ્મિરી ભાષામાં તેની અનેક રચનાઓ પ્રાપ્ત થાય છે. કાશ્મિરી હિન્દુ કે મુસલમાન તેને પ્રેમથી **'મા લલ્લા'** અથવા **લલ્લાયોગેશ્વરી** તરીકે પુકારે છે.

લાલદેદનો જન્મ પાંદ્રેથનમાં સન ૧૩૫૫માં એક કાશ્મિરી પંડિતને ત્યાં થયો હતો. બાળપણમાં જ લલ્લા એક બુદ્ધિશાળી ધાર્મિક વૃત્તિ ધરાવતી સ્ત્રી હતી. જ્યારે તે બાર વર્ષની હતી ત્યારે પમ્પુરમાં તેના એક કાશ્મિરી કુટુંબમાં લગ્ન થયાં. સાસરામાં તેનું નામ 'પદ્માવતી' રાખવામાં આવ્યું. તેની સાસુ ખુબ જ ક્રુર હતી અને તેને ઘણો ત્રાસ આપતી. તેણે કદી લાલદેદને શાંતિથી રહેવા ન દીધી. કહેવાય છે કે સાસુ તેને ચોખાની નીચે થાળીમાં પથ્થર મુકીને આપતી જેથી લોકોને લાગે કે તેને થાળી ભરીને ખાવાનું આપે છે. લાલદેદ અડધી ભૂખી રહેતી હોવા છતાં ક્યારેય તેને સાસુ વિશે કોઇને ફરિયાદ ન કરી. તેના સસરાનો સ્વભાવ સારો હતો. પરંતુ સાસુ લાલદેદના પતિ આગળ પણ તેની વિરૂદ્ધ કાન ભંભેરણી કરતી. તેથી તેને ન તો પતિ તરફથી સુખ મળ્યું ન સાસુ તરફથી.

ચોવીસ વર્ષની ઉંમરે તેણે ગૃહ ત્યાગ કર્યો અને તે શિવભક્ત બની ગઇ. તે

નગ્નઅવસ્થામાં આમતેમ ભટકતી રહેતી. લાલદેદના વાળ ઢીંચણ સુધી પહોંચે તેવા હતા. તેની સાસુએ તેના કપડાં કાઢી લીધા તો તે વાળ વડે શરીર ઢાંકીને ફરતી રહેતી. તેણે ઘર છોડી દીધા પછી તે યોગ શીખી. તેણે લોકભાષામાં તેના જમાનાના રીવાજો વિરૂદ્ધ કર્મકાંડની વિરૂદ્ધ અંધવિશ્વાસ (Orthodox) વગેરે વિષયો પર ચાર ચાર લાઇનો લખી છે, જેમાં તેનો અધ્યાત્મ દૃષ્ટિકોણ સ્પષ્ટપણે દેખાય છે.

તે સિધ્ધ શ્રીકંદની શિષ્યા બની ગઇ અને સાધુ મહાત્માઓના સંગમાં રહેતી. તે સ્ત્રી-પુરુષમાં કોઇ ભેદ જોતી નહીં. તે માનતી કે હજુ તેણે કોઇ પુરુષને મળવાનું છે અને તેથી તે નગ્નાવસ્થામાં જ ફરતી. જ્યારે તેણે શાહ હમદનને જોયા ત્યારે તે બોલી ઊઠી કે 'મેં પુરુષને જોયો, મેં પુરુષને જોયો'.

તેને ભગવાન શિવમાં અત્યંત પ્રેમ અને વિશ્વાસ હતો. તે શિવને સાતત્ય-ચૈતન્ય (Reality-Conscience) ઇત્યાદિ સર્વ કાંઇ માનતી. તેના ચાર લાઇનોના વચનોમાં પણ તેનો શિવ પ્રત્યેનો પ્રભાવ છલકાતો. તેના પ્રત્યેની ભક્તિ તે તેની શક્તિ હતી. તે ભણેલી કે વિદ્વાન ન હતી છતાં તે સંતની કક્ષાએ પહોંચેલી.

અભણ હોવા છતાં લાલદેદ કાશ્મિરમાં આટલી પ્રસિધ્ધ કેમ થઇ તે આશ્ચર્ય ઉપજાવે તેમ છે, પરંતુ તેની વાતોમાં, વિચારોમાં ઉચ્ચ કક્ષાની આધ્યાત્મિકતા દેખાય છે. તેણે જીવનના બધાજ પાસાઓ ઉપર યોગ, ઇશ્વર, ધર્મ અને અધ્યાત્મ વિશે ચિંતન વ્યક્ત કર્યું છે. તેની કવિતાઓ પ્રત્યેક કાશ્મિરીઓની જબાન પર હોય છે. તેથી તે કાશ્મિરીઓના હૃદયમાં આજેય અમર છે.

આ બધી સ્ત્રી સંતોમાં એક સમાનતા જોવા મળે છે. તે તેમની અપ્રતિમ શિવ પ્રત્યેની ભક્તિ અને પ્રેમ. શિવને પતિ તરીકેની અક્ષુણ્ણ માન્યતા. તેઓ બધા પરિણિત હતાં પરંતુ તેમનું લગ્ન જીવન સફળ ન રહ્યું, તેથી તેઓ ઘર છોડીને નીકળી ગયા. તેઓએ સામાજિક રૂઢીઓની પરવા ન કરી. તેમણે કૌટુંબિક અથવા સામાજિક દબાવ સામે સંઘર્ષ કર્યો અને સારા ખોટા અનેક અનુભવો કરીને તેમાંથી પાર ઉતરી ગયા. તેમણે ભૌતિક દુઃખ પડવા છતાં આધ્યાત્મિક સુખનો અનુભવ કર્યો. તેમણે લગ્નજીવનથી સુખ ન મળવા છતાં લગ્ન વિરુદ્ધની કોઇને સલાહ આપી નથી.

૫. જનાબાઈ - (મહારાષ્ટ્રના સંત)

જનાબાઈ સમાજની નીચી જાતિમાંથી આવ્યા હતાં. તેઓ નામદેવ મહારાજને ત્યાં ઘરકામ કરતાં. નામદેવ તેમના માલિક (Master) હતાં. તેમને તેઓ ગુરુ માનતા કારણ કે સંત તરીકે તેમની સારી એવી ખ્યાતિ હતી. તેમણે ઘણી રચનાઓ કરી છે, જે પ્રસિદ્ધ પામી નથી. તે જમાનામાં સ્ત્રીને સંત તરીકે સમાજ સ્વીકારતું નહીં, તેથી તેમનામાં સંતના લક્ષણો હોવા છતાં લાંબા સમય સુધી તેઓ સંતની કક્ષામાં ન મુકાયા. લોકભાષામાં સાદા-સરલ શબ્દોમાં કરેલી તેમની રચનાને 'અભંગ' કહેવાય છે. તેમણે ઘણા અભંગ લખેલા. તેઓ શું બોલે છે તે મહત્ત્વનું હોતું નથી પરંતુ કેવું બોલે છે તે મહત્ત્વનું હોય છે. ભગવાનની આગળ ભાષાનું મહત્ત્વ હોતું નથી. તેમનામાં પવિત્ર મન અને વિશુદ્ધ હૃદય હતાં. તેમણે કોઇ શિખામણ આપી નથી છતાં તેમની રચનાઓ ઉત્કૃષ્ટ છે જેમાં તેમણે હૃદયની ઈશ્વર પ્રત્યેની ઉચ્ચતમ લાગણી, ભક્તિ, સંપૂર્ણ શરણાગતિ અને ઈશ્વર પ્રત્યેના પ્રેમની અભિવ્યક્તિ કરી છે.

જનાબાઈનું જીવન ખુબ જ સાદુ અને સરળ હતું. તેઓનો ઈશ્વર પ્રત્યેનો પ્રેમ એટલો પ્રબળ હતો કે તેઓ તેમની પોતાના હૃદયપૂર્વક સેવા કરવા ઈચ્છતા હતા. તેઓ બાલ્યવસ્થામાં તેમના માતા-પિતા સાથે પંઢરપુરમાં ભગવાન વિઠોબાના દર્શને આવ્યા હતા. એક સમયે વિઠોબા આગળ ભાવપૂર્વક કીર્તન કરતાં તે બેભાન બની ગયા અને એક ગ્રામવાસીના હાથમાં ઢળી પડ્યા. તે ગ્રામવાસી એક ગરીબ દરજી હતો. જનાબાઇના પિતાને વિઠોબાએ સ્વપ્નમાં કહ્યું હતું કે તેમની પુત્રી આ દરજીના ઘરમાં ઉછરશે. આ સ્વપ્નની આજ્ઞાને માથે ચઢાવી પિતાએ જનાબાઇને તે દરજીને હવાલે કરી દીધી. દરજીએ તેને પોતાની પુત્રીવત્ ઉછેરી.

જનાબાઇ જ્યારે મોટી થઇ ત્યારે તે દરજીના ઘરના સર્વકામ મહેનતપૂર્વક કરતી પરંતુ ક્યારેય કશી ફરિયાદ કરતી નહીં. કારણ કે પ્રત્યેક કાર્ય તે ભગવાનનું કામ સમજતી. તેથી પ્રેમ અને ભક્તિપૂર્વક બધું કાર્ય કરતી અને સાથે વિઠોબાના નામનો જપ કરતી. તેમ કરતાં તેની ભગવાનમાં પ્રીતિ વધતી ગઇ.

વિઠોબાના મંદિરમાં કીર્તન કરતાં કરતાં તે ભગવાનની સમીપ જતી ગઇ,

જેના ફલ સ્વરૂપે તે દરજીના ઘરમાં જ તેને પોતાના ગુરુ નામદેવ મળ્યા જેની દાસી બની તેની હૃદયપૂર્વક તેણે સેવા કરી.

નામદેવના લગ્ન થયા પછી પણ તેણે તેમના કુટુંબની સેવા ભક્તિભાવપૂર્વક કર્યા કરી જેથી ગામના લોકો તેની ઈર્ષ્યા કરવા લાગ્યા. લોકોએ જનાબાઇને થાંભલાથી બાંધી દીધી. જનાબાઇ વિઠ્ઠલાનું સતત સ્મરણ કરતી રહી. અંતે તે થાંભલો ગાયબ થઇ ગયો અને આકાશમાંથી તેના પર પુષ્પ વૃષ્ટિ થઇ. આવો ચમત્કાર જોઇ ગામવાસીઓ, બ્રાહ્મણો, પંચોએ પોતાની મુર્ખામી માટે જનાબાઇની માફી માંગી અને પોતાનું અજ્ઞાન દૂર કરવા બદલ જનાબાઇનો ખુબ ખુબ આભાર માન્યો.

જનાબાઇએ ત્રીસ વર્ષ પર્યંત નામદેવની સેવા કરી. એકધારી ઈશ્વરભક્તિ દ્વારા તેને ઈશ્વરનો સાક્ષાત્કાર થયો અને અનુભવ્યું કે ભગવાન સતત તેની સાથે જ છે.

જનાબાઇના સંતપણાની અનેક આખ્યાયીકાઓ પ્રસિધ્ધ છે. એક સમયે જનાબાઇ ઘંટી પર અનાજ દળતાં હતાં ત્યારે ખુબ થાકી ગયા. તેથી સ્વયં ભગવાને આવી તેમનું દળણું પૂરું કર્યું હતું. એક તુફાની રાત્રે વાવાઝોડું આવતાં નામદેવના ઘરનું છાપરૂં ઉડી ગયું હતું. જનાબાઇએ હૃદયપૂર્વક વિઠોબાને નામદેવની રક્ષા કરવા વિનંતી કરી ત્યારે તેનું છાપરૂં પુનઃ યથાવત્ થઇ ગયું હતું. એક સમયે સ્વયં વિઠોબા નામદેવને ઘેર પધાર્યા ત્યારે નામદેવે તેમને જમાડવા થાળ પીરસ્યો પરંતુ વિઠોબાએ જ્યાં સુધી જનાબાઇ ન આવે ત્યાં સુધી આરોગવાની ના પાડી.

એક સમયે નામદેવના ઘરની સાફસફાઇ કરી જનાબાઇ પોતાની ઝુંપડીમાં આવી અને વિઠોબાને આરોગવા પધારવા માટે વિનંતી કરી. વિઠોબાએ આવી જનાબાઇને ત્યાં ભોજન આરોગી પાછા ફરતાં પોતાના ઉપરણો અને કીમતી હારને બદલે જનાબાઇનું ઉત્તરીય લઇ મંદિરે પધાર્યા. બીજા દિવસે જ્યારે પૂજારીએ મંદિર ખોલ્યું તો ત્યાં ભગવાનના ઉપરણો અને હાર ન હતાં. એક ગ્રામવાસીએ જનાબાઇ પાસે વિઠોબાનો કીમતી લાલ ઉપરણો જોયો તેથી લોકોએ જનાબાઇ પર ચોરીનો આરોપ લગાડી તેમને પકડી લીધાં. જનાબાઇ એ દલીલ કરી કે વિઠોબા સ્વયં તે ચીજો પોતાને ત્યાં છોડી ગયા હતા, પરંતુ

કોઇએ તે માન્યું નહીં અને ન્યાયાધીશ આગળ તેની ફરિયાદ લઇને ગયા. ત્યારે મંદિરમાં ચોરી કરવાની સજા મૃત્યુદંડ હતી. તેથી તેને બીજા દિવસે બાળી દેવા એક થાંભલે બાંધી દેવામાં આવી.

બીજે દિવસે સજા કરતાં પહેલાં જનાબાઇને પોતાની આખરી ઇચ્છા મુજબ વિઠોબાના દર્શન કરવા લઇ ગયા ત્યારે તેણે ભગવાનને આશીર્વાદ આપવા પ્રાર્થના કરી. અચાનક મંદિરના દરવાજા ખોલતાં લોકોએ આશ્ચર્ય સાથે જોયું કે ભગવાન વિઠ્ઠલ જનાબાઇના આંસું લૂછી રહ્યા હતા. આવું દૃશ્ય જોઇ ગામવાસીઓને પોતાની ભૂલ સમજાઇ અને તેમને નિર્દોષ છોડી દેવામાં આવ્યા.

આવી હતી જનાબાઇની અનન્ય ભક્તિ ભગવાન વિઠોબા પ્રત્યેની!

૬. મુક્તાબાઇ (મહારાષ્ટ્રના સંત)

મુક્તાબાઇનું જીવન ચરિત્ર મુખ્યત્વે તેના ભાઇઓમાંના એક 'સંત જ્ઞાનદેવ' સાથે જોડાયેલ છે. તેના બીજા બે ભાઇઓ, 'નિવૃત્તિ' અને 'સોપાન' હતાં. તેઓ ચારેય 'વિઠ્ઠલ પંત' અને 'રુકમાબાઇ કુલકર્ણી'ના સંતાનો હતાં. તેઓ ગોદાવરીના કાંઠે આણંદીમાં રહેતાં. મુક્તાબાઇ સૌથી નાના હતાં અને તેમને આદ્યશક્તિ અથવા સરસ્વતિ દેવીનો અવતાર માનવામાં આવતાં હતાં. તેના ભાઇઓ નિવૃત્તિ, જ્ઞાનદેવ અને સોપાનને પણ અનુક્રમે શિવ, વિષ્ણુ અને બ્રહ્માનો અવતાર માનવામમં આવતાં.

વિઠ્ઠલ પંત તેમની બાલ્ય અવસ્થાથી જ ધાર્મિક વિચારો ધરાવતાં. તેમણે કાશી જઇ સંન્યાસ ગ્રહણ કરી લીધો હતો. અવિવાહિત ધારી સ્વામી રામાનંદે તેમને દીક્ષા આપી 'ચૈતન્યાનંદ' નામ ધારણ કરાવ્યું હતું. તેમના પત્ની રુકમાબાઇ આણંદીમાં પતિના પાછા ફરવા માટે ભગવાનને પ્રાર્થના કરતા હતા. બાર વર્ષ પછી જ્યારે રામાનંદને રામેશ્વર જતા આણંદીમાં રુકમાબાઇને મળવાનું થયું ત્યારે તેમણે જાણ્યું કે ચૈત્યાનંદ નામ ધારણ કરનાર શિષ્ય તેનો પતિ છે. તેથી તેમણે કાશી જઇ ચૈત્યાનંદને તરત જ આણંદી પાછા જવાનું કહી ગૃહસ્થાશ્રમનું પાલન કરવાનો આદેશ આપ્યો. તેથી વિઠ્ઠલપંતે ઘેર પાછા આવી ગૃહસ્થધર્મ નભાવ્યો.

સમય જતાં તેમને ચાર સંતાન થયાં જેના નામ ઉપર કહ્યા છે. વિઠ્ઠલ પંતે

પોતાના ચારેય સંતાનોને બ્રાહ્મણને માટે આવશ્યક જ્ઞાન આપ્યું અને શાસ્ત્રોનું અધ્યયન કરાવ્યું, પરંતુ આણંદીની પ્રજાએ તેમનો બહિષ્કાર કરી કહ્યું કે સાધુ ફરીથી ગૃહસ્થી બની શકે નહીં, અને તેથી તેમના સંતાનોને સમાજે જનોઇ આપવા ન દીધી. આથી નિરાશ થઇને વિઠ્ઠલ પંતે પોતાની પત્ની સહિત પ્રયાગ પાસે ગંગાજીમાં પડી પોતાનો દેહત્યાગ કર્યો.

આમ, આ ચારેય સંતાનો અનાથ થઇ ગયા અને ભીખ માંગી પોતાનો નિર્વાહ કરવા લાગ્યા. મુક્તાબાઇ સૌથી નાના હોવા છતાં તેમના ભાઇઓની સંભાળ રાખતાં. તેમણે બ્રાહ્મણોને પોતાના ભાઇઓને જનોઇ આપવા સમજાવ્યા હોવા છતાં તેઓ ન માન્યા ત્યારે જ્ઞાનદેવે પાડા પાસે વેદોચ્ચાર કરાવી પુરવાર કર્યું કે સાચું બ્રાહ્મણત્વ હૃદયની શુદ્ધતા અને સત્કાર્યોના આધારે હોય છે, નહીં કે કેવળ ખોટા ડોળ અને કર્મકાંડ કરવા-કરાવવામાં હોય. અને તે રીતે તેમણે સમાજમાં તેઓ સાચા બ્રાહ્મણ હોવાનું સિધ્ધ કરી બતાવ્યું.

જ્ઞાનદેવ હવે મોટા જ્ઞાની થઇ ગયા જેમણે તેમનું પ્રસિધ્ધ 'જ્ઞાનેશ્વરી' લખ્યું, તે ભગવદ્ગીતાનું મરાઠી ભાષ્ય છે. તેઓ ધાર્મિક પ્રવચનો કરતાં અને પંઢરપુરના ઉત્સવ દરમિયાન પોતાનો સમય નામદેવ વગેરે મહાન સંતોના સમાગમમાં પસાર કરતાં.

મુક્તાબાઇએ પણ તેમના ભાઇઓ સાથે બાળપણમાં ઘણું સહન કર્યું અને તેઓની ધીરજ, જ્ઞાન અને તત્ત્વદર્શનથી ઘણા પ્રભાવિત થયાં. તેમના ભાઇઓની માફક તેઓ પણ ઘણું માન-સન્માન પામ્યા. ધીરે ધીરે તેઓ પણ સંતની કક્ષામાં આવી ગયા અને લોકોને અધ્યાત્મ વિશે ઉપદેશ આપવા લાગ્યા. તેમની આધ્યાત્મિક દિવ્ય શક્તિઓ વિશે ઘણી કથાઓ પ્રખ્યાત થયેલી છે.

કહેવાય છે કે એક સમયે જ્ઞાનદેવ પોતાની બહેન-ભાઇઓ સાથે પંઢરપુરના મંદિરે દર્શનાર્થે ગયા હતા. સંત નામદેવ ત્યારે હંમેશ વિઠોબાની મૂર્તિ પાસે બેસી રહેતાં. તેઓ એમ સમજતાં કે પોતે ભગવાન વિઠોબાને સૌથી પ્રિય છે કારણ કે તેઓ હંમેશાં તેમની નજીક રહે છે. જ્ઞાનદેવ અને તેમના ભાઇઓએ ભગવાન આગળ દંડવત્ કરી નામદેવને પણ વંદન કર્યાં પરંતુ મુક્તાબાઇએ ભગવાનને તો દંડવત્ કર્યા પરંતુ નામદેવને નમસ્કાર કર્યા નહીં અને કહ્યું કે કેવળ ભગવાન પાસે બેસી રહેવાથી કોઇ નમસ્કાર કરવાની યોગ્યતા મેળવી

શકે નહીં. નામદેવની એવી યોગ્યતા નથી કારણ કે તેમણે હજી કોઇ આધ્યાત્મિક ગુરુ કર્યા નથી. આના ઉપર ખાસો વિવાદ થયો અને પછી એમ નક્કી કરવામાં આવ્યું કે નામદેવ સંપૂર્ણ સંત છે કે નહીં તેનો નિર્ણય ગોરાકુંભાર, જે પોતે એક સંત હતાં તેમની પાસે કરાવવો. આથી જ્ઞાનદેવ વગેરે સાથે નામદેવ પંઢરપુરના મંદિરમાં ગોરાકુંભાર પાસે ગયા, જ્યાં બીજા અનેક સંતો કીર્તન માટે એકઠા થયેલા હતા. મુક્તાબાઇ નામદેવને જ્ઞાનના યોગ્ય રાહ પર લાવવા માંગતા હતાં તેથી તેમણે ગોરા કુંભારને ત્યાં જેટલાં પણ સંતો હતાં તે બધાની પરીક્ષા લેવા કહ્યું. કુંભાર જેમ માટલાની પરીક્ષા કરવા તેને ટકોરા મારી તપાસે છે કે તે કાચું છે કે પાકું, તેમ ગોરા કુંભારે બધા સંતોના માથે ટકોરા મારી જોયા અને જ્યારે નામદેવના માટે ટકોરો મારતાં આશ્ચર્ય સાથે કહ્યું કે 'આ ઘડો હજી બરાબર પાક્યો નથી.'

નામદેવ ભગવાન શ્રીકૃષ્ણ પાસે દોડી ગયા અને તેમને બધી વાત કહી. ભગવાન કૃષ્ણે કહ્યું કે તેમની વાત સાચી છે અને તે હજી અપરિપક્વ છે, તેને સર્વોચ્ચ સાક્ષાત્કાર થયો નથી. ભગવાને નામદેવને જ્ઞાનદેવના શિષ્ય કેચરસ્વામી પાસે દીક્ષા લેવા જવા કહ્યું. આમ વિઠોબાએ સિધ્ધ કરી બતાવ્યું કે એવી કોઇ જગ્યા નથી કે જ્યાં ભગવાનનું અસ્તિત્વ ન હોય, અને તેથી નામદેવની પોતાના જેવો બીજો કોઇ સંત પંઢરપુરમાં નથી, અને અન્ય સંતો કરતાં તેઓ ઉચ્ચ છે તેવી તેમની માન્યતા મુર્ખાઇ ભરેલી છે. ત્યારબાદ ગોરાકુંભાર અને મુક્તાબાઇએ નામદેવને નમસ્કાર કર્યા.

આવી બીજી એક કથા મુક્તાબાઇને તાપી નદીના કિનારે રહેતા એક યોગી ચાંગદેવ વટેશ્વરના આધ્યાત્મિક ગુરુ તરીકે વર્ણવે છે. એક સમયે મુક્તાબાઇ અને તેમના ભાઇઓ આશ્રમમાં બેઠા હતા ત્યારે ત્યાંથી ચાંગદેવ પસાર થયા. જોકે મુક્તાબાઇએ સંપૂર્ણ વસ્ત્ર ધારણ કરેલાં હતાં છતાં ચાંગદેવને તે નિર્વસ્ત્ર લાગ્યા અને તેથી તેઓ મોઢું ફેરવી ત્યાંથી ચાલ્યા ગયા. મુક્તાબાઇએ, ત્યારે કહ્યું કે હજી તેમણે પુર્ણત્વ પ્રાપ્ત કર્યું નથી કારણ કે તેમના મનમાં સ્ત્રી-પુરુષના ભેદ છે અને તેઓ સર્વમાં રહેલ ઇશ્વરના દર્શન કરી શકતાં નથી. મુક્તાબાઇના આ શબ્દોએ તેમને ખુબ જ પ્રભાવિત કર્યા અને આકરી સાધના દ્વારા પોતાનો દોષ દૂર કર્યો. તેઓ જ્ઞાનેશ્વરને પોતાના ગુરુ બનાવવા માંગતાં હતાં પરંતુ

તેમણે મુક્તાબાઈને ગુરુ બનાવવા આગ્રહ કર્યો. તેમણે લખેલા અભંગમાં મુક્તાબાઈ વિશે ઘણી બાબતો મળી આવે છે.

મુક્તાબાઈને સ્તોત્રો રચવાની કુદરતી બક્ષીસ મળી હતી. તેઓ કહેતાં કે નિવૃત્તિની કૃપાના કારણે તેમનામાં આધ્યાત્મિક ચેતના જાગી હતી. તેમના અભંગમાં તેઓએ તેનું નિરૂપણ કર્યું છે. તેમણે ચાંગદેવને આપેલા ઉપદેશો અભંગના રૂપે અતિ પ્રસિધ્ધ છે.

મુક્તાબાઈનું જીવન ટૂંકું હતું પરંતુ તેમણે હજારો લોકોને પોતાની આધ્યાત્મિક ચેતનાથી પ્રભાવિત કર્યા હતા. તેઓ જ્યારે કેવળ અઢાર વર્ષના હતા ત્યારે વીજળી ત્રાટકવાથી ભગવાનના ધામ પહોંચી ગયા હતાં. તેઓ વારકરી સંપ્રદાયના એક આધારસ્તંભ હતાં. અત્યારે પણ તેમના ભજનો પંઢરપુરમાં ભગવાન વિઠોબાના ભક્તો પ્રેમ અને શ્રધ્ધાથી ગાય છે.

◆

૧૩

હવેલી સંગીત

(Haveli Sangeet)

(પૂ.પા. ગો. ૧૦૮ શ્રી ગોકુલોત્સવ મહારાજશ્રી, ઈન્દોરના પ્રત્યક્ષ પ્રવચન પર આધારીત)

આજે આપણે જોઇએ છીએ કે પ્રત્યેક દર્શન, સંપ્રદાય કે ધર્મમાં પરમાત્માને એટલા દૂર ઊભા કરી દીધા છે કે ન આપણે તેમની સાથે વાત કરી શકીએ, તે આપણાથી એટલા દૂર છે કે ન તે આપણી પાસે આવી શકે કે ન આપણે તેની પાસે જઇ શકીએ. પરંતુ મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્યજીએ તે બધાથી એક અનોખી વાત કહી છે કે કિસ્તી (નાવ) તર્કના સહારે જ નહીં - તર્કની સાથે કુતર્ક પણ જોડાયેલ રહે છે. તર્કની સાથે સતત રહેવું જરૂરી છે અને તે જ એક ભૂલ આપણે કરી બેઠા છીએ. આપણે તથ્યને - તત્ત્વને સમજવું જરૂરી છે, કેવળ તત્ત્વ જ નહીં, પરંતુ 'પરમતત્ત્વ'ને જાણવું આવશ્યક છે. બધા જ આચાર્યોએ ખૂબ સારો પ્રયાસ કર્યો છે, પરંતુ મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્યે એક વિશિષ્ટ દૃષ્ટિકોણ જગતને આપ્યો છે. આપણા દર્શનમાં કે તેના સિદ્ધાંતમાં કોઇ ઉણપ નથી - કોઇ ન્યુનતા નથી. જ્ઞાનીઓએ પરમ તત્ત્વને નિરાકાર કહી દીધા કારણ કે તેઓની પહોંચ અક્ષરબ્રહ્મ સુધી જ છે. આપણું હૃદય પણ ભગવાનની લીલા સ્થળી છે કારણ કે તે પણ અક્ષર બ્રહ્મરૂપ છે.

ભગવાન સાકાર સ્વરૂપ હોવા છતાં તેનું તિરોધાન કરી તેઓ આપણા દેહમાં અંતર્યામિ સ્વરૂપે રહે છે. ભગવાનમાં તિરોધાન થવાની શક્તિ રહેલી છે. વાસ્તવમાં જેમ આંધળા માણસો હાથીના વિવિધ અંગોનો સ્પર્શ કરી કોઇ તેને સૂપડા જેવો, કોઇ થાંભલા જેવો ઇત્યાદિ બતાવે છે તેમ અલગ અલગ લોકો બ્રહ્મની અલગ અલગ વ્યાખ્યા કરે છે. જેઓ સમગ્રપણે બ્રહ્મના સ્વરૂપને જાણી શકે તે જ તેનું યથાર્થ વર્ણન કરી શકે. જેટલા પણ વાદ અસ્તિત્ત્વમાં છે તે આપણા સીમિત જ્ઞાનને કારણે છે. વેદ પણ સમગ્રપણે બ્રહ્મનું વર્ણન કરવામાં અસમર્થ હોઇ 'નેતિ-નેતિ' કહે છે. વેદમાં બ્રહ્મને આનંદમય સ્વરૂપ બતાવ્યું

છે. બ્રહ્મસૂત્રમાં એક સૂત્ર છે. **'આનન્દમયોઽભ્યાસાત્'** અર્થાત્ શ્રુતિમાં ઘણી જગ્યાએ 'આનંદ' શબ્દનો પ્રયોગ બ્રહ્મને માટે કરવામાં આવ્યો છે. માટે 'આનંદમય' શબ્દ પરબ્રહ્મ વાચક છે. એટલે કે પરબ્રહ્મને માટે વપરાયેલ છે.

ધ્યાનપૂર્વક વિચારવું જોઈએ કે આ 'આનંદમય સ્વરૂપ' શું છે? તે આનંદથી પરમાનંદની પ્રાપ્તિ કેવી રીતે કરી શકાય. જો ઉપર કહ્યું તેમ હાથીની માફક વ્યાખ્યા કરવામાં આવે તો જેટલું આપણા જ્ઞાનમાં આવે તેવા સ્વરૂપની ઓળખ મળે. જ્ઞાનીની સીમા અક્ષરબ્રહ્મ છે. જે આપણી આંખથી દેખાય તે તિરોહિત થઈ જાય છે, માટે તેને નિરાકાર કહે છે. કોઈ તેને છોટા- કોઈ બડા વગેરે વિશેષણો આપે છે. ગીતામાં ભગવાને અધ્યાત્મ વિદ્યા સમજાવતાં કહ્યું છે- **'અધ્યાત્મ જ્ઞાન નિત્યત્વં તત્ત્વજ્ઞાનાર્થ દર્શનમ્, એતજજ્ઞાનમિતિ પ્રોક્તમજ્ઞાનં યદતોઽન્યથા'** (૧૩-૧૧). અહીં ભગવાને પોતાના સ્વરૂપની સ્પષ્ટતા કરી છે. શ્રી વલ્લભાચાર્યજી પોતાના શુદ્ધાદ્વૈતવાદમાં આજ બાબત સમજાવી રહ્યા છે. તેઓ આજ્ઞા કરે છે કે બ્રહ્મનું શુદ્ધ સ્વરૂપ કયું તે ઓળખો. તેમનામાં સૌ કોઈ (સંપૂર્ણ જગત) સમાયેલ છે, અને સર્વ કોઈમાં તેઓ સમાયેલ છે. જે પ્રમાણે સોનાના દાગીનામાં સોનાનું અસ્તિત્ત્વ રહેલું છે તેમ જ પ્રભુ કણકણમાં બિરાજમાન છે. તેને કેમ પામી ન શકાય. તે પાસે છે છતાં મળી ન શકાય તેનું કારણ શું? શ્રી વલ્લભાચાર્યજી કહે છે કે તેમની સેવા દ્વારા તેનું સેવન કરવાથી તેના આનંદને પ્રાપ્ત કરી શકાય. તે સૃષ્ટિનો પાલક હોવા છતાં આપણા ઘરમાં આવીને બિરાજે છે. તેને ઓળખવાની જરૂર છે. તેનો આસ્વાદ લેવાની આવશ્યકતા છે. તે વિરુદ્ધ ધર્માશ્રયી હોઈ જ્ઞાનીઓને 'નિરાકાર' લાગે છે, પરંતુ આપણા ઘરમાં તે સાકાર સ્વરૂપ ધરી બિરાજે છે. તેજ પૂર્ણ પુરુષોત્તમ છે. ગીતામાં ભગવાન કહે છે, **'તસ્યાહં સુલભઃ પાર્થ નિત્ય યુક્તસ્ય યોગીનઃ'** અર્થાત્ 'હે પાર્થ, જે ભક્ત મારામાં અનન્ય ચિત્ત થઈને સદાય નિરંતર મુજબ પુરુષોત્તમને સ્મરે છે, એ નિત્ય નિરંતર મારામાં જોડાયેલ યોગીને હું સુલભ છું'. એટલે કે તેને સહજ રીતે મળી જાઉં છું જે સેવા કરે છે તેને માટે ભગવાન સુલભ છે, તેને પામી શકે છે. ભગવાન એટલા કૃપાળુ છે જે આપણી પાસે 'ભાવ'ની અપેક્ષા રાખે છે. ભાવનો પ્રભુ પાસે અભાવ છે. ભાવ એટલે 'સ્નેહ'. ભગવાને અનેક સ્વરૂપો ધારણ કરેલા છે. તેમણે લોક વેદાતીત

સ્વરૂપ ધારણ કરેલું છે, તેઓ ગીતામાં કહે છે, **'અતોऽસ્મિ લોકે વેદે ચ પ્રથિતઃ પુરુષોત્તમ'**, અર્થાત્ હું લોકમાં તેમ જ વેદોમાં **'પુરુષોત્તમ'** નામે પ્રસિદ્ધ છું. વ્રજમાં તેમણે લોકવેદાતીત સ્વરૂપ ધારણ કર્યું છે. વેદમાં મોહિની સ્વરૂપનું વર્ણન નથી. પ્રભુએ વ્રજમાં મનુષ્ય દેહ અને વેશ ધારણ કર્યો છે. તેમાં પણ તેઓ નંદરાયજીના ઘરમાં બિરાજી રહ્યા છે. મોટા મોટા દેવતાઓ પણ તેમના વિશે શક કરે છે. શું આજ તે પરબ્રહ્મ છે, જે આખી દુનિયાના નાયક છે? તેઓ અંતર્યામિ સ્વરૂપે આપણા હૃદયરૂપી નંદભવનમાં રહે છે, પરંતુ આપણે તેને ઓળખી શકતા નથી. ખુદ માતા યશોદા પણ તેને ઓળખવામાં થાપ ખાઇ જાય છે. પરંતુ જ્યારે જુએ છે કે તેને મોટા મોટા દૈત્યોનો સંહાર કર્યો ત્યારે તેઓ વિસ્મય પામે છે. બલદેવજીએ માતા યશોદાને ફરિયાદ કરી કે કૃષ્ણે માટી ખાધી છે. કૃષ્ણને પૂછતા તેઓ ના કહે છે. કહે છે કે બધા જૂઠું કહી રહ્યા છે. આવા વિરૂદ્ધધર્માશ્રયી છે. ભગવાન ગીતાના પંદરમાં અધ્યાયમાં પોતે કહે છે **'મમૈવાંશો જીવ લોકે, જીવભૂત સનાતન.'** જીવ ભગવાનનો અંશ છે, તે અણુ છે. ભગવાન અંશી છે. તે પ્રાણીમાત્રમાં અંશ રૂપે રહેલ છે. તે મચ્છર પણ છે અને હાથી પણ છે. શાસ્ત્ર કહે છે. **'અણોરણિયાન્ મહતો મહીયાન્'.** તે અણુથી પણ ઘણો નાનો છે અને મહાનથી પણ ઘણો મોટો છે. આપણું જ્ઞાન સીમિત છે માટે આપણે ઓળખી શકતા નથી.

જેની પાસે ખૂબ પૈસા છે તેની યોગ્યતા નથી અને જેની પાસે કશું નથી તે રાજ કરે છે. ભગવાનની લીલાને આપણા સીમિત જ્ઞાન અને બુદ્ધિથી ન સમજી શકાય, માટે જ ભક્ત કવિ ગાય છે -

'હમ તો ઈતની સમજ ભલી.'

આપણે તત્ત્વને સમજવાનું છે, પરમ તત્ત્વને પહેચાનવાનું છે. શુદ્ધાદ્વૈત વેદાંત આપણો ધર્મ, પરમાત્મા સાથેનો આપણો સંબંધ જેને આપણે ભૂલી ગયા છીએ, તેની ઓળખ Reatisation કરાવે છે.

એકવાર હું બહારગામ જઇ રહ્યો હતો. મારો દીકરો જે ત્યારે બહુ નાનો હતો તેને મેં તેડેલો હતો. મારી સાથે ઘણો સામાન હતો. તેને કેવી રીતે ટ્રેનમાં ચઢાવીશ તેની ચિંતા હતી. ટ્રેન આવી સામાન ચઢાવી દીધો. પછી ગોતવા માંડ્યો કે મારો દીકરો ક્યાં છે? તે મારા હાથમાં હતો, પરંતુ હું ભૂલી ગયો અને

તેને આમતેમ શોધવા માંડ્યો. આપણે સંસારની મોહ માયામાં ભગવાનને ભૂલી તેને આમતેમ શોધવા ભટકતાં રહીએ છીએ. વાસ્તવમાં તો તે આપણી પાસે જ છે, આપણી ભીતર જ રહેલો છે. જે પોતાની પાસે છે તેને ભૂલી જઇ બીજે શોધવાના ફાંફા મારીએ છીએ. તે ગોલોક-નંદભુવન ભૂષણ આપણી પાસે જ છે. ભક્ત કવિ નંદદાસે પદમાં ગાયું છે-

નંદભવન કો ભૂષણ માઈ,
યશોદા કો લાલ, વીર હલધર કો, રાધાવરન સદા સુખદાઈ (૧)
ઈંદ્રકો ઈંદ્ર, દેવ દેવન કો બ્રહ્મ કો બ્રહ્મ અધિક અધિકાઈ,
કાલ કો કાલ, ઈશ ઈશન કો, વરુન કો વરુન મહા વરદાઈ (૨)
શિવ કો ધનુ સંતન કો સરબસ મહિમા વેદ-પુરાનન ગાઈ,
નંદદાસ કી જીવનિ ગિરિધર, ગોકુલ મંડન કુંવરકન્હાઈ (૩)

ભગવાન નંદ ભવનનું ભૂષણ છે. નંદરાયજીના મનમાં આનંદ હતો. આનંદ શબ્દ વિકાર વાચી નથી, વિશાળતાનો સૂચક નથી, પરંતુ વિવિધતાનો સૂચક છે. તે વિકાસવાદી શબ્દ છે. ભગવાન વિકાર યુક્ત નહીં સાકાર છે. કેમ કે જે સાકાર હોય તેમાં વિકાર ન હોય. ધર્મી એ નિરાકાર, ધર્મ-સાકાર. ભગવાને ઇચ્છા કરી કે, હું અનેક થઇ જાઉં. જ્યારે ભગવાન ઇચ્છા કરે છે ત્યારે સત્ત્વગુણને પોતાનામાં પ્રગટ કરે છે. જેમ ટેલિવિઝનના તરંગો આપણને દેખાતા નથી. તેને માટે મોનીટર જોઇએ. તેનાથી ટ્યુનઅપ કરીએ તો તરંગો દ્વારા જે ચિત્ર આવે છે તે દેખાય. વિદ્યુતનો પ્રકાશ શેનાથી થાય? ધર્મ દેખાય - ધર્માવતાર નથી દેખાતો. જ્યારે ભગવાન વિવિધ અવતારો ધારણ કરે છે ત્યારે તેમના પ્રત્યક્ષ દર્શન થાય છે. નંદરાયજી એ શું કર્યું? તેમણે ભગવાનને બધું સોંપી દીધું. તે નંદભવનનો આશ્રય હોવા છતાં વિરુદ્ધ ધર્માશ્રયી કેમ?

આપણા કીર્તન સાહિત્યમાં પૂરા દાર્શનિક તત્ત્વ ભરેલા છે, ભારતીય પરંપરાના દર્શન તેમાં થાય છે. ઉપરોક્ત પદ આનું ઉદાહરણ છે. તેમાં ભગવાનની અનેક સ્વરૂપોના લાલિત્યના પ્રત્યક્ષ દર્શન આપણને થાય છે. આપણે આપણા સ્વભાવને ભગવાનને સમજવાલાયક બનાવવો જરૂરી છે.

પ્લેટોએ કહ્યું છે કે મનુષ્ય આખી દુનિયા પર રાજ કરી શકે, પરંતુ સ્વભાવ પર રાજ ન થઇ શકે. માટે જ શ્રી મહાપ્રભુજી યમુનાષ્ટકમાં **'સ્વભાવો વિજયો**

ભવેત' કહે છે. ભગવાન વિષમતા દૂર કરી લીલા દ્વારા પોતાના સ્વભાવનું-પોતાના સ્વરૂપનું આપણને ભાન કરાવે છે. યશોદાને પોતાનો લાલો-બાળક લાગે, પરંતુ જ્યારે રાક્ષસોનો વધ કર્યો ત્યારે તેમને તેમના માહાત્મ્યની પ્રતીતિ થઇ. માટી ખાવાના પ્રસંગમાં જ્યારે ભગવાને પોતાનું મુખ ખોલ્યું તો તેમાં તેમને વિરાટ દર્શન કરાવ્યું ત્યારે યશોદાજીને પણ ભગવાનના કર્તુમ, અકર્તુમ, અન્યથા કર્તુમ હોવાનો અનુભવ થાય છે. બ્રહ્મસૂત્રમાં કહ્યું છે:

'ઉભયવ્યપદેશાત્તવહિ કુન્ડલવત્' અર્થાત્ બન્ને પ્રકારનું કથન હોવાથી સર્પના કુંડલાકારની માફક તેનો ભાવ સમજવો જોઇએ. જેમ સાપ સીધો પણ હોય અને કુંડલાકાર થઇને પણ રહે તેમ ભગવાન વિરુદ્ધ ધર્માશ્રયી છે. જશોદાજીને કૃષ્ણના મુખમાં અનેક બ્રહ્માંડના દર્શન થાય છે, તેઓ પોતે પણ તેમાં દેખાય છે. આમ ભગવાને યશોદાજીને મોહિત કરી દીધા. આપણી અંદરની મોહમાયાને દૂર કરવા ભગવાન આવી અનેક પ્રકારની લીલા કરે છે. શુદ્ધિકરણ કરવાનું તેમનું ધ્યેય હોય છે. તત્ત્વજ્ઞાનની દૃષ્ટિથી વિચારીએ તો ભગવાન સ્વયં જ માટીરૂપ છે અને તેને ખાવાવાળા પણ પોતે જ છે. છતાં કહે છે - 'ના ભક્ષિત્હં મૃતિકા:' - 'મેં માટી ખાધી જ નથી, આ બધા જૂઠું બોલી રહ્યા છે.' ભગવાન ભગવાનને કેવી રીતે ખાઇ શકે? કેવી વિચિત્ર લીલા બતાવી છે. ભગવાને માખણ પણ ખાધું, માટી ખાધી અને છપ્પનભોગ પણ આરોગ્યા. જ્યારે ગાય ઘાસ ખાય ત્યારે તે દૂધ આપે. તેનું દહીં થાય, ઝાઝા દૂધમાં થોડુંક દહીંનું મેળવણ મેળવવાથી દૂધનું દહીં જામે છે તેમ આ બાળકમાં સમગ્ર સૃષ્ટિનો પાલક છૂપાયેલ છે. ઉપર પદમાં કહ્યું તેમ તે યશોદાનો લાલ છે તો વીર હલધરન તો બલભદ્રનો ભાઇ છે. એક વ્યક્તિનો સંબંધ અનેક રૂપમાં હોઇ શકે છે. તે કોઇનો પતિ હોય, કોઇનો ભાઇ હોય, બીજાનો કાકા હોય વગેરે. તેમ તેઓ ઈન્દ્રનો ય ઈન્દ્ર, બ્રહ્માના બ્રહ્મા અને કાલનો પણ કાળ છે. પ્રભુ કાળમાં પ્રગટ થયા તો તેનું કરાલ સ્વરૂપ જતું રહ્યું.

શ્રી વલ્લભાચાર્યજી આજ્ઞા કરે છે કે **'સર્વદા સર્વ ભાવેન, ભજનીયો વ્રજાધીપ'**. તમારી દૈનિક ટેક્નિક તે જાણે, તેમ તેની ટેક્નિક જાણો. વ્રજાધીપ જ્યારે તમારા ઘરમાં આવીને રહે ત્યારે તે તમને અનુકૂળ થઇને રહે. તમારે તેની રીત-રસમ જાણવાની છે અને તેને અનુરૂપ વ્યવહાર કરવાનો છે. તેઓ

કહે છે, જ્યારે તું જગાડીશ ત્યારે હું જાગીશ, તું જ્યારે જમાડીશ ત્યારે હું જમીશ. પ્રભુ કહે **'અહં ભક્ત પરાધીનો'**. હવે તે તમારો થઇને રહેશે. નંદદાસજીએ ગાયું છે-

બનઠન કહાં ચલે, ઐસી કો મનભાઇ, સાંવરે કુંવર કન્હાઇ,
મુખ સોહે જૈસે દૂજ કો ચંદા છિપ-છિપ દેત દિખાઇ, (૧)
ચલેહીં જાઉં નેક ઠાડે રહોગે કિન ઐસી જુ સીખ સિખાઇ,
નંદદાસપ્રભુ અબ ન બનેગી, નિકસ જાયગી ઠકુરાઇ (૨)

ભક્ત કહે છે- હવે તારી બધી ઠસક નીકળી જશે. બન્નેનો અહંકાર દૂર થઇ જાય, બન્ને એકબીજાને અનુકૂળ થઇ જાય, ત્યારે પુષ્ટિનું સાકાર સ્વરૂપ પ્રગટ થાય. ભગવાનની વ્યામોહિકા માયા ભક્તોને મોહમાં નાખી પોતાની નિકટ રાખે. પુષ્ટિમાર્ગની એજ તો વિશેષતા છે. શુદ્ધાદ્વૈત પરંપરામાં વૈષ્ણવ ધર્મનું પાલન કરવાથી, વૈષ્ણવી સંસ્કારો મુજબનું આચરણ કરવાથી, ચૌદ ભુવનનો પાલનહાર તમારી ભાવપૂર્વકની સેવાનો સહજમાં સ્વીકાર કરે છે.

આપણે પૂછીએ કે 'હું કોણ છું'. જે બેટરીમાં શુદ્ધાદ્વૈતનો પ્રકાશ હોય અને તે પોતાના સ્વરૂપની ઓળખાણ કરાવે ત્યારે એક ભાવાત્મક- સહજ જીવનનો અનુભવ થાય, પ્રભુ તમને નંદભુવનનું ભૂષણ હોવાની પ્રતીતિ કરાવે. વલ્લભાચાર્યે જ્યારે તમારે માથે સેવા પધરાવી ત્યારે પોતાનું સર્વસ્વ દઇ દીધું છે- શ્રી ગુસાંઇજી, માટે જ તેમને **'અદેયદાન દક્ષ'** કહે છે. માટે શ્રી ઠાકોરજીની સેવા સહજ ભાવથી કરવી જોઇએ. જેમ નાના બાળકો આપણી સાથે રમે, આપણે બાળકો સાથે રમીએ તેજ ભાવથી શ્રી ઠાકોરજી સાથે આપણે સહજ એકરૂપતા સાધવાની છે. શ્રી ઠાકોરજી આપણું સર્વસ્વ છે, તેના સુખમાં જ આપણું સુખ નહીં પરંતુ પરમ સુખ સમાયેલું છે. તેને સુખ આપીને આપણે સુખ મેળવવાનું છે. આવો સારમાં મહાસાર આપણા કીર્તન સાહિત્યમાં સમાયેલ છે. અષ્ટ સખાના પદોમાં આવો જ ભાવ ભરેલો છે. તેમના અનુભવની વાણી તેમણે પોતે રચેલા કીર્તનમાં અભિવ્યક્ત કરી છે. જો આપણે કીર્તનોનો ભાવ સમજીએ તો સૃષ્ટિનો ભાવ પણ સમજાશે.

જ્યારે શ્રી ઠાકોરજીનું પ્રાગટ્ય બરાબર મધ્ય રાત્રિએ થાય ત્યારે ત્રણ વખત ઘંટનાદ કરવામાં આવે છે. સાત્ત્વિક, રાજસ અને તામસ વ્રજભક્તોના ભાવથી

તે ત્રણ વખત તે કરવામાં આવે છે પછી ભાગવતજીના દશમ સ્કંધના સાડાઆઠ શ્લોકનો જે પાઠ કરવામાં આવે છે તેમાં કાલનું વર્ણન છે જે પરમ શોભાયમાન છે- કાલ જાણે માલામાલ થઇ જાય છે. શ્રી ઠાકોરજીની સ્નેહથી સેવા કરવી જોઇએ, તેને કેવળ એક ક્રિયા માત્ર સમજવાની ભૂલ ન કરવી. શ્રી ઠાકોરજીની સેવામાં પ્રથમ રાગ જોઇએ. રાગ અનુરૂપ ભોગની આવશ્યકતા અને તદનુસાર શૃંગાર- પુષ્ટિમાર્ગમાં આ ત્રણેયની મહત્તા છે. હિંડોળામાં જ્યાં સુધી ઝાંઝ ચાલુ રહે ત્યાં સુધી હિંડોળા ચાલુ રહે. પ્રભુની આજ્ઞા વગર 'મલ્હાર' રાગ ગવાય નહીં. મલ્હાર રાગથી જ વર્ષા ઋતુની પ્રતીતિ થાય.

શ્રી મહાપ્રભુજીની આજ્ઞાથી શ્રી પ્રભુ આપણે ત્યાં બિરાજે છે. ભગવાન અનંત શક્તિમાન છે. પરંતુ જ્યારે શક્તિમાન અશક્તિમાન થઇ તમારે ત્યાં તમારી સેવા ઉપર અવલંબિત થાય ત્યારે ભક્તિ પ્રગટ થાય. આજ ભગવાનની 'વિરૂદ્ધધર્માશ્રયીતા' છે.

ગોપીજનો નંદ ભવનમાં સવાર સવારમાં જાય ત્યારે વિચારે કે ક્યારે પ્રભુ જાગે અને આપણે દર્શન કરીએ. જશોદાજીને ગોપીજન કહે છે- **'મુખ દેખન હોં આયી લાલકો'**. બીજે દિવસે ગોપી પુનઃ સવારમાં આવી ત્યારે જશોદાજી પૂછે છે કે ગઇ કાલે તો લાલાનું મુખ દેખીને ગઇ હતી તો આજ ફરી પાછી કેમ આવી? - ગોપીનો જવાબ હતો- **'કાલ મુખ દેખ ગઈ દધી બેચન, તુરત હી ગયો બિકાઈ'** - અર્થાત્ કાલે લાલાનું મુખ જોઇ દહીં વેચવા ગઇ હતી તો બધું દહીં તરતમાં જ વેચાઇ ગયું હતું. બિઝનેસ સારો થયો હતો. જશોદાને થયું, 'આ ગોપીની મારા લાલા પર નજર લાગી જશે- કોઇને કોઇ બહાનું કરીને સવારના પહોરમાં આવી જાય છે. તેમણે લાલાને નજર ન લાગે માટે કપાળમાં, હાથમાં, પગના તળિયામાં, નાક ઉપર, હૃદય ઉપર કાજળની ટીકી લગાવી. બીજે દિવસે ગોપીએ પુનઃ આવી પૂછ્યું કે 'લાલા જાગ્યો છે?' હવે તે ગોપી સંબંધી થતી હતી માટે જશોદા ના તો ન કહી શક્યા પરંતુ મનમાં શંકા જરૂર થઇ. ગોપી પણ શું જવાબ આપે? તેને તો વાસ્તવમાં મોહન પ્રતિ મોહ ઉત્પન્ન થઇ ગયો હતો. જ્યારે મોહન પ્રતિ મોહ થઇ જાય ત્યારે વૈભવ પ્રત્યે મોહ રહેતો નથી. આપણે ત્યાં પુષ્ટિમાર્ગમાં ભાવ જ વૈભવ છે. 'મદ-ન', 'મોહ-ન'. આ સ્નેહાત્મિક ભાવ છે. નંદ યશોદાને ત્યાં ઘણા વર્ષે લાલનું પ્રાગટ્ય થયું હતું. એટલે લાલાને નજર

ન લાગે તે માટે તેઓ મનમાં શંકિત હતા. પરંતુ ગોપીને દર્શન કરાવવાની મના ન કરી શક્યા. ગોપીએ પણ આગળ પ્રત્યુત્તર આપતાં કહ્યું કે-

દિન દૂનો લાભ ભયો ઘર કાજર બછીયા જાઈ.
આયી હોં ધાય થંભાય સાથ કી મોહન દેહોં જગાઈ (૨)
પ્રિયા વચન સુન વિહંસ ઉઠ બેઠે નાગરી નિકટ બુલાઈ
પરમાનંદ સયાની ગ્વાલિની સેન સંકેત બતાઈ (૩)

ભક્ત ભગવાનના દર્શન માટે તલસે તો ભગવાન પણ ક્યાં ભક્ત વગર રહી શકે છે? શ્રી ઠાકોરજી પણ ગોપીની વાણી સાંભળી તરત ઊઠી ગયા અને ગોપીને પોતાના મિલ માટેનો સંકેત આપી દીધો. 'બાલ લીલા' સાથે અહીં 'કાંત ભાવ'ના પણ દર્શન થાય છે. જ્યારે જીવાત્માની પરમાત્મામાં લગની ન લાગે ત્યાં સુધી તે મગ્ન ન થાય અને ત્યાં સુધી જીવન પરાકાષ્ટાએ પહોંચતું નથી. આમ ભક્ત કવિએ ભગવાન પ્રત્યેના બાલભાવ સાથે કાંત ભાવનું અનોખું દર્શન આપણને આ કીર્તનમાં કરાવ્યું છે. આવું દાર્શનિક તત્ત્વ આપણા કીર્તનોમાં- અષ્ટ સખાના પદોમાં ભરેલું છે.

આપણે ભગવાનના દર્શન કરીએ છીએ પરંતુ જગદીશને પહેચાનતા નથી, કારણ કે જગતના પદાર્થો જોઈ આપણા મનમાં સંસાર ઉત્પન્ન થાય છે. સમગ્ર સૃષ્ટિમાં સારરૂપ પ્રભુ છે. આપણા જીવનની સાર્થકતા આપણી પ્રત્યેક વૃત્તિઓ. પ્રવૃત્તિઓ પ્રભુ સાથે જોડવામાં છે. વલ્લભ સંપ્રદાયમાં માટે જ બધી જ કલાઓનો વિનિયોગ પ્રભુ સેવામાં કરાવવામાં આવે છે. આપણા જે કાંઇ સાધનો છે. આપણા શોખ છે તે સર્વનો પ્રભુ માટે ઉપયોગ કરવાથી જીવનમાં બહાર આવે છે.

પદ- રાગ સારંગ, તાલ ઝપતાલ.
બહારો મેરા દોસ્તો શાને જહાં હૈ,
વો જાને કહાં થે જાને જહાં હૈ,
હર ભૂલમેં મુર ઉસકી છીપા હૈ,
યહી હૈ પતા ફીર ભી વો લાપતા હૈ.

ઘણા ત્યાગ કરે છે અને વૈરાગ્ય લે છે, કારણ કે તેઓ સંસારને 'અસાર' કહે છે. જો આપણે જેને આપણું છે તેમ માનીએ છીએ તે ભગવાનનું છે તેમ

માનીએ તો જેમ કારનો ડ્રાઈવર કહે કે 'આ મારી ગાડી છે', પરંતુ વાસ્તવમાં તો ગાડી તેના માલિકની હોય છે, તેમ જો આપણે આપણું સર્વ કાંઈ આત્મનિવેદન કરતાં પ્રભુને સોંપી દીધું છે, તો આપણે તો માત્ર તેના ટ્રસ્ટી છીએ. આપણું ઘર ન માનતા આ પ્રભુનું ઘર છે, તેમ વિચારીએ તો આપણો દૃષ્ટિકોણ આપણો ભાવ બદલાઈ જાય છે. આપણે આ વાતને યથાર્થ રૂપે નથી વિચારતા અને આપણે જગતને મિથ્યા માનીએ તો આપણે જીવાત્મા ન રહેતા ભૂતાત્મા બનીએ છીએ. આપણે ભગવાનને - જગતના નાયક જગદીશને છોડી ક્યાં જઈ શકીએ? વાસ્તવમાં આપણું શું છે કે જેનો આપણે ત્યાગ કરી શકીએ. ઘરને આપણું માનતા હોઈએ તો તે તો લોખંડ- સિમેન્ટનું છે, ઈંટ-પથ્થરોનું છે. આપણે તો તેની સાથે માત્ર ભાવાત્મક સંબંધ જોડાયેલ છે. આપણે અવિદ્યાના કારણે આપણું માની બેસીએ છીએ. બ્રહ્મના વિવિધ રૂપમાં વિષમતા ન જોતાં તેની વિવિધતાનો આનંદ માણતા શીખવું જોઈએ. ભગવાન પૂછે કે વિષમતા કેમ લાવો છો? સુબોધિનીજીમાં શ્રી વલ્લભાચાર્યજી સમજાવે છે કે મિથ્યા ત્યાગ કરતાં સમર્પણ કરવું સારૂં. જો કોઈ વસ્તુનો ત્યાગ કરવો હોય તો તેના કરતાં તેને પ્રભુમાં વિનિયોગ કરવો વધુ હિતાવહ છે. જે ભક્ત પ્રભુમાં અનુરક્ત નથી તે ભક્ત નહીં, પરંતુ વિભક્ત છે. જે બધી કલાઓનું-જીવનકલાનું સમર્પણ પ્રભુમાં કરે છે તો તેનું જીવન તેને જ્યોતિમય બનાવે છે. શ્રી વલ્લભાચાર્યજી સ્પષ્ટતા કરતાં પુષ્ટિ જીવોને સમજાવે છે કે આ જગત ભગવદકાર્ય હોઈ તે મિથ્યા નથી, પરંતુ સત્ય છે. તેમાં મિથ્યાપણું નિહાળવું તે આપણી કુદૃષ્ટિ છે. તેઓ કહે છે **'શાસ્ત્રમ્ અવગત્ય'**- શાસ્ત્રોને જાણીને જગતને તત્ત્વજ્ઞાનની દૃષ્ટિથી નિહાળો. તેના તત્ત્વને જાણો અને માણો. જ્યાં ચાહ છે ત્યાં રાહ છે. જો બધી વસ્તુઓનો સદુપયોગ પ્રભુમાં વિનિયોગ દ્વારા કરવામાં આવે તો જીવન જીવંત બની જાય, કલામય બની જાય, આનંદમય બની જાય. ઉપનિષદ કહે છે **'રસો વૈસઃ'** પ્રભુ રસરૂપ છે, રસના ભોક્તા છે. પુષ્ટિમાર્ગ નિરસતાનો માર્ગ નથી પરંતુ રસતાનો છે. તે ભગવદ્રસને માણવા માટે છે.

શાસ્ત્રીય સંગીતમાં શક્તિ છે. તેનાથી જીવનની નિરાશા- Depression દૂર થાય છે. જો આપણે કીર્તન ભાવપૂર્વક શ્રી ઠાકોરજીને સંભળાવીએ તો આપણા હૃદયમાં આલ્હાદ થાય.

પદ- પાવન રાધે તેરો નામ, જય જય શ્રી વૃંદાવન ધામ.
પ્યારી રાધે તેનો નામ જય જય શ્રી વૃંદાવન ધામ.
કારી રાધે ગોરે શ્યામ, ગોરી રાધે ગોરે શ્યામ
ગોરી રાધે પ્યારે શ્યામ, ગોરી રાધે કારે શ્યામ
જય જય શ્રી વૃંદાવન ધામ
ગોરી રાધે ગોરે શ્યામ જય જય શ્રી વૃંદાવન ધામ
પાવન રાધે તેરો નામ જય જય શ્રી વૃંદાવન ધામ
જય જય ગોપી જય જય ગ્વાલ (૩) જય જય પ્યારે બિહારીલાલ
પાવન રાધે તેરો નામ સાધે મને કે સઘરે કામ (૨)
જય જય શ્રી વૃંદાવનધામ પ્યારી રાધે તેરો નામ.

જ્યારે આપણને આપણી સત્તાનું ભાન થાય તો આપણે ત્યાં પોતે જ હોઈએ છીએ - પછી પોતાને છોડીને આપણે ક્યાં ભાગી શકીએ. જ્યાં તમે જશો ત્યાં તમે પોતે તો હશો જ. તો પોતાનાથી અલગ થવું સંભવ જ નથી. માટે શ્રી વલ્લભ કહે છે કે તમારા ઘરને વ્રજ બનાવો, ઘરમાં સેવા કરો. આપણે યુનિવર્સલ વિન્ડો (બારી) ખોલી નાંખવાની છે. ભારતીય દર્શનમાં શુદ્ધાદ્વૈત તત્ત્વજ્ઞાનની વિશેષતા છે. તે જીવન જીવવાનો વિશિષ્ટ દૃષ્ટિકોણ આપે છે, જીવનને યથાર્થરૂપે જોવાની કલાદૃષ્ટિ આપે છે. આપણા બાળકોને આ દૃષ્ટિકોણથી અવગત કરાવીએ, પુષ્ટિ સિધ્ધાંતથી તેમનું માર્ગદર્શન કરીએ. આપણા સંસ્કારોને બદલીએ નહીં, જીવનના તત્ત્વ-તથ્ય અને સત્યને ઓળખીએ અને ઓળખાવીએ તો પરમતત્ત્વના પ્રસાદથી જીવનનો વિષાદ દૂર થઈ જશે.

શાસ્ત્રી સંગીત- હવેલી સંગીત શીખવાથી આપણને લીલાના ભાવ સહજતાથી સમજાશે, એજ શુભાશિષ.

પદ - રાધિકા આજ આનંદ મેં ડોલે,
સાંવરે ચંદ ગોવિંદ કી રસભરી, દૂસરી કોકિલા મધુર સ્વર બોલે
પહરે તનદીલ પર, કનકહારાવલી, હાથમેં આરસી રૂપ કો તોલે
કહત શ્રી ભક્ત વ્રજનારી નાગર બને, કૃષ્ણ કૈસી લગી ગ્રંથીકો ખોલે,
અંતે- 'લાલન હી કી ચહિયે કૃપા એક લાલન હિ કી ચહિયે.'

◆

૧૪

કીર્તન

(Kirtan)

"કીર્તન- કર્તૃણ કીર્તિર્યત્ર સર્વાનપુનાતિ કિં વક્તવ્યં તત્ર સ્વત: કીર્તનસ્ય!" કીર્તન કરવાવાળાની કીર્તિ જ્યાં બધાને પાવન કરે છે ત્યાં સ્વત: કીર્તનના વિશે તો શું કહેવું?

એમ કહેવામાં આવ્યું છે : **'કલૌ કીર્તનાત્'** - કલિયુગમાં ભગવાન સુધી પહોંચવાનો સૌથી સહેલો રસ્તો કીર્તન છે. **'કીર્તન'** એ નવધા ભક્તિના નવ પ્રકારની ભક્તિમાંથી એક ભક્તિનો પ્રકાર છે, જે બીજા સ્થાને છે, પરંતુ કીર્તનથી જ શ્રવણ નિર્વાહ થતો હોવાથી શ્રી શુકદેવજીએ કીર્તનને પ્રથમ પ્રાધાન્ય આપ્યું છે. ગુણગાન અને કથા એ શબ્દવાચ્ય કીર્તનનો પ્રકાર છે. શબ્દ 'કીર્તન' એટલે 'કીર્તિગાન' અથવા ભગવાનના ગુણો-મહિમા (Glory)નું ગાન કરવું. વૈદિક સમયમાં 'સુક્ત' હતાં જેમાં 'સૃષ્ટિકર્તા' અર્થાત્ ઈશ્વરના મહિમાની 'સ્તુતિ' એટલે કે 'સ્તવન'ને શાબ્દિક રૂપમાં ગાવામાં આવતું, જેના દ્વારા આપણે ઈશ્વરની નજદીકતા અનુભવી શકીએ.

ગીતામાં સર્વપ્રથમ 'કીર્તન' દૃશ્યમાન થયું અને એ પછી ભાગવત્ તેમ જ બીજાં ભક્તિપુરાણ અને ઉપપુરાણોમાં પણ આ શબ્દ આવે છે.

ભાગવતમાં ગોપીગીત, વેણુગીત, ભ્રમરગીત, યુગલગીત ઈત્યાદિ ગાન આવે છે. આ એક કીર્તનનો જ પ્રકાર છે. કીર્તનનું આદર્શ સ્વરૂપ જયદેવજી રચિત 'ગીતગોવિંદ' છે, જે સંસ્કૃતમાં રચાયું છે. જયદેવની અષ્ટપદીનું ગાન પુષ્ટિ સંપ્રદાયમાં વસંતપંચમી પર કરવામાં આવે છે, તે ગૂઢ ભાવયુક્ત છે. વિદ્યાપતિનાં કીર્તનોમાં રાધાકૃષ્ણની અલૌકિક શૃંગાર લીલાઓનું વર્ણન છે જેનું પુષ્ટિસંગીતમાં વિશેષ મહત્ત્વ છે.

વિદ્યાપતિ, રાજસ્થાનમાં મીરાં, ગુજરાતમાં નરસિંહ મહેતા, પુષ્ટિમાર્ગમાં અષ્ટછાપની રચનાઓ તેમ જ સ્વામીનારાયણ સંપ્રદાયમાં અષ્ટસખાનું સાહિત્ય એ 'કીર્તન'નો જ પ્રકાર છે. એ બધી રચનાઓ સંસ્કૃતમાં નહોતી. રસપ્રદ વાત

એ છે કે કે. કા. શાસ્ત્રીએ 'ભજન' અને 'કીર્તન' વચ્ચે તફાવત બતાવ્યો છે. તેમના મતે 'ભજન' 'જ્ઞાનપ્રધાન' અથવા જ્ઞાનપરખ (Philosophical) હોય છે, જ્યારે કીર્તન 'લીલાપ્રધાન' હોય છે. ભજન સમજવું અઘરું છે, જ્યારે કીર્તન આસાનીથી સમજી શકાય છે તેમ જ માણી શકાય છે. ભજનીક (ભજન ગાનાર) કીર્તનકાર હોવો જરૂરી નથી, પરંતુ કીર્તનકાર ભજનીક હોઈ શકે છે. નરસિંહે ગાયું છે- **'જાગીને જોઉં તો જગત દીસે નહીં, ઊંઘમાં અટપટા ભોગ ભાસે, ચિત્ત ચૈતન્ય તદ્રૂપ ભાસે, બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે.'** એક બ્રહ્મ બીજા બ્રહ્મ પાસે નૃત્ય કરે છે- આ શંકરાચાર્યનું તત્ત્વજ્ઞાન છે. ચાર અવસ્થાઓ મનુષ્ય અનુભવે છે- જાગૃત, સ્વપ્ન, સુષુપ્ત અને તુરીય. ઉપરોક્ત વાક્યોમાં આ ચારેય સ્થિતિનું વર્ણન ભક્ત કવિએ કર્યું છે.

નરસિંહ મહેતા આગળ કહે છે- **'નીરખને ગગનમાં કોણ ઘૂમી રહ્યો, તે જ હું તે જ હું શબ્દ બોલે, શ્યામનાં ચરણમાં ઈચ્છું છું મરણને, કોઈ અહીંયાં નથી કૃષ્ણ તોલે.'** આ શબ્દોમાં નરસિંહ નિર્ગુણ બ્રહ્મમાંથી સગુણ બ્રહ્મમાં સરી પડે છે.

લીલાપ્રધાન કીર્તનોમાં ભગવાનની અથવા તેમના વિવિધ અવતારોની લીલાનું વર્ણન હોય છે. તેમાં સ્વરૂપવર્ણન, ગુણવર્ણન કે લીલા (ક્રિયા) વર્ણન હોઈ શકે છે.

કીર્તન એ એક પ્રકારનું લોકસંગીત છે. આધુનિક કીર્તનનું મૂળ બંગાલ (બંગભૂમિ) છે. તેમાં અનેક રસપ્રદ માહિતી મળે છે. ત્યાંની આદિજાતિ 'ઓરા'નો એક વિશિષ્ટ નૃત્યપ્રકાર હતો. તેમાંના એક અંશને 'કીર્તન' કહેવામાં આવતું. આ કીર્તનનો એક વિષય 'પ્રેમ' હોય છે. આ આદિવાસી લોકો દ્રાવિડભાષી હતા. તેઓ છોટા નાગપુરમાં મળી આવે છે. કીર્તન એ 'પ્રેમ' વિષયથી ઓતપ્રોત હોય છે. જ્યારે ગોડી સંપ્રદાયનાં કીર્તન પ્રચલિત થયાં ત્યારે તેમાં 'રાધાકૃષ્ણ'ના પ્રેમનું વર્ણન રહેતું. ધીરે ધીરે તેના ચાર પ્રકારમાં વિકાસ થયો, જે બંગલાના ચારે ખૂણે વહેવા માંડ્યું. કેટલાક સમય પછી એવી સ્થિતિ આવી કે તે આદિવાસીઓ માનવા લાગ્યા કે તેઓની અવગણના થઈ રહી છે જેથી તેઓ પુનઃ પોતાની જાતને મૂળ સાથે જોડવાની કોશિશ કરવા લાગ્યા. તેમાંથી 'બાઉલ કીર્તન'નો પ્રકાર શરૂ થયો. તેમાં રાધાકૃષ્ણના પ્રેમનું નહીં પરંતુ માનવીય પ્રેમનું વર્ણન જોવા મળે છે.

વૈષ્ણવ સંપ્રદાયમાં કીર્તન

વૈષ્ણવ સંપ્રદાયમાં ઈશ્વર એટલે સગુણ બ્રહ્મની ઉપાસના કરવામાં આવે છે. ભગવાનના સ્વરૂપ, સામર્થ્ય અને લીલા વૈષ્ણવ સંપ્રદાયના કીર્તનોમાં કેન્દ્રસ્થાને હોય છે. આ પ્રકારના કીર્તનમાં સંગીત જોડાતા એ સાચા કીર્તનના રૂપમાં સ્વીકૃત બન્યું જેને માટે કહેવાય છે કે **'કલૌ કીર્તનાત્'** અર્થાત્ કલિયુગમાં કીર્તન દ્વારા મોક્ષની પ્રાપ્તિ કરી શકાય. જ્યારે કીર્તન સાથે સંગીત ભળે છે ત્યારે બે વસ્તુ નજર સમક્ષ આવે છે. 'કીર્તનના શબ્દ' અને 'સંગીતનો સ્વર' કેટલાક કીર્તનકાર 'શબ્દ' ઉપર ભાર મૂકે છે, જ્યારે બીજા સ્વરને મહત્ત્વ આપે છે. જેઓને સ્વરજ્ઞાન ન હોય તે શબ્દ સમજવાની કોશિશ કરે અને તેનો આનંદ માણે. જે સંગીતકાર હોય તે સ્વરને મહત્ત્વ આપે અને તેને માણે. તેના દ્વારા ચિત્તવૃત્તિના નિરોધ દ્વારા ભગવાનની સમીપ જવાય. ઉદાહરણ તરીકે ત્યાગરાજ સ્વર ઉપર વધુ ભાર આપે છે, જ્યારે મીરાને શબ્દનું વિશેષ મહત્ત્વ છે. વૈષ્ણવ સંપ્રદાયમાં કીર્તન કેન્દ્રસ્થાને છે. વૈષ્ણવ સંપ્રદાયમાં સંગીત શૈલીના બે પ્રકાર પ્રચલિત છે. (૧) ઉત્તર ભારતીય અને (૨) દક્ષિણ ભારતીય, જેને કર્ણાટકી સંગીત પણ કહેવાય છે. તે આજે વિશેષરૂપે પરંપરાગત છે. તેમાં કોઈ બિનજરૂરી ફેરફાર કરવામાં આવ્યા નથી. માટે તે શુદ્ધ છે. ઉત્તર ભારતીય પરંપરામાં મુખ્ય ત્રણ વિભાગ છે (૧) **ધ્રુપદ** (૨) **ખયાલ** અને (૩) **ઠુમરી**. ઉત્તર ભારતીય પ્રણાલી શુદ્ધ નથી રહી. મુસ્લિમ આક્રમણ પછી તેમની પદ્ધતિની અસર ઉત્તર ભારતીય સંગીત ઉપર પડી છે, જેથી તેમાં ભેળસેળ થયેલ છે. પુષ્ટિમાર્ગીય સંગીતનો પ્રકાર 'ધ્રુપદ શૈલી'નો છે. ધ્રુવ એટલે નિશ્ચલ અથવા કાયમી, સ્થાયી (Permanent or Immovable) જેમાં ભગવાનના માહાત્મ્યનું સ્થાયીરૂપે વર્ણન કરવામાં આવે તેને ધ્રુપદ શૈલી કહેવાય છે. બીજી રીતે કહીએ તો ઈશ્વર સ્તુતિ વિષયક ગાનને ધ્રુપદ શૈલી કહેવામાં આવે છે. કાલિદાસ દ્વારા કરવામાં આવેલી રચનાઓનું ગાન સામાન્યતઃ ધ્રુપદ શૈલીમાં થાય છે. ધ્રુપદ શૈલીમાં પુરુષના બુલંદ અવાજની આવશ્યકતા રહે છે, કારણ કે તેમાં મુશ્કેલ તાલ હોય છે. આ એક ગંભીર શૈલી છે જેમાં મુખ્યત્વે બે રસ- રૌદ્ર અને વીરરસનું સંમિશ્રણ જોવા મળે છે. ધ્રુપદ શૈલી સાથે ધમારનો ઉપયોગ થાય છે. ધ્રુપદ શૈલી ગંભીર છે, ધમાર ગતિશીલ છે. હોલીનાં પદ ધમારમાં ગવાય છે. વ્રજની રંગીલી હોલીના રસિયા ધમારમાં ગવાય છે. આ શૈલી તેરમી શતાબ્દીમાં - કેટલાકના મતે પંદરમી શતાબ્દીમાં શરૂ થયેલ હોવાની મનાય છે. અમીર ખુશરો

પછી ધ્રુપદ શૈલી ઘણી લોકપ્રિય થઈ હતી. હરિદાસ, તાનસેન, બૈજુબાવરા વગેરે આ પ્રકારની ગાયકીના ઉસ્તાદ હતા. પુષ્ટિમાર્ગના અષ્ટ સખાના તેઓ સમકાલીન હતા અને તેઓની સાથે તેમનો નજદીકનો સંબંધ હતો. કીર્તનસેવામાં મૃદંગ, ઝાંઝ, તંબુરા અને વીણાનો ઉપયોગ થાય છે. શ્રી ગુસાંઈજીએ શ્રીનાથજીનો રાગ-ભોગ-શૃંગાર દ્વારા સેવાવૈભવ વધાર્યો ત્યારથી પુષ્ટિમાર્ગીય સેવાપદ્ધતિમાં કીર્તનગાનનું વિશેષ મહત્ત્વ રહેલું છે.

એક સમયનો પ્રસંગ છે. શ્રી ગુસાંઈજીએ તાનસેનને ધ્રુપદ શૈલીમાં કોઈ કીર્તન ગાવા બોલાવ્યા. કીર્તન સાંભળી તેમણે તાનસેનને ૫૦૦ સોનામહોર આપી. સાથે એક કોડી પણ. તાનસેન શ્રીગુસાંઈજીનો મર્મ સમજ્યો નહીં. તેણે ખુલાસો પૂછતાં શ્રી ગુસાંઈજીએ બતાવ્યું કે 'તું બાદશાહનો ગવૈયો છે માટે ૫૦૦ સોનામહોરનું ઈનામ, પરંતુ અમારા અષ્ટસખાઓ આગળ તારી કિંમત કોડીની છે.' તેમણે અષ્ટસખામાંના એક ગોવિંદ સ્વામી પાસે એ કીર્તન પુનઃ ગવડાવ્યુંત્યારે તાનસેને પોતાના કાન પકડ્યા.

સુરદાસ અને તાનસેન પણ સારા ઘનિષ્ઠ મિત્ર હતા. તેઓ એક સારા કવિ તેમ જ ગાયક હતા. તેમનું કીર્તન સાંભળી તાનસેને કહ્યું કે સુરદાસજી, તમારી ગાયકી અદ્‌ભુત છે. સારું છે શેષનાગને ભગવાને કાન નથી આપ્યા, નહીંતર એ તમારું કીર્તન સાંભળી ડોલવા લાગત તો પૃથ્વી ઉપર હાહાકાર થઈ જાય.

ભક્તિમાર્ગ, તેમાં પણ વિશેષતઃ પુષ્ટિભક્તિમાર્ગમાં તો કીર્તનનું કેવળ શ્રવણોત્તર ભાવિત્વ નથી પરંતુ દર્શનોત્તર ભાવિત્વ છે. ભગવત્કૃપા વિશિષ્ટ ભગવદીઓએ જે જે લીલાઓનાં દર્શન કર્યાં તે તે લીલાઓની અનુભૂતિ તેમને હૃદયસ્થ બની જે કીર્તનગાન દ્વારા પ્રસ્ફુટિત થઈ છે. એ કીર્તનોના ગાન-શ્રવણ દ્વારા તેને લીલાઓની અલૌકિક અનુભૂતિ કીર્તન કરનાર કે સાંભળનારના હૃદયમાં થાય છે.

પુષ્ટિમાર્ગમાં સેવાપદ્ધતિમાં કીર્તન અંગરૂપ છે. જેમ વૈદિક ક્રિયાઓ મંત્રયુક્ત હોય છે તેમ સેવાક્રમમાં પ્રત્યેક ક્રિયા પણ કીર્તન પ્રયુક્ત હોય છે. મનના-નિરોધ માટે કીર્તન એક સુંદર સફળ પદ્ધતિ છે. સન્મુખમાં કીર્તન સેવા છે, પરોક્ષમાં એ સ્મરણ રૂપ છે. માટે જ શ્રી ગુસાંઈજીએ શ્રી વલ્લભાચાર્યજીના ચાર સેવક- સુરદાસ, કુંભનદાસ, પરમાનંદ દાસ અને કૃષ્ણદાસ તેમ જ પોતાના ચાર સેવક

ગોવિંદ સ્વામી, નંદદાસ, છીતસ્વામી અને ચતુર્ભુજદાસ એમ આઠ સેવકોનું 'અષ્ટછાપ' નામક મંડળ સ્થાપ્યું હતું અને તે આઠેય કીર્તનકારોને શ્રીનાથજીના મંગળાથી શયન પર્યંતના જુદા જુદા સમયના કીર્તનની સેવા સોંપી હતી. અષ્ટછાપ ઉપરાંત કીર્તન પદ્ધતિમાં અનેક ભક્તોનાં પદોનો સમાવેશ કરવામાં આવ્યો છે જેમાં ગદાધર, પદ્મનાભદાસ, ગંગાબાઈ, કૃષ્ણજીવન, જગન્નાથ, કવિરાજ, તાનસેન, શ્રીપતિ મુખ્ય છે. એ ઉપરાંત શ્રી ગુસાંઈજીના લાલજી શ્રી ગોકુળનાથજી, શ્રી રઘુનાથજી, શ્રી ઘનશ્યામજી તથા શ્રી હરિરાયજી, શ્રી દ્વારકેશજી, શ્રી કલ્યાણરાયજી, શ્રી વ્રજભૂષણજી વગેરે ઉલ્લેખનીય છે.

ધ્રુપદ શૈલીમાં ગાન માટે સંસ્કૃત અથવા એ પર આધારિત ભાષા 'વ્રજભાષા'નાં કીર્તનોનું ગાન ખીલે છે. સાથે સાથે તે પ્રાકૃતિક વાતાવરણમાં જ ગવાવું જોઈએ અને તેના હેતુ ઈશ્વરની પ્રસન્નતા હોવા જોઈએ. તેનો આશય ઈશ્વરપ્રાપ્તિ માટે હોય- ઈશ્વર સુખાર્થ હોય, પરંતુ લોકમનોરંજન માટે નહીં. તાનસેન દ્વારા ભૈરવી રાગમાં કીર્તન ગવાતાં, બાદશાહે તેની પ્રશંસા કરી હતી, માટે પુષ્ટિમાર્ગમાં ભૈરવી રાગ નિષેધ ગણાય છે.

ભક્તકવિ કુંભનદાસને તેમની ગાયકીની પ્રશંસા સાંભળી બાદશાહ અકબરે તેને પોતાના દરબારમાં ગાવા માટે બોલાવ્યા હતા. બાદશાહના ખોફની પરવા કર્યા વગર તેમણે ગાયું- **'ભક્તન કો કહા સીકરી સો કામ, આવતજાત પનૈયા તૂટી, બિસર ગયો હરિનામ, જાકો મુખ દેખત દુઃખ ઉપજત, તાકો કરનો પર્યો પ્રનામ, કુંભનદાસ લાલ ગીરધરન, યહ સબ જુઠો ધામ.'** અપમાનિત થવા છતાં બાદશાહે પ્રસન્ન થઈ કુંભનદાસને ઇનામ માગવા આજ્ઞા કરી તો તે ભગવાનના લાડીલા ગાયકે નિર્ભયતાપૂર્વક બાદશાહને કહ્યું કે 'મને પુનઃ આપના દરબારમાં બોલાવતા નહીં.' આવી હોય છે ભગવદ્ ભક્તની ખુદારી.

અષ્ટસખાઓ શ્રીનાથજી આગળ સમય સમય ને ઋતુ-ઉત્સવ અનુસાર કીર્તન કરતા હતા. પ્રભુ જાગે ત્યારથી રાત્રે પોઢે એ દરમિયાનના સમયાનુકુલ કીર્તન તેઓ કરતા. પ્રત્યેક સમયે એક ચોક્કસ પ્રકારનો રાગ અને તેને અનુકૂલ વાજિંત્રની સંગત સાથે તેઓ કીર્તનગાન કરતા. પુષ્ટિમાર્ગીય સેવા-કીર્તન પ્રણાલીમાં કયા સમયે કેટલાં અને ક્યાં પદો ગવાય એ નિશ્ચિત હોય છે અને તદનુસાર જ કીર્તનો ગવાય છે. જોકે વૈષ્ણવ સંપ્રદાય સિવાયના ઇતર સંપ્રદાયોમાં

જે કીર્તનગાન થાય છે તે ધ્રુપદ-ધમારમાં હોતા નથી પરંતુ ભારતીય ક્લાસિકલ ગાયન પદ્ધતિથી તે ગવાય છે. ક્યારેક અર્ધ ક્લાસિકલ સંગીત પણ અપનાવવામાં આવે છે.

કીર્તનોના વિવિધ પ્રકાર પુષ્ટિ સંપ્રદાયમાં અપનાવવામાં આવ્યા છે. વિવિધ રાગ-રાગિણીઓનો જે તે પ્રકારની ભગવાનની લીલા તેમ જ ઋતુ અનુસાર કીર્તનગાનમાં ઉપયોગ કરવામાં આવે છે. જેમ કે ગ્રીષ્મમાં સારંગ ગવાય તો વર્ષામાં હિંડોળાનાં પદો મલ્હારમાં ગાવામાં આવે છે. સવારના પહોરમા ભૈરવ રાગ ગવાય તો શયન સમયે જયજયવંતી, બિહાગ વગેરે રાગોનો પ્રયોગ કરવામાં આવે છે. આમ વૈષ્ણવ સંપ્રદાયમાં કીર્તનનો Holistic Approach કરવામાં આવ્યો છે. પ્રકૃતિની નજદીક રહેવું અને ઈશ્વરની પ્રસન્નતા એ કીર્તન માટેનાં આવશ્યક અંગ ગણાય છે.

પુષ્ટિમાર્ગમાં કીર્તનોને વેદાંતની માફક પ્રમાણરૂપ માનવામાં આવે છે. કીર્તનોમાં મુખ્યત્વે સ્વરૂપ-લીલા- ગુણ તેમ જ માહાત્મ્યનું નિરૂપણ જોવા મળે છે. કેટલાંક ગૂઢ કિર્તનો પણ હોય છે, જેનો મર્મ વિદ્વાનો જ સમજી શકે છે. કીર્તન કોઈ કવિ કલ્પના જ નથી, પરંતુ એ યથાર્થ વાસ્તવિકતા છે, એ નિર્દોષ છે. અષ્ટસખા ઉપરાંત અનેક મહાનુભાવો, જેઓને ભગવાનનો સાનુભાવ થયો હોય છે, તેમનાં કીર્તનોનું પણ પુષ્ટિમાર્ગમાં ગાન થાય છે. કીર્તનમાં રાગ તથા નાદની મુખ્યતાથી વિશેષ તેના લીલા શબ્દો છે.

પુષ્ટિમાર્ગીય કીર્તનોને **'હવેલીકીર્તન'** અથવા **'હવેલીસંગીત'** તરીકે પણ ઓળખવામાં આવે છે. તેનું વિભાગીકરણ કરવામાં આવે તો બે પ્રકાર કહી શકાય- (૧) **નિત્યપદ**- જે રોજે રોજ શ્રીપ્રભુ સવારમાં જાગે ત્યારથી રાત્રે શયન સમય દરમિયાન પ્રત્યેક દર્શન સમા વખતે ગાવામાં આવે છે, અને (૨) **વર્ષોત્સવ**નાં પદ, જે વર્ષ દરમ્યાન વિવિધ ઉત્સવોની સેવા દરમ્યાન ગાવામાં આવે છે.

નિત્ય પદોમાં પ્રથમ શ્રી મહાપ્રભુજી, શ્રીગુસાંઈજી, શ્રી યમુનાજીના પદગાન પશ્ચાત શ્રી ઠાકોરજીને જગાવવાનાં પદ - મંગલાનાં પદ- **'જાગો હો તુમ નંદકુમાર'**, ઇત્યાદિ, કલેઉ (નાસ્તા)નાં પદ- **'કરો કલેઉ રામકૃષ્ણ દોઉ'** ઈત્યાદિ, **'મંગલરૂપ યશોદાનંદન'** ઈત્યાદિ, સ્નાન- શૃંગારનાં પદ- **'તેરો મુખ નીકો કે મેરો મુખ પ્યારી'** ઇત્યાદિ, ભોજનનાં પદ- **'જેંવત કાન્હ કરત કિલકારી'**

ઈત્યાદિ, ભોગ- સંધ્યાનાં પદ- **'પ્રીતમ પ્રીતહીતે પૈયે'**, **'કદંબ ચઢ કાન્હ બુલાવત ગૈયા'**, **'આરતી કરતિ જસુમતિ'** ઈત્યાદિ, શયનનાં પદ- **'પોઢે માઈ લાલન સેજ સુખકારી'** ઈત્યાદિ અને અંતે માનનાં પદ- **'કેલિકલા કમનીય કિશોર'** ઈત્યાદિ તથા આશ્રયનાં પદ- **'સદામન ગોકુલમે રહીએ'** ઈત્યાદિ ગવાય છે.

ઉપરોક્ત વિવિધ કીર્તનો ઋતુ અનુસાર શીતકાલ, ઉષ્ણકાલ, વર્ષા-શરદ ઈત્યાદિ સમય માટે ભિન્ન ભિન્ન રચાયેલ છે. તદુપરાંત વિવિધ શૃંગારો- ફેંટાના કુલ્હે, પાગચંદ્રિકા, ટીપારા, મુકુટ, દુમાલા, વગેરેને અનુરૂપ પણ હોય છે. કેટલાક પ્રકીર્ણ કીર્તન લીલા વિશિષ્ટ હોય છે, જેવા કે હિલગનાં પદ, માનનાં પદ, ખંડિતાનાં પદ, વ્રતચર્યાનાં પદ, દધિમંથનનાં પદ, ગોદોહનનાં પદ, ઉરાહનાના પદ, છાકતાં પદ, કુંજ ભોજનનાં પદ, નાવનાં પદ, ચંદનનાં પદ, ખસખાનાનાં પદ, ફૂલના શૃંગારનાં પદ, ફૂલમંડલીનાં પદ, માન-મિલાપનાં પદ ઈત્યાદિ. આમ પુષ્ટિમાર્ગીય નિત્ય સેવાના પ્રકાર મુજબનાં કીર્તનો બેશુમાર જોવા મળે છે.

ઉપરોક્ત નિત્ય કીર્તનો ઉપરાંત, પુષ્ટિમાર્ગના વિવિધ ઉત્સવો નિમિત્તે પણ વિશિષ્ટ કીર્તનોની રચના કરવામાં આવી છે અને તે, જે તે ઉત્સવોના પ્રસંગે ગાવામાં આવે છે. જન્માષ્ટમી, નંદ મહોત્સવ, રાધાષ્ટમી, દાનલીલા, નવવિલાસ, દશેરા, શરદોત્સવ, દિવાળી, અન્નકોટ, ભાઈબીજ, ગોપાષ્ટમી, પ્રબોધિની, શ્રી ગુંસાઈજીનો ઉત્સવ, વસંતપંચમી, ડોલોત્સવ, દ્વિતીયા પાઠ, રામનવમી, શ્રી મહાપ્રભુજીનો ઉત્સવ, અક્ષયતૃતીયા, સ્નાનયાત્રા, રથયાત્રા, ઠકુરાણી ત્રીજ, હિંડોળા વગેરેમાં અનેકાનેક શ્રીકૃષ્ણની વિધ વિધ લીલાઓનાં દર્શન અષ્ટસખાઓ કે ભક્જનોએ કર્યાં તેનું આબેહૂબ વર્ણન આ કીર્તનોમાં આલેખાયેલું છે. જે સાંભળતાં તે લીલાના ભાવો સાંભળનારના હૃદયમાં પ્રસ્ફુટિત થાય છે અને તે તેની સાનુભૂતિ તેઓ કરી શકે છે. કહેવાય છે કે સુરદાસજીને ભગવદ્લીલાનો અનુભવ નહોતો, પરંતુ શ્રી વલ્લભાચાર્યજીએ જ્યારે તેમને 'દશમસ્કંધ અનુક્રમણિકા' રચી સંભળાવી ત્યારે સુરદાસજીને 'નંદમહોત્સવ'નાં તાદૃશ દર્શન થયાં અને તેમના મુખમાંથી શબ્દો સરી પડ્યા- 'હેરી હે, આજ નંદરાય કે ઘર આનંદ ભયો'. આમ ભગવદીઓએ રચેલાં કીર્તનો એ લૌકિક કવિની કલ્પના માત્ર ન હોઈ તેમના હૃદયની વાસ્તવિક અનુભૂતિને તેમણે શબ્દોમાં બાંધી છે અને તેથી

તે અલૌકિક દિવ્ય છે અને ભગવદ્ રસાનુભૂતિ કરાવનાર છે.

વસંતપંચમીથી ડોલોત્સવ પર્યંતની હોલી લીલા, રંગોત્સવની વ્રજલીલાનું પુષ્ટિમાર્ગમાં વિશિષ્ટ મહત્ત્વ છે. વસંત, ધમાર હોલી, રસિયાનાં પદોની વિવિધતા અવર્ણનીય છે જે ભક્તજનના હૃદયને જીવનના વિવિધ રંગોથી રસતરબોળ કરી દે છે. આ દરમ્યાન ભગવાન અને ભક્તોનો આપસનો સખ્યભાવ વિશેષતઃ પ્રગટ થાય છે. રસિયા એ વ્રજનું લોકકીર્તન છે. સખ્યભાવની ઉત્કટતાને કારણે આ કીર્તન-પદોમાં લોકમર્યાદાનો લોપ વર્તાય છે અને નિકુંજ નાયક ભક્તની સમકક્ષ બની અલૌકિક આનંદ લૂંટે છે અને લુંટાવે છે. શ્રી ગુસાંઈજી રચિત રાગ વસંતમાં ગવાતી અષ્ટપદી **'હરિરિહ વ્રજયુવતી શતસંગે'** ભાવ અને શૃંગારરસ સભર ઉત્કૃષ્ટ પદ છે જેનો રસ માણનારના હૃદયને રસપ્લાવિત કરી દે છે.

શ્રી ગુસાંઈજી રચિત સંસ્કૃત ભાષામાં મંગલાર્તિનું પદ- **'મંગલં મંગલં વ્રજ ભુવિ મંગલમ્'** પલનાનું પદ 'પ્રેક્ષપર્યંક શયનમ્' ઈત્યાદિ પદો અત્યંત ભાવપૂર્ણ અને સારગર્ભિત છે, જેમાં પુષ્ટિમાર્ગનું હાર્દ સમાયેલું છે. શ્રી ગુસાંઈજી સ્વયં અચ્છા કવિ, સંગીતકાર અને વીણાવાદક હતા. ભરતમુનિએ ગાયન, વાદ્ય અને નૃત્યએ ત્રણેય કલાઓના સમુહને સંગીત કહ્યું છે- **'ગીતવાજિંત્રનૃત્યાનં ત્રયં સંગીતમુચ્યતે'**

◆

૧૫

સંગીત

(Music)

રસ-સિદ્ધાંત મુજબ ભક્તિની અવસ્થાઓ સ્નેહ, આસક્તિ અને વ્યસન બતાવવામાં આવ્યા છે. એક એન્ડ્ર્યુ નામક અમેરિકને મીરાંની વિવિધ રચનાઓનો ઊંડો અભ્યાસ કરી એક પુસ્તલ લખ્યું છે. તેમાં મીરાંની અનેક રચનાઓનો તેમણે અંગ્રેજીમાં અનુવાદ કર્યો છે. પછીથી તેમણે કોઇ ઇન્ડો અમેરિકન કલ્ચરલ પ્રોગ્રામમાં મીરાંના ભજનો પ્રત્યક્ષ સાંભળ્યા ત્યારે તે મીરાંની રચનાઓનો સાચો મર્મ સમજી શક્યો. સંગીતકાર જયદેવે મીરાંની અનેક રચનાઓને સંગીત પ્રદાન કર્યું છે. સંગીત દ્વારા તે રચનાઓનો સાચો ભાવ હૃદયગમ્ય બને છે. તેનો યથાર્થ અર્થ સમજાય છે.

કવિઓ બે પ્રકારના હોય છે- (૧) સંત કવિઓ (Saintly Poets) અને (૨) માનવ કવિઓ (Man Poets). કહેવાયું છે- **'ગુણાઃ પૂજા સ્થાનં, ન ચ વય-ન ચલીંગ'**. ગુણ પૂજાય છે, નહીં કે ઉંમર અથવા જાતિ. સ્ત્રી હોવા છતાં મીરાંનું વિશિષ્ટ સ્થાન અને માન હતું. એક અમેરિકને એક આર્ટિકલમાં લખ્યું છે કે તેના 'અભંગ' અન્ય કોઇના પણ સમાંતર લખાયેલ છે, પરંતુ બહીના બાઇ લખે છે કે સમાજ કે કુટુંબમાં ભક્તિની શક્તિથી ઘણી સ્ત્રીઓ ટકી ગઇ છે. ઘણી સ્ત્રીઓ ભક્તિની તાકાતના કારણે વળી તો શકે, પરંતુ તૂટી જતી નથી, અર્થાત્ ભાંગી પડતી નથી એવું ભક્તિનું માહાત્મ્ય છે. મીરાંના ઉદાહરણમાં તેની ભક્તિનું પ્રાબલ્ય જ તેને સમાજ-કુટુંબ સામે ઝઝૂમવાનું સામર્થ્ય પૂરું પાડે છે. સમાજમાં અનેક સ્ત્રીઓ તેમની અટલ ભક્તિના કારણે ટકી રહેવાના ઉદાહરણો પ્રાપ્ત થાય છે. જો સાચી ભક્તિ હશે તો તે નીડરતાપૂર્વક કોઇનો પણ સામનો કરવાની શક્તિ ધરાવે છે. કુંભનદાસના ઉદાહરણમાં જ્યારે અકબર બાદશાહ તેને પોતાના દરબારમાં બોલાવી ગવડાવે છે ત્યારે અકબર પ્રત્યેના અપમાનજનક કીર્તન ઉપરાંત જ્યારે તેને બાદશાહ કાંઇક ઇનામ માંગવા કહે છે ત્યારે અકબરના ખોફની ચિંતા કર્યા વગર તે કહી શકે છે કે

'મને પુનઃ બોલાવતા નહીં'.

'મીરાંએ ગાયું છે- 'એસી લાગી લગન- **મીરાં હો ગઈ મગન, વો તો ગલી ગલી હરી ગુન ગાને લગી**'. નરસિંહ કહે છે - '**મને હરી ગુન ગાવાની ટેવ પડી**'. આવો હોય છે ભક્તિનો ઉન્માદ- ભક્તિની શક્તિ. જ્યારે ભક્તિમાં સંગીત ભળે છે ત્યારે ભાવ ઉત્પન્ન થાય છે. સંગીત એક કર્ણપ્રિય (Malody), એક સૂરતા (Harmony) અને મધુરતા (Symphony) પેદા કરે છે અને તેના કારણે જ સંગીતની પ્રેરણાથી ભક્તમાં પ્રથમ સ્નેહ પછી ઉત્તરોત્તર આસક્તિ અને વ્યસન દશા પ્રાપ્ત થતાં મૂર્છા આવી જાય છે. પરંતુ ભગવાન ભક્તને મૃત્યુ સુધી લઇ જતા નથી. તે પહેલાં તેને પોતાના સ્વરૂપના દર્શન કરાવે છે. તેના દર્શન પ્રાપ્ત થતાં મૃત્યુને મહત્ત્વ રહેતું નથી. પરંતુ મીરાં દર્શન પહેલાં મૃત્યુ પામી હતી, પરંતુ તેની ભગવાનને પોતાના ગિરધરને ચેલેન્જ આપેલી કે મૃત્યુ પહેલાં દર્શન આપીશ નહીં તો પણ હું તને છોડવાની નથી.

પુષ્ટિમાર્ગમાં સંગીતનું ઘણું મહત્ત્વ છે. સંગીતના કારણે જ સગુણ બ્રહ્મની કલ્પના સાકાર બને છે. ઈશ્વરની ઉપાસનામાં સંગીત કેન્દ્ર સ્થાને રહેલ છે.

ભારતીય દર્શન અને આધ્યાત્મિક ચિંતનમાં 'નાદ' મહત્ત્વનું સ્થાન ધરાવે છે. આધ્યાત્મિક દૃષ્ટિકોણથી 'નાદ' મનુષ્યમાં ભાવ ઉત્પન્ન કરે છે, તેને ઈશ્વર સાથે જોડે છે. તત્ત્વદર્શનના સંદર્ભમાં ભાષા અને સંગીત એ બન્ને એક જ વિદ્યાના બે પાસાં છે. ગાંધર્વ વેદમાં એક મહત્ત્વનો વિષય છે- 'સંગીત'. ભાષાનું મૂળભુત તત્ત્વ વ્યાકરણ અને સંગીત છે. સંગીત સ્વર સાથે જોડાયેલ છે. શબ્દ જ્યારે અર્થ આપે છે ત્યારે સ્વર 'રસ' ઉત્પન્ન કરે છે. અહીં શબ્દ એ મંત્રના અર્થમાં વપરાયેલ છે, સ્વર એ સ્વરગાનનું તાત્પર્ય ધરાવે છે. મંત્રજાપ અને સંગીત એ બેનો સમન્વય થતાં તે 'મોક્ષ' પ્રાપ્તિનું સાધન બને છે. મંત્ર જાપથી મુક્તિ સુધી પહોંચી શકાય છે. તેજ મુજબ ઈશ્વરને કેન્દ્ર બિન્દુ ગણી સંગીત રેલાવવામાં આવે તો તે મોક્ષ સુધી લઇ જઇ શકે છે. સામવેદ એ વૈદિક મંત્રો- વૈદિક વાચાનું સ્વરૂપ છે, જેનું ગાન કરવામાં આવે છે. આ મંત્રો સંગીતમય તૈયાર કરવામાં આવેલ છે અને સંગીતરૂપે તે ગવાય છે. યજ્ઞકર્મ અને વેદકર્મમાં સામવેદનું ગાન કરવામાં આવે છે. સંગીતનું પ્રાચીન મૂળ

સામવેદમાં છે. ગીતાના વિભુતિયોગમાં ભગવાન શ્રીકૃષ્ણ કહે છે- વેદોમાં 'સામવેદ' હું છું. આમ શ્રી કૃષ્ણે સંગીતની સર્વોચ્ચતા સ્થાપિત કરી છે. ગીતા એટલે જે ગવાય- ગાઇ શકાય તે. ભગવાને સ્વયં ગાયેલી છે માટે તે 'ગીતા' કહેવાય છે.

પુરાણ કાળમાં 'પ્રબંધ' ગાવામાં આવતાં. પ્રબંધમાં ચાર વિભાગ હોય છે. તેમાં અવતાર ચરિત્ર- દેવીદેવતાઓના ચરિત્રનું ગાન કરવામાં આવે છે. પુરાણકાળ પછીના સમયમાં જીવનમાંથી સંગીતની બાદબાકી થઇ ગયેલી. કારણ કે તે પછીના સમયમાં તેનો ઉલ્લેખ (Reference) મળતો નથી, અર્થાત્ તે સમયમાં ભારતીય લોકોમાંથી સંગીત લુપ્ત થઇ ગયું હતું.

અગિયારમી શતાબ્દિમાં રામાનુજ પછી વૈષ્ણવ સંપ્રદાયની શરૂઆત થઇ તે પછી પુનઃ સંગીતની પરંપરા શરૂ થઇ. તે હતી કર્ણાટક શૈલીમાં. તેને એક સાંપ્રદાયીક રૂપ આપવામાં આવ્યું. અને આમ સંગીત પરંપરાનો પુર્નજન્મ થયો. તે પછી ફરીથી લોકોના જીવનમાં સંગીત વણાવવા માંડ્યું. રામાનુજ પછી મધ્વાચાર્ય સંપ્રદાયમાં સવારના બ્રાહ્મમૂહુર્તમાં કીર્તન ગાન- તાનપૂરો લઇને ભજન ગાવાની પ્રથા શરૂ થઇ. મધ્વાચાર્યના અનુયાયીઓ ઉપરાંત ચૈતન્ય સંપ્રદાયે મધુરા ભક્તિનો પ્રચાર કર્યો. તે પછી નિમ્બાર્ક અને તેમના શિષ્ય હરીદાસ એક ઉત્તમ સંગીતકાર હતાં. એક સમયે તાનસેને કોઇ કીર્તન અકબર બાદશાહ સમક્ષ તેની પ્રશંસા માટે ગાયું અને તે પછી તેજ કીર્તન જ્યારે હરીદાસે ગાયું તો બન્નેની ગાયકીમાં સ્પષ્ટ તફાવત ઉભરી આવ્યો. આનું કારણ તાનસેને બાદશાહને રીઝવવા ગાન ગાયેલું જ્યારે હરીદાસનું ગાન ઇશ્વર પ્રિત્યર્થે હતું.

વલ્લભાચાર્યે અને તે પછી વિઠ્ઠલનાથજીએ અષ્ટસખાના માધ્યમથી હવેલી સંગીતની અષ્ટછાપની વિશિષ્ટ પ્રણાલી શરૂ કરી. ત્યાર પછી સ્વામિનારાયણ સંપ્રદાયમાં પણ અષ્ટ સખા દ્વારા કીર્તન પ્રણાલી શરૂ થઇ અને આમ પુષ્ટિમાર્ગીય હવેલીઓ અને સ્વામિનારાયણ મંદિરોમાં ગવાતા કીર્તનોના કારણે ગુજરાતમાં સંગીત સચવાયું. બીજી રીતે કહીએ તો સંગીતનો પુનરોધ્ધાર (Revival) થયો, જાણે કે સંગીતની બાઢ (પુર) આવી અને બધા ખૂણે સંગીતમય ભજન ગવાવા માંડ્યા. વૈષ્ણવ સંપ્રદાય ઉપરાંત શીખ સંપ્રદાયમાં

પણ ગુરુબાનીનું મહત્ત્વ છે, જેમાં કબીરની વાણીમાં શબ્દ નિર્ગુણ બ્રહ્મની ઉપાસનાની પ્રથા શરૂ થઇ.

એવા પણ અનેક ભક્ત કવિઓ થઇ ગયા જેઓને કોઇ કોઇ વિશિષ્ટ સંપ્રદાય સાથે લાગતું વળગતું ન હતું, છતાં તેમના ભજનો અતિ લોકપ્રિય બન્યા છે. જેમ જયદેવ, મીરાં, નરસિંહ, ચંડીદાસ, વિદ્યાપતિ, ઇત્યાદિ જેઓ બધા લગભગ સમકાલીન હતા.

સંગીત શૈલીના બે પ્રકાર છે. (૧) ઉત્તર ભારતીય અને (૨) દક્ષિણ ભારતીય. પુષ્ટિ સંપ્રદાયમાં ઉત્તર ભારતીય શૈલી અપનાવવામાં આવી છે. બીજા બે વિભાગીકરણ પણ સંગીતના કરવામાં આવ્યા છે- (૧) દેશી અને (૨) માર્ગી. દેશી પદ્ધતિ એ લૌકિક પ્રકારની છે જ્યારે માર્ગી એ અલૌકિક છે. સ્થાનિક લોકો દ્વારા મહેફિલ, જલસા, ફસલ વખતે ખાસ પ્રસંગોમાં ગવાતું સંગીત એ દેશી પ્રકારનું છે. આ પ્રકારના સંગીતને રાજા-મહારાજાઓએ પ્રોત્સાહન આપ્યું અને તેમાંથી લોકસંગીત અને ઉત્તરોત્તર શાસ્ત્રી સંગીતનો વિકાસ થયો છે. જ્યારે માર્ગી સંગીત એ અલૌકિક અર્થાત્ ઈશ્વરીય ગુણાનુવાદમાં વપરાતું સંગીત છે. ઈશ્વરને પ્રસન્ન કરવા માટેની આ ગાયકી પદ્ધતિ છે જેમાં ઈશ્વર કેન્દ્રસ્થાને રહેલો છે. રામાનુજથી વલ્લભાચાર્ય સુધીના બધા આચાર્યોએ આ માર્ગી પદ્ધતિ અપનાવેલી છે.

ભાષાને સાહિત્યની જરૂરત હોય છે જેમ ચિત્રકલાને માટે બ્રશ, દશ્ય, કેનવાસ, રંગારી વગેરે જરૂરી છે. શિલ્પકલા માટે જડ પદાર્થો- માર્બલ, માટી વગેરેની જરૂરત પડે. તેમ સંગીતકલા વાયુ સાથે જોડાયેલ છે જે અદશ્ય છે, સૂક્ષ્મ છે. તેનું અધિષ્ઠાન 'કંઠ' છે. મનુષ્યનું મન અસ્થિર કેમ બને છે? તેને માટે કહે છે- 'ચલે વાતે- ચલે ચિત્તે' - જો વાયુ સ્થિર થાય તો ચિત્ત સ્થિર થાય. સંગીત એ ચિત્તવૃત્તિનો નિરોધ કરવાનું સાધન છે. જેમ યોગ દ્વારા ચિત્તનો નિરોધ સંભવે છે.

માન્ડુક્ય ઉપનિષદમાં કહેવાયું છે- **'ઓમ ઈતિ એતદ્ અક્ષરમ્'**. અહીં જે કંઇ છે તે કેવળ **'ૐ'** છે. તેમાં ત્રણ અક્ષરો છે- **'અ, ઉ, મ'**. ૐમાં બધી વિદ્યા આવી જાય છે. ૨૨ શ્રૃતિ અને ચાર પ્રકારની વાણી છે- **પરા**, **પશ્યતિ**, **વાણી** અને **વૈખરી**. સપ્તસ્વર છે. આ બધું એકજ શબ્દ 'ૐ'માં આવી જાય છે. અ-

અનુદાત્ત એટલે **ઋષભ**, અને **ધૈવત્**- 'ર' અને 'ધ', **ઉ-ઉદાત્ત** એટલે **નિષાદ**, અને **ગંધાર** **'નિ'** અને **'ગ'**, **'મ'** સ્વરતિ- **ષડજ**, તેમાં મધ્યમ અને પંચમ સમાવિષ્ટ છે- **'સા'**, **'મ'**, અને **'પ'**. આમ સપ્તસાર ૐકારમાં આવી જાય છે. નારદજી ગર્ભોપનિષદમાં કહે છે કે આપણે સંગીત પ્રકૃતિમાંથી લઈએ. વિવિધ પશુ પક્ષીઓની વાણીમાંથી સરગમના અક્ષરોની ઉત્તપત્તિ થાય છે. મોરના ટહુકામાંથી ષડજ- **સ**, ગાયના ભાંભરવામાંથી ઋષભ **'રે'**, બકરીના અવાજમાં ગાંધાર- **ગ**, કૌંચ (સારસ) પક્ષીના સ્વરમાં મધ્યમ-**મ**, કોયલના કલરવમાં પંચમ- **'પ'**, ઘોડાની હણહણાટમાં ધૈવત-**ધ** અને હાથીના અવાજમાં નિષાદ- **'નિ'**. આમ સપ્તસુરનું સંગીત પ્રકૃતિમાંથી પ્રાપ્ત થાય છે.

શિવજીએ કઈ રીતે પાંચ રાગને પંચમહાભૂતમાંથી પ્રગટ કર્યા છે- પૃથ્વી તત્ત્વમાંથી શ્રીરાગ, જલમાંથી મધ, વાયુમાંથી હીંડોળા, તેજમાંથી દીપક, આકાશમાંથી ભૈરવ રાગ ઉત્પન્ન થયા છે. તદુપરાંત પાર્વતીએ માલકોષની ઉત્પત્તિ કરી છે. આનું વર્ણન શિવ-હરીવંશમાં જોવા મળે છે. આ બધા મુખ્ય રાગ છે, જેના મિશ્રણથી અનેક રાગ-રાગિણીઓ બનાવવામાં આવી છે. આમ પ્રકૃતિના તત્ત્વો સંગીત સાથે સંકળાયેલ છે. ગ્વાલિયરથી ગવૈયા જૂનાગઢ આવ્યા. તેઓને ભૈરવ રાગ ગાવાનું કહ્યું જે તેઓ ન ગાઈ શક્યા. સ્વામિનારાયણના પ્રેમાનંદે તે ગાઈ બતાવ્યો. તાનસેને પણ દીપક રાગ ગાયો તો તેના શરીરમાં અત્યંત ગરમી અનુભવી. તેને તે શાંત કરવાનો રાગ આવડતો ન હતો. ત્યારે વડનગરની તાના-રીરીએ મલ્હાર રાગ ગાઈ તેને શાંત કર્યો હતો. આવી છે સંગીતની દુનિયા.

* * *

૧૬

નૃત્ય - નાટક

(Dance & Drama)

ઈશ્વરની આરાધનાના ત્રણ પહેલુ (Aspects) છે. 'સત્યમ્- શિવમ્- સુંદરમ્' અર્થાત્ 'આનંદમ્'. 'નૃત્ય' ભગવાનની આરાધનાનું અંગ છે, તેનાથી તે સંબંધિત છે. આપણે ભગવાનની આરાધનાને બને તેટલી સૌંદર્યયુક્ત- આનંદદાયક (Beautiful and Blissful) બનાવવાનો પ્રયત્ન કરીએ છીએ. માટે જ ભગવાનની પૂજા- અર્ચનામાં વિવિધ લલિતકલાઓ (Fine Arts) પ્રયોજિત કરવામાં આવે છે. લલિતકલાઓનો ભગવાનની સેવા-પૂજા- અર્ચનામાં વિનિયોગ કરાવવાનું કારણ એ છે કે આપણે આપણી આ વિવિધ કલાઓને ઈશ્વર દ્વારા પવિત્ર- Sanctify કરવા ઇચ્છીએ છીએ.

સંગીત અને નૃત્ય (MUSIC AND DANCE)

સંગીતની વ્યાખ્યામાં ત્રણ બાબતો સમાવિષ્ટ થાય છે:-

૧. લયબદ્ધ શારીરિક હલનચલન (Rhythmic movement of the body)

૨. અભિનય દ્વારા લાગણીઓના હાવભાવનું પ્રદર્શન (Expression of sentiments through Abhinaya)

૩. નૃત્ય (Dance)

નૃત્ય એ સ્વતંત્ર કલા છે છતાં તેને સંગીત (Music) અંતર્ગત વણી લેવામાં આવી છે, કારણ કે તે લય અને સંગીત વાદ્યની સાથે ઓતપ્રોત રીતે જોડાયેલ છે. (It is very closely connected with rhythem and musical accompaniments).

બે પ્રકારની કલાઓ મનુષ્યના જન્મની સાથે જ જોડાયેલી છે. તે છે સ્થાપત્ય અને નૃત્ય (Dance).

સ્થાપત્ય અર્થાત Sculpture દ્વારા મનુષ્યે બાહ્ય જગતનું નવીન સર્જન કર્યું છે (જેમ કે ગુફાઓ બનાવી કોતરકામ કર્યું ઇત્યાદિ, જ્યારે નૃત્ય દ્વારા હૃદયના આંતર્ભાવોની - આંતર્જગતની અભિવ્યક્તિ કરી. જ્યારે પણ આપણે આનંદમાં

આવીએ ત્યારે આપણે લયબદ્ધ રીતે ઊછળવા (Jump) માંડીએ છીએ. આદિવાસી પ્રજા (Primitive Man) શિકાર કરતાં ગોળ ગોળ ફરી નૃત્ય કરતાં શિકાર પર તૂટી પડે છે.

ઉપરોક્ત બન્ને કલાઓનું મૂળ દિવ્ય છે. (Their origin is divine). પ્રજા (Non-Brahmin) ના આગ્રહથી બ્રહ્માએ પાંચમો વેદ, જેને **નાટ્યવેદ** કહેવામાં આવે છે, એ પ્રગટ કર્યો. આને માટે તેમણે ચારેય વેદોમાંથી અલગ અલગ ઘટકો લીધાં. **ઋગ્વેદ**માંથી વિષયવસ્તુ, **યજુર્વેદ**માંથી અભિનય, **સામવેદ**માંથી ગીત-સંગીત અને **અથર્વવેદ**માંથી રસ એકઠા કરી બ્રહ્માએ 'નાટ્યવેદ'ની રચના કરી છે. તેથી નાટ્યશાસ્ત્રમાં આ ચારેય વેદોની પ્રતિભા (Dignities) દૃષ્ટિગોચર થાય છે. આમ નાટ્યવેદ રૂપ પંચમ વેદને પ્રગટ કરી બ્રહ્માએ 'નાટ્ય-શાસ્ત્રાકાર' ભરત મુનિને તેને ભૂતલ ઉપર પ્રચલિત કરવાની (To popularise) આજ્ઞા કરી. તદનુસાર ભરત મુનિને શિવ, નંદી, પાર્વતી તેમ જ વિષ્ણુ પાસેથી પણ નૃત્ય અને નાટકના વિકાસ અને પ્રચાર માટે વિશેષ આજ્ઞા પ્રદાન કરવામાં આવી, જેથી તેમણે અને નન્દિકેશ્વરે સાથે મળી નાટ્યશાસ્ત્રના સિદ્ધાંતો ઘડી આ કલાનો પૃથ્વી ઉપર પ્રચાર કર્યો. નાટ્યશાસ્ત્રના નિયમોના પાલનથી ચાર પુરુષાર્થો ધર્મ-અર્થ-કામ અને મોક્ષની પ્રાપ્તિ કરી શકાય. તેના દ્વારા મનુષ્ય દુઃખ નિવારણ કરી શકે (removal of pains and sorrows) અને શાન તથા શક્તિ (fame and fortune) પ્રાપ્ત કરી શકે. તેનાથી આત્મવિશ્વાસ અને બુદ્ધિચાતુર્ય (confidence and intelligence) ની વૃદ્ધિ થઈ શકે.

પ્રાપ્તિના સાધન- SOURCES

પાંચ હજાર વર્ષ પ્રાચીન સંસ્કૃતિ મોહેં-જો-દરોમાંથી નૃત્યમુદ્રાની મૂર્તિ (Statue) પ્રાપ્ત થયલે છે. 'Enest Mackay' અનુસાર આ મૂર્તિ દેવદાસી જે દક્ષિણનાં મંદિરો સાથે જોડાયેલી છે, તેની પુરોગામી (Predecessor) હોઈ શકે. ઋગ્વેદમાં નૃત્ય વિશે ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. તેમાં 'ઉષા' પ્રભાતની દેવી (Godess of Dawn) ના ક્ષિતિજ ઉપર કરાતા નૃત્યનું વર્ણન જોવા મળે છે. યજુર્વેદમાં પણ નૃત્યનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે તેમ અથર્વવેદમાં પણ અમુક લોકસમૂહ (Class of people), જેઓ નૃત્ય અને સંગીત પ્રત્યે સમર્પિત હતાં તેવાં અપ્સરા, ગંધર્વ, કિન્નરો-વિદ્યાધર વગેરેનું વર્ણન વાંચવા મળે છે.

વૈદિક અને પૌરાણિક યુગ દરમિયાન આર્ય અને અનાર્ય સંસ્કૃતિનું નૃત્ય વિષયક સમ્મિલન (fusion) જોવા મળે છે. પરંતુ વેદ પછી બૌદ્ધ ધર્મના યુગ સાથે નૃત્ય અને કલા મૃત:પ્રાય થઈ ગઈ કારણ કે ભિક્ષુઓ માટેના કઠોર નિયમના લીધે તેઓ નૃત્યાદિ કલામાં ભાગ લઈ શકતા નહીં. તે પછી ફરીથી તેરમી શતાબ્દી પછી મોગલોના આગમનના કારણે આ કલા ફરીથી પુનર્જીવિત થઈ વિકાસ પામી, પરંતુ તેમાં દિવ્યાનુભવને બદલે મનોરંજનનું તત્ત્વ વિશેષ હતું.

નૃત્ય ત્રણ બાબતો પ્રત્યે વૈશિષ્ટ્ય પ્રગટ કરે છે. (It focuses on three aspects) (૧) નૃત્ય (૨) રસ અને (૩) અભિનય.

નૃત્ય શબ્દ વેદિક 'નૃત' રૂપમાં વપરાવા માંડ્યો છે. 'નૃત' એ નૃત્યનું પ્રાચીનતમ રૂપ છે જે સ્વાભાવિક (natural) અને સ્વંયસ્ફુરિત (npontaneous) છે. તેને માટે કોઈ ખાસ વેશભૂષા (attire) કે ટાપટીપ (make-up)ની આવશ્યક્તા રહેતી નથી. 'નૃત'એ થોડી જટીલ (complex) અને ઉચ્ચતર પ્રકારની શૈલી છે. તે લયબદ્ધ અને સંગીત સાથે લાગણીઓ (mood) ના હાવભાવ સાથેના પ્રદર્શનના રૂપમાં કરવામાં આવે છે. એ જ્યારે ઉચ્ચતમ કક્ષાએ પહોંચે છે, ત્યારે ઉદ્‌ક્રાંતિ (evolution) ની ચરમસીમાએ પહોંચે છે. એ નૃત્ય અને નાટકનું પરંપરાગત વાર્તા સાથેનું સમ્મિલિત સ્વરૂપ છે (It is a fusion of dance and drama accompanied by traditional story). આમ નાટ્યમાં નૃત્ય અને ડ્રામા બન્ને સમાવિષ્ટ હોય છે.

નૃત્યનો મુખ્ય ઉદ્દેશ્ય

નૃત્યના હેતુ નીચે મુજબ ગણાવી શકાય.

૧. દર્શકના મનમાં રસ ઉત્પન્ન કરવો.

૨. દર્શકોને રૌદ્ર રસની અનુભૂતિ કરાવવી.

નૃત્યના પ્રકાર

નૃત્યના મુખ્યત્વે બે પ્રકાર ગણાવી શકાય:-

૧. તાંડવ- જે પુરુષપ્રધાન નૃત્ય છે.

૨. લાસ્ય- જે સ્ત્રીપ્રધાન નૃત્ય છે.

ભગવાન શિવજીએ 'તાંડવ' નૃત્ય કર્યું હતું. નંદીએ આ નૃત્યશૈલી શિવજી પાસેથી શીખેલી, જેને 'તન્દુ' અર્થાત 'તાંડવ' નામથી તેમણે પ્રચલિત કરેલું.

લાસ્ય નૃત્ય ઉમા-પાર્વતીએ ઉષાને શિખવાડેલું, જેણે ગુજરાતની ગોપીઓને તે શીખવ્યું હતું. ત્યાર પછી તેમના દ્વારા આ નૃત્યનો પ્રકાર સંપૂર્ણ ભારતમાં પ્રચલિત થયો હતો. નૃત્યનો આ પ્રકાર ખૂબ જ નાજુક અને સ્ત્રીત્ત્વ સભર-જાજરમાન (graceful) છે, જેવો રાસગરબાનો મંદ ગતિનો પ્રકાર હોય છે.

શિવનૃત્યના કારણે શિવજીનું 'નટરાજ' સ્વરૂપ પ્રસિદ્ધ છે, જ્યારે શ્રીકૃષ્ણના નૃત્યના કારણે તેમનું 'નટવર' સ્વરૂપ જાણીતું છે.

નારદ અને સરસ્વતી એ બન્ને 'વીણાવાદક' છે. નાટ્યશાસ્ત્રના મંગલાચરણમાં નટરાજ અને નટવર એ બન્નેનાં નૃત્ય કરવામાં આવે છે, જેની સાથે બધાં જ દિવ્ય વાજિંત્રોની સંગત હોય છે. શિવનું નૃત્ય જડ સૃષ્ટિને ચેતનવંતું બનાવવાનું માધ્યમ છે. એ સર્જન તેમ જ સંહાર બન્નેનું પ્રતીક છે, જ્યારે કૃષ્ણનું નૃત્ય આત્માને આકર્ષનારું હોય છે, જે મોક્ષદાયી બને છે.

ભાગવતના દશમ સ્કંધમાં વર્ણિત રાસપૂર્વેનું શ્રીકૃષ્ણનું વેણુવાદન વૃંદાવનમાં વ્રજાંગનાઓ- ગોપીજનોને સમ્મોહિત કરવા માટે હતું, જેના દ્વારા તેઓને કૃષ્ણ પોતાની પાસે બોલાવી શકે. શ્રી કૃષ્ણના નૃત્યમાં અભિવ્યક્ત પ્રેમમાં જ મુક્તિનું તત્વદર્શન રહેલું છે.

નૃત્યના અન્ય પ્રકારોમાં 'લોકનૃત્ય' એ માનવજાતિ જેટલું પ્રાચીન છે, જે મુખ્યત્વે આદિવાસી જાતિઓમાં વધુ પ્રચલિત છે, જ્યારે શિષ્ટનૃત્ય એ Classical પ્રકાર છે. ક્લાસિકલ નૃત્યશૈલીમાં- કથકલી એ કેરાલામાં, ભરતનાટ્યમ ચેન્નાઈ (તામિલનાડુ)માં, કથ્થક ઉત્તર ભારતમાં, ઓડિસી ઓરિસ્સામાં, કૂચીપૂડી આંધ્રમાં અને મણિપૂરી મણિપુરમાં પ્રચલિત છે.

નૃત્યશાસ્ત્રનો મુખ્ય ગ્રંથ એ ભરતમુનિ દ્વારા રચિત 'નાટ્યશાસ્ત્ર' છે.

* * *

૧૭

મૂલપ્રત લેખન - હસ્તલિખિત પ્રત

(Manualscript Writings)

પહેલાંના જમાનામાં પેપર કે છાપકળા - પ્રેસનો વિકાસ થયો નહોતો ત્યારે વિચારો (Thoughts) અને મંતવ્યો (Views) ને વાણી (Speech) દ્વારા, વાણીને ભાષા (Language) દ્વારા અને ભાષાને લિપિ (Scripts) દ્વારા અભિવ્યક્ત કરવામાં આવતાં. આમ લિપિ (Scripts) નું ખૂબ જ મહત્ત્વ ત્યારે મનુષ્યજીવનમાં રહેતું. મનુષ્યના બહુમુખી વિકાસ (All round development of mankind) માટે વિચારોને ભાષામાં લિપિબદ્ધ કરવાની પદ્ધતિ અત્યંત આવશ્યક અને ઉપયોગી બની, અર્થાત્ તેના દ્વારા મનુષ્યજીવનનો વિકાસ સધાઈ શકાયો. ભાષાને લિપિમાં સુરક્ષિત કરવાથી પુનઃ જ્યારે જ્યારે તેની જરૂરત લાગે ત્યારે તેનો ઉપયોગ કરી શકાય.

એકસઠ (૬૧) જુદા જુદા પ્રકારની લિપિ (Script) લખાણો એક વિશિષ્ટ કળાના રૂપમાં (Prestigious art) ગણાતાં હતાં. તેને 'Prestigious Art' એટલા માટે માનવામાં આવી કે દુનિયાના રાષ્ટ્રનો સાંસ્કૃતિક વિકાસ (Civilization), જો આ લિપિબદ્ધતા (Script writing) ન શોધાઈ હોત તો રુંધાઈ જાત. લિપિમાં તે વિવિધ વિચારો જળવાઈ રહેલા હોવાના કારણે દુનિયાના રાષ્ટ્ર અને એની સંસ્કૃતિનો વિકાસ સંભવ બન્યો છે.

આ લિપિના રૂપમાં જ્ઞાનનો ખજાનો જળવાઈ રહ્યો છે. આજે લગભગ ૪૦૦ પ્રકારની લિપિ (Script) અસ્તિત્વમાં છે. મનુષ્ય આ લિપિને દિવ્ય માને છે અથવા દિવ્યતાનું મૂળ આ લિપિમાં રહેલું છે. બ્રહ્માને બ્રાહ્મણ લિપિના આદિ (Origin) માનવામાં આવે છે. ઈસ્લામમાં અલ્લાહને, જૈનોમાં ઋષભદેવને અને ગ્રીસમાં હરમીઝ (Hermes) ને લિપિના રચયિતા માનવામાં આવે છે. હિન્દુ અને જૈન શાસ્ત્રો સંસ્કૃત અને પ્રાકૃત ભાષામાં લખાયેલ છે. બ્રાહ્મણ સ્તોત્રો (Scripture) દેવનાગરી લિપિમાં તામ્રપત્ર ઉપર લખાયેલ પ્રાપ્ત થાય છે.

દેવનાગરી લિપિ બનારસ (વારાણસી)માંથી આવેલી મનાય છે. એને

'દેવનગર' કહેવામાં આવતું અને તેથી ત્યાંની લિપિને 'દેવનાગરી' લિપિ કહેવામાં આવી. આ લિપિનો ઉદ્ભવ લગભગ સાતમી શતાબ્દીમાં થયેલો મનાય છે. ભારતની ઘણી બધી ભાષાઓ (ગુજરાતી સહિત)નું મૂળ દેવનાગરી લિપિ છે, અર્થાત્ દેવનાગરીને બધી લિપિઓની માતા માનવામાં આવે છે.

હસ્તલિખિત-મૂલપ્રત લેખન (Manuscript)

જ્યારે છાપખાનાં (Printing Press) નહોતાં ત્યારે મૂલપ્રત (Manuscript) હાથે લખવાની પ્રથા હતી. ગુજરાતમાં જૈન તીર્થંકર અને ગણધરો મલબારી તાડપત્ર (Mulberry palm leaves) પર લગભગ ૪૫૩ BC કાળથી વલ્લભી શાસન દરમિયાન લખતા હોવાનું જાણવા મળે છે.વલ્લભી શાસનના પતન પછી પાટણના સોલંકી રાજાઓના સમયમાં મૂલપ્રત લિપિલેખનની કળામાં સારો વિકાસ થયો હતો. વાઘેલા અને સોલંકી શાસન દરમિયાન લઘુચિત્ર (Miniature Painting) નો પણ વિકાસ થયો હતો અને મૂલપ્રત લેખન અને લઘુચિત્ર શૈલીના મિશ્ર પ્રયોગથી ગુર્જર મારુ શૈલી અસ્તિત્વમાં આવી. આમ છાપખાનાં (Press) અથવા કાગળ બનાવવાની કળાનો વિકાસ થયેલ ન હોવા છતાં જ્ઞાનનો સંગ્રહ ધાતુ અથવા પથ્થરો ઉપરના મરોડદાર અક્ષરો (Calligraphy) દ્વારા શિલાલેખ, માટીની સીલ, તેમ જ કંઠસ્થ રૂપે જળવાઈ રહ્યો. આમ, આ કળા અનેક આવશ્યકતાઓના કારણે અને તેને સુંદર બનાવવાના હેતુથી વિશિષ્ટરૂપે ઊભરી આવી. ધીરે ધીરે આ ત્રણે કલાઓ સમગ્ર ભારતમાં પ્રસરી અને ફેલાઈ.

હસ્તપ્રત તૈયાર કરવા માટે આવશ્યક સામગ્રી (વસ્તુઓ) માટી, ઝાડનાં પાંદડાં તેમ જ છાલ, ધાતુ, પથ્થર, સોનું, તાંબું અને તાડપત્રોમાંથી તૈયાર કરવામાં આવતી. આની પદ્ધતિ ખૂબ જ જટીલ અને લાંબી હતી. જૈનો અહિંસાના આગ્રહને કારણે, ઝાડની છાલ કે પાંદડાના ઉપયોગને વર્જિત ગણતા. **'સાચીપત્ર'** આસામ અને બિહારમાં મળે છે, જે આજે પણ ઉપલબ્ધ છે. ત્યાં 'સાચીપત્રપોથી', જે પવિત્ર મનાય છે, આજે પણ મળે છે જે મ્યુઝિયમમાં સંગ્રહાયેલ છે. આ સિવાય 'તુલપત્ર' પાટણનાં પાન, તેમ જ કપાસિયાનાં પાન પણ મૂલપ્રત લખવા માટે ઉપયોગમાં લેવામાં આવતાં. જોકે તે સાચીપત્ર જેટલા ટકાઉ નહોતાં, પરંતુ બંગાળમાં તેનો વધુ ઉપયોગ થતો હતો. વૈષ્ણવો મૂલપ્રત માટે કપડાનો ઉપયોગ કરતા નહીં, જોકે ગુરુ આસન કે બુક કવર માટે તેને ઉપયોગમાં લેતા. મૂલપ્રતને સાચવીને રાખવા

માટે વાંસનાં ઝાડનાં પત્તાં- તાડનાં પત્તાંને સીધાં કરી લીસાં કરી વિશેષ પ્રક્રિયા દ્વારા તૈયાર કરવામાં આવતાં અને એને લાકડાની મંજૂષામાં સાચવવામાં આવતાં.

મૂલપ્રત (Manuscript) અને લઘુ ચિત્રકામ (Miniature Painting)ને ચળકાટ આપવાની પદ્ધતિ બારમી શતાબ્દીમાં વિકસાવવામાં આવી. આના દ્વારા મૂલપ્રત અને મિનિએચર પેઇન્ટિંગને 'Illuminate' કરવાની કળા ગુજરાત અને મારવાડમાં સારી રીતે પ્રસરી. જૈન, બૌદ્ધ અને હિન્દુ ગૃહસ્થોએ આ કળાને સારું પ્રોત્સાહન આપ્યું. બારમી શતાબ્દીમાં માંડુ અને અમદાવાદ મરોડદાર અક્ષરોની (Calligraphy) ની કળાનું મુખ્ય કેન્દ્ર હતું. પંદરમી શતાબ્દીમાં તો જાણે ગુજરાતમાં આ કળાનો ધોધ વહ્યો અને છેવટે મોગલોના આવ્યા પછી ગુજરાતમાં આ કલા નષ્ટપ્રાય થઈ ગઈ.

રામાનુજનના 'Non-Vaishnavism' ના વિકાસ સાથે પંદરમી શતાબ્દીમાં ઉત્તર ભારતમાં રાજપૂત- મોગલ શૈલીનાં ચિત્રોએ વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કર્યું. આ શૈલી પર્શિયન કલા અને તકનિકના પ્રભાવમાં હતી. જ્યારે પર્શિયન શૈલી તેની ચરમસીમા પર પહોંચી ત્યારે તે આ કલાનો વિશેષતઃ 'Calligraphy' નો સુવર્ણ યુગ ગણાય. Calligraphy ને એક માનભર્યું સ્થાન મળ્યું અને એ કલા જાણનાર ખુશનસીબ કહેવાતા કારણ કે તેમનું સ્થાન અકબરના દરબારમાં પણ હતું.

અકબરની લાઇબ્રેરીમાં ૨૪૦૦૦ હસ્તલિખિત પુસ્તકોનો સંગ્રહ હતો. પ્રત્યેક પુસ્તકની કિંમત એ જમાનામાં પચીસથી ત્રીસ હજાર પાઉન્ડની ગણાતી. એ જમાનાની તે દુનિયાની ધનિક લાઇબ્રેરી ગણવામાં આવતી. અકબરે મહાભારતનો અનુવાદ પર્શિયન ભાષામાં કરાવેલ. જે 'રજમનામા'ના નામથી ઓળખાતો અને તે વિશ્વપ્રસિદ્ધ મનાય છે. હાલ તે રાજસ્થાન લાઇબ્રેરીમાં સચવાઈ રહ્યો છે. તેમાં આલેખાયેલ અક્ષરોની એકરૂપતા, અક્ષરોનું કદ અને રંગો ઉત્તમોત્તમ કક્ષાના હોઈ એ સર્વોત્તમ ગ્રંથ મનાય છે.

આ સિવાય ગીતગોવિંદ, ભાગવત પુરાણ, રાગમાલા, જે વિશેષ પ્રકારની સ્ટાઇલમાં- લોર ચંદા ચોર શૈલી, પંચશીલ સમૂહમાં લખાયેલ છે. આ કલા ઈરાની તેમ જ તુર્કી બન્નેનો સમન્વય છે. તદુપરાંત હેમચંદ્રાચાર્યનું નિષિશ ચૂર્ણ, કલ્પસૂત્ર વગેરે હસ્તપ્રતોનું આગવું સ્થાન છે.

૧૮

આખ્યાન

(Aakhyan)

આખ્યાનના બે પ્રકાર છે- (૧) શુદ્ધ (૨) પ્રાયોગિક. તેની વ્યાખ્યા નીચે પ્રમાણે કરવામાં આવી છે.

(૧) **શુદ્ધ આખ્યાન :** આ એવા પ્રકારનું આખ્યાન છે જેમાં સૈદ્ધાંતિક પૃષ્ઠભૂમિ (Theoratical background) હોય છે. અર્થાત્ તેના વિષયમાં સૈદ્ધાંતિક તથ્યોને આવરી લેવામાં આવેલાં હોય છે. આથી તેને શુદ્ધ (pure) આખ્યાન કહેવાય છે.

(૨) **પ્રાયોગિક આખ્યાન :** જે આખ્યાનકારો દ્વારા અભિવ્યક્ત (Presentation) કરવામાં આવે છે તેને પ્રાયોગિક આખ્યાન કહેવાય છે. આમાં કથાવસ્તુને અભિવ્યક્તિ દ્વારા રજૂ કરવામાં આવે છે.

આખ્યાનમાં ત્રણ મુદ્દા ધ્યાનમાં રાખવાના હોય છે-

૧. **ધર્મજાગૃતિ** :- આખ્યાન દ્વારા સામાન્ય લોકોમાં ધર્મભાવના વિશે જાગૃતિ લાવવાનો પ્રયાસ કરવાનો તેનો હેતુ રહેલો હોય છે. આ આખ્યાનના પ્રાયોગિક પ્રયાસનો મહત્ત્વનો પહેલુ છે. (To create an awakening amongst the common people regarding religious thoughts.) આ આખ્યાનનો મૂળભૂત ઉદ્દેશ્ય છે.

૨. **લોકોના મનને ઈશ્વર પ્રતિ વાળવા** (To direct peoples mind towards God).

૩. **નીતિ-ધર્મનાં મૂલ્યોને પ્રસ્થાપિત કરવા** (To imbibe Ethical and Religious values). આખ્યાન લોકોમાં નીતિ અને મૂલ્યો સમજાવવા માટે મહત્ત્વનું માધ્યમ છે.

ઉપરોક્ત વિચારો એવમ્ આદર્શોને આચરણમાં મૂકવા માટે અલગ અલગ સ્તરે ભગીરથ પ્રયત્નો કરવામાં આવ્યા હતા. એ માટે ધર્માચાર્યો, સંત કવિઓ, ભક્તો તથા પુરાણિકોએ નીતિ- ધર્મનાં મૂલ્યોને પ્રસ્થાપિત કરવા ખૂબ સારા પ્રયત્નો કર્યા છે. આ માટે તે લોકોએ જે રીત અપનાવેલી તેમાં જ્ઞાન અને

મનોરંજનનું સામંજસ્ય હતું. જેમ કે કઠપૂતલીનો ડાન્સ (નૃત્ય). ઘણું કરીને આખ્યાનમાં કઠપૂતલી સમાન નહીં, પરંતુ કોઈ ને કોઈ વિશિષ્ટ સંદેશ આપવાનો પ્રયત્ન કરવામાં આવતો હોય છે.

'રાસાં' નામક આખ્યાનની પદ્ધતિ જૈનોમાં વધુ પ્રચલિત છે. તેમાં ઘણું કરીને તેઓના મુનિઓનાં ચરિત્ર ગાન-કવિતાના રૂપમાં કરવામાં આવે છે. 'રાસાં'ની રચના જૈન મુનિઓ સ્વયં કરતા. આમ, જેમ વૈષ્ણવ પરંપરામાં અભિનયનું મહત્ત્વ છે તેવું જ જૈનોમાં 'રાસાં'નું મહત્ત્વ છે. બન્નેમાં ફરક એ છે કે 'રાસાં' સમૂહમાં ગવાય, જ્યારે આખ્યાન એક વ્યક્તિ દ્વારા કરવામાં આવે છે.'રાસાં' એકાંતમાં ગાઈ શકાય, જ્યારે આખ્યાન એકાંતમાં ન કહેવાય. તેમાં સાંભળનારાઓનો-શ્રોતાઓનો સમૂહ હોવો જોઈએ.

પૂર્વમાં માણભટ્ટની સંસ્થા દ્વારા આખ્યાન તૈયાર કરવામાં આવતાં. આખ્યાન કહેનારને **માણભટ્ટ** કહેવામાં આવતા કારણ કે તે પોતાની પાસે માટલું રાખતાં અને તેની થાપ સાથે કોઈ વિષય ઉપર આખ્યાન કહેતા, જેથી એ વધુ રોચક બનતું.

સાહિત્ય દર્પણકાર કહે છે કે **'આખ્યાન પૂર્વોક્તિઃ'** અર્થાત્ જે પહેલાં કહેવાયેલ બાબત હોય તેને જ્યારે પુનઃ કહેવાય તેને 'આખ્યાન' કહેવાય. આમ આખ્યાનમાં પૂર્વમાં જે કહેવાયેલું હોય તેની પુનરોક્તિ કરવામાં આવતી.

રાજા ભોજ કાવ્યશાસ્ત્રકાર હતા. તેઓ પોતાના 'શૃંગાર પ્રકાશ' નામક ગ્રંથમાં કહે છે કે આખ્યાન એક શ્રાવ્ય-દૃશ્ય કવિતાનો પ્રકાર છે. તેઓ આખ્યાન કહેવાની સાથે કથાવસ્તુનો અભિનય પણ કરતા. ગાયન, વાદન અને અભિનય એ ત્રણેય દ્વારા જે અભિવ્યક્તિ થાય તેને 'વ્યાખ્યાન' કહેવાય. પરંતુ આખ્યાન એ નાટક કે ડ્રામાનો પ્રકાર નથી. ડ્રામા અથવા નાટકમાં વિશિષ્ટ પ્રકારની વેશભૂષા અને ઘરેણાં જોઈએ. આખ્યાનમાં અભિનય (Activity) નહીં પરંતુ ચહેરાના હાવભાવનું પ્રાધાન્ય હોય છે.

આખ્યાનકારને **'ગ્રંથિક'** અથવા **'કથાકાર'** તરીકે પણ ઓળખવામાં આવે છે. તે વ્યક્તિ એકલી જ હોઈ પોતે વાદ્ય પણ વગાડે, ગાય તેમ જ અભિનય પણ કરે. આમ, આ એક જ વ્યક્તિનો 'શો' હોય છે. આખ્યાનની કથાવસ્તુ ઘણું કરીને ભગવાન સાથે જોડાયેલ અથવા પૌરાણિક કથાના આધારે હોય છે. તેના પ્રસંગો અને પાત્રો રામાયણ, મહાભારત, ભાગવત ઇત્યાદિ પુરાણોના પ્રસંગોના આધારે

લેવામાં આવતા, પરંતુ પાછળથી લગભગ પંદરમી શતાબ્દી પછી ગુજરાતમાં એક અલગ પ્રકારની પ્રણાલી શરૂ થઈ. તેમાં જીવિત પાત્રોનો, જેવાં કે નરસિંહ, મીરાં ઈત્યાદિ પાત્રોનો ઉપયોગ થવા માંડ્યો. સંસ્કૃતમાં જે પ્રસંગો લેવામાં આવતાં તેમાં પુરાણોનાં પાત્રોની પસંદગી કરવામાં આવતી. આ આખ્યાનકારો અથવા કથાકારો મોટે ભાગે બ્રાહ્મણ રહેતા. તેરમી શતાબ્દીમાં જૈન મુનિ હેમચંદ્રાચાર્યજી થઈ ગયા જેમણે **'બોધપ્રદ'** કથાવસ્તુને ઉમેરી, જેનાથી કોઈ વિશિષ્ટ સંદેશો લોકોને મળતો. એ સમયમાં **'નળાખ્યાન'** (નળ-દમયંતીની કથા પર આધારિત) ખૂબ જ પ્રસિદ્ધ થયેલું. તેમ જ જૈનેતર સમાજમાં આખ્યાન દ્વારા કોઈ વિશેષ સંદેશો આપવાની પ્રથા ત્યારે શરૂ થઈ.

આખ્યાન એ ઉપાખ્યાનમાંથી ઊતરી આવેલ છે. ક્યારેક મહાભારત-રામાયણ ઈત્યાદિના સર્જક દ્વારા મુખ્ય ધારાથી અલગ કથાવસ્તુની રજૂઆત કરવામાં આવતી. ઉપાખ્યાનનો અપભ્રંશ થઈ વ્યાખ્યાન કહેવાવા માંડ્યું અને સામાન્ય બોલચાલની ભાષા (Qualoquial language)માં તે 'આખ્યાન'ના નામે પ્રસિદ્ધ થયું, જ્યારે શિષ્ટ ભાષામાં તે ઉપાખ્યાન કહેવાય. ગુજરાતી સાહિત્યના મધ્ય યુગમાં તેનું મહત્ત્વનું સ્થાન હતું. માટે જ હેમચંદ્રાચાર્ય કહે છે કે 'આખ્યાન' એ 'ઉપાખ્યાન'નું વિસ્તરિત (Extended) રૂપ છે. ઉપાખ્યાનને 'ઉપકથા' પણ કહેવાય, પરંતુ એ જ્યારે બોલચાલની ભાષામાં કહેવાય ત્યારે એને 'આખ્યાન' કહેવામાં આવે છે. આમ, ઉપાખ્યાન પરથી અપભ્રંશ થઈ 'આખ્યાન' શબ્દ બન્યો છે.

એ જમાનામાં માણભટ્ટની એક સંસ્થા હતી. 'માણ' એટલે ગાગર અથવા 'Pot'. તાંબાની ગાગર લઈ હાથમાં લોખંડની વીંટી પહેરીને એના દ્વારા ગાગર ઉપર તાલ આપવામાં આવતો. આ માણભટ્ટને **'ગાગરિયા ભટ્ટ'** પણ કહેવાતા. એ જમાનામાં કેવળ બ્રાહ્મણો જ આ આખ્યાન અથવા કથા કહેતા એવી પરંપરા હતી. ઘણી વખતે અન્ય જાતિનાં આખ્યાન લખતા ખરા પરંતુ તે ગાનાર તો બ્રાહ્મણ જ રહેતા. પંદર, સોળ અને સત્તરમી શતાબ્દી એ આખ્યાનનો યુગ હતો. એ સમયમાં વૈષ્ણવવાદ (Vaishnavism) ને ફેલાવા માટે આખ્યાનો- કથાઓ ખૂબ ઉપયોગી નીવડ્યાં હતાં. કવિ 'ભાલણ'ને આખ્યાનોના પિતા ગણાવાય છે. પ્રેમાનંદે પણ 'આખ્યાન'ની કલા હસ્તગત કરી હતી. તેનાં મુખ્ય કારણ હતાં: (૧) **વિષય**

વૈવિધ્ય, (૨) **રસવૈવિધ્ય**, (૩) **રસસંક્રમણ** અને (૪) **મનોરંજન**. આમાં પ્રેમાનંદની રસસંક્રમણની કલા એ તેમની વિશેષતા હતી. 'રસસંક્રમણ' એટલે એક રસમાંથી સ્વાભાવિક રીતે બીજા રસમાં પ્રવેશ કરવો. જેમ કે રામ-રાવણના યુદ્ધમાં ઇન્દ્રજિતના યુદ્ધનું વર્ણન કરતાં હોય ત્યારે વીરરસમાંથી કરુણરસમાં લઈ જવું અને છેલ્લે હાસ્ય રસમાં અંત કરવો એ તેમની આગવી ખૂબી હતી. તેમની કથામાં આ પ્રકારની કલાની વિશેષતા તેમનામાં હોવાને કારણે તેઓ ખૂબ ખ્યાતિ પામ્યા હતા. પ્રેમાનંદ પછી 'આખ્યાન'ની પ્રથામાં શીલતા આવી ગઈ.

આખ્યાનનું માળખું

૧. સર્વપ્રથમ મંગળગાન કરવામાં આવતું. અર્થાત્ મંગળ સ્તુતિ- ઈશ્વર સ્તુતિ- ગણપતિ અથવા સરસ્વતી વંદના ઇત્યાદિ ગાવામાં આવે.

૨. એ પછી જે વિષય ઉપર આખ્યાન કરવામાં આવે તેની ભૂમિકા નિર્દેશ કરવામાં આવે. જેમ કે નળાખ્યાન, સીતા સ્વયંવર, સુદામાચારિત્ર વગેરે.

૩. સંક્ષિપ્તમાં ભૂમિકા રચ્યા પછી વાસ્તવિક કથાવસ્તુનું નિરૂપણ કરવામાં આવે. આ ત્રીજા તબક્કામાં કથાવસ્તુ કહેવાની શૈલીના ત્રણ વિભાગ ગણાય. (૧) **'મુખબંધ'** એટલે કે આજનો વિષય શું છે એ બાબત કહેવું, (૨) **'ઢાળ'**- એટલે જે તે વિષયનું વિસ્તારપૂર્વકનું વિવેચન અને છેલ્લે (૩) **'વલણ'** એટલે અત્યાર સુધી શું કહેવામાં આવ્યું તેનું એક લાઇનમાં વર્ણન કરવું અને એ પછી બીજા તબક્કામાં શું કહેવામાં આવશે, એ કહેવું.

૪. ત્યાર પછી આખ્યાનકારની ઓળખાણ (Introduction) આપવામાં આવે અને છેલ્લે-

૫. 'ફળશ્રુતિ' એટલે કે આ આખ્યાન સાંભળવાનું ફળ શું, એ કહેવામાં આવતું. પ્રથમ ત્રણ વિભાગને **'કડવું'** કહેવામાં આવતું. કેવળ પ્રેમાનંદના આખ્યાનમાં કડવાના ત્રણે વિભાગને નિરૂપિત થતાં જોવામાં આવતા. 'ભાલણ' કવિમાં ક્યારેક બે વિભાગ હોય તો ક્યારેક ત્રણેય હોય. રસસંક્રમણની કલામાં આ કવિઓ ખૂબ જ પારંગત હતા.

આમ, આખ્યાન એ પૌરાણિક કથા વિશેનું જ્ઞાન આપવાનું ખૂબ સરસ માધ્યમ ગણાતું જેને તત્કાલીન ઘણા આચાર્યોએ પણ અપનાવ્યું હતું.

◆

૧૯

કઠપૂતળી
(Puppetary)

પરિચય

કઠપૂતળી એટલે પાર્શ્વ દોરીસંચારથી હલનચલન કરતાં માનવ કે પ્રાણીનાં પાત્રો દ્વારા કથાપ્રસંગોની મનોરંજનલક્ષી રજૂઆત. મનોરંજન સાથે જ્ઞાન આપવાની આ એક પ્રાચીન અનોખી કળા છે. આ કળા લોકોના પરંપરાગત જીવન સાથે સંકળાયેલી લોકવ્યાપ્ત કલા છે. પારંપારિક કઠપૂતળીમાં લોકજીવનનું પ્રતિબિંબ જોવા મળે છે.

વિવિધ હેતુ

જ્યારે આ પ્રાચીનકળા તેની પ્રાથમિક અવસ્થામાં હતી ત્યારે તેનો ઉપયોગ માણસને વળગેલા ભૂતપ્રેતને ભગાડી મૂકવા, માનસિક રોગોને દૂર કરવા અથવા માણસે કરેલા કુકર્મોને કારણે તેને ડરાવવા માટે કરવામાં આવતો. ભારત દેશમાં કઠપૂતળીનો આ અંશ આજે પણ ભુવાઓમાં સચવાયો છે.

દરેક યુગમાં જુદા જુદા દેશોમાં સમ્રાટો, રાજાઓ, ઉમરાવો, ધનિકો, બાળકો અને સામાન્ય જનોનું આ કઠપૂતળીઓએ મનોરંજન કર્યું છે.

કેવળ મનોરંજન માટે જ નહિ પણ લોકશિક્ષણના માધ્યમ તરીકે પણ તેનો ઉપયોગ થતો રહ્યો છે. પ્રાચીનકાળમાં ધર્મનું શિક્ષણ અસરકારક રીતે આપવા માટે આ કળા ખૂબ ઉપયોગી હતી. બુદ્ધની જાતકકથાઓની કે પંચતંત્રની વાર્તાઓના સંદેશને કઠપૂતળી દ્વારા લોકો સુધી પહોંચાડાતો.

ઈ.સ. ૧૭૭૩માં કેપ્ટન જેમ્સ કૂકે ૧૫ ટાપુ શોધી કાઢ્યા. ઈ.સ. ૧૮૮૮માં એ ૧૫ ટાપુઓને 'બ્રિટિશ પ્રોટેક્ટેરેટ' જાહેર કર્યા અને એ દ્વિપસમૂહને 'કૂક્સ આયર્લેન્ડ' એવું નામ અપાયું. ઈ.સ. ૧૯૦૧માં બ્રિટિશ સરકારે તેના સંરક્ષણની જવાબદારી ન્યુઝીલેન્ડને સોંપી. અહીં એક પણ હિંદુ નથી, એક પણ મંદિર નથી છતાં પંદરે પંદર ટાપુઓના દરેક લોકો રામ,

સીતા, લક્ષ્મણ અને હનુમાન કોણ હતા તે જાણે છે. રાધા, કૃષ્ણ, દ્રૌપદી, યુધિષ્ઠિર, ભીમ અને અર્જુન કોણ હતા તે પણ જાણે છે. ભારત દેશ સાથે કદી કોઇ સંપર્ક ન હોવા છતાં રામાયણ અને મહાભારતના પાત્રો અને આપણા પૌરાણિક ગ્રંથોના કથાનકોથી તેઓ પરિચિત છે, કારણ કે બ્રિટિશ નેવિગેટર જેમ્સ કૂકે આ ટાપુઓની શોધ કરી તેના સેંકડો વર્ષ પહેલા જાવા-સુમાત્રાના જહાજખેડૂઓ આ ટાપુઓ પર પહોંચી ગયા હતા. જાવા-સુમાત્રાના સતત આવાગમનને કારણે રામાયણ મહાભારતના કથાનકો અહીં સુધી પહોંચ્યા હતા. અહીંના લોકો મનોરંજન કાર્યક્રમમાં કઠપૂતળીની ભાવભંગીમાના માધ્યમથી રામાયણ મહાભારતના પાત્રોની રજૂઆત કરે છે. આ રીતે પાત્રોને તેમણે સદીઓથી પેઢી દરપેઢી આજસુધી જીવંત રાખ્યા છે. ધૃતરાષ્ટ્ર, પાંડુ, યુધિષ્ઠિર અને અભિમન્યુ નામની કઠપૂતળીઓ વિશે સ્મારક ટિકિટો છે. જાવા (ઇન્ડોનેશિયા)માં બલદેવની કઠપૂતળી વિશે સ્મારક ટિકિટ પણ જોવા મળે છે.

તદુપરાંત અભિજાત સાહિત્ય કે લોકગીત તેમાં ઢાળીને વ્યક્તિરેખા ઊભી કરવામાં તથા વિવિધ વ્યાવસાયિકોનું વિશિષ્ટતાપૂર્વક દર્શન ઘડવામાં પણ આ કળા અગ્રેસર રહી છે.

ઉદ્ભવ

પ્રાયઃ ભારતીય કઠપૂતળીઓનો ઇતિહાસ અન્ય દેશોની તુલનામાં ઘણો પ્રાચીન છે. કહેવાય છે કે આ કળાનો ઉદ્ભવ સૌ પ્રથમ ભારતમાં થયો. ત્યાર પછી વિદેશોમાં તેનો પૂર્ણરૂપે પ્રસાર-પ્રચાર થયો. જર્મન વિદ્વાન ડૉ. પિશેલના મતે સંસ્કૃત નાટકનું મૂળ પ્રાચીન કઠપૂતળી નૃત્યમાં જોવા મળે છે. સૂત્રધાર, સ્થાપક વગેરે શબ્દો તેમના આ મતનું સારી રીતે સમર્થન અને પોષણ કરે છે. જેમ કઠપૂતળી નૃત્યમાં કોઇ એક સંચાલકના હાથમાં સૂત્ર હોય છે તથા એક વ્યક્તિ પૂતળીઓને સ્થાપિત કરતી રહે છે તેમ નાટકના સૂત્રધાર અને સ્થાપક પણ નાટકના પાત્રોનું યથાવત્ સંચાલન કરે છે. બીજું એક સામ્ય એ છે કે સમગ્ર રજૂઆત દરમિયાન કઠપૂતળી નૃત્યના પાત્રો અને સંસ્કૃત નાટકના પાત્રો સામાન્ય રીતે છેક સુધી રંગમંચ પર જ રહે છે. જોકે તેમનો મત શ્રી કેઇથ (Mr. Keith) ને માન્ય નથી.

કઠપૂતળીનો ખેલ લોકનાટ્યનું એક વિશિષ્ટરૂપ અને તેનો જ એક પ્રકાર છે એ માન્યતાને સમર્થન મળે છે. કઠપૂતળીના ઉદ્‌ભવ અંગે જુદા જુદા દેશોમાં અનેક લોકવાયકાઓ છે. દા.ત. ભારતમાં તેનો ઉદ્‌ગમ શિવ અને પાર્વતીના નામ સાથે સાંકળવામાં આવે છે. કોઇ એક સુથારે પૂતળીઓ બનાવી હતી તેનાથી પ્રભાવિત થઇને પાર્વતીએ તેનામાં પોતાના પ્રાણ મૂકવાની દરખાસ્ત શિવ સમક્ષ કરી. શિવે તે દરખાસ્તનો સ્વીકાર કરતાંની સાથે કઠપૂતળીઓ સુંદર નૃત્ય કરવા લાગી. થોડી વાર નૃત્યનો આનંદ લીધા પછી પાર્વતી વિદાય લેવા લાગ્યા ત્યારે પેલા સુથારે પૂતળીઓના પ્રાણ પાછા ન ખેંચી લેવાની પાર્વતીને અરજ કરી. પાર્વતીએ કહ્યું, પૂતળીઓ તે બનાવી છે માટે તેનામાં પ્રાણ પુરવાની શક્તિ પણ તારામાં જ હોવી જોઇએ. આટલું કહી શિવ-પાર્વતી વિદાય થઇ ગયા. તેમની વિદાયથી સુથાર એકદમ અસ્વસ્થ થઇ ગયો. રાત્રે સ્વપ્નમાં તેને પૂતળીઓને સૂત્રોથી બાંધીને નૃત્ય કરાવવાનો/ નચાવવાનો સંકેત મળ્યો અને આમ કઠપૂતળીના નૃત્યની શરૂઆત થઇ.

વિકાસ

અમેરિકા, પૂર્વ યુરોપના દેશો, ચીન, જાપાન, ઇન્ડોનેશિયા વગેરે દક્ષિણ-પૂર્વના દેશોમાં કઠપૂતળીની કળાનો જુદે જુદે સ્વરૂપે વિકાસ થતો રહ્યો છે. ભારતમાં પણ આ લોકકળાનું મહત્ત્વ અને ઉપયોગીતા સમજાયા છે. ભારતની ગ્રામીણ પ્રજા સાથે સંપર્ક સાધીને તેમને મનોરંજન સાથે શિક્ષણ આપવા દૂરદર્શન જેવાં માધ્યમો કઠપૂતળીઓનો બહોળો પ્રમાણમાં ઉપયોગ કરે છે, કારણ કે તે માનવહૃદયને સહેલાઇથી અને અસરકારક રીતે સ્પર્શી જાય છે.

સદીઓથી ઘણાં સાહિત્યકારો અને સંગીતકારો વગેરેએ આ કળાને સમૃદ્ધ કરવામાં પ્રોત્સાહન આપ્યું છે. કઠપૂતળીની કળામાં ભરતી-ઓટ આવ્યા, પણ તેમ છતાં તેના પ્રત્યે લોકોનું આકર્ષણ ઘટવાને બદલે ફરી જાગૃત થયું છે. સાંપ્રતકાળમાં આ કળા પ્રત્યેની જાગૃતિની શરૂઆત ફ્રાંસમાં એક નાનકડી હોટલમાં થઇ અને તેમાંથી એક આંતરરાષ્ટ્રીય સંસ્થા **'યુનિયન ઇન્ટરનેશનલ દ લા મેરિયોનેટ'**નો ૧૯૨૯માં જન્મ થયો. આ સંસ્થાના

ઉપક્રમે વિશ્વના અનેક દેશોના કઠપૂતળી કલાકારો આ કળાને પુનર્જીવિત કરવા એક પંચ પર એકત્રિત થયા.

૧૯૫૭માં પ્રાગ ખાતે આ સંગઠનનું પુનર્ગઠન કરવામાં આવ્યું. ૬૦ જેટલા દેશો અને સેંકડો વ્યક્તિગત કલાકારો આ સંસ્થા સાથે સંકળાયેલા છે. વિશ્વના લોકોમાં પરસ્પર સ્નેહ, ભાતૃભાવના તથા શાંતિ સ્થાપવામાં આ કળા મદદરૂપ થઈ શકે તેમ છે. તેથી આ કળાના અંતર્હિત મૂલ્યોનો શિક્ષણ, લોકસંપર્ક, પ્રચાર માધ્યમ અને ઉપચાર પદ્ધતિ (Occupation Therapy) તરીકે ઉપયોગ કરવો એ વાત પર તેઓ ભાર મૂકે છે. આ સંસ્થા કઠપૂતળીની કળાને નાટ્યકલામાં મૂકવા માટે પણ પ્રયત્નશીલ છે. આંતરરાષ્ટ્રીય કઠપૂતળી સ્પર્ધા "International Puppet Show Competition"માં અમદાવાદની 'દર્પણ' સંસ્થા પણ ભાગ લે છે.

રજૂઆત

કઠપૂતળીઓના અંગવિન્યાસ, હાવભાવ, કથોપકથન ઈત્યાદિ પ્રગટ કરવા માટે પૃષ્ઠભૂમિમાં રહીને સૂત્રધાર દોરીઓ અથવા સળીઓ દ્વારા તેનું સંચાલન કરે છે. કઠપૂતળીઓના પરસ્પર સ્નેહ, વાદવિવાદ, સંઘર્ષ વગેરેને સૂત્રધાર પોતાના અવાજથી વ્યક્ત કરે છે. કઠપૂતળી નૃત્યમાં જ્યારે બે પક્ષો હોય અને બંને પક્ષોના સંવાદ માટે જો જુદા જુદા સૂત્રધાર ન હોય તો એક જ વ્યક્તિ પોતાનો અવાજ બદલી બીજા પક્ષની રજૂઆત કરે છે.

વિવિધ પ્રકાર

૧) ગ્લવ પપેટ : હાથમાં ગ્લવ (મોજા) પહેરીને આંગળીઓની મદદથી પપેટનો ખેલ દર્શાવવામાં આવે છે. પપેટ ચલાવનાર પોતાની આંગળીઓથી પૂતળીઓનું માથું તથા તેના હાથ હલાવે છે. (ભારતમાં આ પ્રકાર વધુ પ્રચલિત છે.)

૨) દોરી દ્વારા સંચાલિત પપેટ : કઠપૂતળીઓનો સૂત્રધાર પ્રેક્ષકોને દેખાય નહિ એવી રીતે રંગમંચ પર બેઠેલો હોય છે. કઠપૂતળીઓમાં અનેક દોરી હોય છે. સૂત્રધાર એ દોરીઓ દ્વારા કઠપૂતળીઓનાં હાથ, પગ, માથાં હલાવી નૃત્ય કરાવે છે.

ક્યારેક વાંસ કે લાકડાની સળીઓ પર કઠપૂતળીનાં જુદાં જુદાં અંગો

ભરાવવામાં આવે છે અને તેનું હલનચલન સંકલિત રીતે અભિનયના રૂપમાં રજૂ કરવામાં આવે છે.

૩) **બુનરાકુ (જાપાનની કઠપૂતળી)** : આ કઠપૂતળીઓ લગભગ માણસના કદ જેવડી હોય છે અને મનુષ્યના જેવી આબેહૂબ ક્રિયા કરે છે.

૪) **છાયાપૂતળી** (Shadow puppet) : આ પૂતળીઓનું પડદા પાછળથી સંચાલન થાય છે. પાછળથી પડતા પ્રકાશને કારણે માત્ર કઠપૂતળીની છાયા જ દેખાય છે.

૨૦

પુષ્ટિ-ઉત્સવ

(Pushti-Festivals)

'ઉત્સવ' એટલે આનંદનો પ્રસવ. પશ્ચિમી તત્ત્વચિંતનમાં માણસને ક્યારેક બુદ્ધિશાળી તો ક્યારેક એક સામાજિક પશુના રૂપમાં પરિભાષિત કરવામાં આવ્યો છે. જ્યારે ભારતના આર્ષ ઔપનિષદ તત્ત્વચિંતન મુજબ માનવીની મહત્તા એના એ સામર્થ્યમાં રહેલી છે કે જેને લીધે આ પ્રાણીસુખ અને આનંદમાં રહેલા તફાવતને જાણી, માની અને માણી શકે છે. માનવેતર યોનિમાં જન્મેલ પ્રાણીઓ સુખ-દુઃખની વચ્ચે રહેલ તફાવતને પિછાણી શકે છે. એ મુજબ પોતાના વ્યવહારમાં વર્તી પણ શકે છે અને તેમાં પરિવર્તન પણ લાવી શકે છે. છતાંય સુખ અને આનંદની વચ્ચે રહેલ અંતરને પિછાણવું એ માનવયોનિમાં પ્રગટેલ પ્રાણીનો જ વિશેષાધિકાર છે.

સુખ એક આધિભૌતિક ઈષ્ટ છે, જ્યારે આનંદ આપણા માનવયોનિમાં રહેલા દરેક પાસાને આવરી લે છે. નામતઃ આધિભૌતિક ઈષ્ટ, આધ્યાત્મિક ઈષ્ટ કે આધિદૈવિક ઈષ્ટ. આનંદ વ્યાપક હોય છે, જ્યારે સુખ સીમિત. સુખ ક્ષણિક હોય જ્યારે આનંદ શાશ્વત, માણસની રતિ, જાતિ અને કૃતિનો વાસ્તવિક વિષય આનંદ જ હોય છે. અલબત્ત ક્યારેક પિછાણી શકવાની વિફલતા, તો ક્યારેક પિછાણવા છતાં સ્વીકારી શકવાની વિફળતા; અથવા તો ક્યારે સ્વીકારવા છતાંય માણી શકવાની આપણી વિફલતાને લીધે આપણી રતિ, મતિ કે કૃતિને આપણે ક્ષુદ્ર સુખ તરફ વાળીને સંતોષ માની લેતા હોઈશું છતાંય આ વાત ચોક્કસ છે કે આપણી રતિ, મતિ કે કૃતિ દ્વારા આપણે શોધી રહ્યા છીએ સુખને નહીં પણ આનંદને જ.

એવા આનંદનો પ્રસવ તેને 'ઉત્સવ' કહેવાય અને જો તે ઉત્સવ એક ધાર્મિક ઉત્સવ હોય તો એનો સીધેસીધો અર્થ એમ થાય કે આપણા ધર્માચરણથી આપણી ભીતર કોઈક એક વિશિષ્ટ આનંદનો પ્રસવ થયો છે. વિવિધ પ્રસંગોપાત્ત જ્યારે આવા આનંદનો પ્રસવ થાય ત્યારે તે જીવનમાં ઉત્સવ બની માનવહૃદયને ઉમંગ અને ઉલ્લાસથી ભરી દે છે.

ભારતીય સંસ્કૃતિ વૈદિક પરંપરાઓ અને શાસ્ત્રો પર આધારિત છે. આનંદની પ્રાપ્તિ એ મનુષ્યજીવનનું ધ્યેય રહેલું છે. આપણા પર્વો-ઉત્સવો, તહેવારો એ હૃદયના ઉમંગોની અભિવ્યક્તિ માટે તેમ જ હૃદયના ઉલ્લાસ, આનંદની પ્રાપ્તિ માટે આયોજિત કરવામાં આવે છે. ભારતભરમાં પ્રત્યેક પ્રાંતમાં લોકો પોતપોતાની રીતે વર્ષ દરમ્યાન અલગ-અલગ પ્રસંગે પર્વો-તહેવારો ઊજવતા હોય છે. ઉત્સવો એ આપણી સાંસ્કૃતિક પરંપરાનો એક અભિન્ન ભાગ છે. પ્રત્યેક પર્વ કે તહેવારોને તેનું પોતાનું મહત્ત્વ હોય છે અને પોતાનું માહાત્મ્ય હોય છે. કેટલાક તહેવારો વૈદિક પરંપરા અથવા પૌરાણિક કથા સાથે સંકળાયેલ છે, જ્યારે કેટલાક ધર્મ સાથે અનુબંધિત હોય છે. એવા ધાર્મિક તહેવારો કે પર્વને આપણે 'ઉત્સવ' કહીએ છીએ. પુષ્ટિમાર્ગમાં ઉત્સવોનું એક વિશિષ્ટ મહત્ત્વ છે.

પુષ્ટિભક્તિમાર્ગમાં આરાધ્ય પરબ્રહ્મ પરમાત્મા શ્રીકૃષ્ણ છે. પુષ્ટિભક્તિનું સ્વરૂપ નંદવંદન યશોદોત્સંગ લાલિત વ્રજેશ્વર શ્રીકૃષ્ણની સેવા છે, જે એવા હાસ્યભાવથી શરૂ થઈ રસેશ્વર શ્રીકૃષ્ણની રસાનંદની અનુભૂતિ સુધી લઈ જાય છે. માટે જ પુષ્ટિમાર્ગીય સેવામાં પ્રણાલિકામાં સંપૂર્ણ વર્ષ દરમિયાન પરંપરાગત રીતે વિવિધ ઉત્સવોનું આયોજન કરવામાં આવે છે. શ્રી વલ્લભાચાર્યજી સુબોધિનીમાં કહે છે- **'ઉત્સવો નામ મનસઃ સર્વવિસ્મારક આલ્હાદઃ'** હૃદયની સ્વયં સ્ફુરણાને ઉત્સવ કહે છે, જેમાં શરીર, હૃદય અને આત્મામાં આનંદની અનુભૂતિ થાય છે. એવી કૃપા દ્વારા ભક્તના ભાવ અનુસાર પ્રભુ જે અનુભવ કરાવે છે તેને ઉત્સવ કહે છે. શ્રી ગુંસાઈજીએ પુષ્ટિ સેવા પ્રણાલીમાં, રાગ-ભોગ-શૃંગારનો સમન્વય કરી ખૂબ જ સુંદર પરંપરા પ્રસ્થાપિત કરી છે. તેમણે બાર માસના ઉત્સવો નિશ્ચિત કર્યા છે, જેના અનુસાર પુષ્ટિમાર્ગીય સેવાક્રમમાં તે મનાવવામાં આવે છે. પુષ્ટિમાર્ગની સ્વરૂપ સેવાના પ્રકારમાં નંદાલય તેમ જ નિકુંજલીલાનો ભાવ છે અને તદનુસાર જે તે દિવસે વિવિધ ઉત્સવો મનાવવામાં આવે છે, જ્યારે કેટલાક ઉત્સવો વૈદિક પરંપરા પર અથવા લોકપરંપરા પર આધારિત મનાવાય છે. આમ પ્રત્યેક ઉત્સવ કે તહેવારનું વિશિષ્ટ મહત્ત્વ છે. મહદંશે તેમાં સંપૂર્ણ વ્રજલીલાનો ભાવ સમાવિષ્ટ હોય છે. કેટલાક ઉત્સવો ભાગવતજીમાં વર્ણિત ભગવદ અવતારોની જન્મજયંતીના નિમિત્તે મનાવવામાં આવે છે. જેમ કે રામજયંતી, નૃસિંહજયંતી, વામનજંયતી, કારણ કે તે અવતારોમાં પણ શ્રી પ્રભુએ કેટલાંક પુષ્ટિકાર્યો કર્યાં

છે. તે જ પ્રમાણે પુષ્ટિમાર્ગના મુખ્ય આચાર્યો- શ્રી વલ્લભાચાર્યજી, શ્રી વિઠ્ઠલનાથજી, શ્રી હરિરાયજી ઇત્યાદિના પ્રાગટ્ય દીને પણ ઉત્સવો મનાવવામાં આવે છે. કારણ કે પુષ્ટિભક્તિ માર્ગના પાયામાં કે તેના વિકાસમાં એ મહાનુભાવોનો વિશિષ્ટ ફાળો રહેલો છે.

પુષ્ટિમાર્ગમાં મનાવાતા મુખ્ય ઉત્સવો

(૧)	શ્રાવણ વદ ૮-૯	જન્માષ્ટમી- નંદ મહોત્સવ
(૨)	ભાદરવા સુદ ૮	રાધાષ્ટમી
(૩)	ભાદરવા સુદ ૧૧થી ભાદરવા વદ અમાસ પર્યંત	દાનલીલા
(૪)	ભાદરવા સુદ ૧૨	વામન જયંતી
(૫)	ભાદરવા સુદ ૧૫થી ભાદરવા વદ અમાસ પર્યંત	સાંઝીલીલા
(૬)	આસો સુદ ૧થી ૯	નવવિલાસ
(૭)	આસો સુદ ૧૦	વિજયાદશમી
(૮)	આસો સુદ ૧૫	રાસોત્સવ (શરદપૂર્ણિમા)
(૯)	આસો વદ ૧૪	રૂપ ચતુર્દશી
(૧૦)	આસો વદ અમાસ	દીપાવલી, હટડી, કાનજગાઈ
(૧૧)	કારતક સુદ ૧	અન્નકોટોત્સવ
(૧૨)	કારતક સુદ ૮	ગોપાષ્ટમી
(૧૩)	કારતક સુદ ૧૧	પ્રબોધિની
(૧૪)	માગશર વદ ૯	શ્રીગુંસાઈજીનો પ્રાગટ્યોત્સવ
(૧૫)	મહા સુદ ૫	વસંતપંચમી (મહા સુદ પથી ફાગણ સુદ ૧૫ સુધી હોળીખેલ)
(૧૬)	મહા વદ ૭	શ્રીનાથજીનો પાટોત્સવ
(૧૭)	ફાગણ સુદ ૧૫	હોળી-ઉત્સવ
(૧૮)	ફાગણ વદ ૧	ડોલોત્સવ
(૧૯)	ફાગણ વદ ૨	દ્વિતીયા પાટોત્સવ
(૨૦)	ચૈત્ર સુદ ૧	સંવત્સર

(૨૧) ચૈત્ર સુદ ૩	ગણગોર ઉત્સવ
(૨૨) ચૈત્ર સુદ ૬	શ્રી યમુનાજીનો પ્રાગટ્ય દિવસ
(૨૩) ચૈત્ર સુદ ૯	રામનવમી
(૨૪) ચૈત્ર વદ ૧૧	શ્રી વલ્લભાચાર્યજીનો પ્રાગટ્યોત્સવ
(૨૫) વૈશાખ સુદ ૩	અક્ષયતૃતિયા- ચંદનયાત્રા
(૨૬) વૈશાખ સુદ ૧૪	નૃસિંહ જયંતી
(૨૭) જેઠ સુદ ૧૫	સ્નાનયાત્રા
(૨૮) અષાઢ સુદ ૨	રથયાત્રા
(૨૯) અષાઢ વદ બીજથી શ્રાવણ વદ ૨ સુધી	હિંડોળા
(૩૦) શ્રાવણ સુદ ૩	ઠકુરાણી ત્રીજ
(૩૧) શ્રાવણ સુદ ૧૧-૧૨	પવિત્રા એકાદશી-દ્વાદશી (પુષ્ટિમાર્ગનો પ્રાગટ્ય દિન)
(૩૨) શ્રાવણ સુદ ૧૫	રક્ષાબંધન

વિશિષ્ટ ઉત્સવો

૧. જન્માષ્ટમી- નંદ મહોત્સવ

જન્માષ્ટમી- નંદમહોત્સવ એ પુષ્ટિમાર્ગનો સૌથી મહત્ત્વનો ઉત્સવ છે અને એટલે જ તેને 'મહોત્સવ' કહેવાય છે. શ્રીકૃષ્ણ એ પુષ્ટિમાર્ગમાં આરાધ્ય દેવ છે અને તેનો પ્રાદુર્ભાવ સારસ્વત કલ્પમાં શ્રાવણ વદ અષ્ટમીની મધ્ય રાત્રીએ થયો હતો, માટે તેને 'જન્માષ્ટમી' કહેવાય છે. દેવકીજીનાં લગ્ન સમયની આકાશવાણીથી ભયભીત થઈ રાજા કંસે દેવકી-વસુદેવને કારાવાસમાં પૂરી દીધાં હતાં. શ્રાવણ વદ અષ્ટમીને દિવસે મધ્ય રાત્રીએ ભગવાન સ્વયં ચતુર્ભુજ સ્વરૂપે પ્રગટ થયા હતા. દેવકીજીની વિનંતીથી તેમણે બાળસ્વરૂપ ધારણ કર્યું. કંસથી તેમનું રક્ષણ કરવા કાજે વસુદેવ રાત્રી દરમિયાન જ તેમને ગોકુલમાં નંદરાયજીનાં પત્ની યશોદાજીની ગોદમાં પધરાવી આવ્યા. બીજા દિવસની સવારે સમગ્ર ગોકુળમાં યશોદાજીને ત્યાં લાલાનું પ્રાગટ્ય થવાની વાત પ્રસરી જતાં સમસ્ત વ્રજનાં ગોપી-ગ્વાલો દૂધ-દહીં-માખણ લઈ નંદરાયજીને વધાઈ આપવા ટોળેટોળાં ઊમટી પડ્યાં અને શ્રીકૃષ્ણનો પ્રાગટ્યોત્સવ 'નંદ ઘેર

આનંદ ભયો, જય કનૈયા લાલકી'ના જયઘોષ સાથે ખૂબ જ ધામધૂમથી અને આનંદ- ઉલ્લાસપૂર્વક ઊજવવામાં આવ્યો.

એ જ ભાવનાથી પ્રતિ વર્ષ શ્રાવણ વદ અષ્ટમીને દિવસે પુષ્ટિમાર્ગીય મંદિરોમાં પ્રભુના વિગ્રહને પંચામૃત સ્નાન થાય છે. કેસરી વસ્ત્ર, ફુલ્હે જોડના ત્રણ જોડીના શૃંગાર ધરાવાય છે. રાજભોગ સમયમાં 'શ્રી'ને તિલક થાય છે. મધ્ય રાત્રીએ જન્મનાં દર્શન થાય છે, જે સમયે વિષ્ણુ સ્વરૂપ શાલીગ્રામજીને પંચામૃત થાય છે. પૂજન-અર્ચન, તિલક-માલા કર્યા પછી શ્રીઠાકોરજીને 'મહાભોગ' ધરાવવામાં આવે છે. બીજે દિવસે સવારે નવમીના દિવસે 'શ્રી' પ્રભુના વિગ્રહને પાલનામાં ઝૂલાવવામાં આવે છે. મુખિયાજી- આચાર્યશ્રી નંદ- યશોદાનો શૃંગાર ધારણ કરે છે, જ્યારે સેવકગણ ગોપીગ્વાલ બની દૂધ, દહીં, માખણ ઉડાડે છે. 'નંદ ઘેર આનંદ ભયો, જૈ કનૈયા લાલ કી'ના જયઘોષ સાથે ખૂબ નાચે છે. જાણે સાક્ષાત બાલકનૈયો પાલનામાં ઝૂલી રહ્યો હોય એવી અદ્‌ભુત ઝાંખી કરતાં સૌ આનંદવિભોર થાય છે.

આ સમગ્ર સારસ્વત કલ્પની વ્રજની લીલા છે, જેનું વિસ્તૃત વર્ણન ભાગવતજીના દશમ સ્કંધમાં પ્રાપ્ત થાય છે. આ લીલાનું તાદશ વર્ણન અષ્ટસખાનાં કીર્તનોમાં આલેખાયેલું છે. જે વાંચતા-ગાતાં એ અલૌકિક લીલાનું દૃશ્ય આપણી સમક્ષ પ્રત્યક્ષ બને છે.

સમગ્ર ભારતવાસીઓ માટે જન્માષ્ટમી એ આનંદ-ઉલ્લાસનું પર્વ છે. પ્રત્યેક કૃષ્ણમંદિરમાં જન્માષ્ટમીનો ઉત્સવ ખૂબ જ ધામધૂમથી મનાવવામાં આવે છે. વ્રજમાં તેને 'દધિકાદૌ' કહેવાય છે જ્યારે મહારાષ્ટ્રમાં જન્માષ્ટમીને 'દહિહાંડી' ઉત્સવ તરીકે ઊજવવામાં આવે છે, જે શ્રીકૃષ્ણની માખણચોરી લીલાનો એક પ્રકાર છે. અનેક સ્થળોએ જાહેર રસ્તા પર દહીં ભરેલી હાંડી ખૂબ ઊંચે લટકાવવામાં આવે છે. યુવાનો એકઠા થઈ 'ગોવિંદા'ના રૂપમાં સમૂહમાં જઈ એકબીજા પર ચડી માનવ-પિરામિડ રચી દહીંની હાંડી ફોડે છે. આમ જન્માષ્ટમીએ લોકોત્સવનું સ્વરૂપ પણ ધારણ કર્યું છે.

૨. અન્નકોટ ઉત્સવ

સારસ્વત કલ્પની વ્રજલીલાના વર્ણન મુજબ પ્રતિવર્ષ થતા ઈન્દ્રદેવના યજ્ઞને અટકાવી દઈ નંદબાબા વ્રજવાસીઓને શ્રીકૃષ્ણે વ્રજના અધિપતિ ગણાતા

ગિરિરાજ ગોવર્ધનનો યજ્ઞ કરવાની સલાહ આપી. અને ઈન્દ્રયાગને બદલે 'ગોવર્ધન-યાગ' કરાવ્યો એ 'ગોવર્ધનલીલા'નો આ ઉત્સવ છે. ભાગવતજીમાં શ્રી ગોવર્ધનલીલા- ઈન્દ્ર માનભંગ લીલામાં આ પ્રસંગ ખૂબ સુંદર રીતે આલેખાયેલો છે. પ્રતિવર્ષ દિવાળીના બીજા દિવસે એટલે કે કારતક સુદ પ્રતિપદાએ બધા જ વ્રજવાસીઓ ઈન્દ્રને પોતાનો પાલનહાર- રક્ષણહાર માની તેની પૂજા-અર્ચના કરતા અને વિવિધ પ્રકારની ભોગસામગ્રી ધરી તેને ખુશ કરવાનો પ્રયત્ન કરતા. શ્રીકૃષ્ણે આ પરંપરાનો વિરોધ કરી વ્રજજનોને સમજાવ્યા કે વાસ્તવમાં ગોવર્ધન પર્વત વ્રજની રક્ષા કરનારો દેવ છે. તેના પરનાં વૃક્ષો ગાયનું પાલન કરે છે, ઈત્યાદિ દલીલો દ્વારા શ્રીકૃષ્ણે ઈન્દ્રયાગ અટકાવી 'ગોવર્ધનયાગ' કરવાની સલાહ આપી. તેથી ઈન્દ્ર માટે જે ભોગસામગ્રી તૈયાર કરવામાં આવી હતી એ સર્વેનો ભોગ વ્રજવાસીઓએ ભેગા મળી ગોવર્ધન પર્વતના મુખારવિંદના સ્થાને આવી ધર્યો. સામગ્રીના એટલા બધા પ્રકાર અને માત્રા હતી કે જાણે અન્નનો કિલ્લો સર્જાઈ ગયો. તેથી તેને 'અન્નકોટ' નામ આપવામાં આવ્યું.

શ્રીકૃષ્ણ સ્વંય પ્રગટ પુરુષોત્તમ હોઈ તેમણે પોતે શ્રીગિરિરાજજીના આધિદૈવિક સ્વરૂપે વ્રજજનોના દેખતા, સહસ્રભૂજા ધારણ કરી એ વિવિધ ભોગસામગ્રી આરોગી જેથી વ્રજજનો કૃતકૃત્ય થયા, આનંદિત થયા.

સ્વર્ગના રાજા ઈન્દ્રને જ્યારે જાણ થઈ કે પોતાનું પૂજન- અર્ચન દ્વારા પ્રતિ વર્ષ કરવામાં આવતો યજ્ઞ શ્રીકૃષ્ણના કહેવાથી વ્રજવાસીઓએ કર્યો નથી અને તેને બદલે ગોવર્ધન પર્વતની પૂજા કરી તેને ભોગ સમર્પિત કરવામાં આવ્યો છે ત્યારે કોપાયમાન થઈ સમસ્ત વ્રજમંડળ પર મૂશળધાર વર્ષા કરી સાત દિવસ પર્યંત અતિ કેર વર્તાવ્યો. વ્રજવાસીઓની રક્ષા કરવા ભગવાન કૃષ્ણે પોતાની ટચલી આંગળી પર ગોવર્ધન પર્વત ઉઠાવી લઈ સૌકોઈને તેની નીચે આવી જવા કહ્યું અને આમ વ્રજવાસીઓની રક્ષા કરી. ઈન્દ્રે જ્યારે જાણ્યું ત્યારે તેને શ્રીકૃષ્ણના અસલી સ્વરૂપનું ભાન થયું કે તેઓ તો પરબ્રહ્મ પરમાત્મા છે અને તેમનો દ્વેષ કરી તેણે મોટી ભૂલ કરી છે, તેથી તે શ્રીકૃષ્ણ પાસે આવી પગે પડ્યો અને તેમની ક્ષમાયાચના કરી.

સારસ્વત કલ્પની ઉપરોક્ત લીલાને અનુરૂપ પ્રતિવર્ષ પુષ્ટિમાર્ગમાં 'અન્નકોટ

ઉત્સવ' ઊજવવામાં આવે છે. સવારમાં શ્રી પ્રભુના મંદિરના ગોવર્ધનચોકમાં પ્રતીકાત્મક રૂપે ગાયના ગોબરના ગિરિરાજજી તૈયાર કરવામાં આવે છે. તેના પર કદલીસ્થંભ- લતાપતાંઓ લગાડી વનનો ભાવ આપવામાં આવે છે. શ્રી પ્રભુને ચોકમાં પધરાવી ગિરિરાજજીનું પંચામૃત સ્નાન કરાવી પૂજન-અર્ચન કરવામાં આવે છે, તિલક-માલા-વસ્ત્ર ધરાવાય છે. ભોગ ધરવામાં આવે છે અને ગાયો સાથે એની પરિક્રમા કરાય છે. આ પ્રસંગે ગાયોને ખાસ નિમંત્રણ દઈ બોલાવવામાં આવે છે અને એને ખેલવવામાં આવે છે. કંકુ-હલ્દીના એના પર થાપા દેવાય છે, એને સુંદર વસ્ત્રો- આભૂષણોથી શણગારવામાં આવે છે. આને 'ગોવર્ધનપૂજા' કહેવાય છે. શ્રી ઠાકોરજી આજે સફેદ જરીનાં વસ્ત્રો- મસ્તકે કુલ્હેજોડ સાથે ગોકર્ણના શૃંગાર ધારણ કરે છે.

ગોવર્ધનપૂજા પછી શ્રી પ્રભુમંદિરમાં પધારે છે. તેમની આગળ વિવિધ પ્રકારની ભોગસામગ્રી સજાવાય છે. લીલા, સૂકા મેવા, માખણ, મિસરી, દૂધ, દહીં, બરફી, પેંડા ઈત્યાદિ વિવિધ દૂધઘરની સામગ્રી, અનસખડી, ઠોર, મોહનથાળ, બુંદી, ઈત્યાદિના અનેક પ્રકાર ઉપરાંત સખડીના અનેક પ્રકાર- દાળ, કઢી, કઠોળ, શાકભાજી, ભુજેના, સુકવણી, ખીર, શીરા વગેરે ધરવામાં આવે છે. ભાતનો તો બહુ મોટો ઢગલો કરવામાં આવે છે. જેના ઉપર વચમાં શિખર પર એક ગોળ અને ચાર દિશામાં ચાર આયુદ્ધ સ્વરૂપ શૃંગારિક ગુંજા ધરવામાં આવે છે. ભગવાન બધા રસના ભોક્તા છે. કડવો, ખાટો, ખારો, તીખો, તૂરો, મીઠો એમ ષટરસની સામગ્રી અનેકાનેક પ્રકારના ભોગમાં આવે છે. અન્નકોટના પાકવિધિના પ્રકાર ભાગવતના દશમ સ્કંધના સાધન પ્રકરણની સુબોધિનીમાં મળે છે, જ્યાં શ્રી વલ્લભાચાર્યજી કહે છે- **"પાકા ભર્જન જલપચન તૈલ, ધૃત, દુગ્ધ, દધ્યાદિષુ ચ પાકાઃ પરિગૃહતાઃ તેન નાનાવિધાનિ ભક્ષ્યાનિ સેત્સ્યન્તિ."** સામગ્રી સજાઈ ગયા પછી શંખોદક ધૂપ આરતી કરી પ્રભુને ભોગ ધરવામાં આવે છે.

અન્નકોટનાં દર્શનની ઝાંખી એ વૈષ્ણવો માટે એક અલૌકિક લહાવો છે. પુષ્ટિમાર્ગનો આ એક અતિ મહત્ત્વનો અને વિશિષ્ટ ઉત્સવ છે. વર્ષ દરમિયાન એકત્રિત દ્રવ્યને શ્રી પ્રભુને વિવિધ સામગ્રી ધરી વિનિયોગ કરાવી ભક્તજનોને પ્રસાદરૂપે વિતરણ કરી દેવો એવી અપરિગ્રહની ભાવના પણ આ ઉત્સવ સાથે

જોડાયેલ છે. આ એક આદિદૈવિક મહાયજ્ઞ છે. યજ્ઞમાં શ્રીવિષ્ણુના મુખરૂપ વેદીમાં વિવિધ પ્રકારની આહુતિ આપવામાં આવે છે. ગોવર્ધન યાગમાં અનેક પ્રકારની સામગ્રી શ્રી પ્રભુને આરોગાવવામાં આવતી હોઈ એ એક યજ્ઞનો જ પ્રકાર છે.

૩. ડોલોત્સવ- રંગપંચમી

ષટઋતુમાં વસંતઋતુનું વિશેષ મહત્ત્વ છે. એને 'ઋતુરાજ' કહેવામાં આવે છે. મહાસુદ પાંચમ- વસંતપંચમીથી વસંતઋતુનું આગમન થાય છે. ત્યારે સમસ્ત ધરતીનું વાતાવરણ ખુશનુમા, આહ્‌લાદક અને અતિ ઉલ્લાસમય બને છે. વૃક્ષો-લતાઓ નવપ્લવિત થાય છે. આંબે મ્હોર બેસે છે. કોયલના મીઠા ટહુકા સંભળાય છે. સમગ્ર સૃષ્ટિ નવસંચારિત બને છે. માનવમન પણ પ્રફુલ્લિત બને છે અને સર્વત્ર આનંદનું વાતાવરણ છવાઈ જાય છે.

વસંત પંચમીથી ફાગણ સુદ પૂનમ સુધીના ૪૦ દિવસ પર્યંત વસંતોત્સવ મનાવવામાં આવે છે. વિશેષતઃ વ્રજમાં આ દિવસો ખૂબ જ આનંદ અને ઉલ્લાસના દિવસો હોય છે, કારણ કે વ્રજલીલામાં શ્રીકૃષ્ણે આ દિવસો દરમિયાન વ્રજભક્તો- ગોપી- ગ્વાલો સાથે પરસ્પર રંગ ઉડાડી વસંતોત્સવ મનાવ્યો હતો. એ જ પરંપરાને વ્રજજનોએ આજે પણ ચાલુ રાખી છે. આજે પણ આ દિવસોમાં ત્યાં રોજ રંગની છોળો ઊડે છે અને વ્રજવાસીઓ મદોન્મત્ત થઈ નાચગાન કરે છે. નંદગામ-બરસાનાના 'હોરંગા' આજે પણ જગપ્રસિદ્ધ છે. એને લોકભાષામાં 'લઠ્ઠમાર હોરી' પણ કહેવાય છે.

સામાન્યતઃ પુષ્ટિભક્તિમાં 'દાસ્યભાવ'નું પ્રાધાન્ય છે, પરંતુ વસંતોત્સવના આ દિવસોમાં વ્રજભક્તો દાસ્યભાવ ભૂલી જઈ સખ્યભાવથી શ્રીકૃષ્ણને વિવિધ રંગોથી રંગી અનેક પ્રકારે ખેલાવે છે અને ભાન ભૂલી તેમની સાથે ખેલે છે. આ ખેલમાં અબીલ-ગુલાલ તેમ જ ચોવા-ચંદનનો પ્રચુર માત્રામાં ઉપયોગ થાય છે. કેસુડાથી પિચકારી દ્વારા પણ અરસપરસ ભીંજવી એકબીજાને આનંદરસમાં તરબોળ કરી દેવાય છે.

હોલિકોત્સવના બીજા દિવસે ફાલ્ગુની નક્ષત્રમાં શ્રી પ્રભુ ડોલમાં બિરાજે છે જે નિકુંજની ક્રીડા છે. આંબાના વૃક્ષની ડાળે ઝૂલો બાંધી આંબાના પાનથી તેને સજાવવામાં આવે છે. આ ઝૂલામાં શ્રીકૃષ્ણ રાધિકાજી સાથે બિરાજી ઝૂલે છે.

વ્રજગોપીજન તેમને એનક રંગોથી કેસુડાથી રંગી આનંદપ્રમોદ માણે છે.

ચાર પ્રકારના ભક્તો- સાત્ત્વિક, રાજસ, તામસ અને નિગુર્ણ સાથેના નિર્દોષવિહારની ભાવનાથી પુષ્ટિમાર્ગીય ડોલોત્સવમાં ચાર ખેલનાં દર્શન થાય છે. પ્રત્યેક ખેલમાં એ ચારેય પ્રકારના વ્રજભક્તોના ભાવથી ડોલ ઝૂલાવવામાં આવે છે. આ દિવસોમાં શ્રી પ્રભુને સોનાનાં તથા મીનાનાં વિવિધ પ્રકારનાં આભરણ ધરવામાં આવે છે. આ ભાવનું તાદૃશ નિરૂપણ ભક્તકવિના કીર્તનમાં આ પ્રમાણે મળે છે :

ઝુલત રાધિકા સંગ ગોવર્ધન પર્વત કે ઉપર ખેલત અતિ રસ રંગ,
પ્રથમ ખેલ રાધા મન હુલસ્યો કેસર લપટત અંગ,
દુજો ખેલ રચ્યો ચંદ્રાવલી અબીર ગુલાલ સુરંગ,
જો કિયો લલિતાદિક અગ્નિ કુમારી કા સંગ,
ચોથો ખેલ કિયો વૃંદાવન પીય મોહે રસિક અનંગ.

એક આખ્યાયિકા પ્રમાણે પ્રાચીન સમયમાં પરમ વૈષ્ણવ એવા ઈન્દ્રદ્યુમ્ન નામના રાજાને શ્રી જગન્નાથજીએ આજ્ઞા કરી કે એક વર્ષમાં મારા બાર મહોત્સવ કરવા, તેમાં મારો 'ડોલ'નો ઉત્સવ પણ કરવો. પુષ્ટિસંપ્રદાયમાં શ્રી વલ્લભાચાર્યજીએ ઉત્સવક્રમમાં આ પરંપરા ચાલુ રાખી છે.

વ્રજલીલા ભાવના પ્રમાણે શ્રીનંદરાયજી- યશોદાજી પોતાના પુત્રને વાત્સલ્ય ભાવથી ડોલ ઝૂલાવે છે તો એક અન્ય ભાવ મુજબ ગોવર્ધનની તળેટીમાં જ્યાં સદા વસંત ખીલેલી રહે છે ત્યાં નિકુંજમાં ફળ-ફૂલ-વૃક્ષો ઈત્યાદિની વિનંતીથી તેઓનો અંગીકાર કરવા શ્રી પ્રભુએ 'ડોલોત્સવ' મનાવી એ સૌનો અંગીકાર કરી કૃતાર્થ કર્યા છે.

આમ તો ડોલોત્સવને દિવસે હોરી-ખેલના દિવસો સમાપ્ત થઈ જાય છે, પરંતુ વિશેષતઃ મર્યાદા ભક્તિના પ્રકારમાં ફાગણ વદ પાંચમને દિવસે 'રંગ-પંચમી' ઊજવવામાં આવે છે. એ દિવસે પણ વિવિધ રંગો-અબીલ-ગુલાલથી શ્રી પ્રભુને ખેલવામાં આવે છે.

૪. શરદોત્સવ

ભાગવતજીના દશમસ્કંધની 'રાસપંચાધ્યાયી'માં વર્ણિત 'રાસલીલા'ના પ્રસંગને અનુરૂપ પુષ્ટિમાર્ગમાં 'શરદોત્સવ' આસો સુદ પૂનમને દિવસે મનાવવામાં

આવે છે. રામાવતારમાં દંડકારણ્યમાં તપ કરતાં ઋષિકુમારનો, તેમ જ વેદની ઋચાઓને આપેલ વચનને પરિપૂર્ણ કરવા સારસ્વત કલ્પમાં અવતરિત ઋષિરૂપા તથા શ્રુતિરૂપા વ્રજભક્તોના મનોરથ સિદ્ધ કરવા ભગવાન શ્રીકૃષ્ણે વેણુનાદ કરી તેઓને શરદઋતુની પૂર્ણિમાની મધ્ય રાત્રે બોલાવી તેઓને રાસલીલા દ્વારા ભજનાનંદનું દાન કર્યું હતું. એ આ ઉત્સવની પૃષ્ઠભૂમિમાં છે. આનું વર્ણન કરતાં શ્રીવ્યાસજી ભાગવતના ૨૯મા અધ્યાયનો પ્રારંભ કરતાં કહે છે-

'ભગવાનપિ તા રાત્રીઃ શરદોત્ફુલ્લ મલ્લિકાઃ
વીક્ષ્ય રન્તું મનશ્ચક્રે યોગ માયામુપાશ્રિતઃ'

અર્થાત્- ભગવાન શ્રીકૃષ્ણે શરદ ઋતુને લીધે જેમાં મલ્લિકાનાં કુસુમો વિકસી રહ્યાં છે એવી દિવ્ય રાત્રિઓને ખાસ નિહાળી ત્યારે રમણ માટે ઈચ્છા કરી.

રાસલીલાનું વર્ણન કરતાં વ્યાસજી કહે છે કે 'ભગવાનની સેવા કરનારા અને ભગવાનની રુચિને અનુસરનારા પ્રભુની વાણીથી અને પ્રાપ્તિથી પ્રસન્ન થયેલાં, વળી પરસ્પરનાં કરકમલોને ઝાલીને ઊભાં રહેલાં શ્રી વ્રજ નારીજનો સાથે વીંટાઈને ભગવાન શ્રીકૃષ્ણે રાસલીલાનો આરંભ કર્યો. બબ્બે ગોપીજનો અને મધ્યમાં શ્રીકૃષ્ણ એવા સોળ ગોપીઓ અને આઠ શ્રીકૃષ્ણનું એક મંડળ એવાં અનેક મંડળોથી શોભતા યોગેશ્વર ભગવાન શ્રીકૃષ્ણે ગોપીમંડલથી સુશોભિત એવો રાસોત્સવ શરૂ કર્યો.'

રાસલીલાનું હાર્દ સમજાવતાં શ્રી વલ્લભાચાર્યજી સુબોધિનીમાં કહે છે કે 'ભક્તોના ઉપર કૃપા કરવાને માટે મનુષ્ય દેહ ધારણ કરીને ભગવાને એવી ક્રીડા કરી કે જેનું શ્રવણ કરવાથી માણસ ભગવાનમાં લીન થઈ જાય.' રાસલીલા એ ભગવાનની 'નિષ્કામ લીલા' છે. ભગવાન આપ્તકામ છે. આ લીલામાં ભગવાને ભક્તોને સ્વરૂપાનંદનું દાન કર્યું છે. રાસપંચાધ્યાયીના અંતમાં આ લીલાની ઉત્કૃષ્ટતા વર્ણવતાં શ્રી વ્યાસજી કહે છે કે 'ગોપીજનો સાથેનું ભગવાનનું આ રમણ જે કોઈ પુરુષ શ્રદ્ધા રાખીને શ્રવણ કરશે અને વર્ણન કરશે એ ભગવાનમાં પરાભક્તિ પ્રાપ્ત કરીને હૃદયના રોગ રૂપ કામનો જલદી નાશ કરશે અને સત્વર ધીર બનશે. આમ રાસલીલા એ ફલદાયીની લીલા છે અને

તેથી જ શ્રી વલ્લભાચાર્યજીએ દશમ સ્કંધની લીલાનું વર્ગીકરણ કરતાં રાસપંચાધ્યાયીને તામસ ફલ પ્રકરણની લીલા કહી છે.

વ્રજમાં 'ચંદ્રસરોવર' એ આ લીલાનું મુખ્ય સ્થળ મનાય છે. આ લીલા ભાવનાને અનુરૂપ પુષ્ટિમાર્ગમાં શરદોત્સવનું વિશેષ મહત્ત્વ રહેલું છે. શ્રીપ્રભુને રૂપેરી જરીનાં વસ્ત્ર- સુથન- કાછની અને મસ્તકે હીરાજડિત મુકુટ તેમ જ હીરાનાં આભરણ ધરવામાં આવે છે તથા વિવિધ શ્વેત સામગ્રીનો ભોગ ધરવામાં આવે છે. મહારાસની આ લીલાનું સ્વરૂપ પુષ્ટિમાર્ગીય નિધિ સ્વરૂપોમાં શ્રી ગોકુલચંદ્રમાજીનું છે, જેનું લાવણ્ય કોટી 'મન્મથ મન્મથ' કરોડો રતિપતિ કામદેવને શરમાવે એવું છે. સંભવતઃ આ ઉત્સવનું આયોજન શરદપૂર્ણિમાની રાત્રે ચંદ્રમાની ચાંદની પ્રાપ્ત થાય એવા સ્થળે કરવામાં આવે છે. .

◆

૨૧

પુષ્ટિમાર્ગીય સેવ્ય સ્વરૂપો

(Pustimargiy Idols)

પુષ્ટિમાર્ગના મુખ્ય આચાર્ય- શ્રી વલ્લભાચાર્યજી. તેઓ આંધ્રપ્રદેશના કાંકરવાડ ગામના તૈલંગ બ્રાહ્મણ. (કૃષ્ણ યજુર્વેદની તૈત્તરિય શાખા).

પિતા- લક્ષ્મણભટજી, માતા ઈલ્લમાગારુજી, જન્મસ્થળ મધ્યપ્રદેશમાં ચંપારણ્ય. (સંવત ૧૫૩૫ના ચૈત્ર સુદ અગિયારસ).

શ્રી વલ્લભાચાર્યજીએ પોતાને સ્વપ્નમાં થયેલ આજ્ઞાનુસાર વ્રજ મંડળમાં મથુરા પાસે આવેલ ગોવર્ધન પર્વતની કંદરામાંથી શ્રીનાથજીના સ્વરૂપને બહાર પધરાવી નાનું મંદિર બનાવી પાટ બેસાડ્યા (સંવત ૧૫૪૯). શ્રીનાથજી પુષ્ટિમાર્ગના ઈષ્ટદેવ મનાય છે તે શ્રીકૃષ્ણનું છ વર્ષનું સ્વરૂપ છે. વામભુજા ઉર્ધ્વ છે અને દક્ષિણ ભૂજા કટી (કેડ) પર છે. શ્રીનાથજીની આજ્ઞાનુસાર ગિરિરાજજી ઉપર પુરણમલ ક્ષત્રિ દ્વારા નવું મંદિર તૈયાર કરવામાં આવતા સંવત ૧૫૭૬ના વૈશાખ સુદ ત્રીજને દિવસે ત્યાં 'પાટ' બેસાડવામાં આવ્યા. શ્રી વલ્લભાચાર્યજીએ શ્રીનાથજીને ધોતી ઉપરણો પાગ ધરી ગુંજામાળા અને મોરપીચ્છનો શૃંગાર કર્યો ત્યારથી લગભગ ૧૫૦ વર્ષ ત્યાં બિરાજ્યા પછી. શ્રીનાથજી ઔરંગઝેબના સમયમાં મોગલોના ઉપદ્રવના કારણે ત્યાંથી સ્થળાંતરીત થઈ રાજસ્થાનમાં ઉદેપુર પાસે સિંહાડમાં પધાર્યા જે આજે નાથદ્વારા તરીકે ઓળખાય છે. ત્યાં નવા મંદિરમાં સવંત ૧૭૨૫ના મહાવદ સાતમના દિવસે પાટોત્સવ કરવામાં આવ્યો. ત્યારથી શ્રીનાથજી અહીં જ બિરાજે છે. શ્રી વલ્લભાચાર્યજીના દ્વિતિય પુત્ર શ્રી ગુસાંઈજીએ તેમની સેવાનો વૈભવ વધારી વિવિધ પ્રકારના રાગ, ભોગ અને શૃંગાર અંગીકાર કરાવ્યા, જે વૈભવ મુજબ નંદાલયની ભાવનાથી આજે પણ પુષ્ટિમાર્ગીય પ્રણાલિકા મુજબ નાથદ્વારામાં તેમની સેવા થાય છે. નાથદ્વારા એ પુષ્ટિમાર્ગની પ્રમુખ ગાદી ગણાય છે અને તેના વર્તમાન તિલકાયત ગો. શ્રી રાકેશકુમારજી મહારાજ છે.

શ્રી વલ્લભાચાર્યજીને બે પુત્ર રત્નો હતાં.

(૧) **શ્રી ગોપીનાથજી**- જેમનો જન્મ સંવત ૧૫૬૭ના રોજ થયો હતો. તેમને એક પુત્ર શ્રી પુરુષોત્તમજી થયેલ. તેમનો વંશ આગળ ચાલ્યો નથી.

(૨) **શ્રી વિઠ્ઠલનાથજી**- જેમને શ્રીગુંસાઇજી નામે પણ સંબોધવામાં આવે છે. તેમનો જન્મ સંવત ૧૫૭૨ના માગશર વદ ૯ના દિવસે બનારસ પાસે ચરણાટમાં થયો હતો. મોટાભાઇ ગોપીનાથજીના લીલામાં પધાર્યા પછી તેઓ પુષ્ટિમાર્ગના મુખ્ય આચાર્ય બન્યા અને શ્રીનાથજીની સેવાનો વહિવટ સંભાળવા લાગ્યા. શ્રીનાથજીની સેવા ઉપરાંત પોતાના નિજ ઠાકોરજી **'શ્રી નવનીત પ્રિયાજી'** તેમની પાસે બિરાજતું આ સ્વરૂપ શ્રી કૃષ્ણનું સ્વરૂપ છ માસની વયનું હાથમાં માખણ લઇ ભોંખોડિયા ભરતું સ્વરૂપ છે. હાલ આ સ્વરૂપ નાથદ્વારામાં શ્રીનાથજીના મંદિરની બાજુમાં બિરાજે છે. તે શ્રી યમુનાજીમાંથી પ્રાપ્ત થયું હતું. તે સ્વરૂપ પણ હાલ તિલકાયત શ્રી રાકેશકુમારજી મહારાજના માથે બિરાજે છે.

શ્રી વિઠ્ઠલનાથજીએ બે વખત લગ્ન કરેલાં. પ્રથમ શ્રી રુકમણી વહુજી સાથે જેનાથી તેમને છ પુત્રો અને ચાર પુત્રીઓ થયા હતાં. રુકમણી વહુજીના લીલામાં પધાર્યા પછી શ્રી ગુંસાઇજીએ પુનઃ પદ્માવતિજી સાથે લગ્ન કર્યા હતાં. તેમનાથી તેમને એક પુત્ર થયો હતો. શ્રી ગુંસાઇજીએ પ્રત્યેક પુત્રને માથે અલગ અલગ શ્રી ઠાકુરજીના સ્વરૂપ નિજ સેવા માટે પધરાવી આપ્યા હતાં. તેમનો વિગતવાર પરિચય નીચે મુજબ છે.

(૧) **શ્રી ગિરિધરજી** - જન્મ સંવત ૧૫૯૭માં અડેલ ગામે થયો હતો. જેમને સેવા માટે શ્રી ગુંસાઇજીએ **શ્રી મથુરાધિશજી**નું સ્વરૂપ પધરાવી આપ્યું હતું.

(૨) **શ્રી ગોવિંદજી** - જન્મ સંવત ૧૫૯૯માં એડેલમાં થયો હતો. તેમને સેવા માટે **શ્રી વિઠ્ઠલનાથજી**નું સ્વરૂપ પધરાવી દીધું હતું.

(૩) **શ્રી બાલકૃષ્ણજી** - જન્મ સંવત ૧૬૦૬માં અડેલમાં થયો હતો. તેમને સેવા માટે **શ્રી દ્વારકાધીશજી**નું સ્વરૂપ પધરાવી દીધું હતું.

(૪) **શ્રી ગોકુલનાથજી** - જન્મ સંવત ૧૬૦૮માં ગોકુળમાં થયો હતો. તેમને સેવા માટે **શ્રી ગોકુલનાથજી**નું સ્વરૂપ પધરાવી દીધું હતું.

(૫) **શ્રી રઘુનાથજી** - જન્મ સંવત ૧૬૧૧માં અડેલ મુકામે થયો હતો.

તેમને સેવા માટે **શ્રી ગોકુળ ચંદ્રમાજી**નું સ્વરૂપ પધરાવી દીધું હતું.

(૬) **શ્રી યદુનાથજી** - જન્મ સંવત ૧૬૧૫માં અડેલ મુકામે થયો હતો. તેમને સેવા માટે **શ્રી બાલકૃષ્ણલાલજી**નું સ્વરૂપ પધરાવી દીધું હતું.

(૭) **શ્રી ઘનશ્યામજી** - જન્મ સંવત ૧૬૨૮માં અડેલ મુકામે થયો હતો. તેમને સેવા માટે **શ્રીમદનમોહનજી**નું સ્વરૂપ પધરાવી દીધું હતું.

શ્રી ગુંસાઈજીને ચાર બેટીજી હતાં જેમના નામ (૧) **શોભા** (૨) **યમુના** (૩) **કમલા** અને (૪) **દેવકી** હતા.

શ્રી વલ્લભાચાર્યજી દ્વારા સંસ્થાપિત શુદ્ધાદ્વૈત સંપ્રદાયની પરંપરા તેમના વંશજો દ્વારા અદ્યપર્યંત નભી રહી છે. શ્રી ગુંસાઈજીના સાતે પુત્રોના પરિવારની પરંપરા અલગ અલગ ગાદી અથવા પીઠના નામથી ઓળખાય છે અને સમસ્ત વલ્લભવંશ જ એ **'વલ્લભકુળ'**ના નામથી પ્રસિદ્ધ છે. તેમના દ્વારા પુષ્ટિ સંપ્રદાય ચાલી રહ્યો છે, જેઓના દ્વારા નામ દીક્ષા અને બ્રહ્મસંબંધની દીક્ષા તેમના સેવકોને આપવામાં આવે છે.

પુષ્ટિમાર્ગીય સેવ્ય સ્વરૂપો

પુષ્ટિમાર્ગમાં શ્રી વલ્લભાચાર્યજીએ 'શ્રીકૃષ્ણ'ને પરમ તત્ત્વ (Ultimate Reality) તરીકે સ્વીકાર્યા છે. પુરુષોત્તમ શ્રીકૃષ્ણને તેઓ બ્રહ્મનું 'આધિ દૈવિક' સ્વરૂપ માને છે અને તેથી તેની સેવાનો ઉપદેશ તેમણે આપ્યો છે. પુષ્ટિમાર્ગમાં ભાગવતજીના દશમ સ્કંધમાં વર્ણવાયેલી શ્રીકૃષ્ણની વિવિધ લીલાઓના સ્વરૂપોની 'સેવા' કરવામાં આવે છે. તેઓને કેવળ મૂર્તિ માત્ર નહીં પરંતુ સાક્ષાત 'બ્રહ્મ'નું સ્વરૂપ સ્વીકારી તેમની પ્રેમપૂર્વકની સ્નેહાત્મિકા પુષ્ટિ-ભક્તિનો ઉપદેશ શ્રી વલ્લભાચાર્યજીએ આપ્યો છે.

ઉપર જણાવ્યું તેમ **શ્રીનાથજી** પુષ્ટિમાર્ગમાં મુખ્ય આરાધ્ય દેવ- ઇષ્ટદેવ તરીકે સ્વીકારવામાં ઓલ છે. તે સિવાય શ્રી ગુસાંઇજીના સેવ્ય સ્વરૂપ **શ્રી નવનીત પ્રિયાજી** અને તેમના સાતેય પુત્રોને માથે પધરાવવામાં આવેલ શ્રીકૃષ્ણની વિવિધ લીલાના સ્વરૂપોને પુષ્ટિમાર્ગના વિવિધ 'સેવ્ય સ્વરૂપો' માનવામાં આવ્યા છે. આ મુખ્ય સ્વરૂપો જેમને શ્રી વલ્લભાચાર્યજી દ્વારા પુષ્ટ કરી તેમના વિવિધ સેવકોને માથે સેવાર્થે પધરાવ્યા હતા તે **'નિધિ સ્વરૂપો'** તરીકે ઓળખાય છે.

આ સાતેય નિધિ સ્વરૂપો (સેવ્ય સ્વરૂપો - Idols), તેમની પ્રાપ્તિ અને લીલા ભાવના નીચે મુજબ છે. આમાં ષષ્ટનિધિ તરીકે શ્રી બાલકૃષ્ણ લાલજી ઉપરાંત બે અન્ય સ્વરૂપો શ્રી કલ્યાણ રાયજી તથા શ્રી મુકુન્દરાયજીને પણ માન્યતા પ્રાપ્ત છે. આ નવ સ્વરૂપનું વર્ણન નીચે પ્રમાણે છે.

૧. શ્રીનાથજી

પુષ્ટિમાર્ગમાં **શ્રીનાથજી**નું સ્વરૂપ મુખ્ય ગણાય છે. તે શ્રીકૃષ્ણના બાળભાવનું સ્વરૂપ છે. પોતે ગિરિકંદરાના દ્વારે ઊભા રહી ડાબો શ્રીહસ્ત ઊંચો કરી નિજ ભક્તોને પોતાની પાસે બોલાવી રહ્યા છે, જ્યારે જમણો શ્રીહસ્ત ભક્તોના મનને મુઠ્ઠીમાં બંધ કરી કેડ ઉપર ધર્યો છે. ખૂબ જ સોહામણું આ સ્વરૂપ વ્રજમાં જતીપુરામાં શ્રી ગિરિરાજજીની કંદરામાંથી પ્રકટ થયું છે. શ્રી મહાપ્રભુજીએ કંદરામાંથી બહાર પધરાવી તેમનો સેવાક્રમ ચાલુ કર્યો હતો. ઘણાં વર્ષો સુધી આ સ્વરૂપ શ્રી ગિરિરાજજી ઉપર મંદિરમાં બિરાજ્યું હતું. મેવાડની રાજકુમારી અજબકુંવરીના મનોરથ પૂર્ણ કરવા શ્રીનાથજી મેવાડ પધાર્યા હતા અને હાલ શ્રીનાથદ્વારામાં બિરાજી વૈષ્ણવોને દર્શન આપે છે. આપની સેવા ખૂબ જ વૈભવપૂર્ણ રીતે થાય છે. સમસ્ત વૈષ્ણવોના આ **આરાધ્ય દેવ** ગણાય છે.

૨. શ્રી નવનીત પ્રિયાજી

'નવનીત' એટલે માખણ. માખણ જેને પ્રિય છે તેમનું નામ **'શ્રી નવનીત પ્રિયાજી'**. શ્રી બાલકૃષ્ણજી જેવા જ આ ગૌર સ્વરૂપના જમણા હાથમાં માખણનો ગોળો છે. નંદરાયજીના મહેલના આંગણામાં ભોંખડીયા કરતું ત્રણ માસની વયનું આ સ્વરૂપ છે.

મહાપ્રભુજીના એક સેવક ક્ષત્રાણી હતા. તે ગોકુળ પાસે મહાવનમાં રહેતાં. એક સમયે તેઓ જળ ભરવા શ્રી યમુનાજી ગયા તો તેમની ગાગરમાં ચાર સ્વરૂપો આવી ગયા. તેમાનું એક આ **શ્રી નવનીત પ્રિયાજી**નું સ્વરૂપ હતું.

શ્રી ગુસાંઇજીએ આ સ્વરૂપની સેવા કરી હતી અને હાલ તે નાથદ્વારામાં બિરાજે છે.

૩. શ્રી મથુરાધીશજી

શ્રી મથુરાધીશજીનું સ્વરૂપ શ્યામ વર્ણનું છે. તેમના ચાર શ્રીહસ્ત છે. આ ગોચારણ લીલાનું સ્વરૂપ છે. પ્રભુ જ્યારે ગાયો ચરાવવા જતા તો રસ્તામાં એક

ગોપીના સૂના ઘરમાં સખાઓ સાથે માખણ ચોરી કરવા પધાર્યા હતા. ઊંચે શીંકામાંથી મટકી ઉતારવા ખાંડણિયા ઉપર ચઢ્યા. બે હાથે મટકી પકડી ત્યારે કેડ ઉપરથી રેશમી પિતાંબર સરકવા માંડ્યું એટલે બીજા બે હાથ પ્રગટ કર્યા. આમ આ ચતુર્ભુજ સ્વરૂપ બન્યું.

એક સમયે શ્રીમહાપ્રભુજી મથુરા પાસે કર્ણાવલમાં, શ્રી યમુનાજીને કિનારે પ્રાતઃ સંધ્યા કરી રહ્યા હતા. તેમની પાસે તેમના એક સેવક પદ્મનાભદાસ બેઠા હતા. એટલામાં અચાનક સામા કિનારે ભેખડ તૂટતાં સાત તાડના ઝાડ જેવું મોટું સ્વરૂપ પ્રગટ થયું અને શ્રીમહાપ્રભુજીને કહ્યું 'મારી સેવા કરો'. આપશ્રીએ કહ્યું 'મારા ખોળામાં બિરાજી શકો એવડા થઇ જાવ તો આપની સેવા કરૂં'. તેથી તે સ્વરૂપ અઠ્ઠાવીસ આંગળનું થઇ શ્રીમહાપ્રભુજીની ગોદમાં બિરાજી ગયું.

આપે તે સ્વરૂપની સેવા પોતાના સેવક પદ્મનાભદાસજીને સોંપી. શ્રીગુસાંઇજીએ જ્યારે પોતાના સાત પુત્રોને માથે અલગ અલગ સ્વરૂપો પધરાવી આપ્યા ત્યારે આ સ્વરૂપ તેમના મોટા પુત્ર શ્રી ગિરધરજીને પધરાવી આપ્યું હતું. હાલ **શ્રી મથુરાધીશજી** કોટામાં બિરાજે છે.

૪. શ્રી વિઠ્ઠલનાથજી

ભગવાને જ્યારે રાસલીલા સમયે વેણુનાદ કર્યો ત્યારે ગોપીજનો તેમની પાસે દોડી આવ્યા. તે સમયે પોતાના બન્ને હાથ કેડ ઉપર રાખી ભગવાને ગોપીજનોની સાથે સંવાદ કર્યો હતો. તે સમયની લીલાનું આ અદ્‌ભુત સ્વરૂપ છે.

શ્રી ગુસાંઇજીના જન્મ સમયે એક બ્રાહ્મણ, જેને એક સ્વરૂપ ગંગાજીમાંથી પ્રાપ્ત થયું હતું તે સ્વરૂપને શ્રી મહાપ્રભુજીને ત્યાં જઇ તેમને સોંપ્યું હતું. તેથી જ શ્રી ગુસાંઇજીનું નામ પણ શ્રી વિઠ્ઠલનાથજી પાડવામાં આવ્યું હતું. એજ **શ્રી વિઠ્ઠલનાથજી**એ પંઢરપુરમાં શ્રીમહાપ્રભુજીને લગ્ન કરવાની આજ્ઞા કરી કહ્યું હતું કે 'હું તમારે ત્યાં પુત્ર રૂપે અવતરીશ'.

શ્રી ગુસાંઇજીએ આ સ્વરૂપ પોતાના બીજા પુત્ર શ્રી ગોવિંદજીને માથે પધરાવી આપ્યું હતું. જે હાલ નાથદ્વારામાં બિરાજે છે.

૫. શ્રી દ્વારકાધીશજી

શ્રી દ્વારકાધીશજીનું સ્વરૂપ શ્રીકૃષ્ણની આંખમીચોલી લીલાનું સ્વરૂપ છે.

એક સમયે શ્રી ઠાકોરજીએ નિકુંજમાં આવી બે હાથે શ્રી સ્વામિનીજીની આંખ બંધ કરી અને વેણુમાં નાદ કરી પૂછયું 'હું કોણ?' આમ બીજા બે હાથ પ્રગટ કરી વેણુનાદ કર્યો. તેથી તેઓને ચાર ભુજા થઇ. આમ આ પણ શ્યામ ચતુર્ભુજ સ્વરૂપ છે.

આ સ્વરૂપનું પ્રાગટ્ય સ્વયં નારાયણનું આ સૃષ્ટિના પ્રારંભમાં જ થયેલું જેની સર્વપ્રથમ બ્રહ્માજીએ સેવા કરી હતી. ખૂબ જ પ્રાચીન આ સ્વરૂપને શ્રીમહાપ્રભુજીએ તેમના સેવક દામોદરદાસ સાંભરવાળાને સેવા માટે પધરાવી આપ્યું હતું. પછીથી શ્રી ગુસાંઇજીએ તેમના ત્રીજા પુત્ર શ્રી બાલકૃષ્ણજીને માથે તે પધરાવી આપ્યું. હાલ શ્રી દ્વારકાધીશનું આ સ્વરૂપ નાથદ્વારા પાસે કાંકરોલીમાં બિરાજે છે.

૬. શ્રી ગોકુલનાથજી

જ્યારે ભગવાન શ્રીકૃષ્ણના કહેવાથી વ્રજવાસીઓએ પરંપરાગત રીતે થતું ઇન્દ્રને બદલે ગિરિરાજજીનું પૂજન કરી તેને ભોગ ધર્યો હતો, ત્યારે ઇન્દ્રે ક્રોધિત થઇ વ્રજમાં મૂશળધાર વરસાદ વરસાવ્યો હતો. તે સમયે વ્રજવાસીઓની રક્ષા કરવા ભગવાને પોતાની ટચલી આંગળીએ ગોવર્ધન પર્વતને ઉપાડી લીધો હતો અને સૌ કોઇને તેની નીચે આવી જવા કહ્યું હતું. આમ સાત દિવસ સુધી ગોવર્ધન પર્વતને પોતાની ટચલી આંગળી ઉપર ધારણ કરવાની લીલાનું જે સ્વરૂપ હતું તે **શ્રી ગોકુલનાથજી** છે. એ ગૌર ચતુર્ભુજ સ્વરૂપ છે.

આ સ્વરૂપ શ્રીમહાપ્રભુજીને તેમના સસરા પાસેથી પ્રાપ્ત થયું હતું. **શ્રી ગોકુલનાથજી**ની બાજુમાં બે સ્વામિનીજી બિરાજે છે, જેમાં એક શ્રી રાધિકાજી છે અને બીજી બાજુ શ્રી ચંદ્રાવલીજી છે.

આ સ્વરૂપને શ્રીગુસાંઇજીએ પોતાના ચોથા પુત્ર શ્રી ગોકુલનાથજીને પધરાવી આપ્યું હતું. તે હાલ ગોકુલમાં બિરાજે છે.

૭. શ્રી ગોકુલચંદ્રમાજી

ભાગવતના દશમ સ્કંધની રાસપંચાધ્યાયીમાં આલેખાયેલ ભગવાનની વ્રજભક્તો સાથેના મહારાસના સમયની લીલાનું કોટિ મન્મથ લાવણ્યમય અદ્‌ભુત સ્વરૂપ તે **શ્રી ગોકુલચંદ્રમાજી**નું છે.

મહાવનની એક ક્ષત્રાણીને શ્રી યમુનાજીમાં જળ ભરતાં ગાગરમાં ચાર

સ્વરૂપો આવી ગયા હતાં તેમાંનું એક આ સ્વરૂપ હતું.

શ્રીગુસાંઇજીએ પોતાના પાંચમાં પુત્ર શ્રી રઘુનાથજીને માથે આ સ્વરૂપ પધરાવ્યું હતું, જે હાલ કામવનમાં બિરાજે છે.

૮. શ્રી બાલકૃષ્ણલાલજી

ભગવાન શ્રીકૃષ્ણની બાળલીલાનું આ સ્વરૂપ છે. ત્રણ માસના નાના બાળક જેવા ગૌર સ્વરૂપના જમણા હાથમાં લાડુ છે, જ્યારે બીજો હાથ જમીન ઉપર ટેકવેલો છે. ભાગવતજીના દશમ સ્કંધમાં શકટ-ભંજન લીલાનું વર્ણન આવે છે તે સમયનું આ સ્વરૂપ છે.

મહાવનની ક્ષત્રાણિને શ્રી યમુનાજીમાંથી જે ચાર સ્વરૂપો પ્રાપ્ત થયા હતા તેમાંનું આ એક સ્વરૂપ છે. આ સ્વરૂપને શ્રીમહાપ્રભુજીએ શ્રીગુસાંઇજી નાના હતા ત્યારે ખેલવા માટે આપ્યું હતું.

શ્રી ગુસાંઇજીએ આ સ્વરૂપને પોતાના છઠ્ઠા પુત્ર શ્રી યદુનાથજીને માથે પધરાવી આપ્યું હતું. પરંતુ શ્રી યદુનાથજી દ્વારા **શ્રી બાલકૃષ્ણલાલજી**ના આ સ્વરૂપનો સ્વીકાર ન કરાતાં તેમના મોટાભાઇ શ્રી બાલકૃષ્ણજીએ આ શ્રી બાલકૃષ્ણલાલજીના સ્વરૂપને શ્રીગુસાંઇજી પાસેથી માગી લીધું હતું. જે ઘણા સમય સુધી શ્રી દ્વારકાધીશજીની ગોદમાં બિરાજ્યું. આ સ્વરૂપ હાલ સુરતમાં બિરાજે છે.

૯. શ્રી કલ્યાણરાયજી

ભાગવતજીમાં રાસ પંચાધ્યાયીની કથામાં લઘુરાસનું વર્ણન આવે છે. લઘુરાસ કર્યા પછી વ્રજગોપીકાઓને સૌભાગ્યમદ થતાં પ્રભુ અંતર્ધ્યાન થઇ જાય છે. તે સમયની લીલાનું આ સ્વરૂપ છે. તે શ્યામ વર્ણનું અને ચાર ભુજાવાળું છે.

ઘણા વર્ષ સુધી આ સ્વરૂપની પૂજા કલ્યાણી દેવી તરીકે થઇ હતી. શ્રીમહાપ્રભુજીને આ સ્વરૂપે સ્વપ્નમાં પોતાને શ્રીઠાકોરજી રૂપે પ્રગટ કરી સેવા કરવાની આજ્ઞા કરી. તેથી શ્રીમહાપ્રભુજીએ તેમનું સાચું સ્વરૂપ ઓળખાવી તેમનું '**શ્રી કલ્યાણરાયજી**'નામ રાખી, તે દેવીના પૂજારી બાબાવેણુને પોતાનો સેવક બનાવી વિધિવત સેવા કરવા આજ્ઞા કરી હતી.

શ્રીગુસાંઇજીના છઠ્ઠા લાલજી શ્રીયદુનાથજીના પુત્ર શ્રીમધુસૂદનજી દ્વારા

વંશપરંપરાગત સેવાયેલું આ સ્વરૂપ હાલ વડોદરામાં બિરાજે છે.

૧૦. શ્રી મુકુંદરાયજી

શ્રી મહાપ્રભુજી એક સમયે શ્રી યમુનાજીમાં ઊભા રહી શ્રી યમુનાષ્ટકનો પાઠ કરતા હતા ત્યારે 'મુકુંદરતિ વર્ધિનની...'એ પંક્તિ બોલતાં આપશ્રીની જનોઇ પકડી આ સ્વરૂપ બહાર પધાર્યું હતું.

શ્રી કૃષ્ણની બાળલીલાનું આ સ્વરૂપ છે. શ્રી મહાપ્રભુજી ભારત પરિક્રમા દરમિયાન આ સ્વરૂપને પોતાની સાથે રાખી તેમની નિત્ય સેવા કરતા હતા.

આ સ્વરૂપ હાલ બનારસમાં બિરાજે છે.

૧૧. શ્રી મદનમોહનજી

શ્રી મહાપ્રભુજીના મૂળ પુરુષ (પૂર્વજ) શ્રી યજ્ઞનારાયણ ભટ્ટે જ્યારે પ્રથમ સોમયજ્ઞ કર્યો ત્યારે યજ્ઞકુંડમાંથી સ્વયં ભગવાને પ્રગટ થઇ તેમને આજ્ઞા કરી કે 'જ્યારે તમારા કુળમાં સો સોમયજ્ઞ પૂરા થશે ત્યારે હું પુત્ર તરીકે અવતરીશ, તે અવતાર તેજ શ્રી વલ્લભાચાર્યજીનો. આ સ્વરૂપ દ્વિભૂજ ગૌર સ્વરૂપ છે, જે પરંપરાગત શ્રી મહાપ્રભુજીને પ્રાપ્ત થયું હતું. આ સ્વરૂપની સેવા તેમના સેવક પુરુષોત્તમદાસે કરી હતી. તેમની સાથે સ્વામિનીજી પણ બિરાજે છે.

શ્રી ગુસાંઇજીએ આ સ્વરૂપ પોતાના કનિષ્ઠ પુત્ર શ્રી ઘનશ્યામજીને માથે સેવાર્થે પધરાવી આપ્યું હતું જે હાલમાં 'કામવન'માં બિરાજે છે.

ઉપરોક્ત સ્વરૂપો ઉપરાંત શ્રી યમુનાજી અને શ્રી ગિરિરાજજીને પણ ભગવદ્ સ્વરૂપો માનવામાં આવ્યાં છે જેની પણ વલ્લભય વૈષ્ણવો ભાવપૂર્વક સેવા કરે છે.

◆

૨૨

પુષ્ટિમાર્ગીય વાસ્તુકલા

(Pustimargiya Architecture)

પુષ્ટિમાર્ગમાં યશોદોત્સંગ લાલિત નંદનંદન ભગવાન શ્રીકૃષ્ણની સેવા થાય છે. સારસ્વત કલ્પમાં વ્રજમંડલમાં અવતરિત થયેલ પરબ્રહ્મ પરમાત્માના સ્વરૂપને સેવવા/ભજવાનો ઉપદેશ-નિર્દેશ શ્રી વલ્લભાચાર્યજીએ પોતાના રચેલા ગ્રંથોમાં કર્યો છે, જેમાં કહ્યું છે- **'શ્રી કૃષ્ણ સેવા સદા કાર્યા.'** (સિદ્ધાંત મુક્તાવલી), **'સર્વદા સર્વભાવેન ભજનીયો વ્રજાધિપઃ'** (ચતુઃશ્લોકી) વગેરે. આથી પુષ્ટિમાર્ગીય મંદિર એ નંદભવન છે, વ્રજરાજ નંદરાયજીની હવેલી છે, અને એટલે જ પુષ્ટિમાર્ગીય મંદિરને સામાન્યતઃ **'હવેલી'** કહેવામાં આવે છે.

પુષ્ટિમાર્ગનો સેવા પ્રકાર વૈદિક પૂજામાર્ગથી ભિન્ન હોય છે. પુષ્ટિમાર્ગીય મંદિરો અથવા આ માર્ગના અનુયાયીઓને ત્યાં થતી ગૃહસેવામાં ભગવાનના વિગ્રહને પધરાવી-પ્રસ્થાપિત કરી તેની વેદમાં બતાવેલ વિવિધ પ્રકારે કેવલ પૂજન-અર્ચન કરવાની વિધિ હોતી નથી પરંતુ જે પ્રકારે નંદકુંવર કનૈયાનું લાલન-પાલન નંદ-યશોદા અને વ્રજભક્તો કરતાં એ રીતનો દૈનિક ક્રમ પુષ્ટિમાર્ગીય સેવાપ્રણાલીમાં આવરી લેવામાં આવ્યો છે.

આ કારણથી પુષ્ટિમાર્ગીય હવેલીનું આયોજન (planning) - સ્થાપત્ય (architecture) નંદભવનની માફક કરવામાં આવે છે જેમાં ભગવાન શ્રી કૃષ્ણની સુખપૂર્વક સેવાને ધ્યાનમાં લેવામાં આવે છે. કોઈ પણ મકાનનું પ્લાનિંગ તેના ઉપયોગને, હેતુને, તેની આવશ્યકતાને અનુલક્ષીને કરવામાં આવે છે. રહેણાક મકાન હોય તો તેમાં રહેનારની સુવિધાઓને ધ્યાનમાં લઈ-બેઠક રૂમ, શયનખંડ, રસોઈઘર વગેરે બનાવવામાં આવે છે; કોઈ સ્કૂલ બિલ્ડિંગ હોય તો તેની આવશ્યકતાઓને વિચારી ક્લાસરૂમો, પ્રિન્સિપાલની ઑફિસ, શિક્ષકરૂમ, લાઇબ્રેરી ઇત્યાદિ તેમાં બનાવાય છે. તેવી જ રીતે નંદભવન અર્થાત્ પુષ્ટિમાર્ગીય હવેલીનું ભવન પણ વિશિષ્ટ આવશ્યકતાઓ અનુસાર પ્લાનિંગ/ નિર્માણ થાય છે. હવેલીમાં ભગવદ્ વિગ્રહ (શ્રી ઠાકોરજી)ને

બિરાજવા માટે નિજમંદિર, પલનામાં ઝૂલવા પલના તિબારી, શયન માટે શયન મંદિર, ભોજન માટે ભોગમંદિર, વિવિધ પ્રકારના ચોક તેમ જ આંતરિક સેવા માટે રસોઈ, બાલભોગ, દૂધઘર, શાકઘર, પાનઘર, પ્રસાદી ભંડાર, કણભંડાર ઈત્યાદિ અનેક સુવિધાઓની વ્યવસ્થા એ ભવનમાં કરવામાં આવે છે.

હવેલીનું નિર્માણ અને વિવિધ ખંડોના પરિમાણ જે - તે સ્થળના માપને અનુલક્ષીને આયોજિત કરવામાં આવે છે. વિવિધ પ્રકારની સેવા, તેની મર્યાદાઓ અને અન્ય આવશ્યકતાઓને ધ્યાનમાં રાખી મંદિરનું નિર્માણ કરવામાં આવે છે જેનો સામાન્યતઃ નકશો નીચે મુજબ હોય છે.


પશ્ચિમ
દૂધઘર
બાલભોગ
રસોઈઘર
પ્રસાદી ભંડાર
ભોગ મંદિર
નિજ મંદિર
સ્ટોર
આરતી ઘર
જલ પાન
પલના તિબારી
ગ્વાલ મંડલી
શૈયન મંદિર
પાનઘર
તિબારી
કમલ ચોક
તિબારી
ફૂલઘર
દક્ષિણ
ઉત્તર
શાકઘર
જગમોહન ચોક
તોસાખાનું
કણભંડાર
રતન ચોક
અપરસ કોઠો
ગોવર્ધન ચોક
દરીખાનું
પૂર્વ
પ્રવેશ

પુષ્ટિમાર્ગીય હવેલી

હવેલીના આંતરિક વિભાગોનાં નામ તથા તેની ઉપયોગિતા નીચે મુજબની હોય છે.

૧. **નિજ મંદિર** - આ મંદિરનું મુખ્ય સ્થાન - ગર્ભસ્થાન છે જ્યાં ભગવદ્ વિગ્રહને સિંહાસન પર પધરાવવામાં આવે છે. અર્થાત્ જ્યાં બિરાજી ભગવાન ભક્તજનોને સામાન્યતઃ દર્શન આપે છે. આ સ્થાન સુંદર, સુશોભિત હવાયુક્ત હવેલીનું અન્તઃસ્થલ સ્થાન છે જેનું દ્વાર પણ કલાત્મક ચાંદી વગેરે કીમતી ધાતુથી મઢવામાં આવેલું હોય છે. તેના પર ગોપી, ગાય, મોર, પોપટ ઈત્યાદિની ચિત્રકારી અથવા કોતરણી કરવામાં આવેલી હોય છે.

૨. **પલના તિબારી** - આ નિજ મંદિરની બહારનો - આગળનો કક્ષ છે, જ્યાં ભગવદ્ સ્વરૂપને પાલનામાં ઝુલાવવામાં આવે છે.

૩. **શયન મંદિર** - આ કક્ષ ઘણું કરીને નિજ મંદિરના ડાબા હાથે તેને અડીને રાખવામાં આવે છે. આ ભગવાનના પોઢવાનો (સૂવાનો) રૂમ છે જેને અરીસા ઈત્યાદિથી કલાત્મક રીતે સજાવવામાં આવે છે. આ નિકુંજની ભાવનાથી આયોજિત કરવામાં આવે છે જ્યાં પ્રભુ સ્વામિનીજી સહિત શયન કરે છે.

૪. **ભોગ મંદિર** - આ નિજ મંદિરને લાગીને જમણી બાજુ રખાતો રૂમ છે જ્યાં ભગવાનને ભોજન માટે પધરાવવામાં આવે છે.

૫. **જલપાન** - આ જગ્યામાં ભગવાનની ઝારી ભરવા જલની મથની રાખવામાં આવે છે.

૬. **ડોલ તિબારી** - આ સ્થાન પલના તિબારી આગળ આવેલા ચોક, જેને કમળ ચોક કહેવાય છે, તેની ડાબી બાજુએ વરંડા જેવું સ્થાન છે. ત્યાં શ્રી ઠાકોરજીને હિંડોળા, ડોલ વગેરેમાં ઝુલાવવામાં આવે છે. આની બરાબર સામે જ ચોકની જમણી બાજુ એક તિબારી રાખવામાં આવે છે.

૭. **દર્શન તિબારી** - પલના તિબારીની ઠીક સામે કમલ ચોકને અડીને આવેલ સ્થાનને દર્શન તિબારી કહેવાય છે જ્યાં વૈષ્ણવો ઊભા રહી શ્રી ઠાકોરજીના સન્મુખમાં દર્શન કરી શકે છે. આ સ્થાનને જગમોહન ચોક પણ કહેવામાં આવે છે. 'તિબારી'નો અર્થ થાય - ત્રણ બારી. ઘણી વખત પ્રત્યેક તિબારીને થાંભલાથી ત્રણ વિભાગમાં વહેંચવામાં આવે છે જ્યાં દરવાજા

શ્રી વલ્લભ પુસ્તકાલય
કાંદિવલી મુંબઈ
સુખધામ : ૨૮૦૧૨૮૩૦
સુરેન્દ્ર જ શાહ : ૯૮૩૩૨૭૨૩૮૩
ક્રિષ્ણાબેન શાહ : ૭૫૦૬૦૮૭૪૬૨
No. P 776

લગાડેલા હોય છે

૮. **કમલ ચો** આવેલ સ્થાનને 'કમલ ચોક' કહેવાય છે જેમાં ઉષ્ણ કાલ માટે ફુવારાની વ્યવસ્થા કરવામાં આવે છે. અહીં જલ ભરી શકાય તેથી આ સ્થાન બીજી સપાટીથી ૬" જેટલું નીચું રાખવામાં આવે છે. અહીં મનોરથોની સજાવટ પણ ઉત્સવો દરમ્યાન કરવામાં આવે છે.

૯. **રતન ચોક** - દર્શન તિબારી અથવા જગમોહન ચોકની પહેલાંના સ્થાનને 'રતન ચોક' કહેવાય છે જ્યાં થઈને વૈષ્ણવો દર્શન માટે આગળ જાય છે.

૧૦. **ગોવર્ધન ચોક** - મંદિરમાં સૌથી અગ્રભાગ જે વિશાળ પ્રાંગણ હોય છે તેને 'ગોવર્ધન ચોક' કહેવામાં આવે છે. આ ચોકમાં 'અન્નકોટ' ઉત્સવમાં 'ગોવર્ધન પૂજા' કરવામાં આવે છે.

૧૧. **રસોઈઘર** - આ મંદિરનો આંતરિક વિભાગ છે જ્યાં ભગવાન માટે પાકી રસોઈ અથવા 'સખડી ભોગ' બને છે.

૧૨. **બાલભોગ** - રસોઈઘરની બાજુમાં 'અનસખડી' (મીઠાઈ) બનાવવા માટેના રૂમને 'બાલભોગ' કહેવાય છે.

૧૩. **દૂધઘર** - 'બાલભોગ'થી અલગ બીજા એક રૂમમાં દૂધની મીઠાઈ બનાવવામાં આવે છે. તે 'દૂધઘર' તરીકે ઓળખાય છે.

૧૪. **શાકઘર** - જ્યાં રસોઈ માટે વિવિધ શાક સિધ્ધ કરવામાં આવે છે તેને 'શાકઘર' કહેવામાં આવે છે.

૧૫. **પાનઘર** - જ્યાં ભગવાન માટે પાનનાં બીડાં તૈયાર કરવામાં આવે છે તેને 'પાનઘર' કહે છે.

૧૬. **આરતીઘર** - જે સ્થાનમાં ભગવાનની વિવિધ પ્રકારની 'આરતી' બનાવવામાં આવે છે અથવા જ્યાં નિત્યની આરતી પેટાવવામાં આવે છે તેને 'આરતીઘર' કહે છે.

૧૭. **કણભંડાર** - જે સ્થાનમાં અનાજ-તેલ-ઘી ઈત્યાદિ કાચી સામગ્રી રાખવામાં આવે છે અને જ્યાં અનાજ સુધારવાની, અનાજ દળવાની વગેરે સુવિધા હોય તેને 'કણભંડાર' કહેવામાં આવે છે.

૧૮. **પ્રસાદી ભંડાર** - જે સ્થાને ભગવાનને ભોગ આપ્યા પછી 'પ્રસાદ'

સંઘરવામાં તેમ જ તેનું વિતરણ કરવામાં આવે છે એ રૂમને 'પ્રસાદી ભંડાર' કહેવામાં આવે છે.

૧૯. **તોસાખાનું** - જે રૂમમાં ભગવાન માટેના વિવિધ સાજ-સામગ્રી ઉત્સવોની સજાવટ માટેનું સાહિત્ય - હીંડોલા, પલના, બંગલા, ફૂલમંડલી ઇત્યાદિ રાખવામાં આવે છે તેને તોસાખાનું કહેવાય છે. આ એક વિશાળ હૉલ જેવી સ્ટોરેજ માટેની જગ્યા છે.

૨૦. **અપરસ કોઠો** - જે સ્થાને સેવા માટે જતાં પહેલાં સ્નાનાઘર બનાવવામાં આવે છે અને વસ્ત્ર બદલવાની વ્યવસ્થા હોય છે તેને અપરસ કોઠો કહેવામાં આવે છે.

૨૧. **પેઢી - દરીખાનું** - આ એ સ્થાન છે જ્યાંથી દ્રવ્યનો વિનિમય થાય છે, હિસાબ-કિતાબ રાખવામાં આવે છે, જ્યાંથી સમગ્ર હવેલીનું સંચાલન કરવામાં આવે છે. આને 'કૃષ્ણભંડાર' નામથી પણ સંબોધાય છે.

આમ પ્રત્યેક પુષ્ટિમાર્ગીય હવેલીનું ભગવાન શ્રીકૃષ્ણની સુચારૂ રૂપથી સેવા થઈ શકે તેવા 'નંદાલય'ના ભાવથી નિર્માણ કરવામાં આવે છે. તેમાં કેટલીક આંતરિક સેવાનો વિભાગ હોય છે જેવા કે નિજ મંદિર, શય્યા મંદિર, રસોઈ, બાલભોગ, દૂધઘર ઇત્યાદિ જ્યાં શુદ્ધિપૂર્વક સ્નાન કર્યા બાદ (અપરસપૂર્વક) પ્રવેશ થઈ શકે છે જ્યારે બીજા બધા વિભાગ બાહ્યસેવાના હોય છે.

પુષ્ટિમાર્ગના બધાં જ પ્રાચીન મંદિરોની રચના આ મુજબ થયેલી જોવામાં આવે છે. નાથદ્વારાથી લઈને જેટલા પણ નિધિસ્વરૂપની પુષ્ટિમાર્ગીય હવેલીની વાસ્તુકલા લગભગ ઉપરોક્ત આવશ્યકતાઓને ધ્યાનમાં લઈને તેમ જ નંદભવનના ભાવથી એક મહેલના રૂપમાં, જેમાં મહેરાપો, કમાનો, ગુંબજોની ગોઠવણી કરી સુશોભિત કરવામાં આવેલી જોવા મળે છે.

◆

P776